ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

શ્રી નાગસેન સૂરિ-દીક્ષિત-રામસેન આચાર્ય-પ્રણીત
સિદ્ધિ-સુખ-સમ્પદુપાયભૂત

# તત્ત્વાનુશાસન

નામનું

## ધ્યાનશાસ્ત્ર

પંડિત શ્રી જુગલકિશોર મુખ્તાર કૃત હિન્દી ટીકા ઉપરથી
ગુજરાતી ભાષામાં અનુવાદ

પ્રકાશક
શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
જેતપુર (સૌરાષ્ટ્ર)

# પ્રસ્તાવના

આચાર્ય શ્રી રામસેન રચિત આ તત્ત્વાનુશાસન શાસ્ત્ર એક અત્યંત સુંદર, સુવ્યવસ્થિત પુરાતન ‘ધ્યાનશાસ્ત્ર’ છે. નિશ્ચય મોક્ષમાર્ગ અને વહેવાર મોક્ષમાર્ગ ‘ધ્યાન વડે’ સિદ્ધ થાય છે. હાલ લાંબા સમયથી આ શાસ્ત્ર અપ્રાપ્ય હતું. આ શાસ્ત્ર પંડિતવર્ય શ્રી જુગલકિશોરજી મુખ્તાર-યુગવીરે-સંવત ૨૦૨૦ માં દિલ્હીથી સ્વટીકાસહિત મૂલ્ય ‘સ્વાધ્યાય’ અને ધ્યાનશાસ્ત્ર કહી પ્રભાવના અર્થે છપાવી બહાર પાડેલ ત્યારે તેણે ‘સમર્પણ’ રૂપે પરમ પૂજ્ય મુનિ શ્રી સમન્તભદ્ર આચાર્ય-બાહુબલી (કુંભોજ)-ને સમર્પણ કર્યું હતું ત્યારે પંડિતવર્યે જે ભાવો વ્યક્ત કર્યા હતા એવા જ ભાવથી અને શબ્દો વડે અમારું મુમુક્ષુ મંડળ અત્યંત ભક્તિપૂર્વક મુનિરાજ શ્રી સમન્તભદ્ર આચાર્યને આ શાસ્ત્ર સમર્પણ કરે છે. મુનિરાજ હાલ બાહુબલી(કુંભોજ)માં બિરાજે છે. ઉંમર વર્ષ ૯૪ છે. કરુણામૂર્તિ-અદ્‌ભુત-અલૌકિક આત્મદશામાં સ્વ-પર-ઉપકાર કરી રહ્યા છે. તેમના ચરણકમલમાં અત્યંત ભક્તિપૂર્વક વંદન કરીએ છીએ.

આ શાસ્ત્રની બીજી આવૃત્તિનું નિમિત્ત એક તીવ્ર મુમુક્ષુ, તત્ત્વજિજ્ઞાસુ ભવ્યાત્મા છે જે પર્યુષણ પર્વમાં પરમ પૂજ્ય મુનિવર્ય શ્રી ૧૦૮ સમન્તભદ્રાચાર્યના દર્શનાર્થે શ્રી બાહુબલી આશ્રમમાં ગયેલ ત્યારે તેણે આ શાસ્ત્રની પ્રભાવના માટે ગુરુદેવ મુનિરાજની આજ્ઞા માંગી. પૂજ્યશ્રીએ અત્યંત પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપ્યા; એ રીતે આ શાસ્ત્રની બીજી આવૃત્તિ છપાવવા નક્કી થયું. તે સાથે શાસ્ત્રનો ગુજરાતી ભાષામાં અનુવાદ થાય તો સારું તેવી ભાવના વ્યક્ત કરી, જેના ફળરૂપે આ શાસ્ત્ર શ્રી જેતપુર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા છપાવી બહાર પાડવામાં આવે છે. તે અમારું મહાભાગ્ય સમજીએ છીએ. હિન્દી ભાષામાં પણ છપાશે. આ શાસ્ત્રમાં મૂળ ગાથા સાથે અન્વયાર્થ અને જરૂરી ભાવાર્થ લીધેલ છે. શાસ્ત્રના રચયિતા શ્રી નાગસેનસૂરિના શિષ્ય શ્રી રામસેન મુનિરાજ છે. તેઓશ્રી ભારતમાં દશમી શતાબ્દીમાં વિચરતા હતા અને સ્વાનુભવની સાથે ધ્યાનના સંબંધમાં લોકહિત ખાતર અત્યંત સ્પષ્ટ રીતે સરલ ભાષામાં અધ્યાત્મનું સ્વરૂપ પ્રકાશિત કરેલ છે.

ભાવના છે કે તત્ત્વજિજ્ઞાસુ ભવ્ય આત્માઓ આનું અધ્યયન કરી-મનન કરી-ધારી-પરમાર્થ સાધો-મુક્તિ પામો.

અજ્ઞાનવશ આ ગુજરાતી ભાષાંતરમાં જે કાંઈ દોષ અને ક્ષતિ હોય તેને માટે જ્ઞાનીજનો અમોને માફ કરે-ભૂલ સુધારે.

આ કાર્ય પૂર્ણ કરવા વ્રતધારી સુશ્રાવક પંડિત શ્રી માણેકચચંદ્રજી ચૌવરે યોગ્ય વ્યવસ્થા કરવા સ્વીકાર્યું છે. તે માટે તેઓશ્રીનો અત્યંત આભાર માનીએ છીએ. તેમ જ આત્માર્થી વિદુષી શ્રી ગજાબહેનના સૌહાર્દ અભિનંદનને યોગ્ય છે. બાહુબલી શાસ્ત્રભંડારમાંથી હિન્દી શાસ્ત્ર પ્રાપ્ત થયું છે.

શ્રી ભગવતી મુદ્રાણાલયે બહુ ભાવનાથી સુંદર અને શુદ્ધ છાપી બહુ જ થોડા સમયમાં તૈયાર કરી આપવા બદલ તેઓશ્રીના સંચાલક શ્રી ભીખાભાઈ પટેલનો અત્યંત આભાર આ સ્થળે અસ્થાને નથી. વળી શ્રી પ્રભાકરભાઈ કામદારે આ શાસ્ત્ર અમદાવાદમાં પોતાનાં પારમાર્થિક અને વ્યાવહારિક અનેક કાર્ય હોવા છતાં, આ કાર્ય પોતાનું જ હોય તેમ ઉત્સાહપૂર્વક શાસ્ત્ર છપાવી આપવા ભાવના કરી ઉત્સાહથી પૂર્ણ કરી આપવા બદલ તેમનો આભાર.

સંવત ૨૦૨૪ શ્રી જેતપુર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

# અનુક્રમણિકા


| ગાથા નં. | | પાના નં. |
|---|---|---|
| ૧ | મંગળાચરણ | ૦૧ |
| ૨ | વાસ્તવિક સર્વજ્ઞનું અસ્તિત્વ અને લક્ષણ | ૦૨ |
| ૩ | સર્વજ્ઞ દ્વારા તત્ત્વપ્રરૂપણા અને દૃષ્ટિ | ૦૩ |
| ૪ | હેયતત્ત્વ અને તેનાં કારણ | ૦૪ |
| ૫ | ઉપાદેયતત્ત્વ અને તેનું કારણ | ૦૪ |
| ૬ | બંધતત્ત્વનું લક્ષણ અને ભેદ | ૦૫ |
| ૭ | બંધનું કાર્ય અને તેનું લક્ષણ | ૦૫ |
| ૮ | બંધના હેતુ મિથ્યાદર્શન આદિ | ૦૫ |
| ૧૪ | મમકારનું લક્ષણ | ૦૮ |
| ૧૬ | મમકાર અને અહંકાર વડે મોહચક્રની સૃષ્ટિનો ક્રમ | ૦૯ |
| ૨૦ | મુખ્ય બંધહેતુઓના વિનાશ માટે પ્રેરણા | ૧૦ |
| ૨૪ | મોક્ષ-હેતુનું લક્ષણ સમ્યગ્દર્શનાદિ ત્રયાત્મક | ૧૨ |
| ૩૦ | વ્યવહાર-મોક્ષમાર્ગ | ૧૪ |
| ૩૧ | નિશ્ચય-મોક્ષમાર્ગ | ૧૪ |
| ૩૩ | ધ્યાન-અભ્યાસની પ્રેરણા | ૧૫ |
| ૩૫ | શુક્લધ્યાન-ધર્મ્યધ્યાન-ધ્યાતા | ૧૬ |
| ૪૧ | ધ્યાતાનું વિશેષ વર્ણન | ૧૭ |
| ૪૬ | ધર્મધ્યાનના સ્વામી | ૧૮ |
| ૪૯ | ધ્યાન માટે સામગ્રી | ૨૦ |
| ૫૧ | ધર્મના લક્ષણભેદે ધર્મધ્યાનના ધ્યાતા | ૨૦ |
| ૫૬ | ધ્યાનનું લક્ષણ અને ફળ | ૨૨ |
| ૫૯ | એકાગ્ર્ય લક્ષણ-દૃષ્ટિ-અર્થ | ૨૩ |
| ૬૬ | શ્રુતજ્ઞાનને ધ્યાન કહે છે તેનો ઉત્કૃષ્ટ કાળ | ૨૪ |
| ૭૨ | ધ્યાતિનું લક્ષણ | ૨૭ |
| ૭૩ | નયદૃષ્ટિથી ધ્યાનનું સ્વરૂપ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૭૫ | ધ્યાનની સામગ્રી | ૨૮ |
| ૭૬ | મનને જીતવાના ઉપાયો | ૨૯ |
| ૮૦ | સ્વાધ્યાયનું સ્વરૂપ - ધ્યાન | ૩૦ |
| ૮૨ | ધર્મ્યધ્યાનના નિષેધક અર્હંતના મતથી અનભિજ્ઞ છે | ૩૧ |
| ૮૩ | વર્તમાનકાળે શુકલધ્યાનનો નિષેધ | ૩૨ |
| ૮૯ | ધ્યાતાને સંસ્કાર અને સામગ્રીપૂર્વક ધ્યાનની પ્રેરણા | ૩૫ |
| ૯૬ | નયદૃષ્ટિથી ધ્યાનના બે ભેદ | ૩૭ |
| ૯૯ | ધ્યેયના નામ-સ્થાપનાદિ ચાર ભેદ - ઉપસંહાર | ૩૯ |
| ૧૧૬ | ભાવધ્યેય | ૪૯ |
| ૧૧૭ | દ્રવ્યના છ ભેદ તેમાં ધ્યેયતમ આત્મા | ૪૯ |
| ૧૧૯ | આત્મદ્રવ્યના ધ્યાનમાં ધ્યાતવ્યાઃ પરમેષ્ઠિનઃ ધ્યાનની પ્રધાનતા | ૫૧ |
| ૧૩૨ | દ્રવ્યધ્યેય અને ભાવધ્યેયનું સ્વરૂપ | ૫૫ |
| ૧૩૭ | સમરસીભાવ-સમાધિ-મધ્યસ્થતા | ૫૭ |
| ૧૪૧ | નિશ્ચયધ્યાનનું સ્વરૂપ | ૫૯ |
| ૧૪૫ | શ્રૌતી ભાવનાનું અવલંબન - દૃષ્ટિ | ૬૦ |
| ૧૬૦ | ચિંતાનો અભાવ તુચ્છ નથી પણ સ્વસંવેદનરૂપ છે | ૬૬ |
| ૧૬૮ | સ્વસંવિત્તિનો અર્થ | ૬૯ |
| ૧૭૧ | સ્વરૂપનિષ્ઠ યોગી એકાગ્ર્યતાને છોડતો નથી | ૭૦ |
| ૧૭૮ | એકાગ્ર્યતાથી આત્મદર્શન અને ફળ - સ્થિરતા | ૭૨ |
| ૧૮૩ | ધ્યાનના અભ્યાસનો ક્રમ | ૭૫ |
| ૧૮૮ | સ્વઆત્માને અર્હંતરૂપે ધ્યાનમાં ભ્રાન્તિની આશંકા | ૭૯ |
| ૧૯૬ | ધ્યાનનું ફળ - સમરસીભાવ | ૮૨ |
| ૨૧૮ | ધ્યાનનું મુખ્ય નિમિત્ત સદ્‌ગુરુ આદિ ચતુષ્ટય | ૮૮ |
| ૨૨૦ | લૌકિક ફળની ઇચ્છાનું ધ્યાન તે આર્ત અથવા રૌદ્રધ્યાન છે | ૯૦ |
| ૨૨૧ | તત્ત્વજ્ઞાન તે શુકલધ્યાન રૂપ છે | ૯૦ |
| ૨૩૦ | મોક્ષનું સ્વરૂપ અને ફળ | ૯૩ |
| ૨૩૫ | સર્વ જીવોનું સ્વરૂપ | ૯૬ |

| | | |
|---|---|---|
| ૨૩૭ | સ્વાત્મસ્થિતિનું સ્વરૂપ | ૯૭ |
| ૨૪૩ | સાંસારિક સુખનું લક્ષણ | ૯૯ |
| ૨૪૭ | સ્યાદ્વાદીને જ મોક્ષનો ઉત્તમ પુરુષાર્થ | ૧૦૧ |
| ૨૫૩ | ધ્યાન વિષયની ગુરુતા અને કર્તાની લઘુતા | ૧૦૭ |
| ૨૫૫ | ભવ્ય જીવોને આશીર્વાદ | ૧૦૮ |
| | **પરિશિષ્ટ** (સમાધિભાવના, સામાયિક ભાવ, સંલેખના) | **૧૧૫ થી ૧૨૮** |

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# મંગલાચરણ અને પ્રતિજ્ઞા

**सिद्ध-स्वार्थानशेषार्थ-स्वरूपस्योपदेशकान्।**
**पराऽपर-गुरून्नत्वा वक्ष्ये तत्त्वानुशासनम्।।१।।**

**અર્થ :** જેણે સ્વઅર્થની સિદ્ધિ પ્રાપ્ત કરી છે (જેણે શુદ્ધ-સ્વરૂપ-સ્થિતિરૂપ આત્યન્તિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ કરી છે) તથા જે સંપૂર્ણ અર્થ-તત્ત્વ-વિષયના સ્વરૂપના ઉપદેશક છે (જેણે કેવળજ્ઞાન વડે વિશ્વના સમસ્ત પદાર્થોને જાણી યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે) એવા પર અને અપર ગુરુઓને (સર્વકર્મ-કલંક-મુક્ત નિષ્કલંક પરમાત્મા સિદ્ધોને તથા ચાર ઘાતિકર્મોના ક્ષયથી સકલ પરમાત્મા અર્હન્તોને, તેમ જ અર્હંતવચન અનુસાર તત્ત્વોના ઉપદેશક અન્ય ગણધર દેવ તથા શ્રુત કેવળી આદિ ગુરુઓને) નમસ્કાર કરીને હું તત્ત્વાનુશાસનની રચના કરીશ (તત્ત્વોનું અનુશાસન-બોધ-એ જેનું પ્રયોજન છે, એવા તત્ત્વાનુશાસન નામના શાસ્ત્રની રચના કરું છું).

ભાવાર્થ : આ પદમાં મંગળાચરણપૂર્વક ગ્રન્થરચનાની પ્રતિજ્ઞા કરે છે. મંગલાચરણના બે પ્રકાર છે તેમાં ગુરુઓને નમસ્કાર કરે છે. એક : પરગુરુ અને બીજા અપરગુરુને. એમ બે વિશેષણ કહ્યાં. ''સિદ્ધ-સ્વાર્થાન્'' અને ''અશેષાર્થ-સ્વરૂપસ્યોપદેશકાન્'' અર્થાત્ એક વિશેષણ પરમગુરુ સિદ્ધો તથા બીજા અપરગુરુને અર્હંતો આદિ સમજવા. જોકે પરમગુરુઓમાં સિદ્ધભગવંતો અને શ્રી અર્હંતભગવંતો એમ ગ્રહણ કરીએ તો અપરગરુઓનું ભિન્ન રૂપ ગ્રહણ થતું નથી તેમ જ સિદ્ધ અવસ્થામાં સ્થિત ગુરુને તે વિશેષણ લાગતું નથી, એટલે કે ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ સર્વે સિદ્ધોને લાગુ પડતું નથી કેમ કે મૂક કેવલી આદિ અનેક સિદ્ધો કે જેમણે ઉપદેશ આપ્યો નથી માટે પરમગુરુઓમાં સિદ્ધોને જ અત્રે ગણવામાં આવ્યા છે.

અત્રે પ્રથમ વિશેષણમાં જે "સ્વાર્થ" શબ્દ છે તે લૌકિક સ્વાર્થનો વાચક નથી કેમ કે તેમાં તો ઇન્દ્રિયવિષયોના ભોગાદિરૂપ સ્વાર્થ છે, બલકે સ્વામી શ્રી સમન્તભદ્રજીના શબ્દોમાં એ આત્મીય સ્વાર્થ (પ્રયોજન)નો વાચક છે અને તે આત્યન્તિક સ્વાસ્થ્યરૂપ છે. અવિનાશી સ્વાત્મોપલબ્ધિરૂપ છે.

### વાસ્તવિક-સર્વજ્ઞનું અસ્તિત્વ અને લક્ષણ

**अस्ति वास्तव-सर्वज्ञः सर्व-गीर्वाण-वन्दितः।**
**घातिकर्म-क्षयोद्भूत-स्पष्टानन्त-चतुष्टयः।।२।।**

**અર્થ :** સર્વ દેવો વડે વંદિત વાસ્તવિક સર્વજ્ઞ (સર્વ પદાર્થોના યથાર્થ જ્ઞાતા) એ જ છે કે જેને ઘાતિકર્મોના ક્ષય વડે પ્રાપ્ત અનંત-ચતુષ્ટય સ્પષ્ટ પ્રગટેલ છે. (જેને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મોનો સંપૂર્ણ ક્ષય થતાં પોતાના આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય સંપૂર્ણ પ્રગટરૂપ સાક્ષાત્કાર કરેલ છે). તે સર્વજ્ઞ છે.

ભાવાર્થ : સર્વજ્ઞપણાનું "વાસ્તવ" વિશેષણ ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. કેમ કે સંસારમાં અનેક વિદ્વાનો પોતાને સર્વજ્ઞ કહી રહ્યા છે તેમ જ સર્વજ્ઞ કહેવરાવે છે પરંતુ વસ્તુતઃ સર્વજ્ઞ હોતા નથી. વધારેમાં વધારે દંભી-બનાવટી સર્વજ્ઞપણાનો ડોળ કરનારા સર્વજ્ઞ-આભાસ છે. તેમાં વિરલ સર્વજ્ઞ હોય છે, જેમને "વાસ્તવ" સર્વજ્ઞ કહેવા જોઈએ. કોઈના કહેવા માત્રથી તેને સર્વજ્ઞ માનવા અથવા તેનાં વચનોને સર્વજ્ઞકથિત માનવાં તે યોગ્ય નથી, કેમ કે તેમનાં વચનોમાં પરસ્પર વિરોધ દેખાય છે અને સર્વજ્ઞના તાત્ત્વિક કથનમાં વિરોધ હોઈ શકતો નથી. તો હવે એવો પ્રશ્ન થાય છે કે વાસ્તવ સર્વજ્ઞ કોને માનવા કે જેમનાં વચનો પ્રમાણરૂપ માની શકાય ? તેનો ખુલાસો પદના ઉત્તરાર્ધમાં કર્યો કે જે ઘાતિકર્મોના ક્ષયથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યરૂપ ગુણ-ચતુષ્ટયનો વિકાસ સાધી પૂર્ણતાને પામ્યા છે તે જીવને "વાસ્તવ સર્વજ્ઞ" સમજવા જોઈએ.

સર્વજ્ઞનાં એ લક્ષણ અથવા સ્વરૂપ-નિર્દેશથી એ વાત સારભૂત છે કે જૈન ધર્મની મૂળ માન્યતા અનુસાર સર્વજ્ઞ ખરેખર અનંતજ્ઞઅનંતજ્ઞાની-હોય છે. અન્ય મતની રૂઢ માન્યતા અનુસાર સંપૂર્ણ વસ્તુસ્વરૂપના જ્ઞાતાપણાનો નિશ્ચય થઈ શકતો નથી. વળી અંનતવીર્યસંપન્ન હોવાથી અનંતશક્તિમાન તો છે. પરંતુ સર્વશક્તિમાન કહી શકાય નહિ કેમ કે તે જડને ચેતન, ચેતનને જડ, ભવ્યને અભવ્ય, અભવ્યને ભવ્ય, રૂપીને અરૂપી અને અરૂપીને રૂપી બનાવી શકતાં નથી. તેમ જ એક દ્રવ્યને અન્ય

દ્રવ્યરૂપ પરિણમાવી શકતા નથી. વળી જો સર્વશક્તિ હોય તો લોકાકાશની બહાર ગમન કરવાની કે ભોગવેલ કર્મને ફરીને પ્રાપ્ત કરવાની શક્તિ હોવી જોઈએ. તે તો નથી, તેથી સર્વશક્તિમાન નથી. એ રીતે સર્વ શબ્દનો મર્યાદિત અર્થ છે, વ્યાપક અર્થ નથી અર્થાત્ સર્વજ્ઞનું રૂપ વિચારવા જેવું છે. અત્રે વિસ્તારભયથી વિશેષ વ્યાખ્યા આપી નથી.

સર્વજ્ઞ દ્વારા દ્વિધા તત્ત્વપ્રરૂપણા અને તેવી દૃષ્ટિ

**तापत्रयोपतप्तेभ्यो भव्येभ्यः शिवशर्मणे।**
**तत्त्वं हेयमुपादेयमिति द्वैधाऽभ्यधादसौ।।३।।**

**અર્થ :** એવા વાસ્તવ સર્વજ્ઞને ત્રણ પ્રકારના તાપોથી (જન્મ, જરા (રોગ) અને મરણનાં દુઃખોથી પીડિત અથવા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કષ્ટોથી પીડિત) દુઃખી ભવ્ય જીવોના શિવ સુખની પ્રાપ્તિ અર્થે તત્ત્વોનું હેય (ત્યાજ્ય) અને ઉપાદેય (ગ્રાહ્ય) એમ બે ભેદ રૂપ વર્ણન કરેલ છે.

ભાવાર્થ : અત્રે સર્વજ્ઞની તાત્ત્વિક વચનની દૃષ્ટિને સ્પષ્ટલ કરતાં કહ્યું છે કે સર્વજ્ઞે તત્ત્વવિષયક એવો ઉપદેશ સંસારી ભવ્ય જીવોને લક્ષમાં રાખી તેમના ત્રિવિધ તાપની શાંતિરૂપ મોક્ષસુખની પ્રાપ્તિ થાય તેવો ઉપદેશ આપ્યો છે. સર્વજ્ઞનો ઉપદેશ ભવ્ય જીવોએ યથાર્થ રૂપમાં ગ્રાહ્ય કરવા યોગ્ય છે, અભવ્યોને નહિ. માટે ભવ્ય જીવોને લક્ષમાં રાખી કહેલ છે જેથી તેમને દુઃખથી મુક્તિ અને શિવસુખની પ્રાપ્તિ આચરણ વડે બની શકે. જોકે સર્વજ્ઞને મોહનો અભાવ વર્તે છે અને પરમ વીતરાગતા છે તેથી ઇચ્છાનો નિરોધ છે; એવો વિકલ્પ પણ હોતો નથી કે હું અમુક પ્રકારના જીવોને ઉપદેશ આપું. સર્વજ્ઞને તો સર્વ જીવો સરખા છે તોપણ કથનની શૈલીથી એમ કહેવામાં આવ્યું છે. એમની વાણી ઇચ્છા વિના પરમ હિતરૂપ જ પરિણમે-ફળની ઇચ્છા વિના સહજ વાણી પ્રકાશે છે (સ્વયંભૂસ્તોત્ર, ગાથા ૭૩-૭૪). સુખને માટે શિવ એ વિશેષણ સર્વોત્કૃષ્ટ સુખ કે જેને નિઃશ્રેયસ, નિર્વાણ અને શુદ્ધ સુખ પણ કહે છે (ર. કરંડ, ગાથા ૧૩૧). હેય-ઉપાદેય તત્ત્વનું જ્ઞાન થતાં સર્વોત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ સુલભ બને છે. અભ્યુદયરૂપ સાંસારિક સુખમાં દુઃખ છે. તે સુખ અસ્થિર છે-સુખરૂપ નથી. હેય-ઉપાદેયના જ્ઞાન વડે અભ્યુદય અને મોક્ષસુખની પ્રાપ્તિ બને છે એમ બન્ને માટે ઉપયોગી છે (ર. કરંડ, ગાથા ૧૩૦). દુઃખ-તાપ-અનંત પ્રકારનાં હોય પરંતુ મુખ્યપણે ત્રિવિધ તાપમાં સર્વેનો સમાવેશ છે.

હેય તત્ત્વ અને તેનાં કારણ

**बन्धो निबंधनं चाऽस्य हेयमित्युपदर्शितम्।**
**हेयस्याऽशेष-दुःखस्य यस्माद् बीजमिदं द्वयम्।।४।।**

**અર્થ :** (સર્વજ્ઞે) બંધ અને તેનું કારણ આસ્ત્રવ એ બે તત્ત્વોને હેયરૂપ કહ્યાં છે કેમ કે હેયરૂપ (ત્યાગવા યોગ્ય) જે સંપૂર્ણ દુઃખ છે, તેનું બીજ આ બે તત્ત્વોમાં રહેલું છે (જે સર્વ પ્રકારથી દુઃખની ઉત્પત્તિનાં મૂળ કારણો છે).

ભાવાર્થ : જૈનાગમમાં સાત અથવા નવ તત્ત્વોમાં આસ્ત્રવ અને બંધ તત્ત્વને હેયરૂપ કહ્યાં કેમ કે તે સંપૂર્ણ દુઃખ અને દુઃખનાં કારણ છે. મન-વચન-કાયાની પ્રવૃત્તિને યોગપ્રવૃત્તિ કહી. જો તે શુભરૂપ હોય તો પુણ્યકર્મ અને અશુભરૂપ હોય તો પાપકર્મના આસ્ત્રવરૂપ છે. વિના આસ્ત્રવ બંધ થતો નથી. અત્રે એ પ્રશ્ન છે કે પુણ્યકર્મરૂપ આસ્ત્રવ સુખનું પણ કારણ છે તો તેને પણ સંપૂર્ણ દુઃખબીજનું કારણ કેમ કહ્યું ? ઉત્તર એ છે કે બંધનમાત્ર આત્માની પરતંત્રતા છે અને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે જેથી પરતંત્રતા અને સંસારપરિભ્રમણને વાસ્તવિક સુખ કહી શકાય નહિ. ત્યાં આત્મા સ્વાભાવિક સુખથી વંચિત રહે છે અર્થાત્ આધ્યાત્મિક અને નિશ્ચયદૃષ્ટિથી તે સુખ ઇન્દ્રિયજનિત અને દુઃખરૂપ છે. આગળના પદ અનુસાર શિવ સુખની પ્રાપ્તિમાં બાધાકારક છે. માટે તેને દુઃખરૂપ કહ્યું.

ઉપાદેયતત્ત્વ અને તેનું કારણ

**मोक्षस्तत्कारणं चैतदुपादेयमुदाहृतम्।**
**उपादेयं सुखं यस्मादस्मादाविर्भविष्यति।।५।।**

**અર્થ :** સર્વજ્ઞે મોક્ષ અને મોક્ષનું કારણ સંવર-નિર્જરા (અને મોક્ષસુખ) એ તત્ત્વત્રયને ઉપાદેય પ્રગટ કરેલ છે કેમ કે ઉપાદેયરૂપ (ગ્રહણ કરવા યોગ્ય) જે સુખ છે એ આ તત્ત્વત્રયના પ્રસાદથી (કૃપાથી) પ્રગટ થાય છે (પોતાનો વિકાસ સિદ્ધ કરવામાં સમર્થ જ છે).

ભાવાર્થ : તત્ત્વત્રય કહ્યાં તેમાં "શિવસમ" કહેતાં સંસારસુખથી વિપરીત (અત્રે પ્ર. સારની ગાથા ૭૬, તત્ત્વાનુશાસનની ગા. ૨૪૩-૨૪૪ કહી) અર્થાત્ સંસારી સુખ પરાધીન, વિનાશશીલ, દુઃખમિશ્રતિ, રાગવર્ધક, તૃષ્ણા-સંતાપનું કારણ, મોહ, દ્રોહ અને કષાયોનું જનક તથા દુઃખનું કારણ

જે બંધ, તેનું નિમિત્ત બને છે માટે ત્યાગવા યોગ્ય છે. ગાથામાં જે "આવિર્ભવિષ્યતિ" કહ્યું તેથી (સુખ) નવીન નથી ઊપજતું પરંતુ પ્રાપ્તની પ્રાપ્તિ-પ્રગટ થાય છે એમ દર્શાવ્યું.

બંધતત્ત્વનું લક્ષણ અને ભેદ

**तत्र बन्धः स्वहेतुभ्यो यः संश्लेषः परस्परम्।**
**जीव-कर्म-प्रदेशानां स प्रसिद्धश्चतुर्विधः।।६।।**

**અર્થ :** સર્વજ્ઞના એ તત્ત્વરૂપણમાં જીવ અને કર્મપદ્‌ગલના પ્રદેશોના જે મિથ્યાત્વ આદિ બંધના હેતુઓ વડે પરસ્પર સંશ્લેષ છે (સંમિલન અને એકક્ષેત્રાવગાહ રૂપ સ્થિતિ છે), તેનું નામ બંધ છે અને તે બંધ (પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગના ભેદથી) ચાર પ્રકારે છે. (અહીં ધ્યાનસ્તવની ગાથા ૫૫ કહી તથા દ્રવ્યસંગ્રહમાં પણ છે). વિશેષ જ્ઞાન માટે, મહાબંધ, ષટ્‌ખંડાગમ, પંચસંગ્રહ, ગોમટસાર, કમ્મપયડી કહ્યાં).

બંધનું કાર્ય અને તેનું લક્ષણ

**बन्धस्य कार्यः संसारः सर्व-दुःख-प्रदोङ्गिनाम्।**
**द्रवय-क्षेत्रादि-भेदेन स चाऽनेकविधः स्मृतः।।७।।**

**અર્થ :** બંધતત્ત્વનું કાર્ય સંસાર છે (સંસારપરિભ્રમણ છે), બંધતત્ત્વ દેહધારી સંસારી જીવોને સર્વદુઃખ આપનાર છે તથા દ્રવ્ય-ક્ષેત્ર આદિ ભેદથી (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પરિવર્તન આદિ રૂપે) અનેક પ્રકારે છે, એમ શ્રી સર્વજ્ઞે પ્રવચનનું જે સ્મૃતિશાસ્ત્ર જૈનાગમ છે તેમાં કહેલ છે તે જાણવું. પદમાં જે અનેકવિધ કહ્યું તે પંચ પરાવર્તનરૂપ આદિ સાથે અધિક વ્યાપક અર્થમાં સમજવું.

બંધના હેતુ મિથ્યાદર્શન આદિ

**स्युर्मिथ्यादर्शन-ज्ञान-चरित्राणि समा सतः।**
**बन्धस्य हेतवोऽन्यस्तु त्रयाणामेव विस्तरः।।८।।**

**અર્થ :** મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણે સંક્ષેપરૂપથી બંધનાં કારણ છે. બંધના કારણરૂપે અન્ય જે કાંઈ કથન કહેવામાં આવેલ છે એ સર્વે કારણો આ ત્રણ કારણોમાં સમાય છે.

**અધ્યાત્મકમલમાર્તંડમાં કહ્યું છે કે–**

चत्वारः प्रत्ययास्ते ननु कथमिति भावास्त्रवो भावबन्ध-
श्चैकत्वात् वस्तुतस्तो बत मतिरिति चेत्तन्न शक्तिद्वयात्स्यात् ।
एकस्यापीह वहूनेर्दहन-पचन-भावात्म-शक्तिद्वयाद्वे
वह्निः स्याद्दाहकश्च स्वगुणगणबलात्पाचकश्चेति सिद्धेः।।

मिथ्यात्वाद्यात्मभावाः प्रथमसमय एवास्त्रव हेतवः स्युः
पश्चात्तत्कर्मबन्धं प्रतिसमसमये तौ भवेतां कथंचित्।
नव्यानां कर्मणागमनमिति तदात्वे हि नाम्नास्त्रवः स्याद्
आयत्यां स्यात्स बन्ध स्थितिमितिलयपर्यन्तमेषोऽनयोर्भित्।।

-परिच्छेद ४

**મિથ્યાદર્શનનું લક્ષણ**

**अन्यथाऽवस्थितेष्वर्थेष्वन्यथैव रूचिर्नृणाम्।**
**दृष्टिमोहोदयान्मोहो मिथ्यादर्शनमुच्यते।।९।।**

**અર્થ :** મનુષ્યો અથવા જીવોને દર્શનમોહનીય કર્મના ઉદયથી અન્યરૂપે અવસ્થિત (યથાવસ્થિત) પદાર્થોમાં જે તદ્ ભિન્નરૂપે રુચિ-પ્રતીતિ થાય છે તે મોહ છે અને તેને 'મિથ્યાદર્શન' કહેવામાં આવે છે.

ભાવાર્થ : જો કદી દર્શનમોહનીય કર્મનો ઉદય ન હોય તો અન્યરૂપે અવસ્થિત પદાર્થોમાં બીજી રીતે રુચિ-પ્રતીતિ હોવા છતાં પણ તેને મિથ્યાદર્શન હોતું નથી. જેમ કે શ્રેણિક રાજાએ ક્ષાયિકદર્શનની પ્રાપ્તિ છતાં પોતાના પુત્ર કુણિકના સંબંધી (અજાતશત્રુએ) અન્યથા પ્રવૃત્તિ કરી નાખી, તોપણ તેના તે કાર્યથી તેને મિથ્યાદષ્ટિ કહી શકાય નહિ કેમ કે ક્ષાયિક સમ્યગ્દર્શનનો કદાપિ અભાવ થતો નથી.

**મિથ્યાજ્ઞાનનું લક્ષણ અને ભેદ**

**ज्ञानावृत्युदयादर्थेष्वन्यथाऽधिगमो भ्रमः।**
**अज्ञानं संशयश्चेति मिथ्याज्ञानमिदं त्रिधा।।१०।।**

**અર્થ :** (દર્શનમોહનીય કર્મના ઉદયપૂર્વક અથવા સંસ્કારવશ) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી (યથાવસ્થિત) પદાર્થોમાં જે તેના યથાવસ્થિત સ્વરૂપથી ભિન્ન અન્યથા જ્ઞાન થાય છે તે જ્ઞાનનું નામ 'મિથ્યાજ્ઞાન' છે અને તે મિથ્યાજ્ઞાનના સંશય, ભ્રમ (વિપર્યય) તથા અજ્ઞાન (અનધ્યવસાય) એ ત્રણ પ્રકાર છેઃ યથાર્થજ્ઞાનમાં ત્રણે દોષ હોતા નથી.

### મિથ્યાચારિત્રનું લક્ષણ

**वृत्तमोहोदयाज्जन्तोः कषाय-वश-वर्तिनः ।**
**योग-प्रवृत्तिरशुभा मिथ्याचारित्रमूचिरे ।।११।।**

**અર્થ :** (દર્શનમોહનીય કર્મના ઉદયપૂર્વક અથવા સંસ્કારવશ) ચારિત્રમોહનીય કર્મના ઉદયથી કષાયવશવર્તી જીવની જે અશુભયોગ પ્રવૃત્તિ થાય છે (કાય-વચન તથા મનની ક્રિયા કાંઈ સારા-ભલા-શુભ કાર્યમાં પ્રવૃત્ત ન થતાં પાપબંધના હેતુભૂત માઠાં-નિંદ્ય કામોમાં જે પ્રવૃત્તિ થાય છે) તેને મિથ્યાચારિત્ર કહેવામાં આવેલ છે.

ભાવાર્થ : વ્યવહારનયની દૃષ્ટિથી આ કથન કર્યું છે. નિશ્ચયનયની દૃષ્ટિથી તો સમ્યગ્દર્શન-જ્ઞાનથી રહિત અને ચારિત્રમોહથી સંયુક્ત યોગોની શુભ પ્રવૃત્તિ પણ શુભ કર્મબંધના કારણરૂપ મિથ્યાચારિત્રમાં ગણવામાં આવેલ છે. (અહીં સર્વાર્થસિદ્ધિ ૧-૧, ૬-૨, ૬-૩નો ઉલ્લેખ કરેલ છે). (કર્મયોગ માટે તત્ત્વાર્થસૂત્રની ગાથા ૬-૧ કહી છે).

### બંધહેતુમાં ચક્રી અને મંત્રી

**बन्ध-हेतुषु सर्वेषु मोहश्चक्रीति कीर्तितः ।**
**मिथ्याज्ञानं तु तस्यैव सचिवत्वमशिश्रियत् ।।१२।।**

**અર્થ :** બંધના સંપૂર્ણ હેતુઓમાં મોહને ચક્રવર્તી (રાજા)ની ઉપમા છે તથા મિથ્યાજ્ઞાનમાં તેના મંત્રીનો આશ્રય છે એમ કહેલ છે.

ભાવાર્થ : મોહ (મિથ્યાદર્શન) રાજાનો આશ્રતિ તેનો મંત્રી સ્વતંત્ર રૂપે કાંઈ કરી શકે નહિ. 'તસ્ય' પદની સાથે 'એવ' શબ્દ છે તે મિથ્યાજ્ઞાન છે તે મોહચક્રીને આધીન છે તેથી તે જ્ઞાનને મિથ્યા કહેલ છે.

### મોહચક્રીના સેનાપતિ તે મમકાર-અહંકાર

**ममाऽहंकार-नामानौ सेनान्यौ तौ च तत्सुतौ।**
**यदायत्तः सुदुर्भेदः मोह-व्यूहः प्रवर्तते।।१३।।**

**અર્થ :** મોહના જે બે પુત્રો-અહંકાર અને મમકાર - છે તે બન્ને એ મોહના સેનાનાયક છે જેના વ્યૂહચક્રને આધીન મોહચક્રી રાજા તેના સૈન્યની વચ્ચે અતિ અતિ દુર્ભેદ-કોઈ તેને જીતી ન શકે તેવો - વસે છે અર્થાત્ મોહને જીતવાને માટે પ્રથમ મમકાર અને અહંકારને જીતવા જોઈએ. એ બન્ને ભાઈઓ પરસ્પર પોષક છે અને ચક્રવ્યૂહમાં ફસાયેલો જીવ સંસારપરિભ્રમણ કરી રહ્યો છે.

### મમકારનું લક્ષણ

**शश्वदनात्मीयेषु स्वतनु-प्रमुखेषु कर्मजनितेषु।**
**आत्मीयाऽभिनिवेशो ममकारो मम यथा देहः।।१४।।**

**અર્થ :** સદા અનાત્મીય (આત્મસ્વરૂપથી બાહ્ય) એવા કર્મજનિત સ્વદેહ આદિમાં જે આત્મપણાનો આગ્રહ - અભિનિવેશ - છે (તેને પોતાનો માનવા રૂપ જે અજ્ઞાનભાવ) તેનું નામ મમકાર છે. (જેમ કે શરીર તે મારું-શરીર, ઘર, પુત્ર, સ્ત્રી, ધનાદિ તે મારાં છે તેમ માનવું તે મમકાર છે).

અમિતગતિ આચાર્યે તત્ત્વભાવના પદ ૨૫માં કહ્યું છે કે–

माता मे मम गेहिनी मम गृहं मे बांधवा मेऽङ्गजाः
तातो मे मम सम्पदो मम सुखं मे सज्जनाः मे जनाः ।
इत्थं घोरममत्व-तामस-वश-व्यस्ताऽस्तबोधस्थितिः
शर्माधान-विधानतः स्वहिततः प्राणी सनीस्रस्यते।।

### અહંકારનું લક્ષણ

**ये कर्म-कृता भावा परमार्थ-नयेन चात्मनो भिन्नाः।**
**तत्राऽऽत्माभिनिवेशीऽहंकारोऽहं यथा नृपतिः।।१५।।**

**અર્થ :** કર્મ વડે ઊપજેલી પર્યાય (દેહ) જે નિશ્ચય નયથી આત્માથી ભિન્ન છે તેમાં આત્માનો

જે મિથ્યા આરોપ છે (તેને આત્મા સમજવા રૂપ અજ્ઞાનભાવ છે) તેનું નામ 'અહંકાર' છે. જેમ કે હું રાજા છું.

ભાવાર્થ : હું રાજા, હું રંક, હું ગોરો, હું કાળો, હું પુરુષ, હું સ્ત્રી, હું ઉચ્ચ, હું નીચ, હું સુરૂપ, હું કુરૂપ, હું પંડિત, હું મૂર્ખ, હું રોગી, હું નિરોગી, હું સુખી, હું દુઃખી, હું મનુષ્ય, હું પશુ, હું નિર્બળ, હું સબળ, હું બાળક, હું યુવાન, હું વૃદ્ધ ઇત્યાદિ જે આત્મા નથી-આત્માનું સ્વરૂપ નથી-તેને આત્મા માનવો-સમજવો-તેનું નામ અહંકાર છે અર્થાત્ દેહાત્મબુદ્ધિ છે તેનું નામ અહંકાર છે.

### મમકાર અને અહંકાર વડે મોહચક્રની સૃષ્ટિનો ક્રમ

**मिथ्याज्ञानान्वितान्मोहान्ममाहंकार-संभवः।**
**इमकाभ्यां तु जीवस्य रागो द्वेषस्तु जायते।।१६।।**

**અર્થ :** મિથ્યાજ્ઞાન સંયુક્ત મોહ વડે જીવમાં મમકાર અને અહંકારનો જન્મ થાય છે અને એ બન્નેથી (મમકાર અને અહંકારથી) જીવને રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ : રાગ હોય કે દ્વેષ હોય કે બન્ને હોય, પરંતુ તેનાથી મમકાર અને અહંકાર જન્મે છે.

**ताभ्यां पुनः कषायाः स्युर्नोकषायाश्च तन्मयाः।**
**तेभ्यो योगाः प्रवर्तन्ते ततः प्राणिवधादयः।।१७।।**

**અર્થ :** વળી એ (રાગદ્વેષ) બન્ને વડે કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) અને નોકષાયો (હાસ્ય, રતિ, શોક, અરતિ, ભય, જુગુપ્સા તથા કામવાસનાઓ)ની ઉત્પત્તિ થાય છે જે રાગદ્વેષરૂપ જ છે. એ કષાયો તથા નોકષાયો વડે યોગની પ્રવૃત્તિ થાય છે (મન-વચન-કાયાની ક્રિયા થાય છે) તેથી યોગો વડે પ્રવર્તતાં પ્રાણી-વધ આદિરૂપ હિંસાદિક કાર્ય બને છે. (અધ્યાત્મ રહસ્યની ગાથા ૨૭મી અત્રે કહી).

ભાવાર્થ : પ્રાણીવધ આદિ કહેતાં અસત્ય, ચોરી, મૈથુન-કુશીલ, પરિગ્રહ જેવાં પાપકાર્ય અને અહિંસા-દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવાં પુણ્યકાર્ય એમ શુભાશુભ કર્મ બંધાય છે તેમ કહ્યું છે.

**तेभ्यः कर्माणि बध्यन्ते ततः सुगति-दुर्गती।**
**तत्र कायाः प्रजायन्ते सहजानीन्द्रियाणि च।।१८।।**

**અર્થ :** પ્રાણીવધ આદિ કાર્યથી કર્મો બંધાય છે (જેના શુભ-અશુભ એવા બે ભેદ છે). કર્મબંધનથી સુગતિ અને દુર્ગતિની પ્રાપ્તિ થાય છે (શુભબંધથી દેવ તથા મનુષ્યભવ અને અશુભબંધથી નરક તથા તિર્યંચયોનિરૂપ દુર્ગતિની પ્રાપ્તિ થાય છે). કર્મોના વશ સુગતિ કે દુર્ગતિમાં જ્યાં પણ જીવને જવાનું હોય ત્યાં શરીર ઉત્પન્ન થાય છે તથા શરીરની સાથે સહજ જ ઇન્દ્રિયો પણ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ : ચારે ગતિઓમાં ઉદારિક-વૈક્રિય આદિ શરીર અને તે મુજબ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે. અત્રે વિસ્તાર માટે તત્ત્વાર્થસૂત્ર તથા તેની ટીકા ષટ્ખંડાગમ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ અને ગોમટસાર આદિ શાસ્ત્રો કહ્યાં. પંચાસ્તિકાયની ગાથા ૧૨૮-૧૨૯-૧૩૦ કહી છે.

**तदर्थानिन्द्रियैर्गृह्णन्मुह्यति द्वेष्टि रज्यते।**
**ततो बद्धो भ्रमत्येव मोहव्यूह-गतः पुमान्।।१९।।**

**અર્થ :** એમ ઇન્દ્રિયોના વિષયોને ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરતો જીવ રાગ કરે છે, દ્વેષ કરે છે તથા મોહને પ્રાપ્ત થાય છે. અને એ રાગદ્વેષ-મોહરૂપ પ્રવૃત્તિઓ વડે નવાં કર્મથી બંધાય છે. એ રીતે મોહની સેનાથી ઘેરાયેલો અને તેના ચક્કરમાં પડેલો ફસાયેલો - આ જીવ પરિભ્રમણ કરી રહ્યો છે.

ભાવાર્થ : આ પદ ઉપસંહારરૂપ છે. પરિભ્રમણ કરતો જીવ તેનાથી છૂટવાનો પ્રયાસ કરતો નથી.

મુખ્ય બંધહેતુઓના વિનાશ માટે પ્રેરણા

**तस्मादेतस्य मोहस्य मिथ्याज्ञानस्य च द्विषः।**
**ममाऽहंकारयोऽश्चात्मन् ! विनाशाच कुरूद्यमम्।।२०।।**

**અર્થ :** માટે હે આત્મન્ ! (કદી તું આ ભવભ્રમણથી છૂટવા ઇચ્છતો હો તો) આ મિથ્યાદર્શનરૂપ મોહનો, ભ્રમ આદિરૂપ મિથ્યાજ્ઞાનનો અને મમકાર તથા અહંકારનો કે જે તારા શત્રુ છે તેનો વિનાશ કરવા ઉદ્યમ કર - પ્રબલ પુરુષાર્થ કરવા કહ્યું.

મુખ્ય બંધહેતુઓના વિનાશનું ફળ

**बन्ध-हेतुषु मुख्येषु नश्यत्सु क्रमशस्तव।**
**शेषोऽपि रागद्वेषादिर्बन्ध-हेतुर्विनंक्ष्यति।।२१।।**

**અર્થ :** બંધનાં મુખ્ય કારણો (મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મમકાર-અહંકારરૂપ મિથ્યાચારિત્ર)નો ક્રમે નાશ થતાં તારા રાગદ્વેષાદિરૂપ શેષ જે બંધના હેતુઓ (કારણ-કલાપ) છે તે સર્વનો નાશ થઈ જશે.

ભાવાર્થ : મમકાર-અહંકાર જ જો નષ્ટ થાય તો રાગદ્વેષની પરંપરા ચાલે નહિ. ક્રમે કષાય-નોકષાયનો અભાવ થાય-યોગની પ્રવૃત્તિ બને નહિ જેથી આસ્રવ-બંધ થાય નહિ ને મુક્તિ થાય.

સમસ્ત બંધહેતુઓના વિનાશનું ફળ

**ततस्त्वं बन्ध-हेतूनां समस्तानां विनाशतः।**
**बन्ध-प्रणाशान्मुक्तः सन्न भ्रमिष्यति संसृतौ।।२२।।**

**અર્થ :** એ રીતે રાગદ્વેષ આદિરૂપ બંધનાં સર્વે કારણો-કલાપનો પણ નાશ થતાં (હે આત્મન્!) સર્વથા કારણોનો વિનાશ થતાં તેના ફળરૂપ બંધનનો વિનાશ થયો અને સંસારપરિભ્રમણ રહ્યું નહિ તેથી તને સર્વથા દુઃખની મુક્તિ અને અનંત આત્મીય સુખની પ્રાપ્તિ થાય છે.

બંધ-હેતુ-વિનાશાર્થ મોક્ષ-હેતુ-પરિગ્રહ

**बन्धहेतु-विनाशस्तु मोक्षहेतु-परिग्रहात्।**
**परस्पर-विरूद्धत्वाच्छीतोष्ण-स्पर्शवत्तयोः।।२३।।**

**અર્થ :** બંધનાં કારણોનો વિનાશ તો જ બને છે કે જ્યારે મોક્ષનાં કારણોનો આશ્રય લેવામાં આવે છે. કેમ કે બંધ અને મોક્ષ એ બન્નેનાં કારણો, જેમ શીતસ્પર્શથી ઉષ્ણસ્પર્શ વિરુદ્ધ છે તેમ વિરુદ્ધ છે.

ભાવાર્થ : મોક્ષહેતુ પારિગ્રહ એટલે મોક્ષમાર્ગનું સમ્યક્ અનુસરણ કરવા પ્રબલ પુરુષાર્થ કરવાની સૂચના છે કે જે વડે બંધહેતુઓનો સહજ જ નાશ થાય.

મોક્ષહેતુનું લક્ષણ સમ્યગ્દર્શનાદિ-ત્રયાત્મક

**स्यात् सम्यग्दर्शन-ज्ञान-चारित्र-त्रितयात्मकः।**
**मुक्ति-हेतुर्जिनोपज्ञं निर्जरा-संवर-क्रियः।।२४।।**

**અર્થ :** સર્વજ્ઞ-જિને, સ્વયંતત્ત્વનો અનુભૂત અને ઉપદષ્ટિ એવો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ ત્રિતયાત્મક છે (એ ત્રણ અભેદ આત્મામય છે) તથા નિર્જરા અને સંવરપરિણામ રૂપ પ્રવૃત્તિ તેના ફળની પ્રાપ્તિ કરાવે છે- માટે તે અદ્વિતીય માર્ગરૂપ છે તેમ કહ્યું.

સમ્યગ્દર્શનનું લક્ષણ

**जीवादयो नवाप्यर्था ये यथा जिनभाषिताः।**
**ते तथैवेति या श्रद्धा सा सम्यग्दर्शनं स्मृतम्।।२५।।**

**અર્થ :** જીવાદિક જે નવપદાર્થ (જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ) છે તે જે પ્રકારે સર્વજ્ઞ-જિને નિર્દિષ્ટ કર્યા છે, પ્રકાશ્યા છે-એ પ્રકારે જ સ્થિત છે-અન્યથા રૂપે નહિ, એવી જે શ્રદ્ધારુચિ-પ્રતીતિ છે તેનું નામ સમ્યગ્દર્શન છે.

ભાવાર્થ : અત્રે તત્ત્વ, અર્થ અને પદાર્થ એ ત્રણેનો એક જ અર્થ થાય છે. જીવાદિ પદાર્થોના ભેદ-અભેદ સહિત શ્રીજિને જેમ પ્રરૂપ્યું છે એમ જ છે એવી શ્રદ્ધા પરીક્ષાસહિત થાય તે સમ્યગ્દર્શન છે (અહીં પંચાસ્તિકાયની ગાથા ૧૦૮ તથા તત્ત્વાર્થસૂત્રની ગાથા ૧-૪ આધારભૂત છે).

સમ્યગ્જ્ઞાનનું લક્ષણ

**प्रमाण-नय-निक्षेपैर्यो याथात्म्येन निश्चयः।**
**जीवादिषु पदार्थेषु सम्यग्ज्ञानं तदिष्यते।।२६।।**

**અર્થ :** જિનવરે કહેલાં જીવાદિ તત્ત્વોનો જે પ્રમાણજ્ઞાન, નયનિક્ષેપ વડે યાથાત્મ્યરૂપથી નિશ્ચય થાય છે તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેલ છે.

ભાવાર્થ : પ્રમાણમાં પરોક્ષ-પ્રત્યક્ષના વિકલ્પો અનેક ભેદ છે. નયોમાં પણ નિશ્ચય નય-વ્યવહાર નય, દ્રવ્યાર્થિક નય-પર્યાયાર્થિક નય તથા નૈગમ-સંગ્રહ આદિ વિકલ્પો છે, નિક્ષેપોમાં નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ નિક્ષેપ કહ્યાં છે (તત્ત્વાર્થસૂત્રથી વિશેષ જાણી સમજવા કહ્યું).

### સમ્યક્‌ચારિત્રનું લક્ષણ

**चेतसा वचसा तन्वा कृताऽनुमत-कारितैः।**
**पाप-क्रियाणां यस्त्यागः सच्चारित्रमुषन्ति तत्॥२७॥**

**અર્થ** : મન-વચન-કાયાથી કૃત-કારિત-અનુમોદના વડે જે પાપરૂપ ક્રિયાઓ છે તેનો ત્યાગ કરવો તેને સમ્યક્‌ચારિત્ર કહેલ છે.

ભાવાર્થ : ત્યાગની સામે કાંઈ ગ્રહણ હોય તે ધર્મક્રિયા છે. અર્થાત્ પાપક્રિયાનો ત્યાગ અને ધર્મક્રિયારૂપ અનુષ્ઠાનનું ગ્રહણ કહ્યું-ત્રિકરણે, ત્યાગ-ગ્રહણ બતાવ્યાં છે.

### મોક્ષહેતુમાં નયદૃષ્ટિ-તેના ભેદ અને સ્થિતિ

**मोक्षहेतुः पुनर्द्वेधा निश्चयाद् व्यवहारतः।**
**तत्राऽऽद्यः साध्यरूपः स्याद्द्वितीयस्तस्य साधनम् ॥२८॥**

**અર્થ** : પૂર્વે કહેલ મુક્તિ-હેતુ (મોક્ષમાર્ગ) નિશ્ચય નય અને વ્યવહાર નયના ભેદથી બે પ્રકારે છે; જેમાં પહેલો નિશ્ચય મોક્ષમાર્ગ છે તે સાધ્યરૂપ છે અને બીજો જે વ્યવહાર-મોક્ષમાર્ગ છે તે નિશ્ચય મોક્ષમાર્ગના સાધનરૂપ છે (અહીં તત્ત્વાર્થસારની ગાથા કહી).

निश्चय-व्यवहाराभ्यां मोक्षमार्गो द्विधा स्थितः।
तत्राऽऽद्यः साध्यरूपः स्याद् द्वितीयस्तस्य साधनम्॥

મેડી ઉપર જવાને માટે સીડીનાં પગથિયાં ચડવાં જરૂરી છે જોકે હેય રૂપ છે. ને છેવટ ઉપર ગયા પછી સીડી ત્યાજ્ય છે એ રીતે હેય-ઉપાદેય રૂપ સમજવું.

### નિશ્ચય-વ્યવહાર-નયોનું સ્વરૂપ

**अभिन्न-कर्तृ-कर्मादि-विषयो निश्चयो नयः।**
**व्यवहार-नयो भिन्न-कर्तृ-कर्मादि-गोचरः॥२९॥**

**અર્થ** : નિશ્ચય નય અભેદ કર્તા-કર્મ આદિ-વિષયક છે (તેમાં કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન અને અધિકરણરૂપ છ કારકોનું જે જ્ઞાન થાય છે તે પરસ્પર એકબીજાથી ભિન્ન નથી-અભેદ છે)

અને વ્યવહાર નય છે તે ભિન્ન ભિન્ન કર્તા-કર્મ આદિનો વિષયક છે (તેમાં કર્તા-કર્મ આદિ છ કારકોનું જ્ઞાન પરસ્પર ભિન્નતા દર્શાવે છે). અહીં ધ્યાન સ્તવની ગાથા ૭૧મીનો આધાર આપ્યો. બન્ને નયો વચ્ચેનો ભેદ બતાવ્યા બાદ ત્રણ ગાથાઓમાં વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ અલગ અલગ સ્વરૂપે દર્શાવે છે.

વ્યવહાર-મોક્ષ-માર્ગ

**धर्मादि-श्रद्धानं सम्यक्त्वं ज्ञानमधिगमस्तेषाम्।**
**चरणं च तपसि चेष्टा, व्यवहारान् मुक्तिहेतुरयम्।।३०।।**

**અર્થ :** ધર્મ આદિ (ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશ-કાળ-જીવ અને પુદ્‌ગલ એ છ દ્રવ્યો તથા જીવ-આસ્ત્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય અને પાપ તે નવ પદાર્થો-તત્ત્વો)નું જે શ્રદ્ધાન છે તે સમ્યક્ત્વ છે (સમ્યગ્દર્શન) તથા તે દ્રવ્યો અને તત્ત્વોનું જે જ્ઞાન (અધિગમ) સવિશેષરૂપથી જાણવું તે સમ્યગ્જ્ઞાન છે અને તપમાં (ઇચ્છાનિરોધમાં) જે આચરણ તે સમ્યક્ચારિત્ર છે. એ રીતે એ વ્યવહાર-રત્નત્રય સ્વરૂપ-મોક્ષમાર્ગ છે (અત્રે પંચાસ્તિકાયની ગાથા ૧૬૦ તથા નં.૧૦૭ તથા સમયસારની ગાથા ૧૫૫ વિચારવા કહ્યું).

પાપક્રિયાઓનો ત્યાગ તે એક રીતે ઇચ્છાનિરોધ તપ છે. પ્રવચનસારની ગાથા ૧૫૫માં

जीवादी सद्दहणं सम्मत्तं, तेसिमधिगमो णाणं।
रायादी परिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।

તથા પંચાસ્તિકાયની ગાથા નં.૧૬૧ અત્રે સમજવા કહ્યું (તે ગાથા નં.૩૧ બાબત છે).

નિશ્ચય-મોક્ષમાર્ગ

**निश्चयनयेन भणितस्त्रिभिरेभियः समाहितो भिक्षुः।**
**नोपादत्ते किंचिन्न च मुंचति मोक्षहेतुरसौ।।३१।।**

**અર્થ :** એવા ત્રણ વ્યવહાર સમ્યગ્દર્શનાદિથી યુક્ત જે ભિખ્ખુ-સાધુ-જો કશું ગ્રહણ કરતા નથી તથા છોડતા નથી ત્યારે તેને નિશ્ચયનયના સ્વયં મોક્ષમાર્ગરૂપ પરિણમે છે-મુક્તિના હેતુ કહેવાય છે. વસ્તુતઃ કાંઈ ગ્રહણ ત્યાગના વિકલ્પ વિના મોક્ષમાર્ગરૂપ પરિણમે છે.

**यो मध्यस्थः पश्यति जानात्यात्मानमात्मनात्मन्याऽऽत्मा।**
**दृगवगमचरणरूपः स निश्चयान्मुक्तिहेतुरिति हि जिनोक्तिः।।३२।।**

**અર્થ :** જે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મા મધ્યસ્થભાવથી આત્માને આત્મા દ્વારા આત્મામાં દેખે છે-જાણે છે-તે નિશ્ચયનયથી સ્વયં મુક્તિનો હેતુ બને છે એવું સર્વજ્ઞદેવ જિનવરની વાણીમાં કહેલ છે. (અહીં દ્રવ્ય-સંગ્રહની ગાથા નં.૩૯ બતાવી).

(ગાથા નં. ૩૩ થી ધ્યાનનું પ્રરૂપણ શરૂ થાય છે).

બે પ્રકારનો મોક્ષમાર્ગ જે કહ્યો તેનાથી ધ્યાનની પ્રાપ્તિ થાય છે
તેથી ધ્યાન-અભ્યાસની પ્રેરણા

**स च मुक्तिहेतुरिद्धो ध्याने यस्मादवाप्यते द्विविधोऽपि।**
**तस्मादभ्यस्यन्तु ध्यानं सुधियः सदाऽप्यपास्याऽऽलस्यम्।।३३।।**

**અર્થ :** ખરેખર નિશ્ચય અને વ્યવહારરૂપ બે મોક્ષમાર્ગ છે તે નિર્દોષ મોક્ષમાર્ગ, ધ્યાનની સાધના વડે પ્રાપ્ત થાય છે માટે હે વિદ્વદ્‌જનો ! સદા સદૈવ આલસનો ત્યાગ કરી ધ્યાનનો અભ્યાસ કરો. (અહીં દ્રવ્ય-સંગ્રહની ગાથા નં. ૪૭ કહી). ધ્યાનની પ્રેરણા કરી છે.

ધ્યાનના ભેદ અને તેની ઉપાદેયતા

**आर्तं रौद्रं च दुर्ध्यानं वर्जनीयमिदं सदा।**
**धर्म्यं शुक्लं च सद्ध्यानमुपादेयं मुमुक्षुभिः।।३४।।**

**અર્થ :** આર્તધ્યાન માઠું ધ્યાન છે અને રૌદ્ર ધ્યાન પણ માઠું ધ્યાન છે. એવાં બન્ને ધ્યાન મુમુક્ષુ જીવોએ સદાને માટે ત્યાગવા યોગ્ય છે. ધર્મધ્યાન છે તે સદ્‌ધ્યાન છે અને શુકલધ્યાન પણ સદ્‌ધ્યાન છે. એ પ્રત્યેક સાચું ધ્યાન મુમુક્ષુ જીવે સદા ગ્રહણ કરવા યોગ્ય-જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : દુર્ધ્યાન એટલે કલુષિત ધ્યાન પાપબંધનું અને સંસારપરિભ્રમણનું નિમિત્ત છે અને પ્રશસ્ત (સાતિશય) ધ્યાન છે તે સંવર-નિર્જરા અને મોક્ષના હેતુભૂત છે-ઉપાદેય છે-સદા ગ્રાહ્ય છે.

ઋત એટલે દુઃખ અને પીડા ઉત્પન્ન કરે તે આર્તધ્યાન કહેવાય છે. તેના ચાર ભેદ છે : (૧) ઇષ્ટવિયોગ, (૨) અનિષ્ટસંયોગ, (૩) વેદનાજન્ય-અશાતા-રોગ અને (૪) નિદાન (નિયાણું).

તેના અર્થ મનોજ્ઞ વસ્તુનો વિયોગ થતાં તેને ફરી સંયોગ રૂપ થવાની ચિંતા છે તે પહેલું આર્તધ્યાન છે. અમનોજ્ઞ પદાર્થનો વિયોગ ક્યારે થાય તે ચિંતા વારંવાર તેના વિચાર-તે બીજું આર્તધ્યાન છે. બીમારી ક્યારે મટે તેની વારંવાર સ્મૃતિ અને સતત પ્રવર્તન તે ત્રીજું આર્તધ્યાન છે. આગામી ભોગોની પ્રાપ્તિને માટે મનની પ્રવૃત્તિ તે ચોથું આર્તધ્યાન છે. આ ધ્યાન ચોથા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય છે. જેમાં આશય ક્રૂર હોય તે રૌદ્રધ્યાન છે. તેના ભેદ ચાર છે : હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ, અને વિષય-સંરક્ષાનંદ જેમાં પરિગ્રહાનંદ પણ છે. અત્રે આદિપુરાણ પર્વ ૨૧ ગાથા ૩૧-૩૨-૩૩ અને સર્વાર્થસિદ્ધિની ગાથા ૯-૨૮ કહી.

શુકલધ્યાનના ધ્યાતા

**वज्रसंहननोपेताः पूर्व-श्रुत-समन्विताः।**
**दध्युः शुक्लमिहाऽतीताः श्रेण्योरारोहणक्षमाः॥३५॥**

**અર્થ :** વજ્રસંઘયણના ધારક, પૂર્વજ્ઞાનના ધારક શ્રુતકેવળી છે તથા ઉપશમ અને ક્ષપક બન્ને શ્રેણીઓ આરોહણ કરવા સમર્થ એવા ભૂતકાળમાં જે મહાપુરુષો થઈ ગયા તેઓએ આ ક્ષેત્રમાં શુકલધ્યાનનું ધ્યાવન કરેલ છે. એ રીતે તેઓ ઉપશમ અને ક્ષપક શ્રેણી ચડવાને માટે સમર્થ હોય છે.

ધર્મધ્યાનની સહેતુક પ્રતિજ્ઞા

**तादृक् सामग्री अभावे तु ध्यातुं शुक्लमिहाक्षमान्।**
**ऐदंयुगीनानुद्दिश्य धर्म्यध्यानं प्रचक्ष्महे॥३६॥**

**અર્થ :** આ ક્ષેત્રમાં અત્યારે એવા પ્રકારની સામગ્રી-વજ્રસંહનન આદિ સામગ્રી-નો અભાવ હોવાથી જીવો શુકલ ધ્યાન ધ્યાવવા અસમર્થ છે. જેથી આ યુગે સાધુપુરુષોને લક્ષમાં રાખી હું ધર્મ્યધ્યાનનું કથન કરું છું-પ્રતિજ્ઞા કરું છું.

અષ્ટાંગ યોગ તથા તેનું સંક્ષિપ્તરૂપ

**ध्याता ध्यानं फलं ध्येयं यस्य यत्र यदा यथा।**
**इत्येतदत्र बोद्धव्यं ध्यातुकामेन योगिना॥३७॥**

**અર્થ :** જે યોગીને ધ્યાન કરવાની ઇચ્છા હોય તેણે ધ્યાતા, ધ્યેય, ધ્યાન, ફ્લ જેનું, જ્યાં, જ્યારે, અને જેવું હોય તે જાણવા યોગ્ય છે.

ભાવાર્થ : યોગીઓને આઠ અંગોનું જ્ઞાન કરવા પ્રેરણા આપી છે. યસ્ય, યત્ર, યદા, યથા, શબ્દો ધ્યાનને યોગ્ય મુદ્રાદિના વાચક છે. ગ્રંથકાર સ્વયં તેનું સ્વરૂપ હવે કહે છે.

**गुप्तेन्द्रिय-मना ध्याता ध्येयं वस्तु यथास्थितम्।**
**एकाग्र-चिंतनं ध्यानं निर्जरा-संवरौ फलम्।।३८।।**

**અર્થ :** ઇન્દ્રિયો તથા મનોયોગનો નિગ્રહ કરનાર 'ધ્યાતા' કહેવાય છે. યથાવસ્થિત વસ્તુ 'ધ્યેય' કહેવાય છે, એકાગ્રચિંતા તે 'ધ્યાન' છે અને 'ફ્લરૂપ' નિર્જરા તથા સંવર ભાવ હોય છે. ધર્મધ્યાનની સામગ્રી કહી. વિશેષ આગળ પદ ૪૧માં કહે છે.

**देशः कालश्च सोऽन्वेष्यः सा चाऽवस्थाऽनुगम्यताम्।**
**यदा यत्र यथा ध्यानमपविघ्नं प्रसिद्धयति।।३९।।**

**અર્થ :** ધર્મધ્યાન ધ્યાવનારે ધ્યાનને માટે દે શ (ક્ષેત્ર) અને કાલ (સમય) એનો પ્રથમ વિચાર કરવો જોઇએ તેમજ તે અવસ્થા જ્યાં અનુસરી શકાતી હોય તે જ્યાં, જ્યારે અને જેવા પ્રકારે નિર્વિઘ્ને સિદ્ધ થઈ શકે તે વિચારી ધર્મ્યધ્યાન ધરવું અર્થાત્ સામાન્ય રીતે દેશકાળ કે અવસ્થાનો નિયમ નથી પરંતુ ધ્યાનમાં બાધાકારક પરિસ્થિતિ ન હોય તે વિચારવું. તે માટે આગળ કહે છે. અહીં આદિપુરાણ ૨૧-૮૩નો ઉલ્લેખ કર્યો છે.

**इति संक्षेपतो ग्राह्यमष्टांगं योग-साधनम्।**
**विवरीतुमदः किंचिद् उच्यमानं निशम्यताम्।।४०।।**

**અર્થ :** એ રીતે સંક્ષેપથી અષ્ટઅંગરૂપ યોગસાધન જાણવા યોગ્ય છે. તેને માટે હવે થોડું વિવરણ કરવામાં આવે છે તે સાંભળો. આગલાં પદોમાં ધ્યાતાનું જે વિશેષ વર્ણન છે તેમાં ગુણસ્થાનકની દૃષ્ટિથી વર્ણન છે.

ધ્યાતાનું વિશેષ વર્ણન

**तत्राऽऽसन्नीभवन्मुक्तिः किंचिदासाद्यकारणम्।**
**विरक्तः काम-भोगेभ्यस्त्यक्त-सर्वपरिग्रहः।।४१।।**

अभ्येत्य सम्यगाचार्यं दीक्षां जैनेश्वरीं श्रितः।
तपःसंयम-सम्पन्नः प्रमादरहिताऽऽशयः।।४२।।

सम्यग्निर्णीत-जीवादि-ध्येयवस्तु-व्यवस्थितिः।
आर्त्त-रौद्र-परित्यागाल्लब्ध-चित्त-प्रसक्तिकः।।४३।।

मुक्त-लोकद्वयाऽपेक्षः सोढाऽशेष-परीषहः।
अनुष्ठित-क्रियायोगो ध्यान-योगे-कृतोद्यमः।।४४।।

महासत्त्वः परित्यक्त-दुर्लेश्याऽशुभभावनः।
इतीदृग् लक्षणो ध्याता धर्म्य-ध्यानस्य सम्मतः।।४५।।

**અર્થ :** વિવરણમાં અત્રે ધર્મધ્યાનના ધ્યાતાના ગુણો કહ્યા છે. જેમની મુક્તિ નિકટ છે-જે આસન્નભવ્ય જીવ છે-કાંઇ નિમિત્ત બનતાં કામસેવા અને ઇન્દ્રિયભોગોથી વિરક્ત થયો છે, જેણે સમસ્ત પરિગ્રહોનો ત્યાગ કર્યો છે, જેણે આચાર્ય પાસે જઈને રૂડા પ્રકારે જૈનેશ્વરી દીક્ષા ગ્રહણ કરી છે-મુનિ થયા છે-અને તપ તથા સંયમથી સંયુક્ત છે, જે પ્રમાદરહિત છે, જેણે જીવાદિ ધ્યેય વસ્તુનો વ્યવસ્થિતપણે નિર્ણય કર્યો છે, જેણે આર્ત અને રૌદ્રધ્યાન ત્યાગ્યાં છે, જેણે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે, જેણે પોતાના ધ્યાન વિષયમાં આ લોક અને પરલોકની કોઈ અપેક્ષા નથી રાખી, જે સર્વ પ્રકારના પરીષહોને સહન કરી શકે છે, જેણે ક્રિયાયોગનું અનુષ્ઠાન કરેલ છે અર્થાત્ સિદ્ધ-ભક્તિ આદિ ક્રિયામાં તત્પર છે, જેણે ધ્યાન-યોગમાં ઉદ્યમ રાખેલ છે-તેવો અભ્યાસ કર્યો છે-જે મહાસામર્થ્યવાન છે અને જેણે સર્વ અશુભ લેશ્યાઓ અને બૂરી ભાવનાઓનો પરિત્યાગ કરેલ છે એવા ગુણવાળો જીવ ધર્મ્યધ્યાન ધ્યાવે છે.

**ભાવાર્થ :** આ સ્થિતિ જોકે સાતમા અપ્રમત્ત ગુણસ્થાનની છે છતાં ઉત્તમ, મધ્યમ અને જઘન્ય ધ્યાતાતાના અનેક ભેદ છે (ચોથા ગુણસ્થાનકથી અંશે શરૂ થાય છે) પરંતુ સામાન્ય લક્ષણ 'ગુપ્તેન્દ્રિય-મના ધ્યાતા' (૩૮) કહ્યું તે જઘન્ય સ્થિતિ દર્શાવી છે.

ધર્મ્યધ્યાનના સ્વામી

अप्रमत्तः प्रमत्तश्च सद्दृष्टिर्देशसंयतः।
धर्म्यध्यानस्य चत्वारस्तत्त्वार्थे स्वामिनः स्मृताः।।४६।।

**અર્થ :** (સાતમા ગુણસ્થાનવર્તી) અપ્રમત્ત, તથા (છઠ્ઠા ગુણસ્થાનવર્તી) પ્રમત્ત સાધુ અને (પંચમ ગુણસ્થાનવર્તી) દેશસંયત તથા (ચોથા ગુણસ્થાનવર્તી) સમ્યગ્દષ્ટિ જીવને તત્ત્વાર્થસૂત્રમાં (રાજવાર્તિકમાં) ધર્મધ્યાનના સ્વામી-અધિકારી રૂપ સ્મરણ કરવામાં આવેલ છે. (એ રીતે જૈન આગમ અનુસાર માનવામાં આવેલ છે).

ભાવાર્થ : અત્રે ધર્મ-ધ્યાનના અધિકારી ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનક સુધી કહ્યા છે. જોકે મૂળ ધર્મધ્યાન અપ્રમત્ત મુનિને હોય છે. સર્વાર્થસિદ્ધિમાં આજ્ઞાવિચય, વિપાકવિચય, અપાયવિચય અને સંસ્થાનવિચયના ભેદથી કહેલ છે તે પ્રમાણે ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી કહેલ છે. પૂજ્યપાદ આચાર્યદેવે આ બાબત ધ્યાનના અધિકારી કોઈનો ઉલ્લેખ કર્યો નથી.

ધર્મ્યધ્યાનના ભેદ અને તેના સ્વામી

**मुख्योपचार-भेदेन धर्म्यध्यानमिह द्विधा।**
**अप्रमत्तेषु तन्मुख्यमितरेष्वौपचारिकम्।।४७।।**

**અર્થ :** ધ્યાનના સ્વામી બાબત ઉલ્લેખ કરતાં ધર્મ્યધ્યાનના મુખ્ય અને ઉપચારના ભેદથી બે પ્રકાર કહ્યા. અપ્રમત્ત ગુણસ્થાને વર્તનાર મુનિને જે ધ્યાન હોય છે તે 'મુખ્ય ધર્મ્યધ્યાન' છે અને છ, પાંચ, ચાર ગુણસ્થાનવર્તી જીવને જે ધ્યાન હોય છે તે સર્વે 'ઔપચારિક' (ગૌણ) ધ્યાન છે. જેમ કે વિનયના ભેદોમાં એક ઉપચાર વિશેષણ છે જેમાં પૂજ્ય આચાર્યોને દેખી ઊઠીને તેની સમક્ષ ઊભા રહી તેની પાછળ પાછળ ચાલવું, હાથ જોડવા, વંદવું અને ગુણકીર્તન કરવું તે અફળ નથી તેમ જ મિથ્યા ક્રિયાકલાપ નથી કેમ કે તેના ફળમાં સંવર-નિર્જરા કહી છે તેવી વાત આ ગાથામાં નથી અર્થાત્ જે પ્રકારે અપ્રમત્ત મુનિને ફળ મળે છે તે રીતે ચોથે, પાંચમે, છઠ્ઠવર્તી જીવને થતું નથી. આ વાત આ શાસ્ત્રમાં ગાથા નં. ૫૦ અને નં. ૮૩ માં પ્રગટ છે.

સામગ્રીના ભેદથી ધ્યાતા અને ધ્યાનના ભેદ

**द्रव्य-क्षेत्रादि-सामग्री ध्यानोत्पत्तौ यतस्त्रिधा।**
**ध्यातारस्त्रिविधास्तस्मात्तेषां ध्यानान्यपि त्रिधा।।४८।।**

**અર્થ :** ધ્યાનની ઉત્પત્તિમાં કારણભૂત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ સામગ્રીના ત્રણ પ્રકાર છે-ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. માટે ધ્યાનના પણ ત્રણ પ્રકાર કહ્યા. અને ધ્યાતા પણ ત્રણ પ્રકારે

છે. (જ્ઞાનાર્ણવ, ૨૮-૨૯મી ગાથાનો આધાર આપ્યો).

ध्यातारस्त्रिविधा ज्ञेयास्तेषां ध्यानान्यपि त्रिधा ।
लेश्या-विशुद्धि-योगेन फलसिद्धिरूदाहृता।। (ज्ञानार्णव, २८-२९)

સામગ્રી

**सामग्रीतः प्रकृष्टाया ध्यातरि ध्यानमुत्तमम्।**
**स्याद् जघन्यं जघन्याया मध्यमायास्तु मध्यमम्।।४९।।**

**અર્થ :** ધ્યાતાઓમાં ઉત્તમ સામગ્રીના યોગે ઉત્તમ ધ્યાન, જઘન્ય સામગ્રીના યોગે જઘન્ય ધ્યાન અને મધ્યમ સામગ્રીના યોગે મધ્યમ ધ્યાન બને છે.

વિકલશ્રુતજ્ઞાની પણ ધર્મધ્યાનના ધ્યાતા

**श्रुतेन विकलेनाऽपि ध्याता स्मान्मनसा स्थिरः।**
**प्रबुद्धधीरधः श्रेण्योर्धर्म्य-ध्यानस्य सुश्रुतः।।५०।।**

**અર્થ :** મનમાં સ્થિરતા અર્થાત્ ચિત્તસ્થૈર્યવાળા સાધક જીવ અપૂર્ણ શ્રુતજ્ઞાન વડે પણ ધર્મ્યધ્યાનનું ધ્યાવન કરી શકે છે. ઉપરાંત ઉપશમક અને ક્ષપક શ્રેણીની પહેલાં પૂર્વવર્તી સાતમા ગુણસ્થાનકે ઉત્કૃષ્ટરૂપે વિકસેલી બુદ્ધિવાળા જીવ ધર્મ્યધ્યાનના ધ્યાતા છે એમ શાસ્ત્રસમ્મત છે (અત્રે આદિપુ. ૨૧-૧૦૨ તથા જ્ઞાનાર્ણવની ગાથા ૨૮-૨૭નો આધાર આપ્યો છે).

ભાવાર્થ : ઉપશમક અને ક્ષપક શ્રેણી કે જેમાં ક્રમથી મોહનો ઉપશમ અને ક્ષય થાય છે તેની નીચેના ગુણસ્થાનકે જોકે અલ્પજ્ઞાની-વિકલશ્રુતધારીને પણ જો તે સ્થિરચિત્ત હોય તો તે ધર્મ્યધ્યાનનો ધ્યાતા છે એમ શાસ્ત્રસંમત છે. તેવી સાધના કરનાર પણ અનેક જીવ હોય છે જેમાં શિવભૂતિનું નામ મુખ્યતાથી કહેલ છે. શિવભૂતિને 'તુષમાસ ભિન્ન' એટલું અલ્પજ્ઞાન હોવા છતાં તે સિદ્ધિને વર્યા છે. (અત્રે ભાવપા. ગાથા ૫૩ કહી). આવું અલ્પ જ્ઞાન, દર્શનમોહથી રહિત હોય છે. (દેવાગમ, ગાથા ૯૮).

ધર્મના લક્ષણભેદે ધર્મ્યધ્યાનનું પ્રરૂપણ

**सद्दृष्टि-ज्ञान-वृत्तानि धर्मं धर्मेश्वरा विदुः।**
**तस्माद्यदनपेतं हि धर्म्यं तद्ध्यानमभ्यधुः।।५१।।**

**અર્થ :** ધર્મના ઈશ્વર-તીર્થંકર દેવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન **અને** સમ્યક્‌ચારિત્રને ધર્મ કહેલ છે. **એવા** ધર્મચિંતનથી યુક્ત જે ધ્યાન છે તે નિશ્ચયરૂપથી ધર્મ્યધ્યાન છે. (અહીં સર્વાર્થસિદ્ધિ, તત્ત્વા. વા. ૯-૨૮ ગાથા **અને આદિપુ.** ૨૧-૧૩૩ ગાથાના **આધાર આપ્યા**).

ભાવાર્થ : રત્નકરંડશ્રા. આ.ની ત્રીજી ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્રરૂપ રત્નત્રયધર્મ છે તેમાં **એકાગ્રચિંતન** હોય છે તે ધર્મ્યધ્યાન છે. **અર્થાત્** ધર્મથી યુક્ત ધ્યાન તે ધર્મ્યધ્યાન છે.

**आत्मनः परिणामो यो मोह-क्षोभ-विवर्जितः।**
**स च धर्मोऽनपेतं यद् तस्माद् धर्म्यमित्यपि।।५२।।**

**અર્થ :** મોહ **અને** ક્ષોભથી રહિત જે **આત્માનાં** પરિણામ છે તે ધર્મ છે. **એવા** ધર્મયુક્ત ધ્યાનને ધર્મ્યધ્યાન કહેલ છે. (અત્રે પ્રવચનસારની ગાથા નં. ૧-૩૭માં કહ્યું છે).

**शून्यीभवदिदं विश्वं स्वरूपेण धृतं यतः।**
**तस्माद् वस्तु-स्वरूपं हि प्राहुर्धर्मं महर्षयः।।५३।।**

**ततोऽनपेतं यज्ज्ञानं तद् धर्म्यध्यानमिष्यते।**
**धर्मो हि वस्तुयाथात्म्यमित्यार्षेऽप्यभिधानतः।।५४।।**

**અર્થ :** આ વિશ્વ-છ દ્રવ્યોના સમૂહરૂપ આ જગત-સમયે સમયે ઉત્પન્ન થતા પર્યાયોના વ્યયરૂપ શૂન્યતા(અભાવ)ને પ્રાપ્ત છતાં સ્વરૂપે ટકેલું છે-ભિન્ન ભિન્ન વસ્તુસ્વભાવનું **અસ્તિત્વ** રાખી ટકેલું છે-વસ્તુ સ્વભાવનો કદી નાશ થતો નથી-માટે વસ્તુસ્વરૂપને જ મહામુનિઓએ ધર્મ્ય કહેલ છે. **એવા** વસ્તુસ્વરૂપ ધર્મયુક્ત જે જ્ઞાન છે તે ધર્મ્યધ્યાન છે. ભગવંત **શ્રીજિનસેન આચાર્યે આદિપુરાણ** ૨૧-૧૩૩માં કહ્યું છે કે 'ધર્મો હિ વસ્તુયાથાત્મ્યમ્' **અર્થાત્** વસ્તુના યાથાત્મ્યને-યથાવસ્થિત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સ્વરૂપને-ધર્મ પ્રતિપાદિત કરેલ છે.

ભાવાર્થ : વસ્તુસ્વભાવ ધર્મ **એમ** સ્વામીકુમારે ગાથા ૪૭૮માં કહ્યું છે. માટે ધર્મના સ્વરૂપનું ચિંત્વન તે ધર્મ્યધ્યાન છે.

**यश्चोत्तमक्षमादिः स्याद् धर्मो दशतयः परः।**
**ततोऽनपेतं यद्ध्यानं तद्वा धर्म्यमितीरितम्।।५५।।**

ભાવાર્થ : અથવા ઉત્તમ ક્ષમાદિરૂપ દશ પ્રકારના ઉત્કૃષ્ટ ધર્મ છે તેનું ચિંત્વન છે તે પણ ધર્મ્યધ્યાન છે એમ તત્ત્વાર્થસૂત્ર ૯-૬માં કહ્યું છે :– 'ઉત્તમક્ષમા-માર્દવા-ઽઽર્જવ-શૌચ-સત્ય-સંયમ-તપસ્ત્યાગાઽઽકિંચન્ય-બ્રહ્મચર્યાણિ ધર્મઃ' વળી સર્વાર્થસિદ્ધિ ૯-૬માં પણ વિવક્ષાવશ ધર્મની વિધિવસ ધર્મ્યધ્યાનમાં સ્થિતને તથા જ્ઞાનસારની ગાથા ૧૬માં કહ્યું છે કે સૂત્રાર્થ, શાસ્ત્રવાક્યોના અર્થો, ધર્મો-માર્ગણાઓ-વ્રતો, ગુપ્તિઓ, સમિતિઓ-ભાવનાઓનું જે ચિંત્વન છે તે સર્વને ધર્મ્યધ્યાન કહેલ છે.

ધ્યાનનું લક્ષણ અને તેનું ફળ

**एकाग्र-चिन्ता-रोधो यः परिस्पन्देन वर्जितः।**
**तद्ध्यानं निर्जरा-हेतुः संवरस्य च कारणम्।।५६।।**

**અર્થ :** પરિસ્પન્દ રહિત જે એકાગ્ર ચિન્તાનો નિરોધ છે અર્થાત્ એક અવલંબન સ્વરૂપ વિષયમાં ચિન્તાને સ્થિર કરવી-તેનું નામ ધ્યાન છે કે જે ધ્યાન સંચિત કર્મોની નિર્જરા કરે છે તથા નવા કર્મના આસ્ત્રવને નિરોધરૂપ સંવરનું કારણ બને છે. (અત્રે સર્વાર્થસિદ્ધિની ગાથા ૯-૨૭ માં આધારરૂપ કહી). એકાગ્રધ્યાનમાં નિર્જરા અને સંવર બન્નેની શક્તિ રહેલ છે.

ધ્યાન શબ્દનો વાચ્યાર્થ

**एकं प्रधानमित्याहुरग्रमालंबनं मुखम्।**
**चिन्ता स्मृतिर्निरोधस्तु तस्यास्तत्रैव वर्तनम्।।५७।।**

**द्रव्य-पर्याययोर्मध्ये प्राधान्येन यदर्पितम्।**
**तत्र चिन्ता-निरोधो यस्तद्ध्यानं वभणुर्जिनाः।।५८।।**

**અર્થ :** એક એટલે મુખ્ય, અગ્ર એટલે અવલંબન, મુખ એટલે યુક્ત. ચિંતા એટલે સ્મરણ, એમ ધ્યાનમાં દ્રવ્ય અગર પર્યાય કોઈ એકને મુખ્ય કરીને આધાર અને ચિંતાને અન્યત્રથી દૂર કરી એકમાં રોકવી તેવો અર્થ છે. શ્લોકનો અર્થઃ 'એક' મુખ્ય, 'અગ્ર' અવલંબન, મુખ એટલે સ્મૃતિ અને નિરોધ એટલે ચિંતાને એકાગ્રતામાં રોકવી-એક વિષયમાં વર્તન તથા દ્રવ્ય અથવા પર્યાય જેમાં મુખ્ય ચિંતાનો નિરોધ થવો-અન્યત્ર જવા ન દેવો તેને ભગવંતોએ ધ્યાન કહ્યું છે. (અહીં સર્વાર્થ. ૯-૨૭, તત્ત્વા વા. ૯-૨૭-૨૦; ૯-૨૭-૩; ૯-૨૭-૭ના આધાર આપ્યા).

### એકાગ્રની દૃષ્ટિ

**एकाग्र-ग्रहणं चाऽत्र वैयग्र्य-विनिवृत्तये।**
**व्यग्रं हि ज्ञानमेव स्याद् ध्यानमेकाग्रमुच्यते।।५९।।**

**અર્થ :** ધ્યાનલક્ષણમાં જે **એકાગ્રનું** ગ્રહણ છે તે વ્યગ્ર્યતાની નિવૃત્તિ માટે છે. જ્ઞાન જ વસ્તુતઃ વ્યગ્ર થાય છે-ધ્યાન નહિ. ધ્યાનને તો **એકાગ્ર** કહ્યું છે.

ભાવાર્થ : સ્થૂલ રૂપથી જ્ઞાન-ધ્યાનની ભિન્નતા બતાવી છે. વ્યગ્રતા **અને એકાગ્રતા**રૂપ. ખરેખર વસ્તુ કોઈ જુદી **નથી-એક** છે. (તત્ત્વાર્થ-વા. માંથી ૯-૨૭-૨, ૯-૨૭-૧૨ કહ્યા).

પૂજ્યપાદ **આચાર્યે** સર્વાર્થસિદ્ધિમાં કહ્યું કે **'એતદુક્તં** ભવતિ - જ્ઞાન - મેવાડપરિસ્પન્દાગ્નિશિખા-વદવભાસમાનં ધ્યાનં ઇતિ.' **એ** જ **રીતે** ધ્યાનશતક **૨** માં **અધ્યવસાનને** ધ્યાન કહ્યું કે જેમાં ચિત્ત રહેલ છે તેને ભાવના, **અનુપ્રેક્ષા અને** ચિંતાના રૂપે નિર્દિષ્ટ કરેલ છે.

### એકાગ્રચિંતાનિરોધ ધ્યાન ક્યારે બને

**प्रत्याहृत्य यदा चिन्तां नानाऽऽलम्बनवर्तिनीम्।**
**एकालम्बन एवैनां निरूणद्धि विशुद्धधीः।।६०।।**

**तदाऽस्य योगिनो योगश्चिन्तैकाग्रनिरोधनम्।**
**प्रसंख्यानं समाधिः स्याद्ध्यानं स्वेष्ट-फल-प्रदम्।।६१।।**

**અર્થ :** જ્યારે વિશુદ્ધ બુદ્ધિના ધારક યોગી **અનેક** પ્રકારનાં **આલંબનોમાં** વર્તતી ચિંતાને ખેંચીને તેને **એક આલંબનમાં** જ સ્થિર કરે, **અન્યત્ર** જવા ન દે ત્યારે તે યોગીને 'ચિંતાનો **એકાગ્ર** નિરોધન' નામનો યોગ હોય છે જેને પ્રસંખ્યાન, સમાધિ **અને** ધ્યાન પણ કહે છે. **એવો** યોગ પોતાને (યોગીને) તેના ઇષ્ટફલનું પ્રદાન કરે છે.

### અગ્રનો નિરુક્તિ અર્થ

**अथवाऽङ्गति जानातीत्यग्रमात्मा निरूक्तितः।**
**तत्त्वेषु चाऽग्र-गण्यत्वादसावग्रमिति स्मृतः।।६२।।**

**અર્થ :** અથવા 'अंगति जानाति इति अग्रं' આ કહેવા મુજબ 'અગ્ર' આત્માનું નામ છે કે જેનો સ્વભાવ જાણવો તે છે અને એવો આત્મા જીવાદિ નવ-સાત-તત્ત્વોમાં અગ્રગણ્ય હોવાથી પણ 'અગ્ર' રૂપથી આત્મા સ્મરણ કરેલ છે. જાણનાર અને સાત તત્ત્વોમાં અગ્ર છે માટે તેનો અર્થ આત્મા થાય છે.

**द्रव्यार्थिक-नयादेकः केवलो वा तथोदितः।**
**अन्तः-करणवृत्तिस्तु चिन्तारोधो नियंत्रणा।।६३।।**

**અર્થ :** દ્રવ્યાર્થિક નયથી 'એક' શબ્દ કેવળ (અસહાય) અથવા તથોદિત(શુદ્ધ)નો વાચક છે 'ચિંતા' અંતઃકરણની વૃત્તિને કહે છે અને 'રોધ' એટલે નિયંત્રણ અર્થાત્ શુદ્ધાત્મામાં ચિત્તવૃત્તિનું નિયંત્રણ તેનું નામ ધ્યાન છે (તત્ત્વા-વા. ૯-૨૭-૪).

ચિંતાનિરોધનો વાચ્યાન્તર

**अभावो वा निरोधः स्यात्स च चिन्तान्तर-व्ययः।**
**एकचिन्तात्मको यद्वा स्वसंविच्चिन्तयोज्झिता।।६४।।**

**અર્થ :** અથવા અભાવનું નામ 'નિરોધ' છે અને તે અન્ય ચિંતાના વિનાશરૂપ એકચિંતાત્મક છે અથવા ચિંતાથી રહિત સ્વસંવિત્તિ સ્વરૂપ છે-સ્વસંવેદનરૂપ છે.

ભાવાર્થ : અન્ય પ્રકારની ચિંતાઓથી રહિત સ્વસંવેદનરૂપ છે અને વિવક્ષિત અર્થ-વિષયના અધિગમ સ્વભાવરૂપની શક્તિની અપેક્ષાએ તે સત્રૂપ જ છે (અભાવરૂપ નથી).

**तत्राऽऽत्मन्यासहाये यच्चिन्तायाः स्यात् निरोधनम्।**
**तद्ध्यानं तदभावो वा स्वसंवित्ति-मयश्च सः।।६५।।**

**અર્થ :** કોઈની પણ સહાયતા વિના માત્ર શુદ્ધાત્મામાં જે ચિંતાનું નિયંત્રણ છે તેનું નામ ધ્યાન છે અથવા તે આત્મામાં ચિંતાનો અભાવ છે તેનું નામ ધ્યાન છે અને તે ધ્યાન સ્વસંવેદનરૂપ ધ્યાન છે.

કેવા શ્રુતજ્ઞાનને ધ્યાન કહે છે તથા તેનો ઉત્કૃષ્ટકાળ

**श्रुतज्ञानमुदासीनं यथार्थमतिनिश्चलम्।**
**स्वर्गाऽपवर्ग-फलदं ध्यानमाऽऽ-ऽन्तर्मुहूर्ततः।।६६।।**

**અર્થ :** જે શ્રુતજ્ઞાન ઉદાસીન અર્થાત્ રાગદ્વેષરહિત અને ઉપેક્ષામય, યથાર્થ અને અત્યંત સ્થિર છે, તેવું શ્રુતજ્ઞાન તે ધ્યાન છે. જે અન્તર્મુહૂર્ત પર્યન્ત રહે છે તથા જેનું ફળ સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિ છે (સ્વર્ગ અને મોક્ષપદને દેનારું તે ધ્યાન છે).

ભાવાર્થ : શ્રુતજ્ઞાનને ધ્યાન કહ્યું પરંતુ તે વ્યગ્ર થઈ શકે છે અને ધ્યાન તો ઉદાસીન, યથાર્થ અને અતિ નિશ્ચલ એ ત્રણ વિશેષણસહિત હોય છે. તત્ત્વાર્થસૂત્રના નવમા અધ્યાયમાં ધ્યાનનો કાળ જે આન્તર્મુહૂર્તાત્ કહેવામાં આવેલ છે તે ઉત્તમ સંહનનવાળા જીવની દષ્ટિથી કહેલ છે. હીન સંહનનવાળાને માટે ધ્યાનનો કાળ લાંબો સમય નથી, મર્યાદા સાથે અલ્પ કાળ છે એવું શ્રુતજ્ઞાન સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ આપે છે જેથી તેવા ધ્યાનને માટે કહેલાં ત્રણ વિશેષણોનું માહાત્મ્ય છે (ધ્યાનશતક, ગાથા ૩-૪).

ધ્યાન શબ્દની નિરુક્તિ

**ध्यायते येन तद्ध्यानं यो ध्यायति स एव वा।**
**यत्र वा ध्यायते यद्वा ध्यातिर्वा ध्यानमिष्यते।।६७।।**

**અર્થ :** જેના દ્વારા ધ્યાન કરવામાં આવે છે અથવા જે ધ્યાન કરે છે એ જ ધ્યાન છે; જેમાં ધ્યાન કરવામાં આવે છે તે ધ્યાન છે અથવા ધ્યાતિનું નામ પણ ધ્યાન છે.-ધ્યેય વસ્તુમાં પરમ સ્થિર બુદ્ધિનું નામ ધ્યાતિ છે. એ રીતે કરણ, કર્તા, અધિકરણ અને ભાવ-સાધનરૂપથી ચાર અર્થો સૂચવ્યા.

સ્થિર-મન અને તાત્ત્વિક શ્રુતજ્ઞાનને ધ્યાનની સંજ્ઞા

**श्रुतज्ञानेन मनसा यतो ध्यायन्ति योगिनः।**
**ततः स्थिरं मनो ध्यानं श्रुतज्ञानं च तात्त्विकम्।।६८।।**

**અર્થ :** નિશ્ચયથી યોગી પોતાના શ્રુતજ્ઞાનરૂપ પરિણમેલ મન દ્વારા ધ્યાન કરે છે માટે સ્થિર મનનું નામ ધ્યાન છે તેમજ સ્થિર તાત્ત્વિક (યથાર્થ) શ્રુતજ્ઞાનનું નામ પણ ધ્યાન છે. અત્રે સાધનદષ્ટિથી

'સ્થિરમન' અને સ્થિર-તાત્ત્વિક-શ્રુતજ્ઞાનને ધ્યાન કહ્યું છે.

આત્મા જ્ઞાન અને જ્ઞાન આત્મા

**ज्ञानादर्थान्तराऽप्राप्तादात्मा ज्ञानं न चान्यतः।**
**एकं पूर्वापरीभूतं ज्ञानमात्मेति कीर्तितम्।।६९।।**

**અર્થ :** આત્મસ્વરૂપ આત્મા કે જ્ઞાનસ્વરૂપ આત્મા એ પ્રમાણે આત્મા અર્થાન્તરને-ભિન્ન-પૃથક્પણાને-પ્રાપ્ત થતો નથી. પરંતુ અન્ય પદાર્થોથી આત્મા અર્થાંતરને પ્રાપ્ત થતો નથી તેમ નથી. એ સ્થિતિમાં જે આત્મા એ જ જ્ઞાન અને જ્ઞાન એ જ આત્મા એક જ પ્રકારની વસ્તુને પૂર્વાપરી-ભૂતરૂપથી અર્થાત્ આત્મા પહેલાં કહી પછી જ્ઞાનસ્વરૂપી કહ્યું છે. સમયસાર-૧૦, કળશ. ૩-૧૭ માં કહ્યું છે કે

`णाणं अप्पा सव्वं जम्हा सुयकेवली तम्हा.'
`आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।'

કોઈ કોઈ પ્રતમાં આ ગાથા ૬૯ આપી નથી. માત્ર અધ્યાત્મતરંગિણીમાં પાઠભેદે આ પદ આપેલ છે. જેથી આ પદ પ્રક્ષિપ્ત લાગે છે. પાઠભેદે પદઃ–

ज्ञानादर्थान्तरं नात्मा तस्माद् ज्ञानं न चापि (त्म) नः।
एकं पूर्वापरीभूतं ज्ञानमात्मेति कथ्य्ते।।

ગણધરકીર્તિની આ ટીકા સંવત ૧૧૮૯ ચૈત્ર શુકલ પંચમીના રોજ બની સમાપ્ત થઈ. જેથી તેના પૂર્વકાળમાં કોઈ ગ્રન્થમાં આ પદ હોવું જોઈએ. સંભવ છે કે સ્વામી સમન્તભદ્રકૃત 'તત્ત્વાનુશાસન' જ તે હોય. ટીકામાં તદુક્તં સમન્તભદ્રસ્વામિભિઃ કહેલ છે તથા 'જ્ઞાનાત્મનોરભેદોઽપ્યુક્તઃ' એ શબ્દથી પણ સ્વામીએ કહેલ છે તેમ થયું.

ધ્યાતાને ધ્યાન કહેવાનો હેતુ

**ध्येयाऽर्थाऽऽलम्बनं ध्यानं ध्यातुर्यस्मान्न भिद्यते।**
**द्रव्यार्थिकनयात्तस्माद्ध्यातैव ध्यानमुच्यते।।७०।।**

**અર્થ :** નિશ્ચયનયની દ્રષ્ટિથી ધ્યેય વસ્તુના અવલંબનરૂપ જે ધ્યાન છે તે ખરેખર ધ્યાતાથી

ભિન્ન નથી હોતું અર્થાત્ ધ્યાતા આત્માને છોડી અન્ય વસ્તુનું અવલંબન લેતો નથી માટે ધ્યાતા એ જ ધ્યાન એમ કહ્યું છે. નિશ્ચયનયની દૃષ્ટિથી ધ્યાન, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનાં સાધનોનો કોઈ વિકલ્પ ઊઠતો નથી-ઐક્યતા છે.

ધ્યાનના આધારને અને વિષયને પણ ધ્યાન કહેવાનું કારણ

**ध्यातरि ध्यायते ध्येयं यस्मान्निश्चयमाश्रितैः।**
**तस्मादिदमपि ध्यानं कर्माऽधिकरण-द्वयम्।।७१।।**

**અર્થ :** નિશ્ચયનયના આશ્રિત જીવને મુખ્યપણે ધ્યેયને ધ્યાતામાં ધ્યાવવામાં આવે છે. તેથી આ કર્મ અને અધિકરણ એ બન્ને રૂપ પણ ધ્યાન છે કેમ કે ત્યાં બન્ને વસ્તુ અભિન્ન છે.

ધ્યાતિનું લક્ષણ

**इष्टे ध्येये स्थिरा बुद्धिर्या स्यात् सन्तान-वर्तिनी।**
**ज्ञानाऽन्तराऽपरामृष्टा सा ध्यातिर्ध्यानमीरिता।।७२।।**

**અર્થ :** સંતાનક્રમે અર્થાત્ પ્રવાહરૂપે ચાલી આવતી બુદ્ધિ પોતાના ઇષ્ટધ્યેયમાં સ્થિર થતી અન્ય જાણવામાં સ્પર્શ કરતી નથી એને જ ધ્યાતિરૂપ ધ્યાન કહેવામાં આવેલ છે.

ભાવાર્થ : નિશ્ચયનયે શુદ્ધ સ્વઆત્મા જ ધ્યેય છે અને પ્રવાહરૂપે શુદ્ધ સ્વઆત્મામાં વર્તનારી બુદ્ધિ જ્યારે આત્મામાં સ્થિર થાય છે ત્યારે તે બુદ્ધિ-જ્ઞાન-અન્ય કોઈ પદાર્થને સ્પર્શ કરતી નથી એવી ધ્યાનારૂઢ બુદ્ધિ એટલે ધ્યાતિ જ ધ્યાન કહેવાય છે. પં. શ્રીઆશાધરજીએ 'અધ્યાત્મ રહસ્ય'માં નીચે મુજબ કહ્યું છે :-

सन्तत्या वर्तते बुद्धिः शुद्धस्वात्मनि या स्थिरा।
ज्ञानान्तराऽस्पर्शवती सा ध्यातिरिह गृह्यताम्।।८।।

હવે નયદૃષ્ટિથી ધ્યાનનું સ્વરૂપ

**एवं च कर्त्ता करणं कर्माऽधिकरणं फलम्।**
**ध्यानमेवेदमखिलं निरुक्तं निश्चयान्नयात्।।७३।।**

**અર્થ** : એ રીતે નિશ્ચયનયની દૃષ્ટિથી આ કર્તા, આ કરણ, આ કર્મ, આ અધિકરણ અને આ ફલ એ સર્વે ધ્યાનરૂપ જ છે. અહીં કર્તા આદિ પદની પછી 'ફલ' પદનો જે પ્રયોગ કરવામાં આવેલ છે તે પૂર્વે જેનો ધ્યાતિ શબ્દથી ઉલ્લેખ છે તે અત્રે ધ્યાનના ફલરૂપ છે તેમ કહ્યું છે.

નિશ્ચયનયથી ષટ્કારકમય આત્મા જ ધ્યાન છે

**स्वात्मानं स्वात्मनि स्वेन ध्यायेत् स्वस्मै स्वतो यतः।**
**षट्कारकमयस्तस्मात् ध्यानमात्मैव निश्चयात्।।७४।।**

**અર્થ** : ખરેખર તો આત્મા, પોતાના આત્માને પોતાના આત્મામાં, પોતાના આત્મા દ્વારા, પોતાના આત્માને માટે સ્વઆત્મહેતુથી ધ્યાતા છે. માટે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એવા ષટ્કારકરૂપ પરિણમતો આત્મા પોતે જ નિશ્ચયનયની દૃષ્ટિથી ધ્યાન સ્વરૂપ છે.

ભાવાર્થ : ષટ્કારકો આત્માથી ભિન્ન નહિ પરિણમતાં ધ્યાનના સમયે અભેદ પરિણમે છે.

ધ્યાનની સામગ્રી

**संग-त्यागः कषायानां निग्रहो व्रत-धारणम्।**
**मनोऽक्षाणां जयश्चेति सामग्री ध्यान-जन्मनि।।७५।।**

**અર્થ** : પરિગ્રહોનો ત્યાગ, કષાયોનો નિગ્રહ-નિયંત્રણ, વ્રતોને ધારણ કરવાં, મન તથા ઇન્દ્રિયોને જીતવાં આ સર્વ સામગ્રી ધ્યાનની ઉત્પત્તિ-નિષ્પત્તિ-માં સહાયભૂત છે.

ભાવાર્થ : સંગત્યાગનો અર્થ બાહ્ય પરિગ્રહોનો ત્યાગ અને અંતરંગ પરિગ્રહોમાં કષાયોનો ત્યાગ કહ્યો. કષાય-નોકષાયનો નિગ્રહ હોય છે. કુસંગતિ પણ ધ્યાનમાં બાધક છે તેથી તે પણ સંગત્યાગમાં જરૂરી છે. એ રીતે વ્રતો અને ઇન્દ્રિય-મન-નો જય એ સામગ્રી પણ જરૂરી છે.

મનને જીતતાં જિતેન્દ્રિયપણું હોય છે

**इन्द्रियाणां प्रवृत्तौ च निवृत्तौ च मनः प्रभु।**
**मन एव जयेत्तस्माद्जिते तस्मिन् जितेन्द्रियः।।७६।।**

**અર્થ** : ઇન્દ્રિયોની પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં મનનું જ સામર્થ્ય છે માટે મુખ્યપણે મનને જ જીતવું

જોઈએ. મનને જીતતાં ઇન્દ્રિયો જિતાય છે-જિતેન્દ્રિય બને છે. (મન સાધ્યું તેણે સર્વ સાધ્યું).

ભાવાર્થ : મનના સંકલ્પવિકલ્પરૂપ વ્યાપારને રોકવો-મનની ચંચલતા દૂર કરવી જેમ કે વૃક્ષનું મૂળ છિન્નભિન્ન થતાં વૃક્ષમાં પત્ર-પુષ્પાદિની ઉત્પત્તિ થતી નથી તેમ મનને વશ કરવું.

ઇન્દ્રિયોરૂપી ઘોડાને જીતવાનું સાધન કહે છે

**ज्ञान-वैराग्य-रज्जुभ्यां नित्यमुत्पथवर्तिनः।**
**जितचित्तेन शक्यन्ते धर्तुमिन्द्रिय-वाजिनः।।७७।।**

**અર્થ :** જેણે મનને જીત્યું તે જીવ સદા ઉન્માર્ગગામી ઇન્દ્રિયોરૂપી ઘોડાને જ્ઞાન અને વૈરાગ્ય નામની બે રસ્સી-દોરાથી વશ કરી શકે છે અર્થાત્ ઇન્દ્રિયોને વશ કરવામાં મુખ્ય સાધન જ્ઞાન અને વૈરાગ્ય છે. ઇન્દ્રિયોનો સંયમ મોક્ષની પ્રાપ્તિ માટે મુખ્ય સાધન છે.

મનને વશ કવાની પ્રેરણા અને સાધન

**येनोपायेन शक्येत सन्नियन्तुं चलं मनः।**
**स एवोपासनीयोऽत्र न चैव विरमेत्ततः।।७८।।**

**અર્થ :** જે ઉપાયથી ચંચલ મનને સારી રીતે નિયંત્રણમાં રાખી શકાય તે ઉપાય આદરવા યોગ્ય છે-વહેવારમાં અપનાવવા જેવો છે. તે ઉપાય ધારણ કરવામાં કદી વિરક્ત ન થવું જોઈએ. મનને જીતવાના બે મુખ્ય ઉપાય હવે પછીની ગાથામાં આચાર્ય કહેશે.

મનને જીતવાના બે મુખ્ય ઉપાયો

**संचिन्तयन्ननुप्रेक्षाः स्वाध्याये नित्यमुद्यतः।**
**जयत्येव मनः साधुरिन्द्रियाऽर्थ-पराङ्मुखः।।७९।।**

**અર્થ :** જે સાધક જીવ સદા અનિત્યાદિ બાર અનુપ્રેક્ષાઓનું સારી રીતે ચિંતન કરે છે, સ્વાધ્યાયમાં ઉદ્યમી રહે છે અને ઇન્દ્રિયના વિષયો પ્રત્યે મુખ્યપણે વિમુખ રહે છે તે નિશ્ચયથી મનને જીતે છે.

ભાવાર્થ : મનને જીતવાનાં બે મુખ્ય સાધનો કહ્યાં તેમાં એક તો બાર અનુપ્રેક્ષાઓનું સચિંતન,

અને બીજું સ્વાધ્યાયમાં નિત્ય ઉદ્યમી રહેવું, જેના ફળમાં ઇન્દ્રિયવિષયોથી પરાઙ્મુખ હોય છે. અનુપ્રેક્ષા કહેતાં બાર ભાવના તથા જ્ઞાન આદિ ચાર ભાવના પણ સમજવી. ભગવંત શ્રી જિનસેન આચાર્યે "જ્ઞાન-દર્શન-ચારિત્ર-વૈરાગ્યોપગતાશ્ચ તાઃ" આદિપુરાણ, સર્ગ ૨૧-૯૬માં કહ્યું છે તે મુજબ વાંચવું-પૂછવું-ચિંતવવું, પરિવર્તન કરવું (ગ્રંથોના શ્લોકો કંઠસ્થ કરવા તથા પાઠ કરવા વગેરે) તથા સદ્ધર્મદેશના એ રીતે જ્ઞાનની પાંચ ભાવનાઓ કહી છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ એવું જ કહ્યું છે કે સંવેગ, પ્રશમ, ધૈર્ય, અસંમૂઢતા, અગર્વતા, આસ્તિક્ય, અનુકંપા-એ સાત સમ્યગ્દર્શનની ભાવના કહી છે. ઈર્યાદિ પાંચ સમિતિ, મન-વચન–કાયાની ગુપ્તિ, પરીષહ-સહિષ્ણુતા એવી ચાર ભાવના તથા વિષયોમાં અનાસક્તિ, કાયતત્ત્વનું અનુચિંતન, જગતસ્વભાવનું વિવેચન, એ રીતે વૈરાગ્ય સ્થિર કરવાની ભાવના કહી છે. અહિંસાદિ વ્રતોની ૨૫ ભાવનાઓ-તેનું ચિંતન જાણવા યોગ્ય છે તેમ કહ્યું તે સાથે દર્શનવિશુદ્ધ્યાદિ સોળ કારણ ભાવનાઓ પણ કહી છે. અત્રે આદિપુરાણ સર્ગ ૨૧ની ગાથા ૯૭-૯૮-૯૯નો ઉલ્લેખ છે.

### સ્વાધ્યાયનું સ્વરૂપ

**स्वाध्यायः परमस्तावज्जपः पंचनमस्कृतेः।**
**पठनं वा जिनेन्द्रोक्त-शास्त्रस्यैकाग्र-चेतसा।।८०।।**

**અર્થ :** પંચનમસ્કૃતિરૂપ નમોકારમંત્રનો જે ચિત્તની એકાગ્રતાપૂર્વક જાપ કરે છે તેને પરમ સ્વાધ્યાય કહ્યું છે અથવા જિનેન્દ્ર-કથિત શાસ્ત્રને જે એકાગ્રચિત્તથી વાંચે છે તે સ્વાધ્યાય છે.

ભાવાર્થ : અહીં સ્વાધ્યાયના બે ભેદ કહ્યા. એક તો જપ અને બીજો ભેદ પઠન. એકાગ્ર ચિત્તથી નવકારમંત્રનો જાપ જે અપરાજિત મંત્રના રૂપે છે તેનું પઠન, તેને સ્વાધ્યાય કહ્યું. અર્હંતને દ્રવ્યત્વ, ગુણત્વ અને પર્યાયત્વથી જે જીવ જાણે છે તેનો મોહ ક્ષય થાય છે (પ્રવ. ૮૦) તેમ જ મોક્ષશાસ્ત્રના અધ્યયનને પણ સ્વાધ્યાય કહ્યું છે.

### સ્વાધ્યાયથી ધ્યાન અને ધ્યાનથી સ્વાધ્યાય

**स्वाध्यायाद् ध्यानमध्यास्तां ध्यानात् स्वाध्यायमाऽऽमनेत्।**
**ध्यान-स्वाध्याय-संपत्त्या परमात्मा प्रकाशते।।८१।।**

**અર્થ :** સાધક, સ્વાધ્યાયથી ધ્યાનને અભ્યાસમાં લાવે અને ધ્યાનથી સ્વાધ્યાયને ચરિતાર્થ કરે.

ધ્યાન અને સ્વાધ્યાય એમ બન્નેની સંપત્તિથી પરમાત્મા પ્રકાશિત થાય છે. સ્વાનુભવમાં આવી શકે છે (આદિપુરાણ ૨૧-૧૯૮નો શ્લોક કહ્યો).

ભાવાર્થ : સ્વાધ્યાય દ્વારા ધ્યાનનો અભ્યાસ થતાં મૂલાચારમાં કહ્યું કે બાહ્યાભ્યન્તર બાર પ્રકારના તપોમાં સ્વાધ્યાય સમાન તપ નથી અને થઈ પણ શકે નહિ.... તે પદ નીચે મુજબ છે:

बारस विहम्मि य तवे सब्भंतरबाहिरे कुशल दिट्ठे।
ण वि अत्थि ण वि य होहि सज्झायसमो (मं) तवो कम्मं।।

सज्झायं कुव्वंतो पंचेंदिसंवुडो तिगुत्तो य।
हवदि य एयग्गमणे-विणएण समाहिओ भिक्खू।।मूलाचार २१२-१३।।

એ પ્રમાણે સ્વાધ્યાયાદિ તપયોગ તથા બાર ભાવના એ સર્વે ધ્યાનનો જ પરિવાર છે. (આદિ. ૨૦-૨૨૬ અને ૨૧-૨૧૫માં એ જ કહ્યું છે).

### વર્તમાનમાં ધર્મધ્યાન નથી તેમ કહેનારા અર્હંતના મતથી અનભિજ્ઞ છે

**येऽत्राहुर्न हि कालोऽयं ध्यानस्य ध्यायतामिति।**
**तेऽर्हन्मताऽनभिज्ञत्वं ख्यापयन्त्यात्मनः स्वयम्।।८२।।**

**અર્થ :** જે કોઈ અહીં એમ કહે છે કે ધ્યાતાપુરુષોને માટે આ કાળ (પંચમકાળ) ધ્યાનને યોગ્ય નથી. તે જીવ સ્વંય પોતાનું અર્હંતના મત વિષેનું અજ્ઞાન પ્રદર્શિત કરે છે.

ભાવાર્થ : જિનમતના અજાણ પુરુષો આ કાળમાં ધર્મ્યધ્યાન થઈ શકે નહિ તેમ કહે છે. પરંતુ જિનમતમાં તેવા નિષેધાત્મક મતનું વિધાન નથી. શ્રીમદ્ કુંદકુંદાચાર્ય દેવે મોક્ષ પ્રાહુડમાં કહ્યું છે કે—

भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ णाणिस्स।
तं अप्पसहावट्ठिये ण हु मणणई सो दु अण्णाणी।।७६।।

**અર્થાત્** આ ભરતક્ષેત્રમાં આ દુઃખદ પંચમકાળમાં "જ્ઞાનીને" ધર્મ્યધ્યાન હોય છે અને તે ધ્યાન આત્મસ્વભાવમાં સ્થિત-આત્મભાવનામાં તત્પર-જીવને હોય છે. આવું જે માનતા નથી તે જીવ અજ્ઞાની

છે. આગળની ત્રણ ગાથા નં.૭૩-૭૫માં પ્રથમ કહ્યું છે કે એ અજ્ઞાની જીવો ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં વ્રતોથી વર્જિત, સમિતિઓથી રહિત, ગુપ્તિવિહીન, સાંસારિક સુખમાં લીન અને શુદ્ધ ભાવથી ભ્રષ્ટ હોય છે. વળી શ્રીદેવસેન આચાર્યે પણ તત્ત્વસારમાં કહ્યું કે તેવા જીવો શંકા-કાંક્ષામાં ફસાયેલા અને વિષયોમાં આસક્ત તથા સન્માર્ગથી સારી રીતે-પૂર્ણપણે ભ્રષ્ટ છે. (ગાથા ૧૪, તત્ત્વસાર)

શુકલ ધ્યાનનો નિષેધ કહ્યો છે પરંતુ ધર્મ્યધ્યાનનો નહિ

**अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः।**
**धर्म्यध्यानं पुनः प्राहुः श्रेणिभ्यां प्राग्विवर्तिनाम्।।८३।।**

**અર્થ :** આ પંચમકાળમાં જિનેન્દ્રદેવ શુકલધ્યાનનો નિષેધ કરે છે પરંતુ તેથી ઉપશમ અને ક્ષપકથી પૂર્વવર્તીઓને ધર્મ્યધ્યાન કહ્યું છે તેનો નિષેધ નથી ઠરતો. ભાવાર્થમાં કહ્યું કે જે નિષેધ કર્યો છે તે શુકલધ્યાનનો છે પરંતુ ધર્મ્યધ્યાનનો નહિ-ધર્મ્યધ્યાનનું વિધાન તો આગમમાં ઉપશમ અને ક્ષપક બન્ને શ્રેણીઓના પૂર્વવર્તી કહ્યાં તે મુજબ સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક જ નહિ પરંતુ ૮-૯-૧૦મા ગુણસ્થાનકવર્તી જીવ પણ ધર્મ્યધ્યાનનો સ્વામી છે એમ બતાવ્યુંઃ મહાપુરાણ તથા તત્ત્વાર્થવાર્તિકની ટીકામાં પણ તે ઉલ્લેખ છે. તેમાં ૫-૨૧-૧૦૨ ગાથામાં કહ્યું છે કે

श्रुतेन विकलेनाऽपि ध्याता स्याद् मुनिसत्तमः।
प्रबुद्धधीरधःश्रेण्योर्धर्म्यध्यानस्य सुश्रुतः।।२१-१०२।।

તત્ત્વાર્થવાર્તિક ભા. ૯-૩૬-૧૫ માં કહ્યું કે

तदुभयं तत्रेति चेन्न पूर्वस्यानिष्टत्वात् स्यादेतत्-उभयं धर्म्य-शुक्लं चोपशान्त-क्षीणकषाययोर-स्तीति ? तन्न, किं कारणं, पूर्वस्यानिष्टत्वात् पूर्वो हि धर्म्य-ध्यानं श्रेण्योर्नेष्यते आर्षे, पूर्वेषु चेष्यते-

વજ્રકાયના ધ્યાન-વિધાનની દૃષ્ટિ

**यद्त्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः।**
**श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तन्नाधस्तन्निषेधकम्।।८४।।**

**અર્થ :** આગમમાં વજ્રકાયનું ધ્યાન એવા શબ્દો છે તે બન્ને શ્રેણીઓમાં ધ્યાનનું લક્ષ રાખી કહેલ છે માટે તેની નીચેની સ્થિતિના ગુણસ્થાનવર્તી જીવને માટે ધ્યાનના નિષેધકરૂપ નથી.

મહાપુરાણમાં ૨૧-૧૦૪માં ધ્યાનનું લક્ષણ અને તેનો કાળનિર્દેશ કરી ત્યાં ધ્યાનના સ્વામી કોણ તે બતાવ્યું છે. ગાથા :-

ऐकाग्रूयेण निरोधः यश्चित्तस्यैकत्र वस्तुनि।
तद्ध्यानं वज्रकायस्य भवेदाऽऽन्तर्मुहूर्ततः।।२१-८।।

ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણી, એમ શ્રેણી બે પ્રકારે છે. વજ્રવૃષભનારાચ સંઘેયણનો જીવ ક્ષપક શ્રેણી માંડે છે-ચડે છે-અને તેને મુક્તિની પ્રાપ્તિ થાય છે. ઉપશમ શ્રેણી ચડનાર જીવ ત્રણ પ્રશસ્ત સંઘેયણવાળા-વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ અને નારાચ-હોય છે. એ પ્રમાણે શ્રેણીઓમાં ધ્યાનની અપેક્ષાથી વિચારતાં આ કાળે વજ્રકાય સંઘેયણ ન હોવાથી નીચેના ચાર ગુણસ્થાનકવર્તી જીવોને ક્ષપણ શ્રેણી માંડી ન શકાતી હોય તોપણ તે ધર્મધ્યાનના સ્વામી તો છે એમ કહ્યું. એ રીતે :-

વર્તમાનકાલે ધ્યાન સંબંધી સમાધાન

**ध्यातारश्चेन्न सन्त्यद्य श्रुतसागर-पारगाः।**
**तत्किमल्प श्रुतैरन्यैर्न ध्यातव्यं स्वशक्तितः।।८५।।**

**चरितारो न चेत्सन्ति यथाख्यातस्य संप्रति।**
**तत्किं अन्ये यथाशक्ति माऽऽचरन्तु तपस्विनः।।८६।।**

**અર્થ :** જોકે આજકાલ-વર્તમાનકાલે-શ્રુતસાગરના પારગામી ધ્યાતા નથી-(જેથી ઊંચા દરજ્જાનું ધ્યાન નથી બનતું-) તોપણ શું અલ્પ શ્રુતજ્ઞાનીને પોતાની શક્તિ અનુસાર (નીચલા દરજ્જે) ધ્યાન કરવું ન જોઈએ ? જો આ કાળે યથા ચારિત્રના આચરનાર ન હોય તો શું બીજા મુનિ (તપસ્વી) પોતાની શક્તિ અનુસાર (નીચલા દરજ્જાના) ચારિત્રનું આચરણ ન કરે ?

ભાવાર્થ : આ કાળે ધ્યાન ન થઈ શકે તેવું કહેનારને બે પ્રશ્ન પૂછ્યા છે- પહેલો પ્રશ્ન એ છે કે જો આ કાળે શ્રુતના પારગામી શ્રુત કેવળી ન હોય તો શું અલ્પ શ્રુતજ્ઞાનના ધારક મુનિઓ આદિ પોતાના સામર્થ્ય અનુસાર ધ્યાન કરે નહિ ? જો જવાબ વિધિરૂપ હોય તો સવાલ નથી પરંતુ જો તેનો જવાબ નિષેધરૂપ હોય તો તેના મત મુજબ મુનિઓ આદિ સાધકે ધ્યાન કરવું ન જોઈએ. તો વળી બીજો પ્રશ્ન એ થાય છે કે મોક્ષની પ્રાપ્તિ થયા પહેલાંના પૂર્વવર્તી યથાખ્યાત

ચારિત્રનું આચરણ કરનાર પણ કોઈ નથી તો શું પોતાની શક્તિ અનુસાર તત્પૂર્વવર્તી ચારિત્રનું આચરણ ન કરવું ? જો વિધિરૂપ જવાબ હોય તો નિષેધરૂપ ઉત્તર આપવાનું કોઈ કારણ ન રહ્યું તથા જો નિષેધરૂપ ઉત્તર હોય તો સામાયિક આદિ કોઈ પણ ચારિત્રનું આચરણ આ કાળે ન બને અને એ કારણે સમ્યગ્ચારિત્રનો આ કાળે લોપ ઠર્યો અને સમ્યગ્ચારિત્રના લોપથી ધર્મના લોપનો પ્રસંગ આવે. સારાંશ એ છે કે જે જીવો વર્તમાન કાળે ધ્યાનનો સર્વથા નિષેધ કરે છે તેના કથન મુજબ તો તે અર્હંતના મતનો અજાણ છે એમ ઠર્યું. અને તેથી એનું વચન અસાર બને છે.

### સમ્યગ્ અભ્યાસીને ધ્યાનના ચમત્કારો

**सम्यग् गुरुपदेशेन समभ्यस्यन्ननारतम्।**
**धारणा-सौष्ठवाद् ध्यान-प्रत्ययानपि पश्यति।।८७।।**

**અર્થ :** જે જીવ યથાર્થ ગુરુના ઉપદેશથી નિરંતર ધ્યાનનો અભ્યાસ કરે છે તે એ જ ધારણાના સૌષ્ઠવથી-અર્થાત્ પોતાની સમ્યગ્ અને સુદૃઢ ધારણા શક્તિના બળથી-ધ્યાનના પ્રત્યયોને પણ દેખે છે. -(લોક ચમત્કારી જ્ઞાનાદિના અતિશયોને પ્રાપ્ત હોય છે).

ભાવાર્થ : ધ્યાતા, સદ્ગુરુનો ઉપદેશ પામી તેના અનુસાર નિરંતર સારી રીતે ધ્યાનનો અભ્યાસ કરે છે અને ધ્યાનના વિષયક ધારણા સમ્યગ્ અને સુદૃઢ બને તો તેને જ્ઞાનદિવિષયક અતિશયોની પણ પ્રાપ્તિ થાય છે. સદ્ગુરુમાં પ્રત્યક્ષ અને પરોક્ષ ગુરુ કહ્યા. તેના દ્વારા વિધિવ્યવસ્થા સારી રીતે જાણી જીવનમાં ઉતારે તો તે જિજ્ઞાસુ જીવને ગુરુ નિઃસ્પૃહ અને નિષ્કપટ હીતે અનુભવી પૂર્વ ગુરુઓના વાક્ય વડે સમજાવે અને શ્રુત-નિબદ્ધ કરે. અહીં “ધારણા-સૌષ્ઠવાત્” પદનો આશય મારુતી, તૈજસી અને આપ્યા નામની ધારણાનો સંકેત છે જે આ શાસ્ત્રની ગાથા ૧૮૩માં સ્પષ્ટ કરેલ છે. વિશેષ રહસ્યમય સૂચના ત્યાર પછીનાં પદોમાં કરેલ છે. બીજમંત્રની અવધારણાને પણ ધારણા કહી છે. બીજમંત્રની સારી રીતે સિદ્ધિ વડે ધ્યાનના પ્રત્યયો-ચમત્કારો-ઉત્પન્ન થાય છે તેવો અત્રે આશય છે. (૨૧-૨૨૭ આદિપુરાણ ધારણાશ્રુતનિર્દિષ્ટ-બીજાનામવધારણમ્)

### અભ્યાસથી દુર્ગમ શાસ્ત્રોની જેમ ધ્યાનની પણ સિદ્ધિ

**यथाभ्यासेन शास्त्राणि स्थिराणि स्युर्महान्त्यपि।**
**तथा ध्यानमपि स्थैर्यं लभतेऽभ्यासवर्तिनाम्।।८८।।**

**અર્થ :** જેમ **અભ્યાસ** વડે (દુર્ગમ) મહાશાસ્ત્રો પણ **સ્થિર-સુનિશ્ચિત** થાય છે તેમ **અભ્યાસીઓનું** ધ્યાન પણ **સ્થિરતાને-એકાગ્રયતા અથવા સિદ્ધિને** - પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ : શાસ્ત્રોના **અભ્યાસથી** ગહન **અને** કઠિન શાસ્ત્રો પણ સરળ **અને** સુગમ લાગે છે, તેવી **રીતે** ધ્યાનના સતત **અભ્યાસ** વડે ધ્યાન **પ્રથમ થોડું અસ્થિર** હોય પરંતુ તુરત **સ્થિર** થતાં તેના **ચમત્કારો** પ્રગટ થાય છે. માટે **શિથિલ** કે હતોત્સાહ ન થતાં **શ્રદ્ધાસહિત** વૃદ્ધિ કરવી.

ધ્યાતાને સંસ્કાર **અને** સામગ્રીપૂર્વક ધ્યાનની **પ્રેરણા**

**यथोक्त-लक्षणो ध्याता ध्यातुमुत्सहते यदा।**
**तदेदं परिकर्मादौ कृत्वा ध्यायतु धीरधीः।।८९।।**

**અર્થ :** યથાર્થ લક્ષણે યુક્ત ધ્યાતા જ્યારે ધ્યાન કરવાને માટે ઉત્સાહિત હોય છે ત્યારે **એવો** ધીરબુદ્ધિવાળો જીવ શરૂઆતમાં **અત્રે** કહ્યા તેવા સંસ્કાર **અને** સામગ્રી સાથે ધ્યાન કરે **જેથી** તે ધ્યાનમાં **સ્થિરતા** સાથે **સિદ્ધિને** પ્રાપ્ત કરે. **અત્રે** છ પદમાં તે સાધનો કહે છે.

ઉપર કહ્યા તે માટેના સંસ્કાર સામગ્રીનું સ્વરૂપ

**शून्यागारे गुहायां वा दिवा वा यदि वा निशि।**
**स्त्री-पशु-क्लीब-जीवानां क्षुद्राणामप्य गोचरे।।९०।।**

**अन्यत्र वा क्वचिद्देशे प्रशस्ते प्रासुके समे।**
**चेतनाऽचेतनाऽशेष-ध्यानविघ्न-विवर्जिते।।९१।।**

**भूतले वा शिलापट्टे सुखाऽऽसीनः स्थितोऽथवा।**
**सममृज्वायतं गात्रं निःकम्पाऽवयवं दघत्।।९२।।**

**नासाऽग्रन्यस्त-निष्पन्द-लोचनो मन्दमुच्छ्वसन्।**
**द्वात्रिंशद्दोष-निर्मुक्त-कायोत्सर्ग-व्यवस्थितः।।९३।।**

**प्रत्याहृत्याऽक्ष-लुंटाकांस्तदर्थेभ्यः प्रयत्नतः।**
**चिन्तां चाऽऽकृष्य सर्वेभ्यो निरुध्य-ध्येय-वस्तुनि।।९४।।**

**निरस्त-निद्रो निर्भीतिर्निरालस्यो निरंतरम्।**
**स्वरूपं पररूपं वा ध्यायेदन्तर्विशुद्धये।।९५।।**

**અર્થ :** જે જગ્યાએ સ્ત્રીઓ, પશુઓ, નપુંસક તથા ક્ષુદ્ર મનુષ્યો આદિનો સંચાર ન હોય, એવા શૂન્યઘર-ખાલી પડેલ જગ્યામાં અથવા ગુફામાં અથવા કોઈ અન્ય એવા સ્થાને કે જે બરાબર સ્વચ્છ હોય જીવજંતુઓ રહિત, પ્રાસુક-પવિત્ર સ્થાન હોય, વળી તેવું સ્થાન ઊંચું-નીચું ન હોય, સમસ્થળ હોય, તથા જ્યાં ચેતન કે અચેતન દ્રવ્યો જે ધ્યાનને બાધાકારક ન હોય તેવા સ્થળે દિવસે અથવા રાત્રિના સમયે, ભૂમિ ઉપર અથવા શિલાપાટ ઉપર સુખથી બેસી શકાય અગર ઊભા રહી શકાય તેવા સ્થળે શરીરનાં અંગો નિશ્ચલ રાખી સમદેહ રાખી નાકના અગ્રભાગે દૃષ્ટિ સ્થિર કરી, ધીરે ધીરે શ્વાસ લેતા-છોડતા તથા બત્રીસ સામાયિકના દોષ તજી કાયોત્સર્ગપૂર્વક વ્યવસ્થિત, તથા ઇન્દ્રિયોરૂપ લૂંટારાના વિષયોને પ્રયત્નપૂર્વક દૂર કરી, અન્ય સર્વ ચિંતાનો નિરોધ કરી, ધ્યેય વસ્તુમાં રોકી, નિદ્રારહિત, નિર્ભય, પ્રમાદ વિના, ધ્યાતા પોતાની અંતર્વિશુદ્ધિને માટે સ્વ-સ્વરૂપનું અથવા પરસ્વરૂપનું ધ્યાન કરે. અહીં મહાપુરાણ સર્ગ ૨૧ના ૬૦-૬૨-૬૯-૭૭-૧૦૬ પદ કહ્યાં તથા ધ્યાન શતકની ગાથા ૩૫મી નો ઉલ્લેખ કર્યો છે એમ ધર્મ્યધ્યાનની સામગ્રી બતાવી. ભાવાર્થમાં ઉપર મુજબ છે. આસનમાં પદ્માસન કે કાયોત્સર્ગ (ખડા) આસન સહિત ડાબા હાથ ઉપર જમણા હાથની હથેલી ખોળામાં રાખી ધ્યાન કરે. ખડા કાયોત્સર્ગમાં નાભિ ઉપર હાથ ધરી એક પગની જંઘા નીચે અને બીજા પગની જાંઘ ઉપર રહે તેવી સૂચના પંડિત આશાધરજીએ યોગશાસ્ત્રના ૧૨૫માં પદ્ય મુજબ બતાવી છે. આદિપુરાણ સર્ગ ૨૧ની ગાથા ૬૧-૭૧-૭૨ પણ કહી છે. સ્વરૂપનું ધ્યાન અથવા પરરૂપના ધ્યાનમાં ખાસ કરીને પંચપરમેષ્ઠીનું ધ્યાન કહેલ છે. સુખાસનના વિષયમાં યશસ્તિલકના ૩૯મા કલ્પમાં નીચે મુજબ ગાથાઓ કહી છે.

संन्यस्ताभ्यामधोऽङ्घ्रिभ्यामूर्वोपरि युक्तितः।
भवेच्च समगुल्फाभ्यां पद्म-वीर-सुखासनम्।।

गुल्फोत्तान-कराङ्गुष्ठ-रेखा-रोमालि-नासिका।
समदृष्टिः समाः कुर्यान्नाऽतिस्तब्धो न वामनः।।

तालत्रिभाग-मध्याङ्घ्रिः स्थिर-शीर्ष-शिरोधरः।
सम-निष्पन्दपार्ष्ण्यग्र-जानु-भ्रू-हस्त-लोचनः।।

न खात्कृतिर्न कण्डूतिर्नोष्ठभक्तिर्न कम्पितिः।
न पर्वगणितिः कार्यानोक्तिरन्दोलितिः स्मितिः।।

न कुर्याद् दूरदृक्पातं नैव केकरवीक्षणम्।
न स्पन्दं पक्ष्ममालानां तिष्ठेन्नासाग्रदर्शनः।।

પગના તળિયા ઉપર હથેલી ચત્તી રાખી બન્ને હાથ ડાબા ઉપર જમણા હાથના અંગૂઠાની રેખાઓ નાભિ અને નાક ઉપર દષ્ટિ સમાન કરી (વિષમ નહિ) આગળપાછળ દષ્ટિ ફરતી ન હોય, દેહને પણ બહુ તાણીને કડક ન રાખે તેમ ઝૂકેલો ન રાખે. બન્ને પગોની વચ્ચે એડીની વચ્ચે ચાર આંગળનું અંતર રાખી શિર અને ગ્રીવા સ્થિર રહે-ડોલે નહિ-એડીનો અગ્રભાગ-ઘૂંટણ-આંખની ભ્રમર, હાથ અને નેત્ર સમ રહે અને નિશ્ચલ ટકે, ઉધરસ, ખૂજલી, હોઠોનું હલવું-કાંપવું, આંગળાના વેઢા ગણવા, બોલવું-આતમેત દેહને ડોલાવવું, હસવું, એ કોઈ કાર્ય કરે નહિ એ રીતે દૂર જોવું. દૂરની વસ્તુ દેખવી, તીરછી દષ્ટિથી જોવું, વારંવાર આંખ પટપટાવવી, એ સર્વે પણ કરવાં નહિ. અગ્રભાગે દષ્ટિ રાખી રહેવું. જિનસેન આચાર્યે સુખાસન કહ્યું છે તેમાં પદ્માસન મુખ્ય કહ્યું છે. આ ઉપરાંત થોડી અન્ય વાતો કહી છે જેમ કે

નયદૃષ્ટિથી અભિન્ન ધ્યાનના બે ભેદ

**निश्चयाद् व्यवहाराच्च, ध्यानं द्विविधमागमे।**
**स्वरूपालंबनं पूर्वं परालंबनमुत्तरम्।।९६।।**

**અર્થ :** જૈન દર્શનમાં આગમમાં ધ્યાનના નિશ્ચય અને વ્યવહારના ભેદે બે પ્રકાર કહ્યા છે. પહેલું નિશ્ચયધ્યાન છે તે સ્વરૂપના અવલંબનવાળું છે, બીજું વ્યવહારધ્યાન છે તે પર (પંચ પરમેષ્ઠી આદિ)ના અવલંબનવાળું કહ્યું છે. નિશ્ચયધ્યાન અભિન્ન કર્તૃ-કર્માદિવિષયક છે અને વ્યવહારધ્યાનને (પરના) આલંબનરૂપ કહ્યું છે. જ્ઞાનસારમાં કહ્યું છે કે :–

किं बहुणा सालंबं झाणं परमत्थणएण णाऊणं।
परिहरह कुणह पच्छा झाणब्भासं निरालंबं।।३७।।

એમ સાલંબધ્યાન છોડી નિરાલંબધ્યાનના અભ્યાસની પ્રેરણા કરી છે જેથી :–

### નિશ્ચયને અભિન્ન અને વ્યવહારને ભિન્ન સંજ્ઞા સાથે ભિન્ન ધ્યાનાભ્યાસની જરૂર બતાવે છે

**अभिन्नमाद्यमन्यत्तु भिन्नं तत्तावदुच्यते।**
**भिन्ने तु विहिताऽभ्यासोऽभिन्नं ध्यायत्यनाकुलः।।९७।।**

**અર્થ :** પ્રથમ નિશ્ચયનય અવલંબી ધ્યાન 'અભિન્ન' અને બીજું વ્યવહાર અવલંબી ધ્યાન 'ભિન્ન' કહેવામાં આવેલ છે. જેમાં પ્રથમ ભિન્ન ધ્યાનનો અભ્યાસ કરવાથી નિરાકુલ થતાં અભિન્ન ધ્યાનમાં પ્રવૃત્તિ બને છે.

ભાવાર્થ : જે ધ્યાતા ભિન્ન ધ્યાનના અભ્યાસમાં જ્યારે પરિપકવ થાય છે ત્યારે આકુળતા મટે છે માટે પ્રથમ આલંબન સહિતનું ધ્યાન થતાં શુદ્ધ સ્વરૂપે નિશ્ચયધ્યાન પ્રગટે છે. ભિન્ન ધ્યાનમાં પરમાત્માનું સ્વરૂપ સર્વોપરી છે જેના સકલ અને વિકલ એવા બે ભેદ છે. સકલ પરમાત્મા અરિહંત અને નિષ્કલ પરમાત્મા સિદ્ધ કહેલ છે.

### ભિન્ન ધર્મ્યધ્યાનના ચાર ભેદ

**आज्ञाऽपायौ विपाकं च संस्थानं भुवनस्य च।**
**यथागममविक्षिप्त-चेतसा चिन्तयेन्मुनिः।।९८।।**

**અર્થ :** ભિન્ન (વ્યવહાર) ધ્યાનમાં મુનિ આજ્ઞા, અપાય, વિપાક અને લોકસંસ્થાનધ્યાનનું આગમ અનુસાર ચિત્તની એકાગ્રતાપૂર્વક ચિંત્વન કરે.

ભાવાર્થ : અત્રે મુખ્યપણે મુનિના ધ્યાનનો ઉલ્લેખ છે પરંતુ ગૌણરૂપે દેશવ્રતી શ્રાવક અને અવિરત સમકિતીને પણ લક્ષ્યમાં લઈ ધર્મ-ધ્યાનના અધિકારી કહ્યા છે (તત્ત્વાર્થસૂત્ર ૯-૩૬ અને આદિપુરાણ ૨૧-૧૩૪ પદ કહ્યાં). પ્રથમ આજ્ઞા વિચયધ્યાનમાં સર્વજ્ઞ વીતરાગપ્રણીત આગમનો આદેશ કહ્યો કેમ કે જેનો વિષય સૂક્ષ્મ છે, પ્રત્યક્ષ કે અનુમાનગોચર નથી છતાં કોઈ યુક્તિથી બાધક ન હોય એવાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું કથન સમજવું. બીજો શબ્દ અપાય છે તેનો અર્થ ત્રિવિધતાપથી દુઃખી જીવો જે દુઃખ અને ભયોથી પીડિત છે તેમાંથી છૂટવાનો કલ્યાણકારક ઉપાય કહ્યો. દુઃખોનું વિવેચન અને સંચિંત્વન હોય છે તે અપાય વિચય ધર્મ્યધ્યાન છે. ત્રીજો ભેદ 'વિપાક' વિચય ધર્મધ્યાન કહ્યો તેમાં શુભ-અશુભ કર્મોના ઉદયરૂપ ફળનું ચિંત્વન હોય છે. જ્ઞાનાવરણાદિ

કર્મોની મૂળ-ઉત્તર પ્રકૃતિઓ તેનો બન્ધ-ઉદય, સત્ત્વ, ઉદીરણા, સંક્રમણ અને મોક્ષ આદિ સર્વનું ચિંત્વન હોય છે. ચોથું સંસ્થાન વિચય ધર્મધ્યાન કહ્યું તેમાં લોકના આકાર-પ્રકાર આદિનું ચિંત્વન કહ્યું. તેમાં બાર અનુપ્રેક્ષાનું ચિંત્વન હોય છે. આ વિષય માટે મૂલાચાર, પુરાણો, તત્ત્વાર્થસૂત્ર, તત્ત્વાર્થ રાજવાર્તિક આદિ ટીકાઓ વાંચી-જોઈ જવી. મૂલાચાર, અ. ૫, ૨૦૧થી ૨૦૫, આદિપુરાણ સર્ગ ૨૧માં ૧૩૪થી ૧૫૧, તત્ત્વાર્થ રાજવાર્તિકની ગાથા અ. ૯-૨૮ થી ૪૪ વાંચવી.

ધ્યેયના-નામ સ્થાપનાદિ ચાર ભેદ

**नाम च स्थापना द्रव्यं भावश्चेति चतुर्विधम्।**
**समस्तं व्यस्तमप्येतद् ध्येयमध्यात्म-वेदिभिः।।९९।।**

**અર્થ :** અધ્યાત્મજ્ઞાનીઓએ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચાર પ્રકારનાં ધ્યેય, સમસ્ત રીતે તથા છૂટક રૂપે એમ બન્નેરૂપે ધ્યાનને યોગ્ય માનેલ છે. જેનું વિવેચન આગળની ગાથાઓમાં કરે છે :–

ચાર ધ્યેયોનું સંક્ષિપ્ત સ્વરૂપ

**वाच्यस्य वाचकं नाम प्रतिमा स्थापना मता।**
**गुण-पर्ययवत् द्रव्यं भावः स्याद्गुण-पर्ययौ।।१००।।**

**અર્થ :** વાચ્યનું વાચક તેનું નામ હોય-'પ્રતિમા' 'સ્થાપના' અને ગુણપર્યાયવાન તે દ્રવ્ય કહેતા. તે બન્ને ભાવરૂપ કહેલ છે.

ભાવાર્થ : પ્રતિમા કૃત્રિમ હોય અથવા અકૃત્રિમ હોય માટે તદ્ આકારે સ્થાપના રૂપ હોય છે. દ્રવ્ય રૂપ ગુણપર્યાય કહ્યા તેમ તે બન્નેને ગ્રહ્યા છે.

નામ નિરૂપણ

**आदौ मध्येऽवसाने यद्वाङ्मयं व्याप्य तिष्ठति।**
**हृदि ज्योतिष्मदुद्गच्छन्नामध्येयं तदर्हताम्।।१०१।।**

**અર્થ :** અત્રે (વાચક શબ્દ અર્હના) આદિમાં, મધ્યમાં અને અંતે જે (અ-ર્-હ અક્ષરો વડે જે) વાઙ્મય અર્થાત્ વર્ણમાલા વ્યાપ્ત છે એ અર્હંતોનું વાચક 'અર્હ' પદ છે અને તે હૃદયમાં

ઊંચે ઊઠતી જ્યોતિના રૂપે 'નામધ્યેય' છે, (જે હૃદયસ્થળેથી ઉત્પન્ન થાય છે).

ભાવાર્થ : સંપૂર્ણ વાણીને વ્યાપ્ત કરતી **અક્ષરબ્રહ્મરૂપમાં** સ્થિત **પરંબ્રહ્મ અર્હત્ પરમેષ્ઠીનું** વાચક નામ **નિરૂપણ** છે **અને** તેને **અન્યત્ર 'સિદ્ધચક્રનો** સદ્‌બીજ **મંત્ર'** કહેલ છે. સમાધિભક્તિમાં કહ્યું છે કે

अर्हमित्यक्षरब्रह्म वाचकं परमेष्ठिनः।
सिद्धचक्रस्य सद्बीजं सर्वतः प्रणमाम्यहम्।। (पूज्यपादजी)

**આદિપુરાણમાં** સર્ગ ૨૧-૨૩૧**માં શ્રી જિનસેન આચાર્યે** કહ્યું છે કે :–

अकारादि-हकारान्त-रेफमध्यान्तबिन्दुक।
ध्यायन् परमिदं बीजं मुक्त्यर्थी-नाऽवसीदति।।

**અર્હમાં અ અક્ષર** સાક્ષાત્ મૂર્તિરૂપે સુખકર્તા છે. સ્ફુરાયમાન **રેફ અક્ષર** ( ) **અવિકલ રત્નત્રરૂપ**-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન **અને** સમ્યક્‌ચારિત્રની **પ્રતિમૂર્તિ** છે. તથા 'હં' **અક્ષર** મોહસહિત સંપૂર્ણ પાપસમૂહનું હણનાર રૂપ કહ્યું છે. **અભિન્ન અક્ષરરૂપ આ** પદ **અક્ષર** સ્મરણ કરવા યોગ્ય છે. **આ** પદમાં **'અ અને** હ' વચ્ચે વર્ણમાલાના બાકીના સર્વે **અક્ષરનો** વાસ છે માટે જ **મુનિઓએ આ નિષ્પાપ** શબ્દબ્રહ્માત્મક બતાવેલ છે. **આ** ઉજ્જવલ **બિન્દુને** ધારણ કરતો **'અર્ધચન્દ્ર'** કલાથી યુક્ત **અને રેફથી** વ્યાપ્ત કિરણોસહિત જ્યોતિ સ્વરૂપ પદ **પરંબ્રહ્મ** ધ્યાનનો ઉચ્ચાર છે. **એમ એ** મંત્ર **સિદ્ધ પરમાત્માના** ધ્યાનનો **અનુભવ** કરાવે છે. **અહીં** કુમારકવિના **નીચે** મુજબ બે શ્લોક કહ્યા છે.

अकारोऽयं साक्षादमृतमयमूर्तिः सुखयति
स्फुरद्रेफो रत्नत्रयमविकलं संकलयति।
समोहं हंकारो दुरितनिवहं हन्ति सहसा
स्मरेदेवं बीजाक्षर(पद)मभिन्नाक्षरपदम्।।११८।।

दधति वसतिं मध्ये वर्णा अकार-हकारयो-
रिति यदनधं शब्दब्रह्मास्पदं मुनयो जगुः।
यदमृतकलां बिभ्रद्बिन्दूज्वलां रचितर्चिषम्
ध्वनयति परंब्रह्म ध्यानं तदस्तु पदं मुदे।।११९।।

हृत्पंकजे चतुष्पत्रे ज्योतिष्मन्ति प्रदक्षिणाम्।
अ-सि-आ-उ-साऽक्षराणि ध्येयानि परमेष्ठिनाम्।।१०२।।

**અર્થ :** ચાર પત્રોવાળા હૃદયકમલમાં પંચપરમેષ્ઠીના વાચક 'અ-સિ-આ-ઉ-સા' એ પાંચ અક્ષર જ્યોતિષ્માન રૂપે (કમળપત્ર આદિ ઉપર) પ્રદક્ષિણા કરે છે તે ધ્યાન કરવા યોગ્ય છે.

ભાવાર્થ : આ પાંચ અક્ષરો અ, સિ, આ, ઉ, સા, જે કહ્યા તે ક્રમપૂર્વક અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ એવા પંચ પરમેષ્ઠીના વાચકના આદ્યાક્ષરરૂપ નામ છે. (૧) કમલની કર્ણિકા ઉપર 'અ' અક્ષર, (૨) સન્મુખતાએ, 'સિ' અક્ષર, (૩) દક્ષિણ પત્ર ઉપર, 'આ' અક્ષર, (૪) પશ્ચિમ પત્ર ઉપર 'ઉ' ને (૫) ઉત્તર અભિમુખ પત્ર પર 'સા' ની સ્થાપના કરી પાંચે અક્ષરો જ્યોતિષ્માન ફરતાં ઘૂમી રહ્યા છે તેમ ચિંતવવું.

ध्यायेद-इ-उ-ए-ओ च तद्वत् वर्णानुदर्चिषः।
मत्यादि-ज्ञान-नामानि मत्यादि-ज्ञानसिद्धये।।१०३।।

**અર્થ :** એ રીતે ધ્યાતા ચાર પત્રોવાળા હૃદયકમળમાં મતિ આદિ પાંચ જ્ઞાનરૂપ જે અ, ઇ, ઉ, એ, ઓ, એ પાંચ અક્ષર છે તેને મતિ આદિ જ્ઞાનની સિદ્ધિને માટે ઊંચે ઊછળતી જ્યોતિકિરણોરૂપે ધ્યાનમાં ધ્યાવે-પોતાના ધ્યાનના વિષય બનાવે.

ભાવાર્થ : આ અક્ષરોની સ્થાપના પણ ચાર પત્રવાળા હૃદયસ્થ કમળમાં કરે જેથી મતિજ્ઞાન આદિની સિદ્ધિમાં સહાયતા મળે. જોકે તે પાંચ જ્ઞાનનાં વાચક કેવી રીતે છે તે કહ્યું નથી પરંતુ 'અ'કાર છે તે અભિનિબોધનો વાચક છે, જેનું બીજું નામ મતિજ્ઞાન છે. 'ઇ'કાર છે તે ઇરાનો વાચક છે, જેનો અર્થ વાણી થાય છે. તેથી શ્રુતજ્ઞાનનો વાચક શબ્દ છે. 'ઉ'કાર છે તે ઉહિ છે; તે અવધિજ્ઞાનનો વાચક છે. 'એ'કાર મનઃપર્યયજ્ઞાન અને 'ઓ'કાર કેવળજ્ઞાનનો વાચક શબ્દ છે તેમ અનુમાન થાય છે માટે વિશેષ જ્ઞાની, આ મંત્રના વિષયને સ્વયં સમજી ધ્યાન કરે.

सप्ताक्षरं महामन्त्रं मुख-रन्ध्रेषु सप्तसु।
गुरुपदेशतो ध्यायेदिच्छन् दूरश्रवादिकम्।।१०४।।

**અર્થ :** સાત અક્ષરવાળો મહામંત્ર-ણમો અરહંતાણં-છે તેને ગુરુના ઉપદેશ અનુસાર મુખથી સાત રન્ધ્રો-છિદ્રો-માં સ્થાપિત કરે ને ધ્યાન કરે. જેમાં દૂરથી સાંભળવું, દેખવું આદિરૂપ આત્મશક્તિ

વિકાસ પામે અથવા તદ્‌વિષયક દૂરશ્રવાદિ ઋદ્ધિઓને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ : સાત અક્ષરવાળો આ મંત્ર મુખનાં સાત છિદ્રોમાં ગુરુના ઉપદેશ અનુસાર સ્થાપન કરી ધ્યાન કરે તો દૂરથી સાંભળવું, દૂરથી દેખવું, દૂરથી સૂંઘવું, દૂરથી રસાસ્વાદની શક્તિ મળે છે. સાત છિદ્રામાં બે કાન, બે આંખ, બે નાકનાં ફણાં અને રસના સમજવું. જોકે આ વિષય રહસ્યમય છે. સાચું જાણવા મળ્યું નથી માટે યોગીઓ અથવા વિદ્વાનો આ વિષયને લોકહિતાર્થે વિશેષ સમજાવવાની કૃપા કરે. (પં. મુખ્તારજીની ઉપર મુજબ માત્ર માન્યતા કે કલ્પના છે).

**हृदयेऽष्टदलं पद्मं वर्गैः पूरितमष्टभिः।**
**दलेषु कर्णिकायां च नाम्नाऽधिष्ठितमर्हताम्।।१०५।।**

**गणभृद्वलयोपेतं त्रिःपरीतं च मायया।**
**क्षौणी-मंडल-मध्यस्थं ध्यायेदभ्यर्चयेच्च तत्।।१०६।।**

**અર્થ :** (ધ્યાતા) હૃદયમાં પૃથ્વીમંડલની મધ્યમાં સ્થિત આઠ દલના કમળનાં દલોના આઠ વર્ગોથી- (સ્વર, ક, ચ, ટ, ત, પ, ય, શ, વર્ગના અક્ષરોથી) પૂરિત, અને તેની કર્ણિકામાં 'અર્હં' નામથી અધિષ્ઠિત, ગણધર-વલયોથી યુક્ત તથા માયાથી ત્રિઃપરીત-હ્રીં બીજાક્ષરને ત્રણ પરિક્રમાઓથી વીંટાયેલ રૂપમાં ધ્યાવે-તેની પૂજા કરે.

ભાવાર્થ : અત્રે સર્વ મંત્રાક્ષરોવાળા આઠદલ કમળને હૃદયમાં રાખી તેનું ધ્યાન અને પૂજન કરવાનું વિધાન છે. આ વિષયમાં ત્રણ વાતો વિચારવી કે ગણધર-વલયથી યુક્ત કહ્યું તેનું સ્વરૂપ શું છે ? તથા 'હ્રીં'ની ત્રણ પરિક્રમાઓ માટે અભિપ્રાય શું છે ? તથા પૃથ્વીમંડલનું સ્વરૂપ શું કહે છે ? કે જેમાં ગણધરવલય આદિ સહિત ધ્યાન કહ્યું. પૃથ્વીમંડળ ચતુરસ્ત્ર જેમાં મધ્યમાં બે વજ્રમાં પરસ્પર વિરૂદ્ધ અથવા વજ્રકોણ ઉપર પૂર્વાદિ ચારે મહાદિશામાં પૃથ્વી બીજ 'ક્ષિ' અક્ષર સહિત મંડલના ચારે ખૂણે 'લં' અક્ષર સહિત પીતવર્ણ બને છે. વિદ્યાનુશાસનમાં નીચે મુજબ સ્પષ્ટ પ્રગટ કહેલ છે કે :–

अन्योऽन्यवज्रविद्धं पीतं चतुरस्रमवनि-बीजयुतम्।
कोणेषु लान्तयुक्तं भूमण्डलसंज्ञकं ज्ञेयम्।।३-१७७।।

मण्डलानां यदा मध्ये नामादिन्यास उच्यते।
तदा मध्यस्थितं बीजं महादिक्षु निवेशयेत्।।३-१८५।।

ગણધરવલય નામે એક યંત્ર છે જેનું બીજું નામ ગણેશયંત્ર કહે છે. પ્રતિષ્ઠાપાઠમાં પણ તેનો ઉલ્લેખ છે અને જિન-બિંબની પ્રતિષ્ઠામાં તેનું પૂજન કરવામાં આવે છે. પ્રારંભમાં ષટ્કોણ યંત્ર સહિત છે તેની ઉપર ક્રમપૂર્વક ત્રણ વલય રહે છે, જેનું નામ ગણધરવલય છે. પ્રથમ વલયમાં આઠ, બીજામાં સોળ, અને ત્રીજા વલયમાં ચોવીસ કોષ્ઠક હોય છે. જેમાં ઋદ્ધિપ્રાપ્ત જિનવરને નમસ્કાર કરવા રૂપ ક્રમપૂર્વક આ મન્ત્ર પદ રહે છે.

(પ્રથમ વલયમાં) ૧ ણમો જિણાણં, ૨ ણમો ઓહિજિણાણં, ૩ ણમો પરમોહિજિણાણં, ૪ ણમો સવ્વોહિજિણાણં, ૫ ણમો અણંતોહિજિણાણં, ૬ ણમો કોટ્ઠબુદ્ધીણં, ૭ ણમો બીજબુદ્ધીણં, ૮ ણમો પદાણુસારીણ.

(બીજા વલયમાં) ૯ ણમો સંભિણ્ણસોદારાણં, ૧૦ ણમો પત્તેયબુદ્ધાણં, ૧૧ ણમો સયંબુદ્ધાણં, ૧૨ ણમો બોહિયબુદ્ધાણં, ૧૩ ણમો ઉજુમદીણં, ૧૪ ણમો વિઉલમદીણં, ૧૫ ણમો દસપુવ્વીયા(વ્વી)ણં, ૧૬ ણમો ચઉદસપુવ્વિયા(વ્વી)ણં, ૧૭ ણમો અટ્ઠંગમહાણિમિત્તકુસલાણં, ૧૮ ણમો વિઉવ્વણઇડ્ઢિપત્તાણં, ૧૯ ણમો વિજ્જાહરાણં, ૨૦ ણમો ચારણાણં, ૨૧ ણમો પણ્ણસમણાણં, ૨૨ ણમો આગાસગામીણં, ૨૩ ણમો આસીવિસાણં, ૨૪ ણમો દિટ્ઠિવિસાણં.

(ત્રીજા વલયમાં) ૨૫ ણમો ઉગ્ગતવાણં, ૨૬ ણમો દિત્તતવાણં, ૨૭ ણમો તત્તતવાણં, ૨૮ ણમો મહાતવાણં, ૨૯ ણમો ઘોરતવાણં, ૩૦ ણમો ઘોરપરક્કમાણં, ૩૧ ણમો ઘોરગુણાણં, ૩૨ ણમો ઘોરગુણબંભચારીણં, ૩૩ ણમો આમોસહિપત્તાણં, ૩૪ ણમો ખેલોસહિપત્તાણં, ૩૫ ણમો જલ્લોસહિપત્તાણં, ૩૬ ણમો વિટ્ટોસહિપત્તાણં, ૩૭ ણમો સવ્વોસહિપત્તાણં, ૩૮ ણમો મણબલીણં, ૩૯ ણમો વચિબલીણં, ૪૦ ણમો કાયબલીણં, ૪૧ ણમો ખીરસવીણં, ૪૨ ણમો સપ્પિસવીણં, ૪૩ ણમો મહુસવીણં, ૪૪ ણમો અમિયસવીણં, ૪૫ ણમો અક્ખીણમહાણસાણં, ૪૬ ણમો વડ્ઢમાણાણં, ૪૭ ણમો લોએ સવ્વસિદ્ધાયદણાણં ૪૮ ણમો ભયવદો મહદો મહાવીરડ્ઢમાણબુદ્ધરિસિસ્સ.

એ મુજબ આ ત્રણ વલયો ઉપર કહ્યા. મંત્રસહિત અત્રે ગણભૃદ્વલયોપેતં પદ દ્વારા પરિગ્રહણ કરેલ છે અથવા વિવક્ષિત છે તેમ દેખાય છે.

ગણધરવલય યંત્રમાં ત્રીજા વલય ઉપર વૃત્તરેખા ઉપર પૂર્વ તરફની મધ્યમાં 'હ્રીં' બીજમંત્ર બિરાજે

છે તેની 'ઇકાર' માત્રાથી વલયને ત્રિગુણવેષ્ટિત કરી અંતે તેને 'ક્રૌ' બીજ. રાખેલ છે. આશાધરપ્રતિષ્ઠાપાઠમાં ચોવીસપદાન્યા લખી. હ્રીંકારમાત્રાથી 'ત્રિગુણં વેષ્ટયિત્વા ક્રૌંકારેણ નિરુદ્દ્ધ્ય વહિઃ પૃથ્વીમંડલં' એ વાક્ય પ્રગટ રૂપે કહ્યાં છે. આ પ્રમાણે હ્રીંકારથીવેષ્ટિત અથવા પરિક્રમણનું જે રૂપ બને છે તે 'ત્રિઃપરીત્ય ચ માયયા' એ વાક્યો છે તેમ માનવું છે.

એમ કહ્યા મુજબ કમલાદિરૂપે ધ્યાનનો આ વિષય ઘણો જ ગહન-ગંભીર અને અર્થ-ગૌરવવાળો છે અને તે આત્મવિકાસમાં બહુ સહાયક બને છે. ધ્યાનનો આ ઉલ્લેખ મુનિ શ્રી પદ્મસિંહે 'જ્ઞાનસાગર' ગ્રંથમાં (વિ. ૧૦૮૬) નીચેની બે ગાથાઓમાં કહેલ છે :

अट्ठदलकमलमज्झे अरुहं वेढेइ परमबीयेहिं।
पत्तेसु तह य वग्गा दलंतरे सत्त वण्णा (?) य।।२६।।

गणहरवलयेण पुणो मायाबीएण धरयलक्कंतं।
जं जं इच्छइ कम्मं सिज्झइ तं तं खणद्धेण।।२७।।

**अकारादि-हकारान्ता मंत्राः परमशक्तयः।**
**स्वमण्डल-गता ध्येया लोकद्वय-फलप्रदाः।।१०७।।**

**અર્થ :** અકારથી હકાર પર્યંત જે મંત્રરૂપ અક્ષર છે તે પોતપોતાના મંડલને પ્રાપ્ત પરમ શક્તિશાલી ધ્યેય છે અને બન્ને લોકમાં ફ્લોને દેનાર છે.

ભાવાર્થ : વર્ણમાલામાં સર્વે અક્ષરોનો સમાવેશ છે કેમ કે આદિમાં 'અ' અને અન્તે 'હ' અક્ષર છે. સર્વે અક્ષરો આ પ્રકારે છે : અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ એ ૧૬ અક્ષરો સ્વરવર્ણ કહેવાય. હવે વ્યંજન વર્ણ કહે છે :

ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ; ય, ર, લ, વ (અંતઃસ્થ); શ, ષ, સ, હ, (ઉષ્માણ) એ ૩૩ અક્ષરો વ્યંજનવર્ણ છે. વળી ક, ચ, ટ, ત, પ, ય, શ, એવા સાત વર્ગોમાં વિભાજિત છે. સ્વરોનો એક વર્ગ મળીને વર્ગોની સંપૂર્ણ સંખ્યા આઠ થાય છે. ગાથા ૧૦૫માં કહ્યું કે ''વર્ગૈઃ પૂરિતમષ્ટભિઃ'' તે કહ્યું છે. અક્ષરોનાં અલગ અલગ મંડલો છે. સ્વર તથા ઉષ્મવર્ણ જલ-મંડળના, ક-વર્ગી તથા અંતઃસ્થ વર્ણ અગ્નિમંડળના, ચ-પ-વર્ગી વર્ણ પૃથ્વીમંડલના અને ટ-ત-વર્ગી વર્ણ વાયુમંડલના અક્ષરો છે. આ મંડલમાં કહેલ અક્ષરોની

જાતિ ક્રમપૂર્વક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર છે તથા રંગક્રમથી શ્વેત, રક્ત, પીત અને શ્યામ છે. તેમાં જલમંડળ કળશ અથવા અર્ધચંદ્રના આકારે, અગ્નિમંડલ ત્રિકોણ આકારે, પૃથ્વીમંડલ ચોરસ આકારે અને વાયુમંડલ ગોળાકારે છે. આ મૂળાક્ષરોની શક્તિનું વર્ણન વિદ્યાનુશાસન પરિશિષ્ટ ૨ માં છે તેની વિગત :-

स्वरोष्माणो द्विजा-श्वेता अंबुमंडलसंस्थिताः।
क्वन्तरस्था भूभुजो, रक्तास्तेजोमंडल-मध्यगाः।।४।।

चू-पू वैश्यान्वयौ पीताः पृथ्वीमंडलभागिनौ।
टु-तू कृष्णत्विषौ शूद्रो वायुमंडलसंभवौ।।५।।

વળી સર્વ અક્ષરોને મંત્ર કહ્યા છે. જેમ કે 'અમંત્રમક્ષરં નાસ્તિ, નાસ્તિ મૂલમનૌષધં' એવા પ્રસિદ્ધ સિદ્ધાન્ત અનુસાર જેમ એવું કોઈ મૂળિયું (જડ) ન હોય જે ઔષધિરૂપે કામમાં ન આવે, એમ એવો કોઈ અક્ષર નથી જે મંત્રરૂપે કામમાં ન આવે. પરંતુ પ્રત્યેક મૂળ (જડ) ઔષધિને કામ લેનાર જેમ દુર્લભ છે તેમ પ્રત્યેક અક્ષરને મંત્રરૂપે યોજના કરવાવાળા દુર્લભ છે માટે 'યોજકસ્તત્ર દુર્લભઃ' કહ્યું છે. અહીં વિશેષતા એટલી છે કે આઠે વર્ગોના અલગ અલગ અક્ષર જ મંત્ર નથી પરંતુ તેના પરસ્પર સંયોગ વડે સંયુક્ત અક્ષર મંત્ર છે. જેમ કે ૐ, હ્રીં, શ્રીં, ક્લીં, અર્હં આદિ સંયુક્ત અક્ષર મંત્ર છે. અનાદિસિદ્ધાંતપ્રસિદ્ધ વર્ણમાતૃકાને ધ્યાનની પ્રેરણા કરતાં તેને સર્વે શબ્દવિન્યાસની જન્મભૂમિ કહેલ છે.

ध्यायेदनादिसिद्धान्त-प्रसिद्ध-वर्णमातृकाम्।
निःशेषशब्दविन्यास-जन्मभूमिं जगन्नुताम्।।
-જ્ઞાનાર્ણવ ૩૮-૨. મંત્રસાર સમુચ્ચય અ. ૨.

### નામધ્યેયનો ઉપસંહાર

**इत्यादीन्मंत्रिणो मंत्रानर्हन्मंत्र-पुरस्सरान्।**
**ध्यायन्ति यदिह स्पष्टं नामध्येयमवैहि तत्।।१०८।।**

**અર્થ :** એ 'અર્હં' મંત્રપુરસ્સર મંત્રોની આદિ સાથે અન્ય મંત્ર પણ છે જેને નામધ્યેય રૂપે માંત્રિક ધ્યાવે છે, તે સર્વેને પણ સ્પષ્ટરૂપથી નામ-ધ્યેય સમજવા. અર્થાત્ એવા અનેક મંત્રો છે

જે મહાપુરાણ, જ્ઞાનાર્ણવ, યોગશાસ્ત્ર તથા વિદ્યાનુશાસન આદિ ગ્રંથોથી જાણી શકાય છે. દ્રવ્યસંગ્રહમાં પણ નીચે મુજબ ગાથા છે :-

पण तीस सोल छप्पण चदु दुगमेगं च जवह झाएह।
परमेट्ठिवाचयाणं अण्णं च गुरूवएसेण।।४९।।

આ ગાથામાં પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરવાળા પ્રસિદ્ધ મંત્રોની સૂચના કરી છે. તેમ જ પરમેષ્ઠીવાચક બીજા મંત્રોને પણ ગુરુ-ઉપદેશ અનુસાર જાપ કરવાની પ્રેરણા કરી છે. પાંત્રીસ અક્ષરોમાં 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં, ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં' એ નવકારમંત્રને મૂળમંત્ર તથા અપરાજિત મંત્ર પણ કહેલ છે. સોળ અક્ષરોમાં 'અરિહંત સિદ્ધ આઇરિય ઉવજ્ઝાય સાહૂ' તથા 'અર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યો નમઃ' તથા છ અક્ષરોમાં મંત્ર 'અરહંત સિદ્ધ, અર્હદ્‌ભ્યઃ નમોસ્તુ, ૐ નમઃ સિદ્ધેભ્યઃ, નમોઽર્હત્સિદ્ધેભ્યઃ' તથા પાંચ અક્ષર મંત્રમાં 'ણમો સિદ્ધાણં, અસિઆઉસા, નમઃ સિદ્ધેભ્યઃ' તથા ચાર અક્ષરમંત્રમાં 'અરહંત', બે અક્ષરમંત્રમાં 'સિદ્ધ, અર્હ', તથા એક અક્ષરમંત્રમાં 'ૐ, હ્રીં, હ્રૂં' તથા અકાર આદિ છે. આ ઉપરાંત પાપનાશક વિદ્યામંત્રમાં સુપ્રસિદ્ધ મંત્ર નીચે પ્રમાણે છે :

ॐ अर्हन्मुखकमलवासिनि पापात्मक्षयंकरि श्रुतज्ञानज्त्रालासहस्त्रप्रजवलिते सरस्वति मत्पापं हन, हन, दह, दह, क्षां क्षीं क्षूं क्षौं क्षः क्षीरवरधवले अमृतसंभवे वं वं हूं हूं स्वाहा।

સ્થાપના-ધ્યેય

**जिनेन्द्र-प्रतिब्रिम्ब्रानि कृत्रिमाण्यकृतानि च।**
**यथोक्तान्यागमे तानि तथा ध्यायेदशंकितम्।।१०९।।**

**અર્થ :** જિનેન્દ્રદેવની જે કૃત્રિમ અને અકૃત્રિમ પ્રતિમાઓ હોય છે તે તથા આગમમાં જે રૂપમાં કહેવામાં આવી છે તે તે સર્વરૂપે ધ્યાતા નિઃશંક થઈ પોતાના ધ્યાનનો વિષય બનાવે. આ સ્થાપના-ધ્યેય છે.

ભાવાર્થ : આ કાળે અનેક સ્થળે જે જે શિલ્પીઓ દ્વારા રચિત કૃત્રિમ જિન-પ્રતિમાઓ છે જેમાં બાહુબલી તથા મહાવીરજી જેવી કેટલીક પ્રતિમાઓ સાતિશય કોટિમાં છે તથા જિનાગમમાં વર્ણન કરેલ અકૃત્રિમ જિન-બિંબો તથા સ્થળો કહેલ છે તેને પણ ધ્યાતા પોતાના ધ્યાનના વિષય

બનાવે **એ**નું નામ સ્થાપના-ધ્યેય છે.

દ્રવ્ય-ધ્યેય

**अथैकमेकदा द्रव्यमुत्पित्सु स्थास्नु नश्वरम्।**
**तथैव सर्वदा सर्वमिति तत्त्वं विचिन्तयेत्।।११०।।**

**અર્થ :** જેમ **એ**ક દ્રવ્ય **એ**ક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, તેમ સર્વ દ્રવ્યો સદાકાળ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યરૂપ હોય છે **એ રી**તે તત્ત્વોનું ધ્યાન ધ્યાતા કરે.

ભાવાર્થ **:** સામાન્ય દ્રવ્યોનું સ્વરૂપ વિચારવા કહ્યું. તત્ત્વાર્થસૂત્રમાં 'સત્ દ્રવ્ય લક્ષણં' તથા 'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' **એ** બે સૂત્રો કહ્યાં તથા સ્વામી**શ્રી** સમન્તભદ્રાચાર્યે યુક્ત્યનુશાસનમાં 'પ્રતિક્ષણ સ્થિત્યુદય-વ્યયાત્મ-તત્ત્વવ્યવસ્થં સદિહાર્થરૂપમ્' કહેલ છે તેને બીજા સ્પષ્ટ શબ્દો વડે દ્રવ્ય-ધ્યેયનો વિષય બનાવે.

યાથાત્મ્ય-તત્ત્વનું સ્વરૂપ

**चेतनोऽचेतनो वाऽर्थो यो यथैव व्यवस्थितः।**
**तथैव तस्य यो भावो याथात्म्यं तत्त्वमुच्यते।।१११।।**

**અર્થ :** ચેતન **અ**ને **અ**ચેતન દ્રવ્યો જે પ્રકારે વ્યવસ્થિત છે તેના તે તે ભાવોને 'યાથાત્મ્ય' **અ**ને 'તત્ત્વ' કહેલ છે.

ભાવાર્થ **:** **અ**ત્રે **અર્થ** શબ્દ છે તે દ્રવ્યનો વાચક છે. સ્વામી સમન્તભદ્રે 'સદિહાર્થરૂપમ્' **એ** શબ્દ રૂપે વાચક કહેલ છે. તેના મૂળ તો બે ભેદ છે. **એ**ક તો ચેતન. બીજો ભેદ **અ**ચેતન. પોતાપણે વ્યવસ્થિત છે તે તેનો ભાવ-પરિણામ તેને 'યાથાત્મ્ય' કહેલ છે.

**अनादि-निधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम्।**
**उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले।।११२।।**

**અર્થ :** દ્રવ્ય કે જે **અ**નાદિનિધન **એ**ટલે **આ**દિ**અં**તરહિત છે તેમાં ક્ષણે ક્ષણે (સમયે સમયે) સ્વપર્યાયો ઊપજતી **અ**ને નાશ પામતી હોય છે. જેમ પાણીના તરંગો થાય **અ**ને સમાય તેમ હોય છે.

ભાવાર્થ : સર્વાર્થસિદ્ધિ પદ ૧-૨માં કહ્યું છે કે 'તસ્ય ભાવસ્તત્ત્વમ્, તસ્ય કસ્ય ? યોऽર્થો યથાવસ્થિતસ્તથા તસ્ય ભવનમિત્યર્થઃ.' દ્રવ્યને અનાદિ-અનંત કહેતાં દ્રવ્યની કદી ઉત્પત્તિ નથી તેમ જ તેનો કદી નાશ નથી. જલતરંગોની માફક દ્રવ્યમાં સ્વપર્યાય સમયે સમયે ઉત્પત્તિ-નાશને પામે છે ને પરાશ્રિત પર્યાયનો નિષેધ સૂચવે છે. અર્થાત્ સ્વપર્યાય દ્રવ્યમાં નિત્ય વ્યવસ્થિત છે પછી ભલે તે ઉદયરૂપ હો અનુદયરૂપ કે ઉદીરણારૂપ હો-પણ ત્રિકાળ અવસ્થિત રહેલ છે.

**यद्विवृतं यथापूर्वं यच्च पश्चाद्विवर्त्स्यति।**
**विवर्तते यदत्राऽद्य तदेवेदमिदं च तत्।।११३।।**

**અર્થ** : જે યથાપૂર્વ એટલે કે પૂર્વક્રમ અનુસાર પ્રથમ (ગુણપર્યાય સાથે) વિવર્તિત થયા, જે ત્યાર બાદ વિવર્તિત થશે અને ચાલુ સમયે જે વિવર્તિત થઈ રહ્યા છે તે સર્વ દ્રવ્ય છે તથા ગુણપર્યાય પણ છે.

ભાવાર્થ : દ્રવ્યના ત્રિકાળવર્તી ગુણ-પર્યાયો સાથે દ્રવ્ય સાથે જ છે દ્રવ્યથી અભેદ છે-જે દ્રવ્ય છે તે ગુણ-પર્યાયો છે એમ બતાવ્યું (અહીં તત્ત્વાનુશાસનની ગાથા ૧૯૨-૧૯૩ કહી).

**सहवृत्ता गुणास्तत्र पर्यायाः क्रमवर्तिनः।**
**स्यादेतदात्मकं द्रव्यमेते च स्युस्तदात्मकाः।।११४।।**

**અર્થ** : દ્રવ્યમાં ગુણ સહવર્તી-એકસાથે યુગપત્ થનાર છે જેથી દ્રવ્ય એ ગુણ-પર્યાયાત્મક છે અને તેના ગુણ-પર્યાયો છે તે દ્રવ્યાત્મક છે-(દ્રવ્યથી ભિન્ન નથી) કોઈ એકબીજાથી ભિન્નપણે નથી, એકમેક છે.

**एवंविधमिदं वस्तु स्थित्युत्पत्ति-व्ययात्मकम्।**
**प्रतिक्षणमनाद्यन्तं सर्वं ध्येयं यथास्थितम्।।११५।।**

**અર્થ** : એ રીતે આ દ્રવ્ય નામની વસ્તુ છે જે પ્રતિક્ષણ સ્થિતિઉત્પત્તિ અને વ્યયરૂપ છે તથા અનાદિઅનંત છે એમ સર્વ વસ્તુ યથાસ્થિતરૂપે ધ્યેય છે-ધ્યાનના વિષયરૂપ છે.

ભાવાર્થ : કહ્યું કે દ્રવ્ય-ધ્યેયના કથનનો સાર એ છે કે પ્રત્યેક દ્રવ્ય સમયે સમયે ધ્રૌવ્ય, ઉત્પાદ અને વ્યયરૂપ છે. અનાદિઅનંત છે. એ જે રૂપે સ્થિત છે એ જ રીતે એ રૂપે ધ્યાનનો

વિષય છે-અન્ય રૂપે નહિ તેમ સમજવું.

ભાવ-ધ્યેય

**अर्थ-व्यंजन-पर्यायाः मूर्ताऽमूर्ता गुणाश्च ये।**
**यत्र द्रव्ये यथाऽवस्थास्तांश्च तत्र तथा स्मरेत्।।११६।।**

**અર્થ :** જે અર્થપર્યાય તથા વ્યંજનપર્યાયો અને મૂર્તિક તથા અમૂર્તિક ગુણો જે દ્રવ્યમાં જેમ અવસ્થિત છે તેને ત્યાં તે તે રૂપે ધ્યાતા ચિંતન કરે એ ભાવ-ધ્યેયનું સ્વરૂપ કહ્યું.

ભાવાર્થ : મુખ્યત્વે તો ગુણપર્યાયના ધ્યાનને ભાવ-ધ્યેય કહ્યું. અર્થપર્યાય અને વ્યંજનપર્યાય તથા ગુણો કે જે સામાન્ય અને વિશેષ દષ્ટિથી અનેક પ્રકારે છે જેથી જે દ્રવ્યમાં જ્યાં જે પ્રકારે અવસ્થિત હોય તે દ્રવ્યમાં તે રીતે ધ્યાનને ભાવ-ધ્યેય કહ્યું. અર્થપર્યાય છયે દ્રવ્યમાં હોય છે અને વ્યંજન પર્યાય જીવ-પુદ્‌ગલને હોય છે એ વ્યંજન-પર્યાય સ્થૂલવચનમાં આવે તેવી, સમયે સમયે વિનાશ-રહિત અને કાલાન્તર-સ્થાયી હોય છે જ્યારે અર્થપર્યાય સર્વે સૂક્ષ્મ અને સમયે સમયે વ્યયરૂપ હોય છે. (અત્રે આલાપપદ્ધતિ અને જ્ઞાનાર્ણવની ગાથા ૬-૪૫નો આધાર આપ્યો).

દ્રવ્યના છ ભેદ અને તેમાં ધ્યેયતમ આત્મા

**पुरुषः पुद्‌गलः कालो धर्माऽधर्मो तथाऽम्बरम्।**
**षड्‌विधं द्रव्यमाख्यातं तत्रध्येयतमः पुमान्।।११७।।**

**અર્થ :** પુરુષ (જીવાત્મા), પુદ્‌ગલ, કાલ, ધર્મ, અધર્મ અને આકાશ એવા છ ભેદ રૂપ દ્રવ્ય કહ્યાં છે. તે દ્રવ્યોમાં સર્વથી અધિક ધ્યાનયોગ્ય પુરુષરૂપ આત્મા છે. અહીં આત્માને પુરુષ કહેલ છે.

ભાવાર્થ : જીવદ્રવ્ય ચેતનાસ્વરૂપ છે, બાકીનાં દ્રવ્યો ચેતનારહિત અચેતન છે. પુદ્‌ગલ-દ્રવ્ય રૂપી (મૂર્તિક) છે, બાકીનાં દ્રવ્યો અમૂર્તિક છે. કાળદ્રવ્ય પ્રદેશપ્રચયરહિત હોવાથી અકાય છે, બાકીનાં દ્રવ્યો પ્રદેશપ્રચય હોવાથી અસ્તિકાય છે. પરમાણુરૂપ પુદ્‌ગલ-દ્રવ્ય જોકે એકપ્રદેશી છે તોપણ અનેક પરમાણુ મળીને નાનામોટા સ્કંધોરૂપ પરિણમે છે તેથી ઉપચારથી સકાય કહેલ છે. જીવ અને પુદ્‌ગલ સક્રિય છે. બાકીનાં દ્રવ્યો નિષ્ક્રિય છે. જીવ અને પુદ્‌ગલ કથંચિત્ વિભાવરૂપ પરિણમે છે, બાકીનાં

દ્રવ્યો સ્વાભાવિક પરિણમે છે. ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશ-એ ત્રણે દ્રવ્ય સંખ્યામાં એક એક છે. કાળદ્રવ્ય અસંખ્યાત છે. જીવદ્રવ્ય અનંત છે. પુદ્ગલ-દ્રવ્ય અનંતાનંત છે. જીવ તથા પુદ્ગલ-દ્રવ્યમાં સંકોચવિસ્તાર સંભવિત છે-બાકીનાં દ્રવ્યોને નહિ. આકાશ અખંડ એક દ્રવ્ય છે પરંતુ તેના બે ભેદ કહ્યા-લોકાકાશ અને અલોકાકાશ. આકાશ-દ્રવ્યના બહુ મધ્ય પ્રદેશમાં જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાલ એ પાંચે દ્રવ્યો જ્યાં દેખાય છે તે 'લોકાકાશ' છે, બાકીના આકાશને અલોકઆકાશ કહે છે. ધર્મ-અધર્મ દ્રવ્યો સદા લોકાઆકાશમાં વ્યાપ્તરૂપે રહ્યાં છે-અન્ય દ્રવ્યની એ સ્થિતિ નથી. કાલાણુરૂપ કાળ-દ્રવ્ય લોકઆકાશમાં એક એક પ્રદેશમાં સ્થિત છે તેથી લોકાકાશના પ્રદેશની જે સંખ્યા છે તેટલી કાલ-અણુની સંખ્યા છે. એક જીવની અપેક્ષાએ જીવ લોકના અસંખ્યાતમા ભાગમાં સ્થિત છે તેથી બે આદિ અસંખ્યેય ભાગોમાં વ્યાપ્ત થાય છે તથા લોક-પૂર્ણ સમુદ્ઘાતની અપેક્ષા આખા લોકઆકાશમાં વ્યાપે છે. આખું લોકઆકાશ જીવદ્રવ્યથી ભરેલ છે. પુદ્ગલ દ્રવ્ય-અણુ અને સ્કંધરૂપ થાય છે. અણુનું અવગાહન ક્ષેત્ર આકાશનો એક પ્રદેશ છે. દ્વિ અણુ આદિ સ્કંધોનું અવગાહન ક્ષેત્ર લોકાકાશના દ્વિ આદિ પ્રદેશોમાં હોય છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે જે સમયે સમયે ધ્રૌવ્ય-ઉત્પતિ-વ્યય-આત્મક છે-જીવનું લક્ષણ ઉપયોગ છે તેના બે ભેદ છે-એક જ્ઞાન, બીજું દર્શન-લક્ષણ. જીવના સંસારી અને મુક્ત એમ બે ભેદ છે. સંસારી જીવ ત્રસસ્થાવર રૂપે બે ભેદે છે. જેમાં પૃથ્વી-પાણી-તેજ-વાયુ અને વનસ્પતિ એ એકેન્દ્રિય સ્થાવર જીવ છે. બાકીના ત્રસ જીવો છે. ત્રસ જીવો લોકના મધ્યે ત્રસ નાડીમાં વસે છે. સ્થાવર જીવ ત્રસ નાડીમાં તથા બહાર પણ નિવાસ કરે છે. સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણ ગુણવાળાં પુદ્ગલ-દ્રવ્ય છે. સ્પર્શગુણના કોમળ, કઠોર, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ એવા આઠ ગુણ છે. રસના તીખો, કડવો, અમ્લ, મધુર અને કષાયેલો એવા પાંચ ગુણ છે. સુગંધ અને દુર્ગંધ એ ગંધના બે ભેદ છે. વર્ણના ભેદ નીલ, પીત, શુકલ, કૃષ્ણ અને રક્ત એ પાંચ મૂળ ભેદ છે. શબ્દ, બંધ, સૌક્ષ્મ્ય, સ્થૂલ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, આતપ અને ઉદ્યોત એ દસ પુદ્ગલના વિશેષો છે, અર્થાત્ પર્યાયો છે. ગતિ પરિણત જીવ અને પુદ્ગલને ગમનમાં સહાયક-ઉપકારક-ધર્મદ્રવ્ય છે તે જેમ પાણીમાં ગતિ કરવા માછલીને પાણી ઉપકારક છે તેમ છે પરંતુ જો કોઈ ગમન ન કરે તો પ્રેરક નથી-ઉદાસીન દ્રવ્ય છે. અધર્મદ્રવ્ય જીવપુદ્ગલોને સ્થિતિ થવામાં ઉદાસીન નિમિત્ત છે જેમ મુસાધરોને વૃક્ષાદિની છાયા, ઠેરવામાં-સ્થિત થવામાં-ઉપકારક છે એ રીતે સહકારક કે ઉપકારક કહ્યાં. બળપૂર્વક ગતિ કરાવે કે સ્થિર કરાવે તેમ નથી. જીવાદિ દ્રવ્યોને અવગાહન-દાન કે અવકાશદાનની યોગ્યતા રાખે છે તેને આકાશદ્રવ્ય કહે છે તથા દ્રવ્યોને પરિવર્તન થવામાં સહકારી કાળદ્રવ્ય છે. કાળદ્રવ્યના બે ભેદ છે-નિશ્ચયકાળ અને વ્યવહારકાળ.

લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જે અનાદિ અનંત એક એક કાલ–અણુ છે તેનું વર્તના લક્ષણ છે- જીવાદિ સર્વે દ્રવ્યોને પ્રતિક્ષણ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યાત્મક સત્‌રૂપ વર્તનમાં સહાયક અથવા સ્વસત્તાનુભૂતિમાં કારણ છે તેને નિશ્ચયકાળ કહે છે. તેવાં કાળદ્રવ્ય અસંખ્ય છે. રત્નના ઢગલારૂપે સ્થિત છે. વ્યવહારકાળદ્રવ્ય એટલે સમય (ક્ષણ), પળ, ઘડી, કલાક, મુહૂર્ત, પહોર, દિન, રાત, સપ્તાહ, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ વગેરે ભેદો જે આદિઅંત સહિત છે તે નિશ્ચયકાળની પર્યાય છે. તેના પણ પરિણામ, ક્રિયા, પરત્વ, અપરત્વ એવા ચાર ભેદ છે. દ્રવ્યમાં પોતાની જાતના સ્વરૂપના ત્યાગ વિના જે સ્વાભાવિક કે પ્રાયોગિક સ્થૂલ પરિણમન-પર્યાય-અન્તર થાય છે તેને પરિણામ કહે છે. બાહ્ય તથા અભ્યંતર કારણોથી જે પરિસ્પન્દાત્મક કંપન છે તેને ક્રિયા કહે છે. કાળકૃત નાનામોટાપણાને પરત્વ-અપરત્વ કહે છે. વિશેષ વ્યાખ્યા તત્ત્વાર્થસૂત્ર આદિથી જાણવી. આ સર્વે દ્રવ્યોમાં સર્વથી અધિક ધ્યાનને યોગ્ય આત્મદ્રવ્ય છે.

આત્મદ્રવ્ય સર્વાધિક ધ્યેય શા માટે ?

**सति हि ज्ञातरि ज्ञेयं ध्येयतां प्रतिपद्यते।**
**ततो ज्ञानस्वरूपोऽयमात्मा ध्येयतमः स्मृतः।।११८।।**

**અર્થ :** જ્ઞાતાના અસ્તિત્વમાં જ જ્ઞેય છે તે ધ્યેયતાને પ્રાપ્ત બને છે માટે જ્ઞાનસ્વરૂપ આત્મા જ ધ્યેયતમ-સર્વાધિક ધ્યેય છે.

ભાવાર્થ : જ્યારે કોઈ પણ જ્ઞેય વસ્તુ જ્ઞાતા વિના ધ્યેયતાને પ્રાપ્ત થતી નથી માટે જ્ઞાનસ્વરૂપ આત્મા જ અધિક મહત્ત્વનું ધ્યેય ઠરે છે.

આત્મદ્રવ્યના ધ્યાનમાં પંચપરમેષ્ઠીના ધ્યાનની પ્રધાનતા

**तत्राऽपि तत्त्वतः पंच ध्यातव्याः परमेष्ठिनः।**
**चत्वारः सकलास्तेषु सिद्धः स्वामी तु निष्कलः।।११९।।**

**અર્થ :** આત્માના ધ્યાનમાં પણ વસ્તુપણે (વ્યવહારધ્યાનની દૃષ્ટિથી) પંચ પરમેષ્ઠી ધ્યાનને માટે જાણવા યોગ્ય છે, જેમાં અર્હન્ત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠી - એ ચાર સશરીર છે અને સિદ્ધ પરમેષ્ઠી નિષ્કલ એટલે અશરીરી છે તથા સ્વામી છે.

ભાવાર્થ : સિદ્ધ પરમેષ્ઠીને અત્રે સ્વામીપણું એ વિશેષણ કહ્યું તો તે વિશેષતા એમ સૂચવે છે કે ખરેખર સિદ્ધાત્મા જ સ્વાત્મ-સંપત્તિને માટે પરિપૂર્ણ સ્વામી છે બીજા નહિ (ગૌણ) સમજવું.

સિદ્ધાત્મક-ધ્યેયનું સ્વરૂપ

**अनन्त-दर्शन-ज्ञान-सम्यक्त्वादि-गुणात्मकम्।**
**स्वोपात्ताऽनन्तर-त्यक्त-शरीराऽऽकार-धारिणम्।।१२०।।**

**साकारं च निराकारममूर्तमजराऽमरम्।**
**जिन-बिम्बमिव स्वच्छ-स्फटिक-प्रतिबिम्बितम्।।१२१।।**

**लोकाऽग्र-शिखराऽऽरूढमुदूढ-सुखसम्यदम्।**
**सिद्धात्मानं निराबाधं ध्यायेन्निर्धूत-कल्मषम्।।१२२।।**

**અર્થ :** જે અનંતદર્શન-જ્ઞાન અને સમ્યક્ત્વાદિ ગુણમય છે, સ્વગૃહીત અને ત્યાર બાદ પરિત્યક્ત એવા ચરમ શરીરના આકારના ધારક છે-સાકાર અને નિરાકાર એ બન્ને રૂપે છે, અમૂર્ત છે, અજર છે, અમર છે, સ્વચ્છ સ્ફટિકમાં પ્રતિબિંબિત જિનબિંબની સમાન છે, લોકના અગ્ર શિખર ઉપર બિરાજેલ-આરૂઢ-છે, સુખસંપદાથી પરિપૂર્ણ છે, બાધાઓરહિત છે, અને કર્મ-કલંકથી વિમુક્ત છે એ સિદ્ધાત્માનું ધ્યાન ધ્યાવવું. તે આપણા માટે ધ્યાનના વિષય બને છે.

ભાવાર્થ : સિદ્ધાત્માનું સ્વરૂપ કહી પ્રેરણા આપી કે તેનું ધ્યાન કરવું. સ્વરૂપ બતાવતાં કહ્યું કે સિદ્ધભગવંત અષ્ટ ગુણો સહિત છે જે આઠ કર્મના ક્ષયથી ગુણો પ્રગટે છે. સિદ્ધોને બાકીના પાંચ ગુણોમાં અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહના, અગુરુલઘુ અને અવ્યાબાધની સૂચના કરી છે. અનંતજ્ઞાન, અનંતદર્શન અને સમ્યક્ત્વ મળી આઠ ગુણ કહ્યા. સિદ્ધને સાકાર-નિરાકાર કહેતાં છેલ્લા દેહે જેમાં મુક્તિની પ્રાપ્તિ થઈ છે તે શરીર આકારે પ્રદેશોનું અવગાહન છે. આ આકાર તજેલા શરીર જેવું પૌદ્‌ગલિક નહિ-ને ઇન્દ્રિયો વડે ગ્રહણ ન થાય તેવું નિરાકાર કહ્યું. આ વિષયમાં જિનબિંબ અને નિર્મલ સ્ફટિકનું ઉદાહરણ આપ્યું. આ ઉદાહરણ અતિ સુંદર અને હૃદયગ્રાહી છે. નિર્મલ સ્ફટિકમાં પ્રતિબિંબ પડેલ જિનબિંબનો આકાર તો છે પરંતુ તે પૌદ્‌ગલિક શરીરરૂપે નહિ. લોકાગ્ર શિખર કહેતાં લોકમધ્યે સ્થિત જે લોકનાડીના સર્વોપરી ભાગમાં જ્યાં છે ત્યાં તેની નીચે અર્ધચંદ્ર આકારે સિદ્ધશિલા છે. ત્યાં આત્મા ઊર્ધ્વગમન સ્વભાવથી એક સમયમાં પહોંચી જાય છે. એવા

સિદ્ધાત્માને (ધ્યાનમાં) મુખ્યપણે ધ્યાતાએ ધ્યાવવાનું કહ્યું. (ધ્યાતા સિદ્ધને ધ્યાનના વિષય બનાવે).

## અર્હદાત્મક - ધ્યેયનું સ્વરૂપ

तथाऽऽद्यमाप्तमाप्तानां देवानामधिदैवतम्।
प्रक्षीण-घातिकर्माणं प्राप्ताऽनन्त-चतुष्टयम्।।१२३।।

दूरमुत्सृज्य भू-भागं नभस्तलमधिष्ठितम्।
परमौदारिक-स्वाऽङ्ग-प्रभा-भर्त्सित-भास्करम्।।१२४।।

चतुस्त्रिंशन्महाऽऽश्चर्यैःप्रातिहार्यैश्चभूषितम्।
मुनि-तिर्यङ्-नर-स्वर्गि-सभाभिः सन्निषेवितम्।।१२५।।

जन्माऽभिषेक-प्रमुख-प्राप्त-पूजाऽतिशायिनम्।
केवलज्ञान-निर्णीत-विश्वतत्त्वोपदेशिनम्।।१२६।।

प्रशस्त-लक्षणाकीर्ण-सम्पूर्णोदग्र-विग्रहम्।
आकाश-स्फटिकान्तस्थ-ज्वलज्ज्वालानलोज्ज्वलम्।।१२७।।

तेजसामुत्तमं तेजो ज्योतिषां ज्योतिरुत्तमम्।
परमात्मानमर्हन्तं ध्यायेन्निश्रेयासाऽऽप्तये।।१२८।।

**અર્થ :** જે આપ્તપુરુષોમાં પણ મુખ્ય આપ્ત છે, જે દેવોના અધિદેવ છે, જેને ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય થયો છે અને અનંત ચતુષ્ટયને પ્રાપ્ત છે, ભૂમિને છોડીને આકાશમાં પોતાના પરમ ઔદારિક દેહમાં દેહની પ્રભા વડે સૂર્યની પ્રભાને ઝાંખી પાડતા બિરાજે છે, જે ચોત્રીસ મહાન આશ્ચર્યો-અતિશયોથી-અને આઠ પ્રતિહાર્યો વડે સુશોભિત છે, (સમવસરણમધ્યે) મુનિઓ-તિર્યંચો-મનુષ્યો અને સ્વર્ગ આદિના દેવોની સભા વડે સેવિત છે, જન્માભિષેક આદિ અવસરોમાં સાતિશય પૂજાને પ્રાપ્ત છે, કેવળજ્ઞાનનિર્ણીત સર્વે તત્ત્વોના ઉપદેશક છે, પ્રશસ્ત લક્ષણોથી પરિપૂર્ણ ઉત્તમ શરીરના ધારક છે, આકાશ-સ્ફટિકના અંતમાં સ્થિત જાજ્વલ્યમાન જ્વાલાવાળી અગ્નિ જેવા ઉજ્જવલ છે, જે તેજોમાં ઉત્તમ તેજ અને જ્યોતિપ્રકાશમાં ઉત્તમ જ્યોતિરૂપે છે, એવા અર્હંત પરમાત્માને ધ્યાતા કલ્યાણની પ્રાપ્તિ માટે ધ્યાવે અર્થાત્ જન્મ-જરા-મરણ આદિ દુઃખોથી રહિત શુદ્ધસુખસ્વરૂપ

નિર્વાણની-કલ્યાણની-પ્રાપ્તિ માટે ધ્યાવે.

ભાવાર્થ : જે જે ગુણોનું ઉપર વર્ણન કર્યું છે એ ગુણોરૂપ પરમાત્માનું ધ્યાતા ધ્યાન કરે.

### અર્હંતદેવના ધ્યાનનું ફળ

**वीतरागोऽप्ययं देवो ध्यायमानो मुमुक्षिभिः।**
**स्वर्गाऽपवर्ग-फलदः शक्तिस्तस्य हि तादशी।।१२९।।**

**અર્થ** : ધ્યાનના ધ્યાતા મુમુક્ષુને જોકે અર્હન્તદેવ વીતરાગ હોવા છતાં સ્વર્ગ અને મોક્ષરૂપ ફલના દાતા છે અને તેની તે શક્તિ સુનિશ્ચિત છે.

वीतरागोऽप्यसौ ध्येयो भव्यानां भवच्छिदे।
विच्छिन्नबंधनस्याऽस्य ताद्दग्नैसर्गिको गुणः।।
મહાપુરાણ ૨૧-૧૨૯

ભાવાર્થ : વીતરાગને ઇચ્છાનો અભાવ વર્તે છે છતાં એવી શક્તિ પ્રગટે છે કે ધ્યાતાને ધ્યાનનું ફળ સ્વતઃ મળી જાય છે. વીતરાગને શાંતિની પૂર્ણ પ્રતિષ્ઠા હોય છે જેથી શરણાર્થીને શાન્તિના વિધાતા બને છે. જેમ કે શીતપ્રધાન પ્રદેશમાં હિમવર્ષા ચાલુ છે તેથી ત્યાં શરણાગતને સહેજે શીતલતાની પ્રાપ્તિ થાય છે. અર્હંત પરમાત્માને ઘાતી કર્મોનો નાશ થયો છે અને ભવબંધનનો છેદ થયો છે તેના ધ્યાન વડે ધ્યાતાનાં ભવબંધનોનો સહેજે છેદ થઈ જાય છે જેમ કે

हृद्वर्तिनित्वयि विभो ! शिथिलीभवन्ति
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबंधाः।
सद्यो भुजंगममयाइव मध्यभाग-
मभ्यागते वनशिरवण्डिनि चन्दनस्य।।
-કલ્યાણમંદિર, પદ ૮

स्वदोष शान्त्या विहितात्म शान्तिः-
शान्ते र्विघाताशरणं गतानाम्।।
-સ્વયંભૂસ્તોત્ર, સ્વામી સમન્તભદ્ર, પદ ૮૦

એમ ચરમશરીરીને મોક્ષ અને અચરમશરીરીને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ અર્હંત-સિદ્ધના ધ્યાનનું ફળ છે.

આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-ધ્યેયનું સ્વરૂપ

**सम्यग् ज्ञानादि-सम्पन्नाः प्राप्त सप्तमहर्द्धयः।**
**यथोक्त-लक्षणा ध्येया सूर्युपाध्याय-साधवः।।१३०।।**

**અર્થ :** સમ્યગ્જ્ઞાન આદિ વડે સંપન્ન-સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શ્રદ્ધાન અને સમ્યક્ચારિત્ર જેવા સદ્‌ગુણોથી સમૃદ્ધ-જેને સાત મહાન ઋદ્ધિલબ્ધિઓ (સમસ્ત અથવા વ્યસ્તરૂપમાં) પ્રાપ્ત થઈ છે અને જે યથોક્ત આગમઉક્ત-લક્ષણના ધારક છે-એવા આચાર્ય-ઉપાધ્યાય અને સાધુજન ધ્યાનને માટે યોગ્ય છે. ધ્યાતાએ તેનું ધ્યાન કરવું.

ભાવાર્થ : આગલી ગાથાઓમાં સિદ્ધ અને અરહંત એ બે પરમેષ્ઠીઓને ધ્યેયરૂપ નિરૂપણ કર્યા બાદ અહીં આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે પરમેષ્ઠી ધ્યેય રૂપ છે તેમ કહ્યું. તેમાં 'સમ્યગ્જ્ઞાનાદિસંપન્નાઃ' એ વિશેષણ પદ તો પાંચેને માટે સમાન છે અને 'યથોક્ત-લક્ષણા' કહેતાં તેનાં લક્ષણ-ગુણો અલગ અલગ ગુણના સૂચક છે. જેમ કે આચાર્યના ૩૬ ગુણો, ઉપાધ્યાયના ૨૫ ગુણો અને સાધુના ૨૮ મૂળગુણો સાથે 'પ્રાપ્તસપ્તમહર્દ્ધયઃ' કહીને સાત મહાઋદ્ધિ-સિદ્ધિની સૂચના કરી. ઋદ્ધિનાં નામ : ૧. બુદ્ધિ, ૨. તપ, ૩. વિક્રિયા, ૪. ઔષદિ, ૫. રસ, ૬. બલ અને ૭. અક્ષીણ ઋદ્ધિ. તે અનેક પ્રકારે આગમમાં કહી છે તે મુજબ કોઈ ને એક ઋદ્ધિની પ્રાપ્તિ હોય, કોઈ ને અનેક ! પરંતુ કોઈ ને એક પણ ઋદ્ધિની પ્રાપ્તિ ન હોય તોપણ આદર્શ રૂપમાં તેમનું સંચિંતન કરવું.

પ્રકારાન્તથી ધ્યેયમાં દ્રવ્ય-ભાવરૂપ બે જ ભેદ

**एवं नामादि-भेदेन ध्येयमुक्तं चतुर्विधम्।**
**अथवा द्रव्य-भावाभ्यां द्विधैव तदवस्थितम्।।१३१।।**

**અર્થ :** આ પ્રમાણે નામ આદિ ચાર ભેદે અને દ્રવ્ય-ભાવથી બે ભેદે ધ્યેયના પ્રકાર છે.

દ્રવ્યધ્યેય અને ભાવ ધ્યેયનું સ્વરૂપ

**द्रव्य-ध्येयं बहिर्वस्तु चेतनाऽचेतनात्मकम्।**
**भाव-ध्येयं पुनर्ध्येय-सन्निभ-ध्यान पर्ययः।।१३२।।**

**અર્થ :** સર્વ બાહ્ય પદાર્થો ભલે તે ચેતન હોય કે અચેતન હોય તે સર્વે 'દ્રવ્ય-ધ્યેય'ના સમજવા, અને ભાવ-ધ્યેયમાં એ સર્વનું ધ્યાનપર્યાયમાં ગ્રહણ કરેલ છે. જેમાં ધ્યાતા ધ્યેય સદૃશ પરિણમન કરે છે-ધ્યેય રૂપને તદ્વત્ ક્રિયા કરવા સમર્થ હોય છે.

દ્રવ્ય-ધ્યેયના સ્વરૂપનું સ્પષ્ટીકરણ

**ध्याने हि विभ्रति स्थैर्यं ध्येयरूपं परिस्फुटम्।**
**आलेखितमिवाऽऽभाति ध्येयस्याऽऽसन्निधावपि।।१३३।।**

**અર્થ :** ધ્યાનમાં જ્યારે સ્થિરતાની દૃઢતા થઈ જાય છે ત્યારે ધ્યેયનું સ્વરૂપ, ધ્યેયની સન્મુખ ન હોય તોપણ ધ્યાતાને સ્પષ્ટરૂપથી આલેખિત એટલે ચિત્રિત કે અંકિત હોય તેમ લાગે છે.

દ્રવ્યધ્યેયને પિંડસ્થધ્યેયની સંજ્ઞા

**ध्यातुः पिण्डे स्थितश्चैव ध्येयोऽर्थो ध्यायते यतः।**
**ध्येयं पिण्डस्थमित्याहुरत एव च केचन।।१३४।।**

**અર્થ :** ધ્યેય પદાર્થ માત્ર ધ્યાતાના શરીરમાં સ્થિત રહેલ સ્વરૂપને જ ધ્યાનનો વિષય કહ્યો છે, જેથી કેટલાક આચાર્યો તેને પિંડસ્થ ધ્યેય કહે છે.

ભાવાર્થ : દ્રવ્ય-ધ્યેયને પિંડસ્થ ધ્યેય પણ કહે છે કેમ કે દ્રવ્યધ્યેય છે તે શરીરની બહાર નથી પરંતુ શરીરમાં સ્થિત ધ્યેયને ધ્યાનનો વિષય બનાવેલ છે. જ્ઞાનસારમાં તથા જ્ઞાનાર્ણવની ગાથા ૩૭-૨-૩માં તથા યોગશાસ્ત્ર ૭-૯માં પણ એમ જ સ્પષ્ટ કરેલ છે. જ્ઞાનાર્ણવમાં પિંડસ્થ ધ્યાનના રૂપમાં પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વરૂપવતી એવી પાંચ ધારણાને પિંડસ્થ ધ્યાનરૂપ કહી છે.

ભાવધ્યેયનું સ્પષ્ટીકરણ

**यदा ध्यान-बलाद् ध्याता शून्यीकृत्य स्वविग्रहम्।**
**ध्येय स्वरूपाविष्टत्वात्तादृक् सम्पद्यते स्वयम्।।१३५।।**

**तदा तथाविध-ध्यान-संवित्ति-ध्वस्त-कल्पनः।**
**स एव परमात्मा स्याद्वैनतेयश्च मन्मथः।।१३६।।**

**અર્થ :** જ્યારે ધ્યાતા ધ્યાનના બલથી પોતાના શરીરને શૂન્યવત્ બનાવી ધ્યેયસ્વરૂપમાં આવિષ્ટ-પ્રવિષ્ટ હોવાથી તે-રૂપ બનાવે છે એ સમયે એવી રીતની ધ્યાન-સંવિત્તિમાં ભેદ-વિકલ્પનો નાશ કરે છે અને સ્વયં પરમાત્મા, ગરુડ અથવા કામદેવ બની જાયે છે.

ભાવાર્થ : પરમાત્મસ્વરૂપને ધ્યાનાવિષ્ટ કરવાથી પરમાત્મા પોતે ગરુડરૂપ ધ્યાનમાં ગરુડરૂપ અને કામદેવના સ્વરૂપના ધ્યાનમાં કામદેવ બની જાય છે. ધ્યાતા ધ્યાનના અભ્યાસ વડે પોતાના દેહને શૂન્ય કરી કે જેમાં બાહ્ય પદાર્થોની અસર રહેતી નથી એ રીતે તદ્રૂપ ધ્યાનના અનુભવમાં ભેદભાવ રહેતા નથી એમ ભાવ-ધ્યેયનો સાર છે. અહીં 'સ એવ પરમાત્મા સ્યાદ્ વૈનતેયશ્ચ મન્મથઃ' એ વાક્ય વિચારવા જેવું છે. તેમાં શિવ, ગરુડ અને કામ એ ત્રણે તત્ત્વો સૂચવે છે કે જે આત્માથી કોઈ જુદી વસ્તુ કહી નથી. સંસારસ્થ આત્માની જ શક્તિવિશેષરૂપ છે. જ્ઞાનાર્ણવના 'ત્રિતત્ત્વરૂપણ'માં આત્માની અચિન્ત્યશક્તિ કહી છે જેમ કે

शिवोऽयं वैनतेयश्च स्मरश्चात्मैव कीर्तितः।
अणिमादि-गुणाऽनर्घ्य रत्नवार्धिर्बुधैर्मतः।।८१।।

``तदेवं यदिह जगति शरीरविशेषसमवेतं किमपि सामर्थ्यमुपलभामहे तत्सकलात्मन एवेति विनिश्चयः।। आत्मप्रवृत्ति-परंपरोत्पादितत्त्वाद्विग्रह-ग्रहण मस्येति।''

सोऽयं समरसीभावस्तदेकीकरणं स्तृतम्।
अपृथक्त्वेन यत्रात्मा लीय ते परमात्मनि।।

(જ્ઞાનાર્ણવ ૩૧-૩૮)

(યોગશાસ્ત્ર ૧૦-૪ અને યોગપ્રદીપ-૬૫માં પણ ઉપર મુજબ ભાવથી કહે છે)

સમરસીભાવ અને સમાધિનું સ્વરૂપ

**सोऽयं समरसीभावस्तदेकीकरणं स्मृतम्।**
**एतदेव समाधिः स्याद्लोक-द्वय-फल-प्रदः।।१३७।।**

**અર્થ :** આ બન્ને કે જે ધ્યેય અને ધ્યાતાનું એકીકરણ છે તેને સમરસી ભાવ માનવામાં આવેલ છે-આ એકીકરણ તે સમાધિરૂપ ધ્યાન છે અને તે બન્ને લોકના ફલને આપે છે.

ભાવાર્થ : ભાવ-ધ્યેયમાં ધ્યાતા પોતાનું ભિન્ન અસ્તિત્વ ભૂલીને ધ્યેયમાં એવો લીન થઈ જાય છે કે તદ્રૂપ ક્રિયા કરવા મંડે છે તેને સમરસીભાવ કહે છે. તેનું નામ જ સમાધિ ભાવ છે જે વડે આ લોક સંબંધીનું તથા પરલોક સંબંધીનું ફલ એમ બન્ને પ્રકારના ફલને પ્રાપ્ત કરે છે.

હવે બે પ્રકારનાં ધ્યેયના કથનનો ઉપસંહાર

**किमत्र बहुनोक्तेन ज्ञात्वा श्रद्धाय तत्त्वतः।**
**ध्येयं समस्तमप्येतन्माध्यस्थ्यं तत्र बिभ्रता।।१३८।।**

**અર્થ :** આ વિષયમાં ઘણું કહેવાથી શું ? આ સમસ્ત ધ્યેયનું સ્વરૂપ વસ્તુતઃ જાણીને અને શ્રદ્ધા કરીને મધ્યસ્થતા એટલે વીતરાગતા ધારણ કરનારે તેને જ પોતાના ધ્યાનનો વિષય બનાવવો જોઈએ. અહીં જ્ઞાનાર્ણવ તથા દ્રવ્યસંગ્રહની ગાથા કહી જેનો અર્થ : વિશ્વવર્તી સમસ્ત પદાર્થ સમૂહ કે જે વીતરાગ સાધુને ધ્યાનનો વિષય બને છે અને ધ્યેયના સ્વરૂપમાં વિપરીતતાના અભાવરૂપે છે જેથી મધ્યસ્થતાને ધારણ કરેલ છે. બીજા પદમાં એમ કહ્યું કે યોગી જે વીતરાગ બને છે ત્યારે જે કાંઈ ચિંત્વન કરે છે તે સઘળું ધ્યાન જ છે. સાથે કહ્યું કે સાધુ કોઈ પણ પદાર્થનું ચિંત્વન કરે છે ત્યારે તેમાં એકાગ્ર થાય છે-વીતરાગ કે મધ્યસ્થ થાય છે અને તેને નિશ્ચય-ધ્યાન કહ્યું છે.

માધ્યસ્થ્યનાં બીજાં નામ

**माध्यस्थ्यं समतोपेक्षा वैराग्यं साम्यमस्पृहा।**
**वैतृष्ण्यं प्रशमः शान्तिरित्येकार्थोऽभिधीयते।।१३९।।**

**અર્થ :** મધ્યસ્થતા, સમતા, ઉપેક્ષા, વૈરાગ્ય, સામ્ય, અસ્પૃહા (નિઃસ્પૃહતા), વૈતૃષ્ણ્ય (તૃષ્ણાનો અભાવ), પ્રશમ અને શાન્તિ એ સર્વેના એક જ અર્થ છે.

ભાવાર્થ : અહીં માધ્યસ્થ્યના અનેક પર્યાયવાચી નામ કહ્યાં છે જેમ કે ઉપેક્ષા, વૈરાગ્ય, સામ્ય, નિઃસ્પૃહતા, વિતૃષ્ણા, પ્રશમ, શાન્તિ, તેવા જ ભિન્ન ભિન્ન સંજ્ઞાથી અનેક ગુણ-ધર્મ, શક્તિ અપેક્ષાએ

ઉદાસીનતા, વીતરાગતા, રાગદ્વેષવિહીનતા, લાલસાવિમુક્તિ, અનાસક્તિ, સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, યોગ, ચિત્તનિરોધ અને શુદ્ધોપયોગ એવાં નામ કહ્યાં છે.

પરમેષ્ઠીને ધ્યાવતાં સર્વવસ્તુ ધ્યાન

संक्षेपेण यदत्रोक्यं विस्तरात्परमागमे।
तत् सर्वं ध्यातमेव स्याद् ध्यातेषु परमेष्ठिसु।।१४०।।

**અર્થ :** આ શાસ્ત્રમાં જે કાંઈ સંક્ષેપથી કહેવામાં આવ્યું છે તેને પરમઆગમમાં વિસ્તારપૂર્વક કહ્યું છે. પંચપરમેષ્ઠીને ધ્યાવતાં સર્વે ધ્યાતરૂપમાં જ પરિણમે છે-પૃથગ્રૂપથી ધ્યાનની જરૂર નથી રહેતી અથવા પંચપરમેષ્ઠીનું ધ્યાન કરી લેવાથી સર્વ શ્રેષ્ઠ વ્યક્તિઓ અને ઉત્તમ વસ્તુઓનું ધ્યાન તેમાં સમાવિષ્ટ છે-સમાય છે-કેમ કે પંચપરમેષ્ઠીના ધ્યાનથી અન્ય કોઈ વિષય ધ્યાન માટે બાકી રહેતો નથી કે કે જે આત્મવિકાસમાં વિશેષ સહાયક બને છે.

નિશ્ચયધ્યાનનું નિરૂપણ

व्यवहारनयादेवं ध्यानमुक्तं पराश्रयम्।
निश्चयादधुना स्वात्मालम्बनं तन्निरूप्यते।।१४१।।

**અર્થ :** વ્યવહારનયની દૃષ્ટિથી આને પરાશ્રિત ધ્યાન કહેવામાં આવેલ છે. હવે નિશ્ચયનયની દૃષ્ટિથી સ્વાત્મા-અવલંબનરૂપ ધ્યાનનું નિરૂપણ કરવામાં આવે છે.

ભાવાર્થ : ગાથા ૯૮માં કહ્યા પ્રમાણે વ્યવહારનય-આશ્રિત ધ્યાનને આજ્ઞાવિચય આદિ પરાલંબનરૂપ કહેવામાં આવ્યું છે હવે તે માટે નિશ્ચયનય આશ્રિત સ્વ-આત્મા અવલંબનરૂપ ધ્યાનનું નિરૂપણ કરવામાં આવશે.

ब्रुवता ध्यान-शब्दार्थं यद्रहस्यमवादि तत्।
तथापि स्पष्टमाख्यातुं पुनरप्यभिधीयते।।१४२।।

**અર્થ :** જોકે ધ્યાન શબ્દના અર્થ બાબત જે રહસ્યપૂર્ણ વાત હતી તે ગાથા ૬૭-૭૪માં કહેવામાં આવી ગઈ છે છતાં ફરીને સ્પષ્ટરૂપ વ્યાખ્યા કરવામાં આવે છે.

**दिध्यासुः स्वं परं ज्ञात्वा श्रद्धाय च यथास्थितम्।**
**विहायाऽन्यदनर्थित्वात् स्वमेवाऽवैतु पश्यतु।।१४३।।**

**અર્થ :** જે સ્વાવલંબી નિશ્ચય-ધ્યાન કરવાને ઈચ્છે છે તે જીવ સ્વને સ્વ અને પરને પર જેમ છે તેમ યથાવસ્થિત રૂપે જાણીને તેની શ્રદ્ધા કરે અને પરવસ્તુને નિરર્થક જાણી છોડીને સ્વઆત્માને જ જાણી શ્રદ્ધે.

**पूर्वं श्रुतेन संस्कारं स्वात्मन्यारोपयेत्ततः।**
**तत्रैकाग्र्यं समासाद्य न किंचिदपि चिन्तयेत्।।१४४।।**

**અર્થ :** પ્રથમ તો શ્રુત-આગમ-વડે પોતાને પોતામાં આત્મસંસ્કારોથી સંસ્કારિત કરે અર્થાત્ આગમમાં આત્માને યથાર્થરૂપમાં જેમ વર્ણવેલ છે તે પ્રકારની ભાવના દ્વારા સંસ્કાર પાડે-ત્યાર બાદ તેવા સંસ્કાર પામેલ સ્વઆત્મામાં પોતાને એકાગ્રતા (તલ્લીનતા) પ્રાપ્ત કરી કાંઈ પણ ચિંત્વન કરે નહિ અર્થાત્ સ્વસ્વરૂપમાં સુદઢતાની પ્રાપ્તિ માટે અન્ય ચિંતાને છોડી પોતામાં લીન થઈ શકે. આ વાત બહુ મહત્ત્વની છે જે હવે પછીના બે શ્લોકમાં કહે છે.

શ્રૌતી ભાવનાનું અવલંબન ન લે તો હાનિ

**यस्तु नालम्बते श्रौतीं भावनां कल्पना-भयात्।**
**सोऽवश्यं मुह्यति स्वस्मिन् बहिश्चिन्तां विभर्ति च।।१४५।।**

**અર્થ :** જો ધ્યાતા કલ્પનાના ભયથી શ્રૌતી (શ્રુતાત્મક) ભાવનાનું અવલંબન લેતો નથી તો તે અવશ્ય પોતાના આત્માની બાબતમાં મોહને પ્રાપ્ત થાય છે અને બાહ્ય ચિંતાને ધારણ કરે છે.

ભાવાર્થ : ધ્યાતા નિર્વિકલ્પ-ધ્યાન નહિ બની શકે તેવા ભયથી પૂર્વઅવસ્થામાં પણ જો શ્રૌતી ભાવનાને સવિકલ્પ માની અપનાવે નહિ તો તે જીવ મોહને પ્રાપ્ત થઈ દષ્ટિવિકાર થતાં બાહ્ય પદાર્થોની ચિંતામાં પણ પડી જાય છે. માટે પ્રથમ શ્રૌતી ભાવનાના સંસ્કારને દઢ કરી નિર્વિકલ્પ ધ્યાનને એટલે સમાધિને યોગ્ય બને.

શ્રૌતી ભાવનાની દષ્ટિ

**तस्मान्मोह-प्रहाणाय बहिश्चिन्ता-निवृत्तये।**
**स्वात्मानं भावयेत् पूर्वमेकाग्र्यस्य च सिद्धये।।१४६।।**

**અર્થ :** માટે મોહનો વિનાશ કરવા માટે, બાહ્યચિંતાથી નિવૃત્ત થવાને માટે અને એકાગ્રયતાની સિદ્ધિને માટે ધ્યાતા પ્રથમ આત્માને શ્રૌતી ભાવના વડે સંસ્કારિત કરે-ભાવે. એ રીતે અત્રે શ્રૌતી ભાવનાની દૃષ્ટિ અને તેનું મહત્ત્વ બતાવ્યું.

શ્રૌતી ભાવનાનું સ્વરૂપ

**तथा हि चेतनोऽसंख्य-प्रदेशो मूर्तिवर्जितः।**
**शुद्धात्मा सिद्ध-रूपोऽस्मि ज्ञान-दर्शन-लक्षणः।।१४७।।**

**અર્થ :** ધ્યાતા શ્રૌતી ભાવનામાં ભાવે છે કે હું ચેતન છું-અસંખ્ય પ્રદેશી છું, મૂર્તિરહિત-અમૂર્તિ છું, સિદ્ધ સમાન શુદ્ધાત્મા છું અને જ્ઞાન-દર્શન-લક્ષણે યુક્ત છું.

ભાવાર્થ : હું આત્મા ચૈતન્ય રૂપ, અસંખ્યાતપ્રદેશી, સ્પર્શ-રસ-ગંધ અને વર્ણરૂપ રૂપી પદાર્થથી રહિત અરૂપી છું, સિદ્ધો સમાન શુદ્ધ છું અને જ્ઞાન-દર્શન-લક્ષણે લક્ષિત ઉપયોગ લક્ષણજ્ઞાન-ઉપયોગ, દર્શન-ઉપયોગ રૂપ છું (જ્ઞાન-ઉપયોગના આઠ અને દર્શન-ઉપયોગના ચાર ભેદ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યા છે).

**नाऽन्योऽस्मि नाऽहमस्त्यन्यो नाऽन्यस्याऽहं न मे परः।**
**अन्यस्त्वन्योऽहमेवाऽहमन्योऽन्यस्याऽहमेव मे।।१४८।।**

**અર્થ :** હું અન્ય નથી-અન્ય તે હું નથી. હું અન્યનો નથી અને અન્ય મારું કાંઈ નથી-ખરેખર અન્ય તે અન્ય જ છે. હું જ હું છું. અન્ય જે છે તે અન્યના છે અને હું જ મારો છું.

ભાવાર્થ : સ્વપર ભેદભાવને દૃઢ કરતાં આતમ ભાવના ભાવે છે. સ્વ સ્વ છે પર પર છે એમ કહ્યું. (સ્વમાં વશ પરથી ખસ) (આત્માનુશાસન, પદ ૨૪૩)

**अन्यच्छरीरमन्योऽहं चिदहं तदचेतनम्।**
**अनेकमेतदेकोऽहं क्षयीदमहमक्षयः।।१४९।।**

**અર્થ :** શરીર અન્ય છે, હું અન્ય છું કેમ કે હું ચેતન છું-શરીર અચેતન છે. આ શરીર અનેકરૂપ છે. ક્ષયી એટલે નાશવંત છે અને હું અક્ષય એટલે અવિનાશી છું.

ભાવાર્થ : શરીરથી આત્મા ભિન્ન છે તેવી ભાવના કહી. શરીર ક્ષણેક્ષણે ક્ષીણ થાય છે. આત્મા અક્ષય છે તેનું સ્વરૂપ કહ્યું. (જડ-ચેતન ભિન્ન દ્રવ્યો કહ્યાં).

**अचेतनं भवेन्नाऽहं नाऽहमप्यस्म्यचेतनम्।**
**ज्ञानात्माऽहं न मे कश्चिन्नाऽहमन्यस्य कस्यचित्।।१५०।।**

**અર્થ :** અચેતન તે હું થતો નથી તથા ચેતન તે અચેતન થતું નથી. હું જ્ઞાનસ્વરૂપ છું, મારું (અન્ય) કોઈ નથી અને હું કોઈ બીજાનો નથી. (અત્રે હું શબ્દ છે તે આત્માનો વાચક છે).

**योऽत्र स्व-स्वामि-सम्बन्धो ममाऽभूद्वपुषा सह।**
**यस्त्वेकत्व-भ्रमस्सोऽपि परस्मान्न स्वरूपतः।।१५१।।**

**અર્થ :** આ સંસારમાં શરીરની સાથે મારો સ્વ-સ્વામી-સંબંધ દેખાય છે અર્થાત્ શરીર મારું સ્વ અને તેનો હું સ્વામી છું એવો એકત્વનો જે ભ્રમ છે તે સર્વે પરના નિમિત્તથી છે-સ્વરૂપથી નહિ.

ભાવાર્થ : ગાથામાં જે 'પરસ્માત્' શબ્દ છે તેનો અર્થ પરનિમિત્ત કહ્યો છે. કર્મના નિમિત્તે સંયોગ-સંબંધ જેનો તે (કર્મનો) વિયોગ જરૂર હોય. માટે શ્રૌતી ભાવનામાં આત્મચિંત્વન કરનાર શરીર સાથે સ્વ-સ્વામી-સંબંધ અને એકત્વનો જે ભ્રમ છે તે દૂર કરે છે. (નિમિત્તાધીન વિકાર-દૃષ્ટિરૂપ ભ્રમ આતમભાવના વડે દૂર કરે છે).

**जीवादि-द्रव्य-याथात्म्य ज्ञानात्मकमिहाऽत्मना।**
**पश्यन्नात्मन्यथाऽत्मानमुदासीनोऽस्मि वस्तुषु।।१५२।।**

**અર્થ :** આ સંસારમાં જીવ આદિ દ્રવ્યોને સ્વરૂપે તે જેવા છે તેવી રીતે યથાર્થતાથી જાણી આત્માને જ્ઞાનસ્વરૂપ આત્મા દ્વારા આત્મામાં દેખે છે અને અન્ય વસ્તુઓમાં ઉદાસીનતાથી રહે છે. અન્ય દ્રવ્યોમાં કોઈ પ્રકારે મારા રાગ આદિ ભાવ નથી તેવી ઉદાસીનતાથી રહે છે.

ભાવાર્થ : શ્રૌતી ભાવનામાં સ્વઆત્મામાં સ્થિત પોતે પોતાને દેખે છે અન્ય દ્રવ્યો પ્રત્યે ઉદાસીન

રહે છે.

**सद्द्रव्यमस्मि चिदहं ज्ञाता दृष्टा सदाऽप्युदासीनः।**
**स्वोपात्त-देहमात्रस्ततः परं गगनवदमूर्त्तः।।१५३।।**

**અર્થ :** હું સદા સદ્દ્રવ્ય છું, ચિદ્રૂપ છું, જ્ઞાતા-દ્રષ્ટા છું, ઉદાસીન છું. સ્વગૃહીત દેહમાં વ્યાપ્ત છું અને શરીરત્યાગ પછી આકાશ જેવો અમૂર્તિક છું.

ભાવાર્થ : 'સ્વોપાત્તદેહમાત્રઃ'નો અર્થ-સંસાર અવસ્થામાં આત્મા જે શરીરને ધારે છે તે શરીરના આકારે આત્માનો આકાર રહે છે અને શરીર-સંબંધ છૂટ્યે મુક્ત દશામાં જોકે આત્મા આકાશ સમાન અમૂર્તિક છે તોપણ પોતાના અસંખ્ય પ્રદેશોમાં અંતિમ શરીરના આકારે રહે છે. કેમ કે આત્માના પ્રદેશોમાં જે સંકોચ-વિસ્તાર કર્મના નિમિત્તે થતો હતો તે હવે કર્મોનું અસ્તિત્વ જ નહિ રહેવાથી સંકોચ-વિસ્તાર અટકી જાય છે અને અંતિમ દેહ આકારે સિદ્ધદશામાં અમૂર્તિક અવગાહના આકારે રહે છે. અહીં આગળના પદનાં ૨૩૨-૨૩૩નો આધાર છે કે 'પુંસઃ સંહાર-વિસ્તારૌ સંસારે કર્મનિર્મિતૌ' ઇત્યાદિથી સ્પષ્ટ કરેલ છે.

**सन्नेवाऽहं सदाऽप्यस्मि स्वरूपादि-चतुष्टयात्।**
**असन्नेवाऽस्मि चात्यन्तं पररूपाद्यपेक्षया।।१५४।।**

**અર્થ :** સ્વરૂપ આદિ ચતુષ્ટયની દૃષ્ટિથી સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવની અપેક્ષાથી - હું સદા સત્‌રૂપ જ છું અને પરસ્વરૂપ આદિ ચતુષ્ટયની દૃષ્ટિથી-એટલે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવની અપેક્ષાએ-અત્યંત અસત્‌રૂપ જ હું છું.

ભાવાર્થ : અત્રે આત્મા સત જ છે એમ નથી પરંતુ અસત્‌રૂપ પણ છે. અપેક્ષા-ભેદથી આ પદમાં કહેવામાં આવ્યું છે અર્થાત્ જે અપેક્ષાએ સત્ એ જ અપેક્ષાથી અસત્ છે તેમ કહ્યું નથી માટે સત્-અસ્તિ, સત્-નાસ્તિને પરસ્પર અવિનાભાવ છે. સ્વામીશ્રી સમન્તભદ્ર આચાર્યે દેવાગમમાં નીચે મુજબ કહ્યું છે :

सदेव सर्वं को नेच्छेत्स्वरूपादि-चतुष्टयात्।
असदेव विपर्यासान्न चेन्न व्यवतिष्ठते।।१५।।

એ રીતે સ્વરૂપ આદિ ચતુષ્ટયરૂપ સત્‌દ્રવ્ય જો પરદ્રવ્યાદિ ચતુષ્ટયના અભાવને પોતામાં ન ગ્રહે-જાણે-તો તેને સ્વરૂપની કોઈ પણ પ્રકારે પ્રતિષ્ઠા જ બનતી નથી અને તેથી સંસારમાં કોઈ વસ્તુની વ્યવસ્થા જ બની ન શકે. અત્રે દેવાગમની બીજી બે ગાથાઓ કહી તેની વિગત :

अस्तित्वं प्रतिषेध्येनाऽविनाभाव्येकधर्मिणि।
विशेषणत्वात् साधर्म्यं यथाभेद-विवक्षया।।१७।।

नास्तित्वं प्रतिषेध्येनाऽविनाभाव्येकधर्मिणि।
विशेषणत्वात्वैधर्म्यं यथाभेद-विवक्षया।।१८।।

**यन्न चेतयते किंचिन्नाऽचेतयत् किंचन।**
**यच्चेतयिष्यते नैव तच्छरीरादिनाऽस्म्यहम्।।१५५।।**

**અર્થ :** જે કાંઈ ચેતતો-જાણતો નથી (વર્તમાન), જેણે કાંઈ ચેત્યું-જાણ્યું નથી (ભૂતકાળ), જે કાંઈ ચેતશે કે જાણશે નહિ (ભવિષ્ય) એવા શરીરઆદિ દ્રવ્યોરૂપ હું નથી.

ભાવાર્થ : આ ગાથામાં શરીરને લક્ષ્ય કરી રહ્યું છે કે શરીરઆદિ હું નથી. તે સર્વે અચેતન દ્રવ્યો છે.

**यदचेतत्तथा पूर्वं चेतिष्यति यदन्यथा।**
**चेततीत्थं यदत्राऽद्य तच्चिद्‌द्रव्यं समस्म्यहम्।।१५६।।**

**અર્થ :** ચેતના-દ્રવ્ય જે ભૂતકાળમાં એક પ્રકારે જાણનાર હતું અને જે ભવિષ્યકાળમાં અન્ય પ્રકારે જાણશે-ચેતશે-અને આજે આ પ્રકારે જાણે છે-ચેતે છે એ સમ્યક્ ચેતનાત્મક દ્રવ્ય તે હું છું.

ભાવાર્થ : ચેતનાની ધારા શાશ્વત છે અને આવરણોના નિમિત્તે કોઈ વાર અલ્પ જાણે છે કોઈ વાર વિશેષ જાણે છે, પરંતુ ચેતનાનો કદી અભાવ થતો નથી માટે ચિત્‌સ્વરૂપની દૃષ્ટિથી આત્મા સદા ચિદ્‌રૂપ જ છે એવી ભાવના આ શ્લોકમાં કરી છે.

અહીં અધ્યાત્મરહસ્યની ગાથા ૩૩ લખી છે તે :

यदचेतत्तथाऽनादि चेततीत्थमिहाद्य यत्।
चेतयिष्यत्यन्यथाऽनन्तं यच्च चिद्द्रव्यमस्मि तत्।।३३।।

**स्वयमिष्टं न च द्विष्टं किन्तूपेक्ष्यमिदं जगत्।**
**नाऽहमेष्टा न च द्वेष्टा किन्तु स्वयमुपेक्षिता।।१५७।।**

**અર્થ :** આ દૃશ્ય જગત ન તો સ્વયં (સ્વભાવથી) ઇષ્ટ છે અર્થાત્ ઇચ્છા તથા રાગદ્વેષનો વિષય છે, અને ન તો દ્વિષ્ટ છે એટલે અનિષ્ટ કે દ્વેષનો વિષય છે, પરંતુ ઉપેક્ષ્ય છે (ઉપેક્ષાનો વિષય છે). હું સ્વયં સ્વભાવથી ઇષ્ટા (ઇચ્છા કે રાગ કરનાર) નથી. તેમ જ દ્વેષ કરનાર-અપ્રીતિ કરનાર-પણ નથી પરંતુ હું તો ઉપેક્ષિતા જ છું-ઉપેક્ષા કરનાર સમવૃત્તિ છું-પરદ્રવ્યોથી ઉદાસીન છું.

ભાવાર્થ : ઇષ્ટ-અનિષ્ટ તે તો કલ્પના માત્ર છે કેમ કે કોઈ એક પદાર્થ એકને ઇષ્ટ હોય, બીજાને અનિષ્ટ હોય અથવા તો ઇષ્ટ માનેલી વસ્તુ ફરીને અનિષ્ટ લાગે છે માટે આ જગતના ક્ષણભંગુર પદાર્થમાં કોઈ પ્રકારે રાગદ્વેષ કરવા યોગ્ય નથી. વિભાવપરિણતિ જેમાં પર નિમિત્ત છે એ જ્યારે દૂર થાય છે ત્યારે આત્મા સ્વયં ઉપેક્ષિત એટલે વીતરાગી બને છે. માટે એ સ્વરૂપમાં સ્થિર થવાની અહીં ભાવના કરી છે.

**मत्तः कायादयो भिन्नस्तेभ्योऽहमपि तत्त्वतः।**
**नाऽहमेषां किमप्यस्मि ममाऽप्येते न किंचन।।१५८।।**

**અર્થ :** વસ્તુસ્વરૂપે આ શરીરઆદિ મારાથી ભિન્ન છે અને હું પણ તેનાથી ભિન્ન છું. હું આ શરીરઆદિનો કાંઈ પણ સંબંધી નથી તથા તે પણ મારા માટે કાંઈ નથી.

ભાવાર્થ : શરીરઆદિમાં દશ પ્રકારના પરિગ્રહ સ્ત્રીપુત્ર આદિ, તથા જગતના અન્ય પદાર્થ સાથે મારે કાંઈ સંબંધ નથી, કારણ કે તેઓ મારા સ્વરૂપથી સર્વથા ભિન્ન વસ્તુ છે.

હવે શ્રૌતી ભાવનાનો ઉપસંહાર

**एवं सम्यग्विनिश्चित्य स्वात्मानं भिन्नमन्यतः।**
**विधाय तन्मयं भावं न किंचिदपि चिंतयेत्।।१५९।।**

**અર્થ :** આ પ્રકારે ભાવના ભાવનાર પોતાના આત્માને શરીરાદિ અન્ય પદાર્થથી વસ્તુપણે ભિન્ન નિશ્ચય કરી, સ્વાત્મભાવમાં તન્મય થઈ, અન્ય કાંઈ પણ ચિંત્વન કરે નહિ-શ્રૌતી ભાવનાનો એ પ્રમાણે ઉપસંહાર કર્યો.

ચિન્તાનો અભાવ તુચ્છ નથી પણ સ્વસંવેદનરૂપ છે

**चिन्ताऽभावो न जैनानां तुच्छो मिथ्यादृशामिव।**
**दृग्बोध-साम्य-रूपस्य स्वस्य संवेदनं हि सः।।१६०।।**

**અર્થ :** મિથ્યાદૃષ્ટિઓ-વૈશેષિકો-ના મત પ્રમાણે ચિન્તાનો અભાવ જૈનમતમાં નથી કેમ કે એમ ચિન્તાના અભાવથી તો વસ્તુપણે દર્શન, જ્ઞાન અને સમતારૂપ આત્મચિંતનરૂપ છે-સ્વસંવેદનરૂપ દૃષ્ટિથી તે અસત્‌રૂપ નથી.

ભાવાર્થ : ચિંતાનિરોધ કે રોધ શબ્દનો અહીં ખુલાસો કરેલ છે કે સર્વથા ચિંત્વનના અભાવ વિના એકાગ્ર્ય ચિંતાત્મક ધ્યાન બની શકે નહિ. (પરભાવનો અભાવ અને સ્વભાવમાં સ્થિતિને આત્મધ્યાન કહ્યું). (યુકત્યનુશાસનનું પદ કહ્યું :)

भवत्यभावोऽपि च वस्तुधर्मो भावान्तरं भाववदर्हतस्ते।
प्रमीयते च व्यपदिश्यते च वस्तु-व्यवस्थांगममेयमन्यत्।।

(યુકત્યાનુશાસન, શ્રી સમન્તભદ્ર)

સ્વસંવેદનનું લક્ષણ

**वेद्यत्वं वेदकत्वं च यत्स्वस्य स्वेन योगिनः।**
**तत्स्व-संवेदनं प्राहुरात्मनोऽनुभवं दृशम्।।१६१।।**

**અર્થ :** યોગીને સાક્ષાત્ દર્શનરૂપ પોતાના આત્માને જે પોતા વડે વેદ્યપણું અને વેદકપણું છે તેને સ્વસંવેદન કહે છે અને તે આત્માના દર્શનરૂપ અનુભવ છે.

ભાવાર્થ : સ્વસંવેદન, આત્માનુભવન અને આત્મદર્શન એ શબ્દોનો વસ્તુપણે એક અર્થ છે. સંગ્રહદૃષ્ટિથી સ્પષ્ટ કરેલ છે.

### સ્વસંવેદનને માટે કોઈ કરણાન્તર નથી

**स्व-पर-ज्ञप्तिरूपत्वान्न तस्य करणान्तरम्।**
**ततश्चिन्तां परित्यज्य स्वसंवित्यैव वेद्यताम्।।१६२।।**

**અર્થ :** સ્વ-પરનું જ્ઞાન થતાં તે સ્વસંવેદન કે આત્મા-અનુભવ થાય છે તેને માટે આત્માથી અન્ય કોઈ કરણ (જ્ઞપ્તિ ક્રિયા માટે સાધકતમ કરણ) હોતું નથી. માટે અન્ય ચિન્તાનો ત્યાગ કરી સ્વસંવિત્તિ વડે જ આત્માને જાણવો જોઈએ.

ભાવાર્થ : આત્મા સ્વયં સ્વ-પર-જ્ઞપ્તિરૂપ છે-તેને અન્ય કોઈ કારણ કે નિમિત્તની જરૂર નથી માટે કરણાન્તરની ચિંતાનો ત્યાગ કરી સ્વજ્ઞપ્તિ વડે આત્માને જાણવો જોઈએ.

### સ્વઆત્મા વડે સંવેદ્ય આત્મસ્વરૂપ

**दृग्बोध-साम्यरूपत्वाज्जानन्पश्यन्नुदासिता।**
**चित्सामान्य-विशेषात्मा स्वात्मनैवाऽनुभूयताम्।।१६३।।**

**અર્થ :** દર્શન-જ્ઞાન અને સમતારૂપ પરિણમતો-જ્ઞાતા-દ્રષ્ટા અને વીતરાગતાને ધારણ કરતો આત્મા-સામાન્ય-વિશેષરૂપ જ્ઞાનરૂપ, અથવા જ્ઞાન-દર્શનાત્મક ઉપયોગરૂપ છે એવા આત્માને સ્વઆત્મા દ્વારા જ અનુભવ કરવો જોઈએ.

ભાવાર્થ : આત્મા જ્ઞાન-દર્શન અને સમતારૂપ છે અર્થાત્ જે જ્ઞાતા-દ્રષ્ટા અને ઉપેક્ષિતા (વીતરાગતા) એ લક્ષણમાં સ્થિત છે તેને સામાન્ય-વિશેષરૂપે (ચૈતન્યસ્વરૂપ છે)-દર્શન-જ્ઞાન-સ્વરૂપે છે એમ અનુભવવો જોઈએ.

**कर्मजेभ्यः समस्तेभ्यो भावेभ्यो भिन्नमन्वहम्।**
**ज्ञस्वभावमुदासीनं पश्येदात्मानमात्मना।।१६४।।**

**અર્થ :** સમસ્ત કર્મજનિત ભાવોથી સદા ભિન્ન એવા જ્ઞાનસ્વભાવ અને ઉદાસીન (વીતરાગસ્વભાવી) આત્માને આત્મા દ્વારા દેખવો જોઈએ.

ભાવાર્થ : આત્મા સદા કર્મજનિત સર્વે વિભાવ ભાવોથી ભિન્ન છે-તાદાત્મ્યભાવથી ભિન્ન છે-

તેને સ્વરૂપમાં જ સ્થિત દેખો.

**यन् मिथ्याभिनिवेशेन मिथ्याज्ञानेन चोज्झितम्।**
**तन्मध्यस्थं निजं रूपं स्वस्मिन् संवेद्यतां स्वयम्।।१६५।।**

**અર્થ :** જે મિથ્યાશ્રદ્ધાન અને મિથ્યાજ્ઞાનના અભિનિવેશથી રહિત છે અને રાગદ્વેષરહિત મધ્યસ્થ છે એવા નિજરૂપનો સ્વયં પોતાના આત્મામાં અનુભવ કરવો જોઈએ.

ભાવાર્થ : આત્મા કે જે સમતા-ઉપેક્ષા અને વીતરાગતામય છે, તેને જ એ રૂપે સ્વયં સ્વઆત્મામાં દેખવા-જાણવાની પ્રેરણા કરી છે.

ઇન્દ્રિયજ્ઞાન તથા મન દ્વારા આત્મા દેખાય નહિ

**न हीन्द्रियधिया दृश्यं रूपादिरहितत्वतः।**
**वितर्कास्तन्न पश्यन्ति ते ह्यविस्पष्ट-तर्कणाः।।१६६।।**

**અર્થ :** આત્માનું સ્વરૂપ રૂપાદિથી રહિત હોવાથી ઇન્દ્રિયજ્ઞાન વડે દેખી શકાતું નથી તથા તર્ક કરવાથી પણ દેખાતું નથી કેમ કે પોતાના તર્કમાં વિશેષરૂપથી સ્પષ્ટ જણાતો નથી.

ભાવાર્થ : ઇન્દ્રિયો વર્ણ-રસ-ગંધ અને સ્પર્શવિશિષ્ટ પદાર્થોને જાણી શકે છે પરંતુ આત્મા એવા વર્ણાદિ ગુણોથી રહિત છે તથા અનુમાન આદિ વડે તર્ક કરવાથી પણ એટલે મનથી પણ દેખાતો નથી. વિતર્ક એટલે શ્રુત છે તે મનનો વિષય છે તેથી વિતર્ક વડે પણ આત્મા દેખાતો નથી.

ઇન્દ્રિય-મનનો વ્યાપાર બંધ થતાં સ્વસંવિત્તિ વડે આત્મદર્શન

**उभयस्मिन्निरूद्धे तु स्याद्विस्पष्टमतीन्द्रियम्।**
**स्वसंवेद्यं हि तद्रूपं स्वसंवित्यैव दृश्यताम्।।१६७।।**

**અર્થ :** ઇન્દ્રિય અને મન બન્નેનો નિરોધ થતાં અતીન્દ્રિય જ્ઞાન વિશેષરૂપથી સ્પષ્ટ થાય છે માટે આત્માનું એ રૂપ જે સ્વસંવેદનથી દેખાય છે તેને સ્વસંવેદન વડે જ દેખવો જોઈએ.

ભાવાર્થ : જ્ઞાનસ્વરૂપ સ્વસંવેદન વડે જ આત્મસ્વરૂપને દેખવું. અન્ય કોઈ ઉપાય નથી. તેને

માટે ઇન્દ્રિય અને મનનો વ્યાપાર બંધ કરી અર્થાત્ ઇન્દ્રિય અને મનને આત્માધીન કરવાં એ જ ઉપાય છે.

### સ્વસંવિત્તિનો સ્પષ્ટ અર્થ

**वपुषोऽप्रतिभासेऽपि स्वातंत्र्येन चकासती।**
**चेतना ज्ञानरूपेयं स्वयं दृश्यत एव हि।।१६८।।**

**અર્થ :** સ્વતંત્રપણે ચમકતી (પ્રકાશતી) આ જ્ઞાનરૂપ ચેતના તે શરીરરૂપે પ્રતિભાસિત ન થતી જ સ્વયં જ દેખવામાં આવે છે.

ભાવાર્થ : સંવિત્તિ એટલે જ્ઞાનચેતના. તે પરની અપેક્ષા નહિ રાખતી સ્વતંત્ર રૂપથી પ્રકાશતી દેખવામાં આવે છે. તેમાં શરીરનો કાંઈ પ્રતિભાસ નથી હોતો.

### સમાધિમાં આત્માને જ્ઞાનસ્વરૂપ નહિ અનુભવ કરનાર યોગી આત્મધ્યાની નથી

**समाधिस्थेन यद्यात्मा बोधात्मा नाऽनुभूयते।**
**तदा न तस्य तद्ध्यानं मूर्च्छावन्मोह एव सः।।१६९।।**

**અર્થ :** સમાધિમાં સ્થિત યોગી જો આત્માને જ્ઞાનસ્વરૂપ અનુભવ કરતો નથી તો સમજવું કે એ સમયે તેને આત્મધ્યાન નથી પરંતુ મૂર્છાગત મોહ માત્ર છે. અહીં ધ્યાનસ્તવની ૫ મી ગાથા કહી કે–

समाधिस्थस्य यद्यात्मा ज्ञानात्मा नाऽवभासते।
न तद्ध्यानं त्वया देव ! गीतं मोहस्वभावकम्।।

જ્ઞાનસ્વરૂપના અનુભવ વિનાનું જ્ઞાન મોહકૃત મૂર્છા જ છે એમ કહ્યું.

### આત્માના અનુભવનું ફળ

**तमेवानुभवंश्चायमेकाग्र्यं परमृच्छति।**
**तथाऽऽत्माधीनमानन्दमेति वाचामगोचरम्।।१७०।।**

**અર્થ :** એવા જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરતા યોગી-સમાધિસ્થ યોગી-પરમ એકાગ્રયતાને પ્રાપ્ત હોય છે જેથી એવા સ્વાધીન આનંદનો અનુભવ કરે છે કે જે વચનગોચર નથી. અહીં અધ્યાત્મરહસ્ય (અ. ૨)ની ગાથા કહી :

मामेवाऽहं तथा पश्यन्नैकाग्र्यं परमश्नुवे।
भजे मत्कन्दमानन्दं निर्जरा-संवरावहम्।।४७।।

ભાવાર્થ : આત્મદર્શનથી, ધ્યાનમાં એકાગ્રયતાની વૃદ્ધિ થાય છે તેથી યોગીને સ્વાભાવિક આત્મીય આનંદની પ્રાપ્તિ થાય છે જેનું વર્ણન કરી શકાતું નથી.

સ્વરૂપનિષ્ઠ યોગી એકાગ્રયતાને છોડતા નથી

**यथा निर्वात्-देशस्थः प्रदीपो न प्रकम्पते।**
**तथा स्वरूपनिष्ठोऽयं योगी नैकाग्र्य मुज्झति।।१७१।।**

**અર્થ :** જેમ પવનરહિત સ્થાનમાં રાખેલ દીપકમાં કંપન થતું નથી-અડોલ રહે છે-તેમ સ્વસ્વરૂપમાં સ્થિત યોગી એકાગ્રયતાને છોડતો નથી.

ભાવાર્થ : જ્યાં વાયુનો સંચાર ન હોય ત્યાં દીપક અડોલ રહે છે તેમ બાહ્ય દ્રવ્યોના સંસર્ગથી રહિત યોગી પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે-પોતાની એકાગ્રયતાને છોડતો નથી (અટલ-અચલ ટકે છે).

સ્વઆત્મામાં લીન યોગીને બાહ્યપદાર્થો પ્રતિભાસિત થતા નથી

**तदा च परमैकाग्र्याद् बहिरर्थेषु सत्स्वपि।**
**अन्यत्र किंचनाऽऽभाति स्वमेवात्मनि पश्यतः।।१७२।।**

**અર્થ :** યોગી સમાધિકાળમાં સ્વઆત્માને દેખે છે, જેથી બાહ્ય પદાર્થો જોકે ત્યાં વિદ્યમાન હોવા છતાં આત્મા પરમએકાગ્રયતાને પ્રાપ્ત હોવાથી તેને બાહ્ય પદાર્થોનું કાંઈ પણ ભાન રહેતું નથી. આ બધું પર એકાગ્રયતાનો જ મહિમા છે કે કાંઈ પણ (અન્ય) ચિંતવન નથી હોતું (ગાથા ૧૪૪માં કહ્યું તેની સ્પષ્ટતા છે).

**અન્યથી શૂન્ય છતાં આત્મા સ્વરૂપથી શૂન્ય નથી હોતો**

**अत एवाऽन्य-शून्योऽपि नाऽऽत्मा शून्यः स्वरूपतः।**
**शून्याऽशून्य स्वभावोऽयमात्मनैवोपलभ्यते।।१७३।।**

**અર્થ :** માટે **અન્ય** પદાર્થોથી શૂન્ય હોવા છતાં પણ **આત્મ-સ્વરૂપથી** શૂન્ય થતો **નથી-આત્મસ્વરૂપમાં લીન છે. આત્માનો આ** શૂન્યતા **અને અશૂન્ય**તામય સ્વભાવ પોતાના **આત્મા** વડે જ ઉપલબ્ધ થાય છે-**અન્ય** બાહ્યપદાર્થો વડે નહિ. **અર્થાત્** શૂન્યાડશૂન્ય સ્વાભાવને પ્રાપ્ત હોય છે.

ભાવાર્થ : પરદ્રવ્યાદિ ચતુષ્ટયના **અભાવની અપેક્ષાએ** આત્મા શૂન્ય **અને** સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયના સદ્ભાવથી **અશૂન્ય** હોય છે **અર્થાત્ આત્મા** સ્વસંવેદ્ય છે. (**અહીં અધ્યાત્મરહસ્યની** ગાથા ૪૬ કહી)

ध्वस्ते मोहतमस्यन्तर्दृशाऽस्तेक्षमनोऽनिले।
शून्योऽप्यन्यैः स्वतोऽशून्योमया दृश्येयमप्यहम्।।

મુક્તિ માટે નૈરાત્મ્યાદ્વૈત દર્શનની ઉક્તિનું સ્પષ્ટીકરણ

**ततश्च यज्जगुर्मुक्त्यै नैरात्म्याऽद्वैत-दर्शनम्।**
**तदेतदेव यत्सम्यगन्याऽपोढाऽऽत्मदर्शनम्।।१७४।।**

**અર્થ :** મુક્તિની પ્રાપ્તિ માટે જે નિરાત્મ્ય-અદ્વૈત દર્શનની વાત કરી છે તેનો **અર્થ એમ** છે કે તેમાં **અન્ય આભાસથી** રહિત સમ્યગ્ **આત્મ**દર્શન રૂપ છે.

ભાવાર્થ : નૈરાત્મ્યા-દ્વૈત દર્શન જે કહ્યું કે કોઈ **આગમમાં** હશે **પરંતુ** તેની **અહીં** સ્પષ્ટતા કરી છે કે **અન્ય આભાસથી** રહિત માત્ર કેવળ **આત્મ**દર્શન રૂપે પરિણમતા. ત્યાં **અન્ય** કોઈ વસ્તુનો પ્રતિભાસ નથી. **અને** જો પ્રતિભાસ થાય તો સમજવું કે ત્યાં **અદ્વૈત** દર્શન નથી.

**परस्पर-परावृत्ताः सर्वे भावाः कथंचन।**
**नैरात्म्यं जगतो यद्वत् नैर्जगत्यं तथाऽऽत्मनः।।१७५।।**

**અર્થ :** અહીં **અધ્યાત્મરહસ્યની** ગાથા કહી કે,

यथा जातु जगन्नाऽहं तथाऽहं न जगत् क्वचित्।।

સર્વ પદાર્થ કથંચિત્ પરસ્પર પરાવૃત્ત એટલે ભિન્નસ્વભાવી છે જે રીતે દેહાદિરૂપ જગતથી નૈરાત્મતા (આત્મરહિતતા) છે એ રીતે આત્માને નૈર્જગતતા (જગતથી રહિતતા) છે. કોઈ પદાર્થ એકબીજાના સ્વરૂપમાં પ્રવેશી તદ્રૂપ થતો નથી. અહીં નૈરાત્મ્યા દ્વૈત દર્શનના વિષયની સ્પષ્ટતા કરી છે.

**अन्यात्माऽभावो नैरात्म्यं-स्वात्म-सत्तात्मकश्च सः।**
**स्वात्म-दर्शनमेवातः सम्यग् नैरात्म्य-दर्शनम्।।१७६।।**

**અર્થ :** અન્ય, આત્મરૂપના અભાવનું નામ નૈરાત્મ્ય છે અને તે સ્વઆત્માની સત્તાને માટે છે. માટે સ્વઆત્માના દર્શનનું નામ જ સમ્યગ્ નૈરાત્મ્યદર્શન છે. અહીં આત્માનું સત્દર્શન કહ્યું.

**आत्मानमन्य-संपृक्तं पश्चन् द्वैतं प्रपश्यति।**
**पश्यन्वि भक्तमन्येभ्यः पश्यत्यात्मानमद्वयम्।।१७७।।**

**અર્થ :** જે આત્માને અન્યથી (અવિભક્ત) સંપૃક્ત દેખે છે તે દ્વૈતને દેખે છે અને જે અન્ય સર્વ પદાર્થોથી આત્માને વિભક્ત દેખે છે તે અદ્વૈતને દેખે છે. અર્થાત્ જે આત્માને અન્ય દેહાદિકથી સંયુક્ત દેખે છે તે દ્વૈતને દેખે છે અને વિભક્ત દેખે છે તે અદ્વૈતને દેખે છે તેવો ભાવાર્થ છે.

### એકાગ્ર્યતાથી આત્મદર્શનનું ફળ

**पश्यन्नात्मानमेकाग्र्यात् क्षपयत्यर्जितान्मलात्।**
**निरस्ताऽहं-ममीभावः संवृणोत्यप्यनागतान्।।१७८।।**

**અર્થ :** અહંકાર અને મમકારના ભાવોથી રહિત યોગી એકાગ્ર્યતા વડે આત્માને દેખે છે ત્યારે આત્મામાં સંચિત કરેલા કર્મ-મલોનો વિનાશ કરતો નવા કર્મમલને રોકતો સંવર-નિર્જરા રૂપ પ્રવૃત્ત હોય છે.

ભાવાર્થ : આત્મદર્શન વખતે સંવર-નિર્જરા એવી બે શક્તિ કહી તે માટે અધ્યાત્મકમલમાર્તન્ડની બે ગાથા અહીં કહી છે તે :

एक शुद्धो हि भावो ननु कथभिति जीवस्य शुद्धात्मबोधात्।
भावाख्यः संवरः स्यात्सइति खलु तथा निर्जरा भावसंज्ञा।

भावस्यैकत्वतस्ते मतिरिति यन्नैव शक्तिद्वयात् स्यात्
पूर्वोपात्तं हि कर्म स्वयमिह विगलेन्नैव बध्येत नव्यम्।।४-१०।।

स्नेहाभ्यंगाभावे गलति रजः पूर्वबद्धमिह नूनम्।
नाऽप्यागच्छति नव्यं यथा तथा शुद्धभावतस्तौ द्वौ।।४-११।।

સ્વાત્મામાં સ્થિરતાની વૃદ્ધિ સાથે સમાધિ-પ્રત્યયોની સ્પષ્ટતા

**यथा यथा समाध्याता लप्स्यते स्वात्मनि स्थितिम्।**
**समाधिप्रत्ययाश्चाऽस्य स्फुटिष्यन्ति तथा तथा।।१७९।।**

**અર્થ :** સમાધિમાં પ્રવૃત્ત થનાર યોગી જેમ જેમ સ્વઆત્મામાં સ્થિરતાની પ્રાપ્તિ કરે છે તેમ તેમ તેવા તેવા સમાધિના ચમત્કારો-અતિશયો-તેને પ્રસ્ફુરિત થતા જાય છે. (પ્રગટ થતા જાય છે).

ભાવાર્થ : આગળ પદ ૮૭માં ધ્યાનના ચમત્કારોનો ઉલ્લેખ છે તેને 'સમ્યગ્ગુરૂપદેશેન' કહી અત્રે સમાધિમાં સ્થિત ધ્યાતા જેમ જેમ આત્મામાં સ્થિરતા પ્રગટ કરતો જાય છે તેમ તેમ ચમત્કારો પ્રગટે છે. સમાધિમાં લીનતા અને સ્થિરતા પ્રાપ્ત થયા વિના સાધારણ જપ-જાપ્ય કે ધ્યાન-સામાયિક વડે કાંઈ અતિશય પ્રાપ્ત થવા આશા કરે તે તેની ભૂલ છે. અહીં અહંકાર અને મમકારનો ત્યાગ અને ઇન્દ્રિયો તથા મનના નિરોધ વડે સ્વાત્મધ્યાનમાં ઉત્તરોત્તર સ્થિરતાની વૃદ્ધિ થતી જાય છે ત્યારે ધ્યાનમાં અતિશયતા પ્રગટે છે એમ કહ્યું.

સ્વઆત્મ દર્શન, ધર્મ્ય-શુકલ બે ધ્યાનોનું ધ્યેય છે

**एतद्द्वयोरपि ध्येयं ध्यानयोर्धर्म्यशुक्लयोः।**
**विशुद्धि-स्वामि-भेदात्तु तयोर्भेदोऽवधार्यताम्।।१८०।।**

**અહિં**

साधारणमिदं ध्येयं ध्यानयोधर्म्य-शुक्लयोः।
विशुद्धि-स्वामि-भेदात्तु तद्विशेषोऽवधार्यताम्।।

મહાપુરાણ, સર્ગ ૨૧ ગાથા ૧૩૧ કહી જેમાં પ્રયુક્ત 'ધ્યેય' પદ અર્હત્સિદ્ધરૂપ પરમાત્મા-એ શબ્દો છે એના વાચક છે.

**અર્થ :** એવું સ્વાત્મદર્શન અથવા નૈરાત્મ્યાત્-અદ્વૈતદર્શન છે-તે ધર્મ્ય અને શુકલ એ બે ધ્યાનનું ધ્યેય છે. વિશુદ્ધ અને સ્વામીના ભેદથી બે ધ્યાનોમાં ભેદ નિશ્ચિતપણે દર્શાવેલ છે એમ જાણવું જોઈએ.

ભાવાર્થ : અહીં ધર્મ્યધ્યાન અને શુકલધ્યાનને લક્ષમાં રાખી સ્વાત્મરૂપના દર્શનની સૂચના કરી છે. બન્ને ધ્યાનમાં પરસ્પર વિશુદ્ધિ અને સ્વામીભેદની અપેક્ષાએ ભેદ બતાવ્યા છે તે ધ્યાનમાં રાખવું જોઈએ. ધર્મ-ધ્યાન કરતાં શુકલધ્યાનમાં પરિણામોની વિશુદ્ધિ અધિકથી આધક અસંખ્યાતગુણી અને અનંતગુણી હોય છે. શુકલધ્યાનના ચાર ભેદોમાં પ્રથમના બે ભેદોના સ્વામી પૂર્વ-વેદ-શ્રુત-કેવલી છે તે શ્રેણી ચડતાં પહેલાં ધર્મધ્યાનના સ્વામી છે. બાકીના બે ભેદ એટલે પરમ શુકલધ્યાનના સ્વામી કેવળી-ભગવાન છે. ધર્મધ્યાનના સ્વામી અવિરત સમ્યગ્દૃષ્ટિ દેશવ્રતી શ્રાવક, પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત મુનિ હોય છે. તેમ જ શ્રેણી ચડનાર પૂર્વવર્તી (પૂર્વ-જ્ઞાની) અન્ય મુનિ પણ હોય છે. શુકલધ્યાનમાં શુકલ અને પરમશુકલ એ ભેદ કહ્યા છે. જેમાં પ્રથમ ભેદમાં છદ્મસ્થ અને બીજા ભેદમાં કેવળી ભગવાન કહ્યા. તે માટે મહાપુરાણની પર્વ ૨૧-૧૬૭ ગાથામાં કહ્યું છે કે :–

शुक्लं परमशुक्लं चेत्याम्नाये तद् द्विधोदितम्।
छद्मस्थःस्वामिकं पूर्वं परं केवलिनां मतः।।

પ્રસ્તુત ધ્યેયના ધ્યાનની દુઃશક્યતા અને તેના અભ્યાસની પ્રેરણા

**इदं हि दुःशकं ध्यातुं सूक्ष्मतानाऽवलंबनात्।**
**बोध्यमानमपि प्राज्ञैर्न च द्रागेव लभ्यते।।१८१।।**

**तस्माल्लभ्यं च शक्यं च दृष्टाऽदष्टबलं च यत्।**
**स्थूलं वितर्कमालंब्य तदभ्स्यन्तु धी धनाः।।१८२।।**

**અર્થ :** આ આત્માનું અદ્વેત દર્શન સૂક્ષ્મ-જ્ઞાનના આધારે છે તેથી દર્શન ઘણું કઠિન છે. વળી વિશેષ જ્ઞાની દ્વારા સમજાવતાં છતાં પણ શીઘ્ર-તુરત જ-લક્ષમાં આવતું નથી માટે જે બુદ્ધિરૂપ ધનના ધણી જ્ઞાની છે તેણે લક્ષ્યને, શક્યતાને, દષ્ટ અને અદષ્ટ ફલને માટે સ્થૂલ વિતર્કનો વિષય બનાવી તેનો અભ્યાસ કરવો જોઈએ.

ભાવાર્થ : એવા ધ્યેયના ધ્યાનની દુઃશક્યતાનો સહેતુ અત્રે ઉલ્લેખ કર્યો છે કે વિશેષ બુદ્ધિમાન

આત્માને સ્થૂલ વિતર્કના આધારે ધ્યાનનો અભ્યાસ કરવા પ્રેરણા કરી છે. સ્થૂલ વિતર્કના વિષયમાં, લક્ષ્ય, શક્યતા, દૃષ્ટફલ અને અદૃષ્ટફલ એ ચાર બાબતની પ્રેરણા કરી છે.

### અભ્યાસનો ક્રમનિર્દેશ

**तत्राऽऽदौ पिण्डसिद्ध्यर्थं निर्मलीकरणाय च।**
**मारूतीं तैजसीमाप्यां विदध्यात्धारणां क्रमात्।।१८३।।**

**અર્થ :** ધ્યાનના અભ્યાસમાં પ્રથમ પિંડ (દેહ) ની સિદ્ધિ અને શુદ્ધિ (નિર્મલીકરણ) ને માટે ક્રમપૂર્વક મારૂતી તૈજસી તથા આપ્યા (વારુણી) ધારણાનો અભ્યાસ કરવો જોઈએ.

ભાવાર્થ : આ પદમાં સર્વથી પ્રથમ શરીરની સિદ્ધિ-સ્વવશસ્થિતિ અને શુદ્ધિને માટે ક્રમપૂર્વક મારુતી, આગ્નેયી અને જલમયી (વારુણી) ધારણાનું વિધાન છે. આ ત્રણ ધારણાઓનો જ્ઞાનાર્ણવ અને યોગશાસ્ત્રમાં બતાવેલ, પાર્થિવી, આદિ પાંચ ધારણાનો અંદર સમાવેશ થાય છે. જેમાં ત્રણ ધારણાઓથી કાંઈક ભિન્ન ક્રમ અને ભિન્ન સ્વરૂપનું કથન છે-જેની વ્યાખ્યા હવે પછીનાં થોડાં પદમાં કરવામાં આવી છે.

**अकारं मरुता पूर्यकुंभित्वा रेफवह्निना।**
**दग्ध्वा स्ववपुषा कर्म, स्वतो भस्म विरेच्य च।।१८४।।**

**ह-मंत्रो नभसिध्येयः क्षरन्नमृतमात्मनि।**
**तेनाऽन्यत्तद्विनिर्माय पीयूषमयमुज्ज्वलम्।।१८५।।**

**ततः पंचनमस्कारैः पंचपिंडाक्षराऽन्वितैः।**
**पंचस्थानेषु विन्यस्तैर्विधाय सकली-क्रियाम्।।१८६।।**

**पश्चादात्मानमर्हंतं ध्यायेन्निर्दिष्टलक्षणम्।**
**सिद्धं वा ध्वस्तकर्माणाममूर्तं ज्ञान-भास्वरम्।।१८७।।**

**અર્થ :** (નાભિકમલની કર્ણિકામાં સ્થિત) 'અર્હં' મંત્રના 'અ' અક્ષરને પૂરક પવન દ્વારા પૂરિત તથા (કુંભક પવન દ્વારા) કુંભિત કરીને રેફ ( ̊ )ની અગ્નિ વડે (હૃદયસ્થ) કર્મચક્રને પોતાના શરીરસહિત ભસ્મ કર્યા બાદ ભસ્મને (રેચક પવન વડે) સ્વયં વિરેચિત કરી 'હ' મંત્રનું આકાશમાં

એવું ધ્યાન ધ્યાવવું જોઈએ કે તે ધ્યાનથી આત્મામાં અમૃત ઝરી રહ્યું છે કે જે અમૃત વડે અન્ય (નવીન) શરીરનું નિર્માણ થઈને તે અમૃતમય અને ઉજ્જવલ બની રહ્યું છે. ત્યાર બાદ પંચ પિંડાક્ષરો (હ્રાઁ, હ્રીં, હ્રૂઁ, હ્રૌં, હ્રઃ) વડે ક્રમપૂર્વક યુક્ત શરીરનાં પાંચે સ્થાનોમાં વિન્યસ્ય (વહેંચાઈ) થઈ પાંચ નમસ્કાર મંત્રો વડે -ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં, ણમો ઉવજ્ઝાયાણાં, ણમો લોએ સવ્વસાહૂણં,-એ પાંચ મૂળ નમસ્કાર મંત્રનાં પાંચ પદો વડે સકલીક્રિયા, કરીને આત્માને નિર્દિષ્ટ લક્ષણ અર્હન્તરૂપ ધ્યાવે અથવા સકલ કર્મરહિત અમૂર્તિક અને જ્ઞાનભાસ્કર (સૂર્ય) એવા સિદ્ધસ્વરૂપે ચિન્તવે-ધ્યાવે (અર્હંત-સિદ્ધ).

ભાવાર્થ : આ પદ્યોમાંથી પ્રથમનાં બે પદ્યોમાં મારુતી-આગ્નેયી અને પીયૂષમયી જલધારણાની વિધિ-વ્યવસ્થાનો સંકેત કરેલ છે. તેમાં અંતિમ ધારણા વડે અમૃતમય નવીન શરીરનું નિર્માણ થાય છે તેમ સૂચવ્યું. ત્રીજા પદમાં નવનિર્મિત શરીરને સકલીકરણ ક્રિયા વડે સુસજ્જિત કરીને કે જે ક્રિયા વિઘ્ન અને બાધાઓથી સુરક્ષિત કરવારૂપ છે.[૧] ચોથા પદમાં સકલીકરણ ક્રિયાની સાથે જ 'અર્હંત' અથવા સિદ્ધનું તેના નિર્દેશ લક્ષણરૂપે ધ્યાન કરવા પ્રેરણા કરી છે. અર્હંતનું એ ધ્યાન કરવા યોગ્ય નિર્દિષ્ટ લક્ષણ આ શાસ્ત્રની ગાથા નં.૧૨૩ થી નં.૧૨૮ સુધી છ ગાથામાં વર્ણન કરેલ છે. તેમ જ સિદ્ધનું નિર્દિષ્ટ લક્ષણ ગાથા નં.૧૨૦ થી ૧૨૨ ત્રણ ગાથામાં કહેલ છે વિવક્ષિત બાકીના રૂપનું સંકલન અત્રે ગાથા ૧૮૭માં 'ધ્વસ્તકર્માણં' અને 'જ્ઞાન-ભાસ્વરં' એ પદથી કહેલ છે. નાભિકમલની કર્ણિકામાં 'અર્હં' અથવા અ-પૂર્વક 'હ્રૂઁ' મંત્ર કહેલ છે તે અતિમનોહર સોળ ઉન્નત પાંખડીની ઉપર સોળ સ્વરો લખેલ હોય છે તેનું ચિંત્વન કરવામાં આવે છે.[૨]

---

૧. सिसाधयिषुणा विद्यामविघ्नेनेष्ट सिद्धये।
यत्स्वस्य क्रियते रक्षा सा भवेत्सकलीक्रिया।।
–વિદ્યાનુ. પરિ. ૩

૨. नाभौ षोडश विद्यात्तद्‌द्व्यष्टासु दलमध्यगं।
हकारं बिन्दुसंयुक्तं रेफाक्रान्तं प्रचिन्तयेत्।।
–વિદ્યાનું. ૩-૭૮

ततोऽसौनिश्चलाभ्यासात् कमलं नाभिमण्हलं।
स्मरत्यतिमनोहारि षोडशोन्नतपत्रकम्।।

જે કર્મચક્રને રેફની અગ્નિથી બાળવાની વિધિ કહી તે હૃદયમાં સ્થિત આઠ પાંખડીથી બિડાયેલ અધોમુખ કમલ તેને માટે કહી. આ આઠ પાંખડી ઉપર જ્ઞાનાવરણાદિ આઠ કર્મો વડે આત્મા ઘેરાયેલો છે, તે આઠે દલ કુંભક પવનના બળથી ખુલ્લાં કરી-ફેલાવી 'ર્હં' એ બીજ અક્ષરના રેફ વડે ઉત્પન્ન થયેલ ત્રિકોણ આકારે અગ્નિમંડળ દ્વારા સ્વશરીરનું દહન ચિંતવેલ છે. જેથી કર્મની સાથે 'સ્વવપુષા' પદનો અહીં પ્રયોગ કરેલ છે એનું સ્પષ્ટીકરણ જ્ઞાનાર્ણવમાં નીચે લખ્યા પદથી કરેલ છે.

ततो वह्निः शरीरस्य त्रिकोणं बह्निमंडलम्।
स्मरेज्ज्वालाकलापेन ज्वलन्तमिव वाडवम्।।१६।।

वह्नि बीज-समाक्रान्तं पर्यन्ते स्वस्तिकाऽङि्कतम्।
ऊर्ध्ववायुपुरोद्भूतं निर्धूमं कांचनप्रभम्।।१७।।

अन्तर्दहति मंत्रार्चिर्बह्निपुरं पुरम्।
धगद्धगिति विस्फूर्जज्ज्वाला-प्रचय-भासुरम्।।१८।।

भस्मभावमसौ नीत्वा शारीरं तच्च पंकजं।
दाह्याभावात्स्वयं शान्तिं याति वह्निः शनैः शनैः।।१९।।

---

૨(ચાલુ)

प्रतिपत्रसमासीनस्वरमालाविराजितम्।
कर्णिकायां महामंत्रं विस्फुरन्तं विचिन्तयेत्।।

–જ્ઞાનાર્ણવ, ૩૮-૧૦, ૧૧

तदष्टकर्मनिर्माणमष्टपत्रमधोमुखम्।
दहत्येव महामन्त्र-ध्यानोत्थप्रवलोऽनलः।।

–જ્ઞાનાર્ણવ, ૩૮-૧૫

हृद्यष्टकर्मनिर्माणं द्विचतुःपत्रमम्बुजं।
मुकुलीभूतमात्मानमावृत्यावस्थितं स्मरेत्।।
कुंभकेन तदम्भोजपत्राणि विकचय्य च।
निर्दहेन्नाभिपंकेजं बीजबिन्दु-शिखाग्निना।।

–વિદ્યાનુ. ૩-૭૯, ૮૦

અષ્ટકર્મદલ કમલ અને શરીર ભસ્મીભૂત થતાં એ ભસ્મનું વિરેચન-ત્યાગ-ચિંત્વન કરવામાં આવે છે જે વિરેચન પવન વડે થાય છે ('દહનં કુંભકેન સ્યાદ્ ભસ્મોત્સર્ગશ્ચ રેચકૈઃ'-વિદ્યાનુ. પરિ.૩) ત્યાર બાદ નભઃ- સ્થિત 'હ' મંત્ર વડે ઝરતું અમૃત કે જેનાથી અમૃતમય અને ઉજ્જવલ નવું શરીર નિર્માણ થાય છે તેની રક્ષાને માટે જે સકલીકરણ ક્રિયાની વ્યવસ્થાનું વિધાન છે તે નમસ્કાર મંત્રનાં પાંચ પદો ક્રમથી હ્રાઁ, હ્રીં, હ્રૂઁ, હ્રૌં, હ્રઃ એ પાંચ પિંડઅક્ષરો વડે (જેને શૂન્યબીજ પણ કહે છે) જોડીને શરીરનાં પાંચ સ્થાનો ઉપર વિન્યસ્ત કરવાથી થાય છે. શરીરના એ પાંચ સ્થાનો ક્યાં છે તે મૂળ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું નથી પરંતુ મલ્લિષેણ આચાર્યકૃત ભૈરવ-પદ્માવતી-કલ્પમાં 'સકલીકરણ' નામે બીજા પરિચ્છેદમાં કહ્યા મુજબ શિર, મુખ, હૃદય, નાભિ અને બે ચરણ-પાદ એમ પાંચ સ્થાનો કહ્યાં છે. તેમાં ણમો અરિહંતાણં આદિ પાંચ મંત્રપદો ક્રમપૂર્વક 'હ્રાઁ આદિ એક એક બીજપદની સાથે ન્યાસનું વિધાન છે. જોકે ત્યાં પ્રથમ ૐ અને અન્તે સ્વાહા શબ્દ પણ કહેલ છે જે અત્રે કહ્યો નથી. તોપણ વિદ્યાનુશાસનના ત્રીજા પરિચ્છેદ મુજબ સકલીકરણ-વિધાનમાં 'ૐ હ્રાઁ ણમો અરિહંતાણં'નું હૃદયમાં તથા 'ૐ હ્રીં ણમો સિદ્ધાણં'ને શિરના પૂર્વ ભાગમાં, 'ૐ હ્રૂઁ ણમો આઇરિયાણં'ને શિરની નીચે તથા 'ૐ હ્રૌં ણમો ઉવજ્ઝાયાણં' શિરના પશ્ચિમ ભાગમાં અને 'ૐ હ્રઃ ણમો લોએ સવ્વસાહૂણં' શિરના વામભાગમાં, ન્યાસનું વિધાન છે તેની સાથે એ પાંચ નમસ્કાર મંત્રને સૌ સૌના બીજપદ સાથે બીજી વાર શિર ઉપર જ ક્રમે કરીને ભાલ, મસ્તક, દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર ભાગમાં ન્યસ્ત કરવાનું વિધાન છે. (૧) તે નીચે મુજબ પદો છે :–

हृदि न्यसेन्नमस्कारमों ह्राँ पूर्वकमर्हताम्।
पूर्वे शिरसिसिद्धानामों ह्रीं पूर्वां स्तुतिं न्यसेत्।।૭૨।।

ॐ ह्रूँ पूर्वक्रमाचार्य स्तोत्रं शीर्षस्य दक्षिणे।
ॐ ह्रौं पूर्वमुपाध्यायस्तवं पश्चिमतो न्यसेत्।।૭૩।।

वामे पार्श्वेन्यसेद् ॐ ह्रः पूर्वां साधुनमस्कृतिम्।
ततः पंचाप्यमून् मंत्रान् शिरस्येव पुनर्न्यसेत्।।૭૪।।

प्राग्भागे शिरसो मूर्ध्नि दक्षिणे पश्चिमे तथा।
वामे चेत्येष विन्यासक्रमो वारे द्वितीयके।।૭૫।।

–વિદ્યાનુ.

એ પ્રમાણે વિભિન્ન ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે કે સકલીકરણ-વિષયક મન્ત્રાદિ પદોના વિન્યાસનો કોઈ એક જ ક્રમ નથી દેખાતો. જ્યાં જ્યાં જે કાર્યમાં જે વ્યવસ્થા હોય ત્યાં તે તે કાર્યને એ જ વ્યવસ્થાની સાથે ગ્રહણ કરવી જોઈએ. અહીં મૂળ પદ્યોમાં સંકેતરૂપ સ્થિત ગૂઢ અર્થનું યત્કિંચિત્ સ્પષ્ટીકરણ કર્યું. વિશેષ જાણવાની ઇચ્છા હોય તેઓ આ વિષયમાં વિશેષજ્ઞાની અને અનુભવી વિદ્વાનો પાસેથી સમજી શકે છે.

સ્વ આત્માને અર્હદ્રૂપે ધ્યાનમાં ભ્રાન્તિની આશંકા

**नन्वनर्हन्तमात्मानमर्हन्तं ध्यायतां सताम्।**
**अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिर्भवतां भवतीति चेत्।।१८८।।**

**અર્થ :** અહીં કોઈ શિષ્ય શંકા કરે છે કે જે આત્મા અર્હંત નથી તેને અર્હંતરૂપે ધ્યાન કરનાર આપ સત્પુરુષોને શું જે વસ્તુ જે રૂપમાં નથી તે વસ્તુને તે રૂપે ગ્રહણ કરવા રૂપ ભ્રાન્તિ થતી નથી ?

ભાવાર્થ : જે વસ્તુ જે રૂપે છે તે રૂપે ન ગ્રહણ કરતાં વિપરીત રૂપે ગ્રહણ કરવાથી ભ્રાંતિરૂપ લાગે છે. કેમ કે પોતાનો આત્મા જે અર્હંત નથી તેને અર્હંતરૂપે ધ્યાન કરનાર આપ જેવા સત્પુરુષો-જ્ઞાનીને તે ભ્રાંતિ છે તેમ કહી ન શકાય ? તેનો ઉત્તર હવે પછીની ગાથાઓમાં ગાથા ૨૧૨ સુધી આપે છે :–

ભ્રાન્તિની શંકાનું સમાધાન

**तन्न चोद्यं यतोऽस्माभिर्भावार्हन्नयमर्पितः।**
**स चाऽर्हद्ध्यान-निष्ठात्मा ततस्तत्रैव तद्ग्रहः।।१८९।।**

**અર્થ :** આપે કરેલ શંકા યોગ્ય નથી કેમ કે અમારા માટે જે ભાવ-અર્હન્ત વિવક્ષિત છે તે ભાવ-અર્હંત ધ્યાનમાં લીન આત્મા છે માટે એ અર્હદ્ધ્યાન-લીન આત્મામાં અર્હંતનું ગ્રહણ કરેલ છે માટે ભ્રાન્તિની કોઈ વાત જ નથી, કેમ કે ભાવ-અર્હંતમાં દ્રવ્ય-અર્હંત ન સમજવું. જે આત્મા અર્હંતના ધ્યાનમાં પૂરેપૂરો લીન છે એ એ સમયે ભાવ-અર્હંત હોય છે અર્થાત્ ભાવ-અર્હંતમાં જ અમે અર્હન્તનું ગ્રહણ કરેલ છે. જે રૂપમાં નથી તે રૂપે ગ્રહણ કરવા શંકા નથી થતી.

**परिणमते येनाऽऽत्मा भावेन स तेन तन्मयो भवति।**
**अर्हद्ध्यानाऽऽविष्टो भावार्हन् स्यात्स्वयं तस्मात्।।१९०।।**

**અર્થ :** આત્મા જે ભાવરૂપ પરિણમન કરે તે ભાવરૂપ તન્મય થાય છે માટે અર્હદ્ધ્યાનથી વ્યાપ્ત આત્મા સ્વયં ભાવ-અર્હંત થાય છે તેને તદ્રૂપ કહેવામાં આવે છે.

**ભાવાર્થ :** અર્હન્તના ધ્યાનમાં તદ્રૂપ આત્મા ભાવ-અર્હંત થાય છે. પ્રવચનસારમાં શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવે આઠમી ગાથામાં કહ્યું છે કે–

परिणमदि जेण दव्वं तक्कालं तन्मयत्ति पण्णत्तं।
तम्हा धम्म परिणदो आदा धम्मो मुणेयव्वो।।८।।

**येन भावेन यद्रूपं ध्यायत्यात्मानमात्मवित्।**
**तेन तन्मयतां याति सोपाधिः स्फटिको यथा।।१९१।।**

**અર્થ :** આત્મજ્ઞાની આત્માને જે ભાવે જે રૂપે ધ્યાવે છે તેની સાથે એ જ પ્રકારે તે તન્મય થઈ જાય છે-જેવી રીતે ઉપાધિની સાથે સ્ફટિક મણિ. અહીં શાસ્ત્રાધારના ત્રણ પદ કહ્યાં તેની વિગત :–

जेण सरुविं झाइयइ अप्पा एहु अणंतु।
तेण सरुविं परिणवइ जह फलिहउ-मणिमंतु।।
–પરમાત્મ પ્ર. ૨-૧૭૩

येन येनैव भावेन युज्यते यंत्रवाहकः।
तन्मयस्तत्र तत्रापि विश्वरूपो मणिर्यथा।।
–અમિતગતિયોગસાર, ૯-૫૧

येन येन हि भावेन युज्यते यंत्रवाहकः।
तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा।।
–જ્ઞાનાર્ણવ તથા યોગશાસ્ત્રની ગાથા

ભાવાર્થ : સ્ફટિક મણિ એટલે વિશ્વરૂપમણિ જે જે રૂપે ઉપાધિ સાથે સંબંધ કરે છે તે તે રૂપની ઉપાધિની સાથે તદ્રૂપતાને પ્રાપ્ત હોય છે એ પ્રમાણે આત્મજ્ઞાની જેવા જેવા ભાવે ધ્યાવે છે તેવા ભાવે તેની સાથે તે રૂપે-તન્મયતાને પ્રાપ્ત હોય છે.

**अथवा भाविनो भूताः स्वपर्यायास्तदात्मकाः।**
**आसते द्रव्यरूपणे सर्वद्रव्येषु सर्वदा।।१९२।।**

**ततोऽयमर्हत्पर्यायो भावी द्रव्यात्मना सदा।**
**भव्येष्वास्ते सतश्चाऽस्य ध्याने को नाम विभ्रमः।।१९३।।**

**અર્થ :** અથવા સર્વે દ્રવ્યોમાં તેની ભૂતકાળની અને ભાવિકાળની સ્વપર્યાયો તદ્આત્મક (તેની) બનીને દ્રવ્યરૂપે સદા વિદ્યમાન છે. તો પછી સત્રૂપે રહેલી અર્હંત્પર્યાયનું ધ્યાન કરવામાં વિભ્રમ કેમ કહી શકાય ! અર્થાત્ પોતાના સ્વઆત્મામાં આત્માને અર્હંતરૂપે ધ્યાવવામાં વિભ્રમ નથી. આમ ભ્રાન્તિના અભાવનો સિદ્ધાંત સ્વને સિદ્ધરૂપ ધ્યાનમાં લઈ શકાય છે.

ભાવાર્થ : સિદ્ધાંતદૃષ્ટિથી વિચારતાં સર્વ દ્રવ્યોમાં તેની ભૂત અને ભાવિ પર્યાયો સ્વદ્રવ્યરૂપે સદા વિદ્યમાન છે. દ્રવ્યોથી તેની પર્યાયો જુદી નથી તેમ જ દ્રવ્ય પણ તેની સ્વપર્યાયથી ભિન્ન નથી. આ રીતે ભવ્ય જીવોને આ ભાવિ અર્હંત-પર્યાય દ્રવ્યરૂપે તદાત્મક બની સદા સ્થિત છે માટે ભવ્ય આત્મામાં સદા સ્થિત આ સત્રૂપ અર્હંત-પર્યાય ધ્યાનમાં લેવી તેમાં વિભ્રમ નથી. ભાવિકાળમાં પ્રગટ થનારી વસ્તુ-પ્રદેશપિંડના રૂપમાં સ્વાભાવિક દ્રવ્યથી ઉત્પન્ન તેની જ પર્યાય છે. વિપરીત અન્ય દ્રવ્યના સંયોગે ઉત્પન્ન થતી પર્યાય-પ્રદેશ-પિંડરૂપ-હોય તે વૈભાવિક દ્રવ્યથી ઉત્પન્ન થાય છે તેમ કહ્યું છે. આમ જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય એ બે જ દ્રવ્યોમાં બને છે-બાકીનાં ચાર દ્રવ્યોમાં નથી બનતું. તેઓની તો માત્ર સ્વભાવપર્યાય જ હોય છે. કહ્યું છે કે :–

यो द्रव्यान्तर-समितिं विनैव वस्तुप्रदेशसंपिंडः।
नैसर्गिक पर्यायो द्रव्यज इति शेषमेव गदितं स्यात्।।११।।

द्रव्यान्तर-संयोगादुत्पन्नो देशसंचयो द्वयजः।
वैभाविक पर्यायो द्रव्यज इति जीव-पुद्गलयोः।।१२।।

(અધ્યાત્મકમલમાર્તન્ડના બીજા પરિચ્છેદની આ ગાથા છે).

સંયોગથી ઉત્પન્ન થયેલી પર્યાયનું સદા દ્રવ્યમાં અસ્તિત્વ નથી હોતું માટે મૂલમાં 'સર્વદા' 'સતઃ' શબ્દનો પ્રયોગ કરેલ છે. એ રીતે તેવી પર્યાયોને પરપર્યાય અને બાહ્યભાવ કહેવામાં આવેલ છે.

અર્હંતરૂપ ધ્યાનને ભ્રાન્ત માનવાથી ધ્યાનનું ફળ મળતું નથી

**किं च भ्रान्तं यदीदं स्यात्तदा नाऽतः फलोदयः।**
**नहि मिथ्याज्जलाज्जातु विच्छित्तिर्जायते तृषः।।१९४।।**

**प्रादुर्भवन्ति चाऽमुष्मात्फलानि ध्यानवर्त्तिनाम्।**
**धारणा-वशतः शान्त-क्रूर-रूपाण्यनेकधा।।१९५।।**

**અર્થ :** વળી કોઈ રીતે આ ધ્યાનને ભ્રાન્તરૂપ માનવામાં આવે તો તેને તેના ફળનો ઉદય જ બનતો નથી કેમ કે મિથ્યાજલથી કદી તૃષા છીપતી નથી (મૃગજલથી તરસ ન મટે). પરંતુ આ અર્હંતરૂપ આત્મધ્યાનથી ધ્યાન કરનારને ધારણા અનુસાર શાન્તરૂપ અથવા ક્રૂરરૂપ અનેક પ્રકારનાં ફલનો ઉદય પ્રાપ્ત થાય છે એવું તો દેખાય છે. માટે આ ધ્યાનને ભ્રાન્તિ કહી શકાય નહિ.

ધ્યાન-ફળનું સ્પષ્ટીકરણ

**गुरूपदेशमासाद्य ध्यायमानः समाहितैः।**
**अनन्तशक्तिरात्माऽयं मुक्तिं भुक्तिं च यच्छति।।१९६।।**

**અર્થ :** આત્મજ્ઞાની સદ્ગુરુ વડે પ્રાપ્ત થયેલ ઉપદેશથી એકાગ્રધ્યાનીઓ વડે જે ધ્યાન કરવામાં આવે છે તેથી અનંતશક્તિવાળા અર્હન્ આત્માને મુક્તિ અને ભુક્તિની પ્રાપ્તિ થાય છે.

કોને મુક્તિફળ અને કોને ભુક્તિફળની પ્રાપ્તિ હોય છે તે હવે પછીની ગાથાઓમાં સ્પષ્ટ કરેલ છે.

**ध्यातोऽर्हत्सिद्धरूपेण चरमांगस्य मुक्तये।**
**तद्ध्यानोपात्त-पुण्यस्य स एवाऽन्यस्य भुक्तये।।१९७।।**

**અર્થ :** અર્હંતરૂપે અથવા સિદ્ધરૂપે ધ્યાન કરતો આ આત્મા જો ચરમશરીરી હોય તો ધ્યાતાને

મુક્તિની પ્રાપ્તિ થાય છે અને તેનાથી ભિન્ન અન્ય ધ્યાતાને ભુક્તિની પ્રાપ્તિ થાય છે-જ્યાં આ ધ્યાનથી પુણ્યનું ઉપાર્જન થાય છે તેવા સાતિશય પુણ્યથી ભુક્તિની પ્રાપ્તિ થાય છે (તેવું પુણ્ય મુક્તિનું પણ નિમિત્ત બને છે) અર્થાત્ તેવા ધ્યાતાને સ્વર્ગાદિના સાતિશય ભોગોની પ્રાપ્તિ થાય છે.

**ज्ञानं श्रीरायुरारोग्यं तुष्टिः पुष्टिर्वपुर्धृतिः।**
**यत् प्रशस्तमिहाऽन्यच्च तत्तद्ध्यातुः प्रजायते।।१९८।।**

**અર્થ :** જ્ઞાન, શ્રી (લક્ષ્મી, વિભૂતિ, વાણી, શોભા, પ્રભા, ઉચ્ચસ્થિતિ), આયુ, આરોગ્ય, સંતોષ, પોષ, શરીર, ધૈર્ય, તથા અન્ય જે કાંઈ લોકમાં પ્રશસ્તરૂપ વસ્તુની ઋદ્ધિ-સિદ્ધિ છે તે સર્વે આ ધ્યાતાને (આ ધ્યાનના બલથી) પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્માને અર્હત્સિદ્ધરૂપ ધ્યાવતાં જગતની સર્વ ઉત્તમ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

**तद्ध्यानाविष्टमालोक्य प्रकम्पन्ते महाग्रहाः।**
**नश्यन्ति भूत-शाकिन्यः क्रूराः शाम्यन्ति च क्षणात्।।१९९।।**

**અર્થ :** એ પ્રમાણે અર્હંત અથવા સિદ્ધરૂપ પરિણત આત્માને દેખીને મહાગ્રહ (સૂર્ય-ચંદ્રમા આદિ) પ્રકંપિત થાય છે અને ભૂત તથા શાકિની આદિ પલાયન થઈ જાય છે-દૂર હટે છે-તેઓનો કોઈ રીતે કાંઈ પ્રભાવ જામતો નથી. તેમ જ ક્રૂર જીવો ક્ષણમાત્રમાં પોતાની ક્રૂરતા ત્યજીને શાન્ત બની જાય છે.

ભાવાર્થ : બીજા પદાર્થો ઉપર પણ આ ધ્યાનનો કેવો પ્રભાવ પડે છે તે થોડું અત્રે બતાવ્યું છે.

ધ્યાન વડે કાર્યસિદ્ધિ વ્યાપક રીતે

**यो यत्कर्म-प्रभुर्देवस्तद्ध्यानाविष्ट-मानसः।**
**ध्याता तदात्मको भूत्वा साधयत्यात्म-वांछितम्।।२००।।**

**અર્થ :** જે કાર્યના સ્વામી અથવા જે કાર્ય કરવાને સમર્થ દેવ હોય છે તેના ધ્યાનથી વ્યાપ્તચિત્ત ધ્યાતા એ દેવરૂપ બની પોતાના વાંછિત અર્થની સિદ્ધિ કરે છે.

ભાવાર્થ : વ્યાપકરૂપે ધ્યાનનું ફ્લ કહ્યું કે જે દેવ (શક્તિ અગર વ્યક્તિ) જે કાર્ય કરવાને

સમર્થ છે અથવા તે કાર્યના અધિષ્ઠાતાસ્વામી-છે તે કાર્ય ધ્યાનાવિષ્ટ પુરુષ તદાત્મક બનીને કાર્યની સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

તેવા ધ્યાનનો અને તેના ફલનો નિર્દેશ

**पार्श्वनाथ-भवन्मंत्री सकलीकृत-विग्रहः।**
**महामुद्रां महामंत्रं महामंडलमाश्रितः।।२०१।।**

**तैजसी-प्रभृतिर्बिभ्रद्धारणाश्च यथोचितम्।**
**निग्रहादीनुदग्राणां ग्रहाणां कुरुते द्रुतम्।।२०२।।**

**અર્થ :** જે મંત્રી અર્થાત્ મંત્રનો આરાધક યોગી-શરીરની સકલી-ક્રિયાથી સંપન્ન છે, મહામુદ્રા, મહામંત્ર તથા મહામંડલનો આશ્રિત છે તથા તૈજસી આદિ ધારણાઓને યથોચિત રૂપમાં ધારેલ છે એવા પાર્શ્વનાથરૂપ પોતાને ધ્યાનરૂપ પરિણામી શીઘ્ર જ ઉપગ્રહો અને નિગ્રહાદિક કરે છે.

ભાવાર્થ : દેવતાદિ વિશેષનું ધ્યાન કરનારનું આ નિરૂપણ છે. પ્રથમ તો પાર્શ્વનાથના ધ્યાનનો વિષય લઈ એવા ધ્યાન વડે પાર્શ્વનાથ બની તે મંત્રી કે યોગી તુરત જ ઉપગ્રહોનો નિગ્રહ આદિ કરવા સમર્થ બને છે. પાર્શ્વનાથના ધ્યાન દ્વારા કર્મ કરનાર યોગી 'સકલીકૃત-વિગ્રહ' હોવો જોઈએ. મહામુદ્રા, મહામંત્ર અને મહામંડલને આશ્રિત હોય તે જરૂરી છે. સાથે તૈજસી (આગ્નેયી) આદિ ધારણાઓને યથોચિત ધારણ કરેલ હોવો જોઈએ (સકલીકૃત-વિગ્રહ બાબત અન્ય ગ્રંથોથી જાણવું કે જે મંત્રઆરાધક યોગીને જાણવાનો વિષય છે).

**स्वयमाखंडलो भूत्वा महीमंडल-मध्यगः।**
**किरीट कुंडली वज्री पीत-भूषाऽम्बरादिकः।।२०३।।**

**कुंभकी स्तंभ-मुद्राढ्यः स्तंभनं मंत्रमुच्चरन्।**
**स्तंभ-कार्याणि सर्वाणि करोत्येकाग्र-मानसः।।२०४।।**

**અર્થ :** એવા વિશેષણયુક્ત યોગી (મંત્રી) સ્વયં મુકુટ-કુંડલ-વજ્ર-વિશિષ્ટ તથા પીળાં ભૂષણ-વસનાદિને ધારણ કરેલ ઇન્દ્ર બનીને પૃથ્વીમંડલના મધ્યમાં કુંભક પવનને સાધતો સ્તંભ મુદ્રાથી યુક્ત અને એકાગ્રચિત્ત થઈને સ્તંભન મંત્રનો ઉચ્ચાર કરતો પૂરેપૂરા સ્તંભન કાર્યને કરે છે.

ભાવાર્થ : અહીં બીજા દેવતાવિશિષ્ટ ઇન્દ્રદેવના ધ્યાનનું ફળ કહ્યું. આ ધ્યાનમાં ઇન્દ્રને ધ્યાનમાં લઈ સ્વયં ઇન્દ્ર બને તેવો એકાગ્રચિત્ત યોગી (મંત્રી) સંપૂર્ણ કાર્ય કરવા સમર્થ બને છે. ઇન્દ્રનું રૂપ મુકુટ, કુંડલ, વજ્ર અને પીળા રંગનાં વસ્ત્રાભૂષણ આદિ ચિંતવી જાણે કે સ્વર્ગથી ઇન્દ્ર મહીમંડલ-પૃથ્વી-ની મધ્યમાં આવી કોઈ કાર્ય કરવા સમર્થ બને છે. તદ્ અનુરૂપ મંત્રી પોતાને એ વિશેષણોથી યુક્ત છે એમ અનુભવ કરે તે સાથે કુંભકી પવનને સાધે અને સ્તંભમુદ્રાવાળો બની સ્તંભન મંત્રનો ઉચ્ચાર કરે કેમ કે એમ કરવું સ્તંભન કાર્ય માટે ઇન્દ્રાનુભૂતિ સાથ અત્યંત આવશ્યક છે-(સ્તંભમુદ્રા અને સ્તંભન મંત્રનું શું સ્વરૂપ છે તે શોધવાનું છે (અન્વેષણીય છે).

स स्वयं गरुडीभूयक्ष्वेडं क्षपयति क्षणात्।
कन्दर्पश्च स्वयं भूत्वा जगन्नयति वश्यताम्।।२०५।।

एवं वैश्वानरीभूय ज्वलज्ज्वाला-शताकुलः।
शीतज्वरं हरत्याशु व्याप्य ज्वालाभिरातुरम्।।२०६।।

स्वयं सुधामयो भूत्वा वर्षन्नमृतमातुरे।
अथैनमात्मसात्कृत्य दाहज्वरमपास्यति।।२०७।।

क्षीरोदधिमयो भूत्वा प्लावयन्नखिलं जगत्।
शान्तिकं पौष्टिकं योगी विदधाति शरीरिणाम्।।२०८।।

અર્થ : એ મંત્રી-યોગી-ધ્યાન દ્વારા સ્વયં ગરુડરૂપ બની વિષને ક્ષણભરમાં દૂર કરે છે. સ્વયં કામદેવ બની જગતને પોતાને વશ કરે છે. એ રીતે સેંકડો જ્વાલાઓથી પ્રજ્વલિત અગ્નિરૂપ થઈને જ્વાલાઓ વડે રોગીના શરીરમાં વ્યાપી તુરત જ શીત જ્વરને હરે છે. તેમ જ સ્વયં અમૃતરૂપ બની રોગીને આત્મસાત્ કરી રોગીનાં શરીરમાં અમૃતની વર્ષા કરે છે જે વડે તેનો દાહજ્વર નાશ પામે છે-મટે છે. વળી ક્ષીર ઉદધિરૂપ થઈ સંપૂર્ણ જગતને તેમાં તારે છે-વહાવે છે અથવા સ્નાન કરાવે છે. એવો યોગી શરીરધારીઓને માટે શાન્તિક અને પૌષ્ટિક કર્મને કરે છે.

ભાવાર્થ : અહીં બીજા અન્ય પદાર્થોના ધ્યાનનું ફળ પણ ભાવ-ધ્યેયના ઉદાહરણરૂપે કહેવામાં આવેલ છે જેમ કે ગરુડ, કામદેવ, અગ્નિ, અમૃત અને ક્ષીરસમુદ્રના ધ્યાનનાં ઉદાહરણ આપ્યાં છે. ગરુડના ધ્યાન દ્વારા સ્વયં ગરુડ બનેલ યોગી (મંત્રી) ક્ષણમાત્રમાં સર્પવિષને દૂર કરે છે. કામદેવના

ધ્યાન દ્વારા સ્વયં કામદેવ બની જગતને પોતાના વશ કરે છે, અગ્નિ દેવતાના ધ્યાન દ્વારા સ્વયં સેંકડો જ્વાલા વડે જાજ્વલ્યમાન અગ્નિદેવતાનું રૂપ બની તે યોગી પોતાની જ્વાલા વડે તુરત જ શીતજ્વરના રોગીના શીતજ્વરને દૂર કરે છે. અમૃતના ધ્યાન દ્વારા અમૃતરૂપ બની યોગી રોગીને આત્મસાત્ કરી તેના શરીરમાં અમૃતની વર્ષા કરે છે તેથી તેનો દાહજ્વર દૂર થાય છે. ક્ષીરસમુદ્ર બની તે યોગી આખા જગતને તેમાં ડુબાડતો કે તારતો પ્રાણીઓનાં શાંતિદાયક તથા પૌષ્ટિક કર્મોને કરે છે જેથી જગતને સુખી કરે છે. (આ થોડાં ઉદાહરણ કહ્યાં).

તદ્દેવતામય ધ્યાનના ફલનો ઉપસંહાર

**किमत्र बहुनोक्तेन यद्यत् कर्म चिकीर्षति।**
**तद्देवतामयो भूत्वा तत्तन्निर्वर्तयत्ययम्।।२०९।।**

**અર્થ :** આ વિષયમાં બહુ કહેવું શું ? આ યોગી જે કોઈ પણ કાર્ય કરવા ઈચ્છે છે તે તે કર્મના દેવતારૂપ સ્વયં બની એ દરેક કાર્યને સિદ્ધ કરી લે છે.

ભાવાર્થ : યોગી જે કાર્ય કરવા ઈચ્છે તે તે કાર્યના અધિષ્ઠિત દેવતાના ધ્યાન વડે તે તે દેવતામય બની તેનું તે કાર્ય સ્વયં બની જાય છે.

**शान्ते कर्मणि शान्तात्मा क्रूरे क्रूरो भवन्नयम्।**
**शान्त-क्रूराणि कर्माणि साधयत्येव साधकः।।२१०।।**

**અર્થ :** આ સાધક યોગી શાન્તિકર્મ કરવાને શાન્ત આત્મા અને ક્રૂર કામ કરવાને માટે ક્રૂર આત્મા બને છે જેથી શાન્ત અથવા ક્રૂર કાર્યની સિદ્ધિ કરી શકે છે. (આ યોગી ઈચ્છે તે કરવા સમર્થ છે).

સમરસી ભાવની સફલતાથી ભ્રાન્તિનું નિરસન

**आकर्षणं वशीकारः स्तंभनं मोहनं द्रुतिः।**
**निर्विषीकरणं शान्तिर्विद्वेषोच्चाट-निग्रहाः।।२११।।**

**एवमादीनि कार्याणि दृश्यन्ते ध्यानवर्तिनाम्।**
**ततः समरसीभाव-सफलत्वान्न विभ्रमः।।२१२।।**

**અર્થ :** ધ્યાનનું અનુષ્ઠાન કરનાર યોગીને, આકર્ષણ, વશીકરણ, સ્તંભન, મોહન, વિદ્રાવણ, નિર્વિષીકરણ, શાન્તીકરણ, વિદ્વેષન, ઉચ્ચાટન, નિગ્રહ ઇત્યાદિ કાર્ય જોવામાં આવે છે. માટે સમરસ ભાવની સફલતાને માટે વિભ્રમની કોઈ વાત જ નથી.

ભાવાર્થ : અગાઉના પદ મુજબ વિભ્રમની શંકા ઉપસ્થિત થયેલ તેના સમાધાનના ઉપસંહારમાં કહેવામાં આવ્યું છે કે સર્વ કાર્યો ધ્યાનનિષ્ઠ આત્મા વડે સિદ્ધ થતાં દેખાય છે. માટે ધ્યેયસદશ ધ્યાનના પર્યાયરૂપ અથવા ધ્યેય-ધ્યાતાની એકતારૂપ જે આ સમરસી ભાવ છે તેનું ફલ મળે છે તેમાં વિભ્રમ કે શંકા કરવાની નથી. અહીં 'દશ્યન્તે' પદ છે તે એમ સૂચવે છે કે આકર્ષણ અને સ્તંભન આદિ ધ્યાનવિષયક કાર્યો માટે ગ્રંથકારને પોતાને અનુભવ છે અને દેખવામાં આવેલ છે જેથી તેમાં તેને શંકા નથી. પરંતુ બીજા વિષયો માટે વિદ્યાનુશાસન, તથા ભૈરવ-પદ્મમાવતી-કલ્પ આદિ અનેક મંત્રશાસ્ત્રમાં તેનું વિવિ-વિધાનપૂર્વક વર્ણન કરેલ છે તેમ કહ્યું.

यत्पुनः पूरणं कुंभो रेचनं दहनं प्लवः।
सकलीकरणं मुद्रा-मन्त्र-मंडल-धारणा।।२१३।।

कर्माऽधिष्ठातृ-देवानां संस्थानं लिंगमासनम्।
प्रमाणं वाहनं वीर्यं जातिर्नाम-द्युतिर्दिशा।।२१४।।

भुज-वक्त्र-नेत्र-संख्या भावः क्रूरस्तथेतरः।
वर्णः स्पर्शः स्वरोऽवस्था वस्त्रं भूषणमायुधम्।।२१५।।

एवमादि यदन्यच्च शान्त-क्रूराय कर्मणे।
मंत्रवादादिषु प्रोक्तं तद्ध्यानस्य परिच्छदः।।२१६।।

**અર્થ :** આ ઉપરાંત, જે પૂરણ, કુંભન, રેચન, દહન, પ્લવન, સકલીકરણ, મુદ્રા, મંત્ર, મંડલ, ધારણા, કર્માધિષ્ઠાતા દેવોના સંસ્થાન-લિંગઆસન-પ્રમાણ-વાહન-વીર્ય-જાતિ-નામ-જ્યોતિ-દિશા-મુખસંખ્યા-નેત્રસંખ્યા-ભુજાસંખ્યા-ક્રૂરભાવ-શાન્તભાવ-વર્ણ-સ્પર્શ-સ્વર-અવસ્થા-વસ્ત્ર-આભૂષણ આયુધ વગેરે તથા જે કાંઈ અન્ય શાન્ત તથા ક્રૂર કર્મને માટે મંત્રવાદ આદિ ગ્રંથોમાં કહેવામાં આવેલ છે એ સર્વે ધ્યાનના પરિકર છે-યથા વિવક્ષિત ધ્યાનની ઉપકારક સામગ્રી છે.

ભાવાર્થ : આ ચાર પદોમાં જે બત્રીસ વિષયોનો ઉલ્લેખ છે તથા આદિ શબ્દ દ્વારા તેના જેવા અને તેના સંબંધમાં જે જે અન્ય વિષયોનું સૂચન કરેલ છે તે સર્વે શાન્ત-ક્રૂર આદિ કર્મ-વિષયક વિવિધ ધ્યાનોનો યથાયોગ્ય પરિવાર છે અથવા તેની સહાયક સામગ્રીરૂપે સ્થિત છે. તેના સ્વરૂપનું તથા મંત્રાદિ વિષયને માટે તેવા ગ્રંથોમાંથી જાણવું. તે માટે વિદ્યાનુવાદાદિ શાસ્ત્ર કહ્યાં છે. આ ઉપરથી એમ સમજાય છે કે ધ્યાનનો વિષય બહુગહન-ગંભીર-છે, કેવી અનેક તેની સામગ્રી-પરિવાર-છે. કેવી સતર્કતા, સાવધાની તથા જ્ઞાનની અપેક્ષા રાખે છે. સર્વ સામગ્રી વડે સુસજ્જિત થતાં કઈ સિદ્ધિને માટે ધ્યાન કરવામાં આવે છે તેની યથાઇષ્ટ સફલતાને માટે પૂર્ણ સામગ્રીની જરૂર છે. અધૂરી સામગ્રીથી કોઈ પ્રકારે કાર્યની સિદ્ધિ થતી નથી.

લૌકિકાદિ સર્વ ફલપ્રાપ્તિનો ઉપાય ધ્યાન

**यदात्रिकं फलं किंचित्फलमामुत्रिकं च यत्।**
**एतस्य द्वितयस्यापि ध्यानमेवाऽग्रकारणम्।।२१७।।**

**અર્થ :** આ લોક સંબંધી જે ફલની પ્રાપ્તિ થાય છે તે તથા પરલોક સંબંધી જે ફળ મળે છે તેનું મુખ્ય કારણ ધ્યાન જ છે.

ભાવાર્થ : બન્ને લોક સંબંધી ફળની પ્રાપ્તિમાં મુખ્ય કારણ ધ્યાન જ છે. તેનું મહત્ત્વ બતાવ્યું. શ્રી સોમદેવ આચાર્યે યશસ્તિલકમાં નીચે મુજબ પદ્ય લખેલ છે જેમાં લખ્યું છે કે કોઈ ગુણ, જ્ઞાન, દૃષ્ટિ અથવા તો સુખ નથી કે ધ્યાનથી ન મળે-મળે જ-એમ અંધકારનો નાશ ને પ્રકાશનું પ્રગટવું :–

न ते गुणा न तज्ज्ञानं न सा दृष्टिर्न तत् सुखम्।
यद्योगोद्योतिते न स्याद् आत्मन्यस्ततमश्चये।।

—કલ્પ. ૪૦

ધ્યાનનું મુખ્ય નિમિત્ત ગુરુ-ઉપદેશ આદિ ચતુષ્ટય

**ध्यानस्य च पुनर्मुख्यो हेतुरेतच्चतुष्टयम्।**
**गुरूपदेशः श्रद्धानं सदाऽभ्यासः स्थिरं मनः।।२१८।।**

**અર્થ :** ધ્યાનની સિદ્ધિને માટે મુખ્ય ઉપાય આ રીતના ચતુષ્ટય છે : (૧) ગુરુનો ઉપદેશ,

(૨) શ્રદ્ધાન, (૩) નિરંતર અભ્યાસ, (૪) સ્થિર મન એ ચાર નિમિત્તો છે.

ભાવાર્થ : ધ્યાનનું માહાત્મ્ય ઉપર દર્શાવ્યું તેના કારણમાં (૧) સદ્‌ગુરુનો એવો ઉપદેશ કે જે ધ્યાનના સ્વરૂપ આદિનો યથાર્થ બોધ કરાવી શકે. (૨) સદ્‌ગુરુના ઉપદેશથી પ્રાપ્ત જ્ઞાનની શ્રદ્ધા,-સમ્યગ્‌પ્રતીતિ. (૩) જ્ઞાન અને શ્રદ્ધાના અનુરૂપ નિરંતર અભ્યાસ. (૪) અભ્યાસ વડે મનની દૃઢતા. સદ્‌ગુરુ તે કહેવાય કે જે ધ્યાન વિષયના યથાર્થ જ્ઞાતા હોય, પછી ભલે તે પ્રત્યક્ષ હોય કે પરોક્ષ અથવા જેણે અભ્યાસ આદિ વડે ધ્યાનના વિષયમાં તેની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે તે ઉપરાંત આ ગ્રંથમાં ગાથા ૭૫માં બતાવેલ સર્વસામગ્રી હોય. તેમાં કહ્યું કે પરિગ્રહોનો ત્યાગ, કષાયોનો નિગ્રહ-નિયંત્રણ, વ્રતોને ધારણ કરવાં, મન તથા ઇન્દ્રિયોને જીતવાં, આ ધ્યાનને સહાયભૂત સામગ્રી છે. બૃહદ્ દ્રવ્યસંગ્રહની સંસ્કૃત ટીકામાં પણ વૈરાગ્ય, તત્ત્વવિજ્ઞાન, નિર્ગ્રંથતા (અસંગતા), સમચિત્તતા, અને પરિષહજય એ પાંચ ધ્યાનના હેતુ કહ્યા છે. યશસ્તિલકમાં પણ ૪૦ કલ્પમાં કહ્યું છે કે જ્ઞાનસંપત્તિ, અસંગતા, સ્થિરચિત્તતા અને ઊર્મિસ્મય-સહનતા-એ પાંચ કહ્યા. ઊર્મિ શબ્દમાં ભૂખ, તરસ, શોક, મોહ, રોગ, અને ભવ આદિની વેદનાજન્ય લહેર. સ્મય એટલે મદ તથા વિસ્મય બન્ને, એ સર્વને સહન કરવાં તેનું નામ પરિષહજય છે.

આવા ધ્યાનના ફલને ઐહિક માનવાનો નિષેધ

**अत्रैव माऽऽग्रहं कार्षुर्यद्ध्यान-फलमैहिकम्।**
**इदं हि ध्यानमाहात्म्य-ख्यापनाय प्रदर्शितम्।।२१९।।**

**અર્થ** : આ ધ્યાનના ફળમાં કોઈએ એવો આગ્રહ ન કરવો જોઈએ કે તેનું ફળ આલોક (ઐહિક) જ છે કેમ કે લૌકિક ફળ તો અહીં ધ્યાનના માહાત્મ્યની પ્રસિદ્ધિરૂપ પ્રદર્શિત કરેલ છે. જ્ઞાનાંકુશમાં કહ્યું છે કે :-

वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रन्थ्यं समभावना।
जयं परिषहाणां च पंचैते ध्यान-हेतवः।।४२।।

ભાવાર્થ : લોકો લૌકિક ફળની અનુભૂતિ વિના પારમાર્થિક ફલને બરાબર સમજતા નથી જેથી ધ્યાનનું માહાત્મ્ય પ્રથમ બતાવ્યું. એ આશય છે.

### લૌકિક ફલની ઇચ્છાનું ધ્યાન તે આર્ત અથવા રૌદ્ર ધ્યાન

**तद्ध्यानं रौद्रमार्त्तं वा यदैहिक-फलार्थिनाम्।**
**तस्मादेतत् परित्यज्य धर्म्यं शुक्लभुपास्यताम्।।२२०।।**

**અર્થ :** લૌકિક ફળની ઇચ્છાવાળાને જે ધ્યાન હોય છે તે કાં તો આર્તધ્યાન અથવા તો રૌદ્રધ્યાન છે. માટે આર્ત અને રૌદ્ર ધ્યાનને પરિત્યાગી મુમુક્ષુઓએ ધર્મ્ય અને શુકલ ધ્યાનની ઉપાસના કરવી જોઈએ.

ભાવાર્થ : મુક્તિના અભિલાષી જીવે-મુમુક્ષુએ-આર્ત અને રૌદ્ર એ બન્ને ધ્યાનનો ત્યાગ કરી ધર્મ્યધ્યાન અને શુકલધ્યાનનું અવલંબન લેવું જોઈએ એવી પ્રેરણા કરી છે. આમ છતાં આ બે ધ્યાનના ફળમાં લૌકિક ફળ પણ મળે છે જ કેમ કે આર્ત ધ્યાન છટ્ઠે ગુણસ્થાનકે વર્તતા મુનિઓને પણ હોય છે કે જનકલ્યાણ માટે લૌકિક વિષયોનો સંબંધ રાખે છે માટે આર્ત ધ્યાન વ્યવહારદૃષ્ટિથી શુભ અને અશુભ રૂપ બે ભેદે છે (એમ મુનિનું ધ્યાન ધર્મ્યધ્યાન-શુભરૂપ પણ હોય છે).

### તત્ત્વજ્ઞાન શુકલધ્યા રૂપ છે

**तत्त्वज्ञानमुदासीनमपूर्वकरणादिषु।**
**शुभा-ऽशुभ-मलाऽपायात् विशुद्धं शुक्लमभ्यधुः।।२२१।।**

**અર્થ :** અપૂર્વ આદિ ગુણસ્થાનોમાં જે ઉદાસીનતા (અનાસક્તિ)-મય તત્ત્વજ્ઞાન છે તેને શુભ અને અશુભ બન્ને પ્રકારના મળનો નાશ થતાં વિશુદ્ધ શુકલધ્યાન કહેલ છે.

ભાવાર્થ : અપૂર્વકરણ આદિ ૯થી ૧૨મા ગુણસ્થાનોમાં પ્રકાશિત તત્ત્વજ્ઞાનને નિર્મળ-શુકલધ્યાન કહેલ છે કેમ કે જ્ઞેયો પ્રત્યે જરા પણ આસક્તિ ન હોવાથી અને ઉદાસીનભાવ કે ઉપેક્ષાભાવની પ્રાપ્તિ થવાથી તેમ કહેવામાં આવ્યું છે કે તત્ત્વજ્ઞાન તે શુભ અને અશુભ બન્ને પ્રકારના ભાવ-મળથી રહિત છે.

### શુકલધ્યાનનું સ્વરૂપ

**शुचिगुण-योगाच्छुक्लं कषाय-रजसः क्षयादुपशमाद्वा।**
**माणिक्य-शिखा-वदिदं सुनिर्मलं निष्प्रकम्पं च।।२२२।।**

અત્રે સર્વા. સિ. અને તત્ત્વા. વા. ૯-૨૮ની સૂચના કરી તથા મહાપુરાણની સર્ગ ૨૧-૧૬૬ પદ કહ્યું કે 'કષાયમલ-વિશ્લેષાત્ શુકલશબ્દાભિધેયતામ્ ઉપેયિવદિદં ધ્યાનમ્'.

**અર્થ :** (ગાથા નં.૨૨૨) : કષાય રજનો ક્ષય થતાં અથવા ઉપશમ થતાં તેમ જ શુચિ-પવિત્ર ગુણોના યોગથી શુકલધ્યાન હોય છે. આ ધ્યાન મણિમાણેકની શિખાની માફક સુનિર્મલ અને નિષ્કમ્પ રહે છે.

**ભાવાર્થ :** શુચિ ગુણોનું પરિણમન તે શુકલધ્યાન. તે મુજબ કષાયમળથી રહિત આત્માનું પરિણમન-શુકલ સ્વભાવમાં સ્થિતિ-તેને પણ શુકલ કહેલ છે. કષાયમળનો ક્ષયભાવ અથવા ઉપશમભાવ એ જ સુનિર્મલ પરિણામને નામાન્તરથી શુકલધ્યાન કહેલ છે. આ પરમ શુદ્ધ આત્મધ્યાન છે કે જે ધ્યાન રત્નમાણેકની જ્યોતિની જેમ અકંપ છે-ડોલતું નથી-સુનિર્મલ અને નિષ્કંપ ધ્યાન તે શુકલધ્યાન છે.

### મુમુક્ષુએ નિત્ય ધ્યાન-અભ્યાસ કરવા પ્રેરણા

**रत्नत्रयमुपादाय त्यक्त्वा बंध-निबन्धनम्।**
**ध्यानमभ्यस्यतां नित्यं यदि योगिन् ! मुमुक्षसे।।२२३।।**

**અર્થ :** હે યોગી ! જો તને મોક્ષપ્રાપ્તિની ઇચ્છા છે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયને ગ્રહણ કર, અને બંધના કારણરૂપ જે મિથ્યાદર્શન આદિ જે પરિણમન છે તેનો ત્યાગ કરી નિરંતર સદ્-ધ્યાનનો અભ્યાસ કર. અત્રે બંધભાવના ત્યાગપૂર્વક મોક્ષભાવના ગ્રહણનું કહ્યું.

### ઉત્કૃષ્ટ ધ્યાન-અભ્યાસનું ફળ

**ध्यानाऽभ्यास-प्रकर्षेण त्रुटच्चन्मोहस्य योगिनः।**
**चरमाङ्गस्य मुक्तिः स्यात्तदैवाऽन्यस्य च क्रमात्।।२२४।।**

**અર્થ :** પ્રકર્ષતાપૂર્વક (ઉત્કૃષ્ટ) ધ્યાનના અભ્યાસથી મોહનો (સર્વથા) નાશ કરનાર એવા ચરમશરીરી યોગીને એ જ ભાવમાં મુક્તિ મળે છે-મોક્ષ પ્રાપ્ત થાય છે-પરંતુ અચરમશરીરી યોગીને ક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે (અર્થાત્ તેને બેપાંચ ભવ પછી મુક્તિની પ્રાપ્તિ થાય છે).

**तथाह्यचरमाङ्गस्य ध्यानमभ्यस्यतः सदा।**
**निर्जरा संवरश्च स्यात् सकलाऽशुभकर्मणाम्।।२२५।।**

**आस्रवन्ति च पुण्यानि प्रचुराणि प्रतिक्षणम्।**
**यैर्महर्द्धिर्भवत्येष त्रिदशः कल्पवासिषु।।२२६।।**

**અર્થ :** 'તથા ધ્યાન'નો અભ્યાસ કરનાર અચરમાંગ યોગીને સદા અશુભ કર્મોની નિર્જરા થયા કરે છે અને (અશુભ કર્મના આસ્ત્રવના નિરોધ સ્વરૂપ) સંવર થાય છે તે સાથે જ તેને ક્ષણે ક્ષણે પુણ્યકર્મનો પ્રચુરમાત્રામાં આસ્ત્રવ થાય છે. એવા પ્રચુર પુણ્યોથી તે યોગી કલ્પવાસી દેવોમાં મહાઋદ્ધિધારી દેવ થાય છે. અહીં અચરમદેહીને આ ઉત્કૃષ્ટ ધ્યાનથી સંવર નિર્જરા અને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ થાય છે જેથી તે મહાઋદ્ધિધારી દેવ થાય છે અને બહુ અલ્પ ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. ચાલુ એક જ ભવે મુક્તિ પામનાર ચરમ શરીરી કહેવાય છે તેવો ભાવાર્થ છે.

**तत्र सर्वेन्द्रियाह्लादि मनसः प्रीणनं परम्।**
**सुखाऽमृतं पिबन्नास्ते सुचिरं सुर-सेवितम्।।२२७।।**

**ततोऽवतीर्य मर्त्येऽपि चक्रवर्त्यादि सम्पदः।**
**चिरं भुक्त्वा स्वयं मुक्त्वा दीक्षां दैगंबरीं श्रितः।।२२८।।**

**वज्रकायः स हि ध्यात्वा शुक्लध्यानं चतुर्विधम्।**
**विधूयाऽष्टाऽपि कर्माणि श्रयते मोक्षमक्षयम्।।२२९।।**

**અર્થ :** ત્યાં એ દેવપર્યાયમાં તે આત્મા, સર્વ ઇન્દ્રિયોને આહ્‌લાદિત કરે અને મનને પરમ તૃપ્ત કરે તેવા સુખરૂપી અમૃતને પીતો (અનુભવતો) ઘણો લાંબો કાળ દેવો વડે સેવિત (દેવો સેવા કરતો) જિંદગી વ્યતીત કરે છે. ત્યાંથી ચ્યવી મનુષ્યલોકમાં અવતરે છે જ્યાં ચક્રવર્તી આદિની સંપદાઓ લાંબો કાળ ભોગવી પશ્ચાત્ તેને સ્વયં છોડી દૈગંબરી દીક્ષાનો આશ્રય કરે છે એવા એ વજ્રકાય યોગી ચાર પ્રકારના શુકલ-ધ્યાનને ધ્યાવી આઠે કર્મોનો ક્ષય કરી અક્ષય એવા મોક્ષપદને પ્રાપ્ત થાય છે-મુક્તિ પામે છે.

ભાવાર્થ : પૂર્વભવે ધ્યાનપર્યાયમાં અચરમશરીરી હોવાથી તે જીવને મોક્ષની પ્રાપ્તિનો ક્રમ કહ્યો. સ્વર્ગનું સુખ ઇન્દ્રિયો તથા મનને અત્યંત પ્રસન્ન કરનાર સુખામૃત રૂપ છે. ઇષ્ટોપદેશમાં શ્રી. પૂજ્યપાદ આચાર્યે (શ્લોક ૫માં) 'નાકે નાકૌકસાં સૌખ્યં નાકે નાકૌકસામિવ' અર્થાત્ સ્વર્ગનું સુખ અનુપમ છે અને મનુષ્ય પર્યાયમાં તેવું સુખ નથી કે જેની ઉપમા આપી શકાય.

મોક્ષનું સ્વરૂપ અને તેનું ફળ

**आत्यन्तिक-स्वहेतोर्यो विश्लेषो जीव-कर्मणोः।**
**समोक्षः फलमेतस्य ज्ञानाद्याः क्षायिकाः गुणः।।२३०।।**

**અર્થ** : જીવ અને કર્મના પ્રદેશોની સ્વહેતુથી અર્થાત્ બંધ હેતુનો અભાવ અને નિર્જરારૂપ સ્વકારણથી-જે આત્યંતિક વિશ્લેષ છે અર્થાત્ અતિ ભિન્ન છે-એ મોક્ષ છે-મુક્તિ છે-અને તેનું ફળ જ્ઞાનાદિક ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ છે.

ભાવાર્થ : જ્ઞાનાવરણાદિ કર્મ-પ્રકૃતિઓનો ક્ષય થતાં પ્રગટ થતાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ (સમ્યક્ત્વ), અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહના, અગુરુલઘુત્વ અને અવ્યાબાધ નામે સ્વાભાવિક આઠ ગુણો મુક્તિમાં પ્રગટે છે.

ભાવાર્થ : આત્મધ્યાનથી મોક્ષફળ કહ્યું તેમાં જીવ અને કર્મોનો અત્યંત ભેદ કહ્યાં. તે માટે બંધના હેતુઓનો અભાવ, (સંવર) અને નિર્જરા કહ્યાં. નવાં કર્મોનો પ્રવેશ નહિ અને સર્વથા કર્મથી મુક્તિ-અહીં તત્ત્વાર્થસૂત્રની ગાથા કહી : 'બંધહેત્વભાવનિર્જરાભ્યાં કૃત્સ્નકર્મવિપ્રમોક્ષો મોક્ષઃ' એ મુજબ-ઘાતી કર્મોનો અભાવ અને અનંતજ્ઞાનદર્શન. સ્વાભાવિક સ્વાત્મોત્થ સુખ અને અપ્રતિહત અનંત વીર્યરૂપ ગુણોનો સંપૂર્ણ વિકાસ એને મોક્ષ કહ્યો.

મુક્ત આત્મા એક સમયમાં લોકાગ્રે ગમન

**कर्म-बन्धनविध्वंसादूर्ध्वव्रज्या स्वभावतः।**
**क्षणेनैकेन मुक्तात्मा जगच्चूडाग्रमृच्छति।।२३१।।**

**અર્થ** : કર્મનાં બંધનોનો વિધ્વંસ અને ઊર્ધ્વગમન સ્વભાવ હોવથી મુક્ત આત્મા એક ક્ષણ (સમય)માં લોકશિખરે અગ્રભાગે પહોંચે છે.

ભાવાર્થ : આત્મા કર્મથી મુક્ત થતાં સ્વયં ઊર્ધ્વગમન સ્વભાવથી લોકાગ્રે પહોંચે છે-કોઈ લઈ જતું નથી. જેમ માટીથી લીંપેલી તુંબી (તુંબી એટલે તંબડું) જે પાણીમાં હતી તે માટીનો લેપ ઊતરી જતાં તુરત જ પાણીની સપાટી ઉપર આવે છે. અગ્નિશિખા જેમ સ્વભાવથી ઉપર જાય છે. આત્મા લોકાગ્રથી ઉપરમાં અલોક આકાશમાં કેમ નથી જતો તે માટે તત્ત્વાર્થસૂત્ર (૧૦-૮)માં કહ્યું કે 'ધર્માસ્તિકાયાભાવાત્' અર્થાત્ અનુકૂળ નિમિત્તનો અભાવ. સ્વામીશ્રી સમન્તભદ્રાચાર્યે સ્વયંભૂસ્તોત્રમાં કહ્યું કે 'બાહ્યેતરોપાધિસમગ્રતેયં કાર્યેષુ તે દ્રવ્યગતઃ સ્વભાવઃ' અર્થાત્ જ્યાં ઉપાદાન કારણ કાર્ય કરવામાં સમર્થ નથી ત્યાં નિમિત્ત ઉપાદાન બન્ને કારણો કહ્યાં (જોકે કાર્ય ઉપાદાન કારણથી જ થાય છે ત્યારે અનુકૂળ નિમિત્ત હોય છે). બાહ્ય-અંતરંગ બન્ને કારણો કહ્યાં.

મુક્તાત્માના આકારનો સહેતુક નિર્દેશ

**पुंसः संहार-विस्तारौ संसारे कर्म-निर्मितौ।**
**मुक्तौ तु तस्य तौ न स्तः क्षयात्तद्धेतु-कर्मणाम्॥२३२॥**

**ततः सोऽनन्तर-त्यक्त-स्वशरीर-प्रमाणतः।**
**किंचिदूनस्तदाकारस्तत्रास्ते स्व-गुणात्मकः॥२३३॥**

**અર્થ** : સંસારી જીવને જે સંકોચ-વિસ્તાર થાય છે તે કર્મ-નિમિત્ત હોય છે. મુક્તિ થતાં સંકોચ-વિસ્તાર થતો નથી. કારણ કે તેના હેતુભૂત કર્મોનો (નામકર્મપ્રકૃતિનો) ક્ષય થઈ ગયો છે એ રીતે મોક્ષમાં આત્મા તત્પૂર્વે છૂટેલા શરીર પ્રમાણ કાંઈક ઊણો-તદ્આકારે પોતાના ગુણોને આત્મસાત્ કરી-અપનાવી-રહે છે.

ભાવાર્થ : અત્રે જે કિંચિત્ ઊણો રહે છે તેમ કહ્યું તેનો અર્થ સુકાઈને નહિ પરંતુ ત્યજાયેલ છેલ્લા દેહના નખ-કેશ-ત્વચાદિ રૂપ જે અંશોમાં આત્માના પ્રદેશો ન હતા તેમ જ મુખ, કાન, નાક, પેટ જેવાં અંગોમાં થોડું પોલાણ હતું જ્યાં આત્મપ્રદેશ ન હતા. અને મુક્તીમાં તે પોલાણ રહેતું નથી. આત્માના પ્રદેશો ઘન-વિવરતા અથવા નિચ્છિદ્ર અવસ્થાના રૂપમાં સ્થિત થાય છે તેવા આકારે રહે છે. જેવી રીતે મીણનું પૂતળું અગ્નિથી પીગળી નીકળી જતાં તે સંચા(મૂષા)ની અંદર નિરુદ્ધ આકાશ સ્થિત હોય છે તેમ અમૂર્ત અવગાહનથી સ્થિત થાય છે-ઘન અવસ્થામાં રહે છે. અત્રે અન્ય શાસ્ત્રોનાં તેને લગતાં પદ કહ્યાં છે.

જેમ કે–

૧. अन्याकाराप्तिहेतुर्न च भवति परो येन तेनाऽल्पहीनः।
प्रागात्मोपात्तदेहप्रतिकृतिरुचिराकार एव ह्यमूर्तः।।
(સિદ્ધ. ભ પૂજ્યપાદ)

૨. किंचिन्न्यूनान्त्यदेहानुकारी जीवघनाकृतिः।
(મહાપુરાણ ૨૧-૧૧૫)

૩. अमूर्तोऽप्ययमन्त्यांगसमाकारोपलक्षणात्।
मूषागर्भनिरुद्धस्य स्थितिं व्योम्नः परामृशन्।।
(મહાપુરાણ ૨૧-૨૦૩)

૪. घनविवरतया किंचिदूनाकृतिः।
(અધ્યાત્મતરંગ. સોમદેવ)

૫. घनविवरतया घना निविडा विवराश्छिद्रास्तेषां भावस्तत्ता तया मदनहीन-मूषागर्भवदतीतानन्तर-तन्वाकार-जीवघनैकरूपत्वान्निखिल-सुषिर-प्रदेशानामित्यर्थः। (अध्या. तं. टी. गणधरकीर्तिः)

૬. किंचिदूनाः निविडरूपतया तदात्मप्रदेशानावस्थानात् नखत्वगादिशशरीरपरिमाण-हीनत्वाच्च !...गतसिक्थमूषागर्भे यादृशाकारस्तादृशाकाराः सिद्धाः भवन्ति। (प्राकृत सिद्धभ. टीकायां, प्रभाचन्द्रः)

**અહીં 'સ્વગુણાત્મકઃ' વિશેષણ એમ સૂચિત કરે છે કે આત્માની મુક્તિ થતાં ગુણોનો નાશ થતો નથી. ગુણો સદા સહભાવી હોવાથી એ આકાર પ્રમાણ જ સ્થિત હોય છે.**

### પ્રક્ષીણ કર્મોના સ્વરૂપમાં 'સ્વાત્મોપલબ્ધિ'

**स्वरूपाऽवस्थितिः पुंसस्तदा प्रक्षीणकर्मणः।**
**नाऽभावो नाऽप्यचैतन्यं न चैतन्यमनर्थकम्।।२३४।।**

**અર્થ :** (સંપૂર્ણ કર્મો છૂટતાં) એ પ્રક્ષીણ કર્માપુરુષની સ્વસ્વરૂપમાં અવસ્થિતિ હોય છે પરંતુ અભાવ રૂપે તો નહિ તથા અચૈતન્ય રૂપે નહિ, તેમ જ અનર્થક ચૈતન્ય રૂપે પણ નહિ. (અહીં સ્વરૂપસ્થિતિ બતાવી છે).

ભાવાર્થ : પ્રકર્ષ ધ્યાનના બળથી આત્માનાં સર્વ બંધન છૂટી જાય છે - તે બંધનોનો નાશ થાય છે - અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો આત્માની સાથે સંબંધ રહેતો નથી અને ઊર્ધ્વગમન સ્વભાવથી લોકાગ્રે જઈ પહોંચે છે તે સ્થિતિને અત્રે 'સ્વરૂપાવસ્થિતિ' બતાવી. પૂજ્યપાદ આચાર્યે સિદ્ધભક્તિમાં 'સ્વાત્મોપલબ્ધિ' કહી એવું સિદ્ધિનું લક્ષણ છે. જેવી રીતે સુવર્ણ-પાષાણમાંથી અગ્નિ આદિના યોગ્ય પ્રયોગથી પાષાણભાવનો નાશ થઈ હેમભાવની ઉપલબ્ધિ થાય છે - અહીં ચાર પદ અન્ય શાસ્ત્રોનાં કહ્યાં.

૧. आत्मलाभं विदुर्मोक्षं जीवस्याऽन्तर्मलक्षयात्।
नाऽभावो नाप्य चैतन्यं न चैतन्यमनर्थकम्।।
(યશસ્તિલક આ. ૬, પૃ.૨૮૦)

૨. सिद्धिः स्वात्मोपलब्धिः प्रगुण-गुण गणोच्छादि-दोषापहारात्।
योग्योपादानयुक्त्या दृषद इह यथा हेमभावोपलब्धिः।।
(સિદ્ધ ભક્તિ)

૩. चेतना ज्ञानरूपेयं स्वयं दृश्यत एव हि।
(તત્ત્વાનુ. ૧૬૮)

૪. अप्पु पयासइ अप्पु परु जिम अंबरि रवि-राउ।
जोइय एत्थुमभंति करि एहउ वत्थु-सहाउ।।
(પરમાત્મપ્રકાશ. ૧૦૧)

હવે ચાર પદ્યો દ્વારા એ સ્વરૂપ અને સ્વરૂપાવસ્થિતિને વિશેષ સ્પષ્ટ રીતે કહે છે :

સર્વ જીવોનું સ્વરૂપ

**स्वरूपं सर्वजीवानां स्व-परस्य प्रकाशनम्।**
**भानु-मंडलवत्तेषा परस्मादप्रकाशनम्।।२३५।।**

**અર્થ :** સર્વ જીવોનું સ્વરૂપ સ્વ-પર-પ્રકાશક છે. સૂર્યમંડળની જેમ પર દ્વારા તેનું પ્રકાશન થતું નથી (સ્વયં છે).

ભાવાર્થ : મુક્તઆત્માનું સ્વરૂપ સૂર્યમંડળની રીતે સ્વ-પર પ્રકાશન છે છતાં પણ કોઈ એક

જ પદાર્થનું નહિ-સર્વ જીવોનું પ્રકાશન છે. સૂર્યમંડળનું પ્રકાશન કોઈ અન્ય પદાર્થો દ્વારા નથી થતું તેમ આત્મસ્વરૂપનું પ્રકાશન પણ કોઈ અન્ય પદાર્થ દ્વારા થતું નથી જેથી આત્માને સ્વસંવેદ્ય કહેવામાં આવેલ છે.

સ્વરૂપસ્થિતિનું દષ્ટાંત

**तिष्ठत्येव स्वरूपेण क्षीणे कर्मणि पूरुषः।**
**यथा मणिः स्वहेतुभ्यः क्षीणे सांसर्गिके मले।।२३६।।**

**અર્થ :** જેમ સંસર્ગને પ્રાપ્ત મણિરત્ન તેના મલનો સ્વકારણે ક્ષય થતાં સ્વરૂપમાં સ્થિત રહે છે તેમ જીવાત્મા, કર્મમલનો સ્વકારણોથી ક્ષય થતાં, સ્વરૂપમાં સ્થિત થાય છે.

ભાવાર્થ : જેમ સાંસર્ગિક મળ દૂર થતાં મણિરત્નનો અભાવ થતો નથી-તે કાન્તિરહિત થતું નથી-તેની કાન્તિ નિરર્થક પણ થતી નથી. એ પ્રમાણે સાંસર્ગિક કર્મમલથી રહિત થતાં જીવાત્માનો અભાવ થતો નથી તથા પોતાના ચૈતન્યગુણોનો અભાવ થતો નથી તેમ જ તેના તે ચૈતન્યગુણો નિરર્થક પણ થતા નથી (આત્માસ્વસ્વરૂપમાં સ્થિત છે).

સ્વાત્મસ્થિતિનું સ્વરૂપ

**न मुह्यति न संशेते न स्वार्थान्नाध्यवस्यति।**
**न रज्यति न च द्वेष्टि किन्तु स्वस्थः प्रतिक्षणम्।।२३७।।**

**त्रिकाल-विषयं ज्ञेयमात्मानं च यथास्थितम्।**
**जानन्पश्यंश्च निःशेषमुदास्ते स तदा प्रभुः।।२३८।।**

**अनंत-ज्ञान-दृग्वीर्य-वैतृष्ण्य-मयमव्ययम्।**
**सुखं चाऽनुभवत्येष तत्राऽतीन्द्रिय मच्युतः।।२३९।।**

**અર્થ :** મોક્ષપ્રાપ્ત જીવાત્મા ન તો મોહ કરે છે, ન સંશય કરે છે ન તો સ્વ તથા પર પદાર્થો પ્રત્યે અનધ્યવસાયરૂપ પ્રવૃત્તિ કરે છે. (સ્વપર પદાર્થોથી અજ્ઞાની નથી રહેતો). તેમ જ ન દ્વેષ કરે છે પરંતુ પ્રતિક્ષણ સ્વમાં સ્થિત રહે છે. એ સમયે આ સિદ્ધ ભગવંત ત્રિકાળવિષયક જ્ઞેયોને તેમ જ સ્વઆત્માને યથાવસ્થિત રૂપમાં જાણે છે અને દેખે છે. તથા ઉદાસીનતા એટલે ઉપેક્ષાને

ધારણ કરે છે. મુક્તિમાં તે અચ્યુતસિદ્ધ, અતીન્દ્રિય, અવિનાશી, સુખનો (નિરંતર) અનુભવ કરે છે. જે સુખ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતવૈતૃષ્ણ્યરૂપ રહે છે.

ભાવાર્થ : મુક્ત આત્મા સ્વાત્મસ્થિત સ્વરૂપનો અનુભવ કરે છે. અતીન્દ્રિય અવિનાશી સુખ કહેતાં અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-અને તૃષ્ણાનો સંપૂર્ણ અભાવ એટલે સમતા ભાવથી સ્વઉપયોગમાં રહે છે. (શૂન્ય થતા નથી). (અનર્થક પણ નથી).

મોક્ષસુખમાં શંકા

ननु चाऽक्षैस्तदर्थानामनुभोक्तुः सुखं भवेत् ।
अतीन्द्रियेषु मुक्तेषु मोक्षे तत्कीदृशं सुखम् ।।२४०।।

इति चेन्मन्यसे मोहात्तन्न श्रेयो मतं यतः ।
नाऽद्यापि वत्स ! त्वं वेत्सि स्वरूपं सुख-दुःखयोः ।।२४१।।

અર્થ : અહીં કોઈ શિષ્યને શંકા થતાં પૂછે છે કે સુખ તો ઇન્દ્રિયો વડે તેના વિષયોને ભોગવનારને થાય છે. ઇન્દ્રિયોરહિત મુક્ત જીવોને તે સુખ કેવું ? ઉત્તરમાં આચાર્ય કહે છે કે હે વત્સ ! તું જોકે મોહથી એમ માને છે, પરંતુ તે તારી માન્યતા ઠીક નથી અથવા કલ્યાણકારી નથી. કેમ કે તેં અત્યાર સુધી વાસ્તવિક સુખ અને દુઃખનું સ્વરૂપ જાણ્યું નથી. માટે જ તું સંસારસુખ કે જે ખરેખર દુઃકરૂપ છે તેને સુખ માની રહ્યો છે. તે તારો મોહ છે. આચાર્ય તેને–

મોક્ષસુખનું લક્ષણ કહે છે

आत्माऽऽयत्तं निराबाधमतीन्द्रियमनश्वरम् ।
घातिकर्मक्षयोद्भूतं यत्तन्मोक्षसुखं विदुः ।।२४२।।

અર્થ : ઘાતી કર્મની ૪૭ પ્રકૃતિઓના ક્ષયથી પ્રગટેલ સ્વાધીન સુખ કે જે કોઈ અન્યના આશ્રયે નથી તથા નિરાબાધ સુખ છે તેમાં કદી કોઈ પ્રકારની બાધા ઉત્પન્ન થતી નથી. વળી અતીન્દ્રિય છે અર્થાત્ ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી અને નાશરહિત છે તે સુખને મોક્ષસુખ કહ્યું છે.

ભાવાર્થ : ઘાતીકર્મ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય તેની ક્રમપૂર્વક ૫-૯-૨૮-૫ ઉત્તર પ્રકૃતિઓ મૂળથી ક્ષય થતાં આત્માના અનંત જ્ઞાન આદિ ચતુષ્ટય પ્રગટ થાય છે

તેમાં અનંતસુખ ગુણ સ્વાધીન છે. કોઈ ઇન્દ્રિયો આદિની અપેક્ષા નથી-બાધાકારક નથી તેવાં ઘાતીકર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલ સુખને સુખ કહ્યું છે. જે સ્વાધીન છે પરાધીન નથી તેવું સુખ છે. યોગસારપ્રાભૃતમાં શ્રી અમિતગતિ આચાર્યે કહ્યું છે કે

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम्।
वदन्तीति समासेन लक्षणं सुख-दुःखयोः।।९-१२।।

કહેવત છે કે પરાધીન સુખ સ્વપ્નેય સુખ નથી, સ્વાધીન સુખ જ ખરેખર સુખ છે અને તેનું નામ મોક્ષસુખ કહ્યું છે. અર્થાત્ ઘાતીકર્મોના ક્ષયથી ઉત્પન્ન થતું સુખ તેને જ સુખ કહ્યું છે.

સુખધામ (મોક્ષ) અનંત સુસંત ચહી
દિન-રાત રહે તદ્ ''ધ્યાન મહી''
પરશાન્ત (પરમશાંત) અનંત સુધામય જે
પ્રણમું પદ (મોક્ષપદ) તે વર તે જય તે.
(શ્રીમદ્ રાજચંદ્ર)

સાંસારિક સુખનું લક્ષણ

**यत्तु सांसारिकं सौख्यं रागात्मकमशाश्वतम्।**
**स्व-पर-द्रव्य-संभूतं तृष्णा-संताप-कारणम्।।२४३।।**

**मोह-द्रोह-मद-क्रोध-माया-लोभ-निबंधनम्।**
**दुःख-कारण-बन्धस्य हेतुत्वाद्दुःखमेव तत्।।२४४।।**

**અર્થ :** જે રાગાત્મક સાંસારિક સુખ છે તે અશાશ્વત છે-સ્થિર રહેનાર નથી-સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના સંયોગ ભાવે ઉત્પન્ન થાય છે માટે સ્વાધીન નથી. તૃષ્ણા અને સંતાપનું કારણ છે, મોહ-દ્રોહ અને ક્રોધ-માન-માયા-લોભનું સાધન છે તથા દુઃખનાં કારણો એવા બન્ધનું નિમિત્ત છે. માટે ખરેખર સાંસારિક સુખ તે દુઃખ રૂપ જ છે.

**ભાવાર્થ :** અહીં ઇન્દ્રિયજન્ય સાંસારિક સુખનું સ્વરૂપ કહ્યું. તે સુખ પરાધીન, બાધાસહિત, નાશવંત અને ઘાતી કર્મોના પ્રભાવથી છે. તે મોક્ષસુખથી વિપરીત છે તેમ કહ્યું. તે સુખ દુઃખનું હેતુભૂત બંધનું કારણ હોવાથી ખરેખર તો દુઃખ જ છે તેમ કહ્યું. શ્રીમદ્ કુંદકુંદાચાર્યે પ્રવચનસારમાં

તે સુખને 'સપરં બાધા-સહિત' ઇત્યાદિ કહ્યું છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે. ગાથાનું ગુજરાતી પદ નીચે મુજબ છે.

પરયુક્ત બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે,
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ॥૭૬॥

ઇન્દ્રિયસુખને સુખ માનવું તે મોહ છે

**तन्मोहस्यैव माहात्म्यं विषयेभ्योऽपि यत् सुखम्।**
**यत्पटोलमपि स्वादु श्लेष्मणस्तद्विजृम्भितम्।।२४५।।**

**અર્થ :** ઇન્દ્રિયવિષયો વડે જે સુખ માનવામાં આવે છે તે માત્ર મોહનું જ માહાત્મ્ય છે જેમ કે પટોલ (કડવી વસ્તુ) પણ જેને મધુર લાગે છે તે તો માત્ર શ્લેષ્મા એટલે કફનું જ માહાત્મ્ય (નિશાની) છે-સમજવું જોઈએ કે શરીરમાં કફની વૃદ્ધિ થઈ છે જેથી પટોલ મધુર લાગે છે.

ભાવાર્થ : અહીં દુઃખને જે સુખ માને છે તે તો મોહનું જ માહાત્મ્ય છે. જીવે વિવેકને વિકૃત કરેલ છે. અહીં સંતની બે લીટી ધ્યાનમાં લેવા જેવી છે.

सर्प-डसो तब जानिये जब रुचिकर नीम चवाय।
कर्म-डसो तब जानिये जब जैन-बैन न सुहाय।।

ભાવાર્થ : જેમ કોઈ મનુષ્યને કોઈ વિષધર સર્પ કરડે છે તો તે જીવ લીમડાનાં કડવાં પાનને રુચિપૂર્વક-મીઠાશથી-ચાવવા લાગે છે તો નક્કી થાય છે કે તેને સર્પે ડંશ માર્યો છે, કોઈ અન્ય જંતુએ નહિ એ પ્રમાણે જૈન સંતોએ મનુષ્યને ઇન્દ્રિયવિષયોમાં સુખને દુઃખ જ કહી તે સુખનો નિષેધ કર્યો છે છતાં તે તેને વિપરીત રીતે સુખ માને છે ત્યારે સમજવું કે તેને માહમોહરૂપ કર્મ-વિષધરે ડંશ માર્યો છે જેથી તેનો વિવેક પણ બરાબર કામ કરતો નથી.

મુક્તાત્માના સુખ સામે ચક્રીઓના સુખની કાંઈ ગણના નથી

**यदत्र चक्रिणां सौख्यं यच्च स्वर्गे दिवौकसाम्।**
**कलयाऽपि न तत्तुल्यं सुखस्य परमात्मनाम्।।२४६।।**

**અર્થ :** આ લોકમાં ચક્રવર્તીને જે સુખની પ્રાપ્તિ હોય છે તેમ જ જે સુખ સ્વર્ગમાં દેવોને

પ્રાપ્ત હોય છે તે સુખ પરમાત્માઓના સુખની એક કળા પણ નથી-બહુ જ અલ્પ સુખનો અંશ છે તે પણ સાચું નથી.

ભાવાર્થ : મુક્ત આત્મા-પરમાત્માને પ્રાપ્ત સુખ છે તે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાંસારિક સુખની બરાબર નથી-તુલના થઈ શકે નહિ-ચક્રવર્તી અને દેવોનું સુખ, મુક્ત આત્માના સુખનો એક અંશ પણ કહી શકાય નહિ-તેની સાથે તુલના થઈ શકે નહિ. એવું એ મુક્તઆત્માઓનું સુખ (અનુપમ) છે. મુક્તાત્માને અહીં પરમાત્મા કહ્યા છે એ જૈન શાસનની જ વિશેષતા છે. જૈન શાસનમાં એકઇશ્વરવાદીની રીતે એક વ્યક્તિ-વિશેષને પરમાત્મા માન્યો છે-તે ભલે જીવન્મુક્ત હો અથાવ વિદેહમુક્ત હોય. અર્થાત્ જીવન્મુક્ત પરમાત્મા શરીરસહિત છે અને વિદેહમુક્ત પરમાત્મા શરીરરહિત-નિષ્કલ પરમાત્મા છે. એ મુજબ પરમાત્મા એક નહિ પણ અનેક (અનંત) છે. અહીં ગાથામાં 'પરમાત્મનામ્' કહી બહુવચનમાં કહેલ છે.

મોક્ષ તે ઉત્તમ પુરુષાર્થ જેના અધિકારી સ્યાદ્‌વાદી

**अतएवोत्तमो मोक्षः पुरुषार्थेषु पठ्यते।**
**स च स्याद्‌वादिनामेव नान्येषामात्म-विद्विषाम्।।२४७।।**

**અર્થ :** આ માટે જ સર્વ પુરુષાર્થમાં મોક્ષને ઉત્તમ પુરુષાર્થ માનવામાં આવેલ છે અને તે મોક્ષ સ્યાદ્‌વાદીઓને-અનેકાન્ત-મત-અનુયાયીઓને જ પ્રાપ્ત હોય છે. અન્ય જે એકાન્તવાદી હોય તેને નહિ કેમ કે પોતે જ પોતાનો શત્રુ બને છે. (સ્વઘાતરૂપ છે).

ભાવાર્થ : કહ્યું છે કે 'યુક્તં સ્યાદ્‌વાદિનાં ધ્યાનં નાન્યેષાં દુર્દશામિદમ્' (મહાપુરાણ, ૨૧-૨૫૮). મોક્ષસુખની તુલનામાં સંસારના ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સુખની કાંઈ ગણના નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં મોક્ષ પુરુષાર્થને ઉત્તમ માનેલ છે. તે કોને પ્રાપ્ત થઈ શકે ? -જે સ્યાદ્‌વાદી-અનેકાન્તદષ્ટિયુક્ત જ હોય-તેના સ્વામી એકાન્તદષ્ટિવાળા ન બની શકે. અત્રે એકાન્તદષ્ટિવાળાને અહીં સ્વશત્રુ કહ્યા. જે સ્વશત્રુ હોય તેને પરશત્રુ હોય જ. માટે સ્વામીશ્રી સમન્તભદ્ર આચાર્યે એકાન્ત આગ્રહમાં પ્રીતિવાળાને સ્વ-પરના વૈરી કહ્યા અને કહ્યું છે કે કુશલ (સુખહેતુક), અકુશલ (દુઃખહેતુક) કર્મની અને લોક-પરલોક આદિની કોઈ વ્યવસ્થા (એકાન્તમતમાં) બની શકતી નથી. આ બાબતમાં 'સ્વ-પર' વૈરી કોણ તે વિચારવું.

कुशलाऽकुशलं कर्म परलोकश्च न क्वचित्।
एकान्तग्रहरक्तेषु नाथ ! स्व-पर-वैरिषु।।

(દેવાગમ, ૫૬ ૮)

सर्वथा-नियम-त्यागी यथादष्टमपेक्षकः।
स्याच्छब्दस्तावके न्याये नाऽन्येषामात्मविद्विषाम्।।

(સ્વયં ભૂસ્ત્રોત, ૧૦૨)

स्याद्वादः सर्वथैकान्त-त्यागात् किंवृत्तचिद्विधिः।
सप्तभंगनयापेक्षो हेयादेयविशेषकः।।

(દેવાગમ, ૫૬ ૧૦૪)

અત્રે સ્યાદ્વાદી તેને કહે છે કે જે સ્યાદ્વાદી ન્યાયના અનુયાયી હોય, સ્યાદ્ શબ્દની અર્થદષ્ટિસહિત વસ્તુ-તત્ત્વનું કથન કરતા હોય, સ્યાદ્ શબ્દ, સર્વથા રૂપથી 'સત જ છે, અસત્ જ છે, નિત્ય જ છે, અનિત્ય જ છે' ઇત્યાદિ રૂપે પ્રતિપાદનના નિયમના ત્યાગી હોય અને યથાર્થદષ્ટિવંત હોય. અપેક્ષા ધ્યાનમાં હોય, પ્રમાણરૂપ વસ્તુને કહેનાર હોય. આ રીતે સ્યાદ્વાદી સર્વથા એકાન્તના ત્યાગી હોય છે જેથી કથંચિત્ આદિ રૂપ વસ્તુની વ્યવસ્થા કરી શકે છે. અસ્તિ-નાસ્તિ આદિ સપ્તભંગરૂપ નયોની અપેક્ષા રાખી-મુખ્ય-ગૌણની કલ્પના સહિત હેય-ઉપાદેયનો વિવેક રાખી-કથન કરનાર હોય છે. સ્યાદ્વાદને અનેકાન્તવાદ પણ કહેવામાં આવે છે.

### એકાન્તવાદીને બંધન આદિ ચતુષ્ટય બનતા નથી

**यद्वा बन्धश्च-मोक्षश्च तद् हेतू च चतुष्टयम्।**
**नास्त्येवैकान्त-रक्तानां तद्व्यापकमनिच्छताम्।।२४८।।**

**અર્થ :** અથવા, બંધ અને મોક્ષ, બંધહેતુ અને મોક્ષહેતુ એ ચાર ચતુષ્ટય-એ ચારનો સમુદાય-એ એકાન્ત-આસક્તો અર્થાત્ સર્વથા એકાન્તવાદીઓને-બનતો નથી અને તે જીવ એ ચાર હેતુઓમાં સમાવેશ પામતાં તત્ત્વને-અનેકાન્તને-સ્વીકાર કરતો નથી.

ભાવાર્થ : અહીં એ કહેવામાં આવ્યું છે કે સર્વથા એકાન્તવાદના આગ્રહવાળાને માત્ર એક મોક્ષ જ નહિ પરંતુ બંધ અને બંધના કારણો તથા મોક્ષ અને તેનાં કારણોનો સિદ્ધાંત બનતો

**નથી** કેમ કે **એ ચાર**માં તે વ્યાપક તત્ત્વ જે **'અનેકાન્ત'** તેનો સ્વીકાર કરતો **નથી**-ઇષ્ટ માનતો **નથી**. માટે ખરેખર તો સંપૂર્ણ વસ્તુ-તત્ત્વ **'અનેકાન્તાત્મક'** છે **તેથી આ** બંધ-મોક્ષ **આદિ** પણ **અનેકાન્તાત્મક** છે. **અનેકાન્ત આત્મા નહિ** માનતાં કોઈ તત્ત્વનું **અસ્તિત્વ** જ **રહે**તું **નથી**. સ્વામી**શ્રી** સમન્તભદ્ર **આચાર્યે** સ્વયંભૂ સ્તોત્રની ગાથા ૧૪માં ક્હ્યું છે કે

``बन्धश्च-मोक्षश्च, तयोश्च हेतू बद्धश्च-मुक्तश्च फलं च मुक्तेः।
स्याद्‌वादिनो नाथ ! तवैव युक्तं नैकान्तदृष्टेसत्वमतोऽसि शास्ता।।१४।।

**અહીં એ ચાર** સમુદાય જ માત્ર **નહિ પરં**તુ તેના સંબંધ**માં** રહેલા બદ્ધ **આત્મા** મુક્ત **આત્મા અને** મુક્તિફલનું **અસ્તિત્વ** પણ સ્યાદ્‌વાદી**ઓને** જ (**અનેકાન્ત**વાદી**ને** જ) લાગુ થઈ શકે છે. **એ**કાન્તવાદી**ને** માટે **એ** સર્વ વિધાનોનો નિષેધ કર્યો છે. **એ**કાન્તવાદી સર્વથા ભાવ, **અ**ભાવ, નિત્ય, **અ**નિત્ય, **એ**ક-**અ**નેક, **એ**મ (સર્વથા) સ્વીકારે છે તેથી તેના મતમાં બન્ધ-મોક્ષ **આદિ**નું કથન વસ્તુપણે નક્કી થતું **નથી**-પછી ભલે તે જીવ તેવો **આ**ગ્રહ રાખે છતાં વસ્તુતઃ **અ**યથાર્થ છે.

બન્ધાદિ ચતુષ્ટય કેમ **નથી** બનતા તેનું સ્પષ્ટીકરણ

**अनेकान्तात्मकत्वेन व्याप्तावत्र क्रमाऽक्रमौ।**
**ताभ्यामर्थक्रिया व्याप्ता तयाऽस्तित्वं चतुष्टये।।२४९।।**

**मूल-व्याप्तुर्निवृत्तौ तु क्रमाऽक्रम-निवृत्तितः।**
**क्रिया-कारकयोर्भ्रंशान्न स्यादेतच्चतुष्टयम्।।२५०।।**

**ततो व्याप्ता समस्तस्य प्रसिद्धश्च प्रमाणतः।**
**चतुष्टय-सदिच्छद्भिरनेकान्तोऽनुगम्यताम्।।२५१।।**

**અર્થ : આ** ચતુષ્ટય**માં અનેકાન્તાત્મકત્વની** સાથે ક્રમ **અને અક્રમ** વ્યાપ્ત છે તથા ક્રમ **અને અક્રમની** સાથે **અર્થક્રિયા** વ્યાપ્ય છે. વળી **અર્થક્રિયાની** સાથે ચતુષ્ટયનું **અસ્તિત્વ** વ્યાપ્ત છે, મૂળ વ્યાપ્તા **અનેકાન્તની** નિવૃત્તિ થતાં ક્રમ **અને અક્રમ** સિદ્ધ થતો **નથી**-બનતો **નથી**-**અને** ક્રમ-**અક્રમ** નહિ બનતાં **અર્થક્રિયા** બનતી **નથી**, તથા **અર્થક્રિયા** નહિ બનવા**થી આ** (બન્ધ-મોક્ષ **અને** ઉભયહેતુરૂપ) ચતુષ્ટય બની શકે નહિ. માટે **આ** ચતુષ્ટયનું **અસ્તિત્વ** સ્વીકાર કરનારને સંપૂર્ણ ચતુષ્ટયના જે

વ્યાપ્તા તથા પ્રમાણથી સિદ્ધ 'અનેકાન્ત' છે તેનો સવિવેક સ્વીકાર કરી-ગ્રહણ કરી-અનુસરવું તે યોગ્ય છે.

ભાવાર્થ : પાછળનાં પદ્યોમાં સર્વથા એકાન્તવાદીઓને બંધ આદિ ચતુષ્ટય બની શકે નહિ તેમ કહ્યું તે કેમ નથી બની શકતી તે અત્રે પ્રથમનાં બે પદમાં સ્પષ્ટ કર્યું. તથા ત્રીજા પદમાં વિશેષ એ કહ્યું કે બંધ આદિ ચતુષ્ટયના અસ્તિત્વનો સ્વીકાર કરી તે અનેકાન્તને બરાબર સમજી જાણીને દઢ કરવો કેમ કે અનેકાન્ત છે તે ચતુષ્ટયના પ્રત્યેક અંગમાં વ્યાપ્ત છે અને પ્રમાણથી પણ પ્રસિદ્ધ છે. કોઈ પણ વસ્તુનું વસ્તુત્વ તેની અર્થક્રિયા વિના બનતું નથી અને જો અર્થક્રિયા થાય છે તો તેમાં ક્રમ અને અક્રમ જરૂરી છે. કેમ કે પદાર્થ ગુણ-પર્યાય રૂપ છે. 'ગુણ-પર્યાય-વદ્ દ્રવ્યં'-જેમાં ગુણો સદા સહભાવી છે અને તે સર્વાંગ વ્યાપ્ત છે તે અક્રમ (યુગપત્) રૂપે રહે છે તથા જે પર્યાયો છે તે ક્રમવર્તિની છે જેથી અર્થક્રિયા ક્રમ-અક્રમ બન્ને રૂપમાં રહે છે-પર્યાયો અથવા વિશેષોની દૃષ્ટિથી પર્યાયો ક્રમરૂપ વર્તે છે અને ગુણો અથવા દ્રવ્ય-સામાન્યની દૃષ્ટિથી અક્રમ (યૌગપદ્ય)રૂપ કહેવામાં આવે છે. જે લોક વસ્તુતત્ત્વને સર્વથા ક્ષણિક અથવા સર્વથા નિત્ય આદિ એકાન્તે માને છે તેના મત મુજબ આ ક્રમ-અક્રમ તથા બંધ-મોક્ષનું કથન બની શકે નહિ કેમ કે સર્વથા નિત્યત્વનો એકાન્ત માનતાં વસ્તુમાં કોઈ પ્રકારે પરિવર્તન-વિક્રિયા-ઘટતી નથી અર્થાત્ કોઈ પ્રકારનું પરિણમન નહિ બનતાં સદા કૂટસ્થવત્ એકરૂપે અને સ્થિર જ રહે છે તેથી કર્તા-કર્મ-કરણ આદિ કારકોનો જ અભાવ રહે છે. જ્યારે સર્વ કાંઈ છે તે સર્વથા નિત્ય છે તો તેમાં કાંઈ થવું, ઉત્પન્ન થવું, નાશ થવું, કરવું-કરાવવું, આદિ કોઈ ક્રિયા જ નથી હોતી જેથી કારકોની પણ આવશ્યકતા નથી રહેતી. એવી સ્થિતિમાં કોઈ પણ જીવને પુણ્ય-પાપ ક્રિયા, ક્રિયાનું ફળ, જન્માન્તર, સુખ-દુઃખ અને બંધ-મુક્તિની તો વાત જ ક્યાં રહી ! તે વાત બને જ નહિ. બંધને જો સર્વથા નિત્ય માનવામાં આવે તો તે કારણજન્ય ઠરતો નથી તેથી બંધહેતુ ન બને અને બંધના અભાવરૂપ મોક્ષ પણ બને નહિ. વળી જો મોક્ષને સર્વથા નિત્ય માને તો મોક્ષહેતુ સાબિત થતા નથી અને તેની બંધપૂર્વક કોઈ વ્યવસ્થા બનતી નથી. જીવને બંધ પણ સર્વથા નિત્ય અને મોક્ષ પણ નિત્ય એ બન્ને વિરોધી કથન ઘટતું નથી-સિદ્ધ થતું નથી. જેથી તેના મત મુજબ બંધ આદિ ચતુષ્ટય સુસંગત થતી નથી. ક્ષણિક મતમાં ક્ષણેક્ષણે નિરન્વય-વિનાશરૂપ અનિત્યાતાને એકાન્ત માનવાવાળાને પણ જીવે કરેલા કર્મના ફલરૂપે દુઃખ-સુખ, જન્માન્તર અને બંધ-મોક્ષ આદિનું કથન બની શકે નહિ એ માન્યતામાં પ્રત્યભિજ્ઞાન, સ્મૃતિ, અનુમાન, જેવા જ્ઞાનનો અભાવ હોવાથી કાર્યનો આરંભ પણ હોતો નથી-ફળની વાત તો દૂર રહી. વળી કાર્યને સર્વથા અસત્ માનવાથી ઉપાદાન

કારણમાં પણ કથંચિત્ અસ્તિત્વનો સ્વીકાર નહિ કરવાથી કાર્યની ઉત્પત્તિ આકાશપુષ્પ સમાન માનવી રહી અને તેથી ઉપાદાન કારણનો કોઈ નિયમ ન રહ્યો. એમ થતાં ઘઉં વાવીને ઘઉં જ ઉત્પન્ન થશે તેવો વિશ્વાસ ન રહ્યો-સર્વથા અસત્‌નો ઉત્પાદ માનતા ઘઉંના સ્થાન પર ચણા આદિ કોઈ બીજું ધાન્ય ઉત્પન્ન થઈ શકે એવી સ્થિતિમાં તે બંધ આદિ ચાર સમવાયની કોઈ વાત યોગ્ય ઠરતી નથી. એક જ ક્ષણવર્તી જીવને બંધ અને મોક્ષ બે સિદ્ધ ન થઈ શકે. વળી અદ્વૈત-એકાન્ત પક્ષમાં પણ શુભ-અશુભ કર્મદ્વૈત, સુખ-દુઃખ ફળદ્વૈત, લોક-પરલોક દ્વૈત તથા બંધ-મોક્ષના દ્વૈતની સ્થિતિ બનતી નથી તેથી બંધ અને મોક્ષના હેતુઓનું દ્વૈત ઊડી જાય છે-રદબાદલ થાય છે. કોઈ પણ રીતે દ્વૈતનો સ્વીકાર કરે તો અદ્વૈત-એકાન્તને બાધા પહોંચે છે. એ જ પ્રમાણે સર્વથા ભિન્ન આદિ એકાન્ત પક્ષોમાં બંધ આદિ ચતુષ્ટય બની શકતા નથી. આ બાબતમાં સ્વામીશ્રી સમન્તભદ્ર આચાર્યદેવ કૃત દેવાગમ, અષ્ટ-સાહસ્ત્રીની ટીકા અને યુક્ત્વનુશાસન જેવાં શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. અત્રે તો આ તત્ત્વ સંક્ષેપમાં કહેવામાં આવ્યું છે તોપણ પરમાગમનાં થોડાં પદ અત્રે નીચે લખ્યાં છે :–

नित्यत्वैकान्तपक्षेऽपि विक्रिया नोपपद्यते।
प्रागेव कारकाभावः क्व प्रमाणं क्व तत्फलम्।।
(દેવાગમ, ૩૭)

भावेषु नित्येषु विकार-हानेर्न कारक-व्यापृत-कार्ययुक्तिः।
न बन्ध-भोगो न च तद्विमोक्षः समन्तदोषं मतमन्यदीयं।।
(યુક્ત્યનુશાસન, ૮)

पुण्य-पाप-क्रिया न स्यात् प्रेत्यभावः फलं कुतः।
बन्ध-मोक्षौ च तेषां न येषां त्वं नाऽसि नायकः।।
(દેવાગમ, ૪૦)

क्षणिकैकान्तपक्षेऽपि प्रेत्यभावद्यसंभवः।
प्रत्यभिज्ञाद्यभावान्न कार्यारंभः कुतः फलम्।।
(દેવાગમ, ૪૧)

यद्यसत्सर्वथा कार्यं तन्माऽजनि खपुष्पवत्।
मोपादान-नियमोभून्माऽऽश्वासः कार्यजन्मनि।।

(દેવાગમ, ૪૨)

न बन्धमोक्षौ क्षणिकैकसंस्थौ।

(યુક્ત્યનુશાસન, ૧૫)

## આ ગ્રંથમાં ધ્યાનનું વિસ્તૃત વર્ણન છે તેનું કારણ

**सारश्चतुष्टयेऽप्यस्मिन् मोक्षः स ध्यानपूर्वकः।**
**इति मत्वा मया किंचिद्ध्यानमेव प्रपंचितम्।।२५२।।**

**અર્થ :** **અહીં ચતુષ્ટયમાં જો કાંઈ પણ સારપદાર્થ હોય તો તે મોક્ષ છે અને મોક્ષની પ્રાપ્તિ ધ્યાનપૂર્વક થાય છે-ધ્યાનારાધન વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી એવું માનીને મેં અહીં ધ્યાનવિષયક જ થોડું પ્રપંચિત કર્યું અથવા કંઈક સ્પષ્ટ કર્યું.** દેવાગમ વગેરેમાં કહ્યું છે કે :–

यद्यसत्सर्वथा कार्यं तन्माऽजनि खपुष्पवत्।
मोपादान-नियमोभून्माऽऽश्वासः कार्यजन्मनि।।

(દેવાગમ, ૪૨)

न बन्धमोक्षौ क्षणिकैकसंस्थौ।

(યુક્ત્યનુશાસન, ૧૫)

**આ બન્ને પદ ઉપર મથાળે લખ્યાં છે તથા અન્ય ગાથા અત્રે છે :–**

१. जह चिर संचियमिंधणमणलो पवनसहियो दुयं दहइ।
तह कम्मेंधणममियं खणेण झाणाणलो डहइ।।

(ધ્યાનશતક)

२. सर्वांगीणं विषं यद्वत् मंत्रशक्त्या प्रकृष्यते।
तत्वत्कर्मविषं कृत्स्न्नं ध्यानशक्त्याऽपसार्यते।।

(મહાપુરાણ, ૨૧-૨૧૩)

३. झाणेण विणा जोई असमत्थो होइ कम्मणिड्डहणे।
दाढा-णहर-विहीणो जह सीहो वर-गयंदाणं।।

(જ્ઞાનસાર)

ભાવાર્થ : ચાર, પુરુષાર્થમાં મોક્ષ પુરુષાર્થની પ્રાપ્તિ જે સારભૂત છે તથા ઉત્તમ છે તેની પ્રાપ્તિ ધ્યાનપૂર્વક જ થાય છે-ધ્યાન વિના નથી થતી-જેથી ધ્યાનના વિષયમાં અત્રે થોડા વિસ્તારથી કહ્યું છે. (ગાથા ૨૫૨ નો ભાવાર્થ)

સંપૂર્ણ કર્મનો આત્મા સાથેનો સંબંધ તે વિચ્છેદરૂપ તે મોક્ષ. કર્મોનો આ અભાવ અથવા વિશ્લેષણ ધ્યાનાગ્નિ વડે કર્મને બાળીને થાય છે જેમ પવનથી પ્રજ્વલિત અગ્નિ અનેક પ્રકારના તૃણ-કાષ્ઠ આદિના સમૂહને તુરત ભસ્મ કરે છે એ રીતે ધ્યાનઅગ્નિ પણ લાંબા વખતથી સંચય કરેલ અપાર કર્મરાશિને ક્ષણમાત્રમાં ભસ્મ કરવાને સમર્થ છે. અથવા જેમ આખા શરીરમાં વ્યાપેલું વિષ, મંત્રશક્તિથી ખેંચીને દૂર કરી શકાય છે તેમ સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપ્ત કર્મરૂપી વિષ ધ્યાનશક્તિ વડે ખેંચી નષ્ટ કરવાનું બને છે. તેમ ધ્યાનઅગ્નિ વિના યોગી કર્મોને બાળવામાં કે વિદીર્ણ કરવાને અસમર્થ છે-જેવી રીતે નખ અને દાઢ વિનાનો સિંહ ગજેન્દ્રને વિદારવા અસમર્થ છે. માટે જે સાધુ વિનાધ્યાન કર્મોનો ક્ષય કરવા ઇચ્છે છે તે દેવસેન આચાર્યે (તત્ત્વસારમાં) કહ્યું છે તેમ પગ વિનાનો પાંગળો મનુષ્ય મેરુ-શિખર ચડવા ઇચ્છે તેના જેવું છે. આ ઉપરથી નક્કી થાય છે કે વિનાધ્યાન દુઃખહેતુ કર્મોથી મુક્ત થવું બની શકતું નથી, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. આ ગ્રંથમાં ૫૬ નં.૩૩માં નિશ્ચય અને વહેવાર બે પ્રકારના મોક્ષમાર્ગ કહ્યા તેનો આધાર ધ્યાન વિષય છે તેનું વિવેચન સ્પષ્ટતાથી આ ગ્રંથમાં કર્યું છે.

ધ્યાન વિષયની ગુરુતા અને સ્વની લઘુતા

**यद्याप्यत्यंन्त-गंभीरमभूमिर्मादशामिदम्।**
**प्रावर्तिषि तथाप्यत्र ध्यान-भक्ति-प्रचोदितः।।२५३।।**

**અર્થ :** જોકે આ ધ્યાન-વિષય અત્યંત ગંભીર છે અને મારા સરખાની યથેષ્ટ પહોંચની બહાર વસ્તુ છે તોપણ ધ્યાન-ભક્તિથી પ્રેરાઈ હું આ કાર્યને માટે પ્રવૃત્ત થયો છું.

ભાવાર્થ : આચાર્ય ભગવંતે અહીં ધ્યાન વિષયની મહત્તા અને ગંભીરતાને સામે પોતાની લઘુતા

બતાવી પોતાને ધ્યાન-ભક્તિના વિષયનું મુખ્યપણે સ્પષ્ટીકરણ કર્યું. આ ગ્રંથના નિર્માણમાં આચાર્ય ભગવંતની ધ્યાન-ભક્તિ જ પ્રેરણાદાયક છે તેમ પ્રેરણા કરી.

રચનામાં સ્ખલન માટે શ્રુતદેવતાની ક્ષમા-યાચના

**यदत्र स्खलितं किंचिच्छाद्मस्थ्यादर्थ-शब्दयोः।**
**तन्मे भक्तिप्रधानस्य क्षमतां श्रुतदेवता।।२५४।।**

**અર્થ :** આ રચનામાં મારી છદ્મસ્થ અવસ્થાને કારણે અર્થ તથા શબ્દોના પ્રયોગમાં કાંઈ ભૂલ થઈ હોય; સ્ખલન હોય, ત્રુટિ હોય, તો તેને માટે શ્રુત દેવતા મને ભક્તિ-પ્રધાન ગણી ક્ષમા કરે.

ભાવાર્થ : ગ્રંથરચનામાં આચાર્યે અહંકારના ત્યાગપૂર્વક વિનમ્રતા બતાવી છે. શ્રુતદેવતા માટે અહીં અભિપ્રાય એ છે કે તે સરસ્વતી દેવી જિનવાણી છે. શ્રી અર્હંત જિનેન્દ્રના મુખકમળમાં તેનો નિવાસ છે. ત્યાંથી શ્રુતની સમ્યક્ ઉત્પત્તિ થાય છે. પાપોનો નાશ કરનારી તે વાણી છે. જેમ કે પાપભક્ષિણી-વિદ્યાના મંત્ર 'ૐ અર્હન્મુખકમલવાસિનિ પાપાત્મ ક્ષયંકરી, શ્રુતજ્ઞાનજ્વાલાસહ પ્રજ્વલિતે સરસ્વતિ મત્પાપં હન હન.' એવાં પદો વડે પ્રગટ છે માટે શ્રુતવિષયક ભુલો કે ત્રુટિને માટે ભક્તો પોતાની અલ્પજ્ઞતાવશ થાય તેની શ્રુતના અધિષ્ઠાતાદેવની ક્ષમા યાચવી તે ન્યાયયુક્ત શિષ્ટતા છે. એવો વિનમ્ર ભક્ત ક્ષમાને પાત્ર છે જ. અને તેથી આચાર્યદેવે 'મે ભક્તિપ્રધાનસ્ય' એ પદનો અત્રે પ્રયોગ કર્યો છે.

ભવ્યોને આશીર્વાદ

**वस्तु-याथात्म्य-विज्ञान-श्रद्धान-ध्यान-सम्पदः।**
**भवन्तु भव्य-सत्त्वानां स्वस्वरूपोपलब्धये।।२५५।।**

**અર્થ :** વસ્તુનું યાથાત્મ્ય-વિજ્ઞાન અર્થાત્ યથાર્થ-વિજ્ઞાન, યથાર્થ-શ્રદ્ધાન સહિત ધ્યાનરૂપ સંપદાઓ ભવ્યજીવને પ્રાપ્ત હો જે સંપદા વડે તે જીવો પોતાની સ્વસ્વરૂપલબ્ધિને પ્રાપ્ત કરવા સમર્થ બનો એવાં આશીર્વચન શ્રીમત્ આચાર્ય દેવે કહ્યાં.

ભાવાર્થ : સ્વસ્વરૂપની ઉપલબ્ધિ જ સર્વથી અધિક લાભ છે એટલે કે મોક્ષની પ્રાપ્તિમાં આ

સંપદાઓ પ્રધાનપણે કારણ બને છે તે જ મહત્ત્વપૂર્ણ છે. તે માટે આશીર્વાદ છે કે ભવ્યજીવોને પ્રાપ્ત હો.

ગ્રંથકાર-પ્રશસ્તિ

**श्रीवीरचन्द्र-शुभदेव-महेन्द्र देवाः शास्त्राय यस्य गुरवो विजयामरश्च।**
**दीक्षागुरुः पुनरजायत पुण्यमूर्तिः श्रीनागसेन-मुनिरुद्ध-चरित्रकीर्तिः।।२५६।।**

**तेन प्रबुद्ध-धिषणेन गुरूपदेशमासाद्य सिद्धि-सुख-सम्पदुपायभूतम्।**
**तत्त्वानुशासनमिदं जगतो हिताय श्रीरामसेन-विदुषा व्यरचि स्फुटार्थम्।।२५७।।**

**અર્થ :** જેના શ્રીમાન વીરચન્દ્ર, શુભદેવ, મહેન્દ્રદેવ અને વિજયદેવ શાસ્ત્રગુરુ (વિદ્યાગુરુ) છે; પુણ્યમૂર્તિ અને ઉચ્ચ દરજ્જાનું જેનું ચારિત્ર છે તથા કીર્તિને પ્રાપ્ત છે એવા શ્રીમાન નાગસેન જેનાથી દીક્ષા મળી છે તે દીક્ષાગુરુ છે. વળી તે પ્રબુદ્ધ બુદ્ધિના ધારક શ્રીરામસેન વિદ્વાને ગુરુનો ઉપેદશ પામી આ સિદ્ધિસુખરૂપ સંપદાના ઉપાયભૂત તત્ત્વાનુશાસન શાસ્ત્રની રચના કરી જે સ્પષ્ટ અર્થ સહિત છે અને જગતના હિતને માટે છે.

ભાવાર્થ : શાસ્ત્રકર્તા શ્રીરામસેન આચાર્યે પોતાના શિક્ષાગુરુ અને દીક્ષાગુરુઓનું સ્મરણ કરી દીક્ષાગુરુના નામે બે વિશેષણ આપ્યાં છે. એક વિશેષણ 'પુણ્યમૂર્તિઃ' અને બીજું 'ઉદ્ધચરિત્ર કીર્તિઃ'. આ ઉપરથી જણાય છે કે નાગસેન આચાર્ય પુણ્યાત્મા તથા ઉચ્ચ ચારિત્રના ધારક કીર્તિવંત હતા. પોતાના માટે સાધારણ બે વિશેષણ આપ્યાં કે 'પ્રબુદ્ધ-ધિષણેન' અને 'વિદુષાઃ'. 'ગુરુઉપદેશમાસાદ્ય' પદનો સંબંધ 'પ્રબુદ્ધ-ધિષણેન' અને 'વ્યરચિ' પદની સાથે છે. અર્થ એમ નીકળે છે કે શ્રીરામસેન પોતાના ગુરુના ઉપદેશ વડે બુદ્ધિનો વિકાસ પામ્યા હતા. બીજા પદોથી એમ સમજાય છે કે પ્રસ્તુત ગ્રંથ પોતાના દીક્ષાગુરુ અથવા કોઈ બીજા ગુરુ અથવા ગુરુઓના ઉપદેશ અને પ્રેરણાથી રચ્યો છે. 'તત્ત્વાનુશાસન' ગ્રંથનું નામ એક 'સિદ્ધિ-સુખ-સમ્પદુપાયભૂતં' અને 'સ્ફુટાર્થમ્' આપેલ છે જે ઘણું જ મહત્ત્વવાળું છે તથા ગ્રંથની રચનામાં તેના વિષયોની દૃષ્ટિથી બહુ જ અનુરૂપ છે અને યથાર્થ છે. છતાં કઠણ-ગૂઢ શબ્દોના પ્રયોગ રહિત છે જેમાં અર્થની સ્પષ્ટતાને માટે કાંઈ સંદેહ નથી. 'જગતો હિતાય' ગ્રંથનો ઉદ્દેશ બતાવે છે અર્થાત્ જગતના હિત ખાતર કહ્યું જે પદેપદે અનુભવાય છે. આખું આ શાસ્ત્ર જગતના હિતની ચિંતા ને તેમાં પોતાનું જ્ઞાન નિમિત્ત બને તેવી સદ્ભાવના સહિત છે. અતિશયોક્તિ રહિત છે જેથી તે ગ્રંથકારની અતિ પ્રમાણિકતા જણાવે છે.

અન્ત્ય મંગલ

जिनेन्द्राः सद्ध्यान-ज्वलन-हुत-घाति-प्रकृतयः।
प्रसिद्धाः सिद्धाश्च प्रहत-तमसः सिद्धि-निलयाः।
सदाऽऽचार्या वर्याः सकल-सदुपाध्याय-मुनयः।
पुनन्तु स्वान्तं नस्त्रिजगदधिकाः पंचगुरवः।।२५८।।

**અર્થ :** અર્હજ્જિનેન્દ્ર કે જેણે પ્રશસ્ત ધ્યાનઅગ્નિ દ્વારા ઘાતી કર્મોની પ્રકૃતિઓને ભસ્મ કરી છે-પ્રસિદ્ધ સિદ્ધ છે જેણે (વિભાવરૂપ) અંધકારનો સંપૂર્ણ વિનાશ કર્યો છે તથા જે (સ્વાત્મોપલબ્ધિ રૂપ) સિદ્ધિનું નિવાસસ્થાન છે અને જે શ્રેષ્ઠ આચાર્ય સર્વે પ્રશંસનીય ઉપાધ્યાય અને મુનિરાજ એમ ત્રણ લોકમાં સર્વોપરી પંચપરમેષ્ઠી ગુરુ છે તે અમારા અંતઃકરણને સદા પવિત્ર કરે-તેનું ચિંતવન અને ધ્યાન અમારા હૃદયને પવિત્ર કરે.

ભાવાર્થ : અન્ત્યમંગળ રૂપે પંચપરમેષ્ઠી ગુરુઓનું સ્મરણ કરી ભાવના ભાવી છે કે તે અમારા ચિત્તને પવિત્ર કરે તથા તેમના ચિંતવન, ધ્યાન અને સાન્નિધ્ય વડે અમારાં હૃદય પવિત્ર બને. જે પવિત્ર હોય તે બીજાને તેના સંપર્કથી પવિત્ર કરી શકે અર્થાત્ અન્યનાં હૃદયોને પોતે ઇચ્છા વિના-કે પ્રયત્ન વિના પણ પવિત્ર કરી શકે. જેવી રીતે રાગ, દ્વેષ, કામ, ક્રોધ આદિ દોષોને શાન્ત કરી આત્મામાં શાન્તિ સ્થાપિત કરનાર મહાત્મા પુરુષો શરણાગતને શાન્તિના વિધાતા બને છે તેમ પંચ ગુરુ શાન્તિ-પવિત્રતાનો સંચાર કરવા સમર્થ છે.

``स्वदोषशान्तया विहितात्मशान्तिः शान्तेर्विधाता शरणं गतानाम्।।

– સ્વામી સમન્તભદ્રજી, સ્વયંભૂસ્તોત્ર ૮૦

આ હેતુથી પંચપરમેષ્ઠી ગુરુનું સ્મરણ કર્યું છે. તેઓશ્રી પવિત્રતાની મૂર્તિરૂપ મહાત્મા છે જેના નામસ્મરણમાત્રથી હૃદયમાં પવિત્રતાનો સંચાર થાય છે. જ્ઞાનની સાથે ધ્યાન આદિ દ્વારા સંપર્ક-સ્થાપનાની વાત જ શું કરવી ! તેમાં તે જેટલી દૃઢતા, તેટલી-તેવી-તેને પવિત્રતાની પ્રાપ્તિ હોય છે (નામસ્મરણનું ફળ છે). 'પંચગુરવઃ' એટલે પાંચ ગુરુ તેવો અર્થ નથી પરંતુ પાંચ પ્રકારના ગુરુઓનું વાચક છે તેને પંચપરમેષ્ઠી કહે છે. આ ગ્રંથમાં 'તત્રાઅપિ તત્ત્વતઃ પંચ ધ્યાતવ્યાઃ પરમેષ્ઠિનઃ' (પદ ૧૧૯). તથા 'તત્સર્વં ધ્યાતમેવ સ્યાદ્ ધ્યાતેષુ પરમેષ્ઠિસુ' (પદ નં. ૧૪૦)માં આ કહેલ છે. તેવા અર્હન્ત (જિનેન્દ્ર), સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ ખરેખર વસ્તુપણે તેના અધિકારી

છે. તેમની સંખ્યા પણ અનેકાનેક છે (માત્ર પાંચ જ નહિ). અહીં પ્રશસ્તિમાં જે શિક્ષાગુરુ અને દીક્ષાગુરુ કહ્યા તેમાં આચાર્ય, ઉપાધ્યાય, મુનિરાજનો પણ સમાવેશ છે. આ બાબતમાં 'ત્રિજગદધિકાઃ' તે વિશેષણ ધ્યાનમાં લેવાનું છે.

અહીં જિનેન્દ્ર આદિ ગુરુઓનો ઉલ્લેખ છે તે પ્રશસ્ત-ધ્યાનઅગ્નિ દ્વારા જેણે ઘાતિયાં કર્મોની પ્રકૃતિઓને ભસ્મ કરેલ છે તે કહ્યા. જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૯, મોહનીયની ૨૮, અંતરાયની ૫ પ્રકૃતિઓ તથા ઉત્તરોત્તર પ્રકૃતિઓ અસંખ્ય તે સર્વનો વિનાશ થતાં આત્મામાં અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય ગુણો પ્રગટે છે. વાસ્તવિક રીતે આને સર્વજ્ઞ કહ્યા છે. ગ્રંથના બીજા જ પદમાં 'જિન' તથા 'અર્હંત' એ નામો કહ્યાં છે. સિદ્ધ ભગવંતોને ત્રણ વિશેષણ કહ્યાં. જેમાં 'પ્રસિદ્ધાંઃ' એટલે પ્રકર્ષતઃ સંપૂર્ણપણે સિદ્ધત્વનું ઘોતક છે. અપૂર્ણ-અધૂરા સિદ્ધ કે જે જગતમાં વિદ્યા-મંત્ર-દેવતાદિના વિષય લઈ સિદ્ધ કહે છે તેનાથી આ સિદ્ધ ભિન્ન છે તેમ બતાવ્યું છે.

'પ્રહતતમસઃ' વિશેષણ આપ્યું તે અજ્ઞાનરૂપી અંધકારનો સંપૂર્ણપણે નાશ જેમાં વૈભાવિક પરિણામ સર્વથા નષ્ટ થયા છે. ત્રીજું વિશેષણ 'સિદ્ધિનિલયાઃ' તે સિદ્ધોના નિવાસસ્થાનનું વાચક છે જે સંપૂર્ણ વિભાવપરિણામનો નાશ થતાં સ્વાત્મોપલબ્ધિરૂપે પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ પૂજ્યપાદ આચાર્યે સિદ્ધભક્તિમાં કહ્યું છે : 'સિદ્ધિઃ સ્વાત્મોપલબ્ધિઃ પ્રગુણગુણગણોચ્છાદિદોષાપહારાત્'એ વાક્યથી પ્રગટ છે. આચાર્યોને માટે 'વર્યાઃ' અને ઉપાધ્યાયને માટે તથા સાધુ-મુનિરાજો માટે 'સત્' વિશેષણ આપેલ છે. આ ગ્રંથની ગાથા નં. ૧૩૦માં કહ્યું છે કે 'યથોક્ત-લક્ષણાઃ ધ્યેયાઃ સૂર્યુપાધ્યાય-સાધવઃ' ત્યાં 'યથોક્ત-લક્ષણા' પદનો ઉલ્લેખ છે. એ રીતે આચાર્ય પરમેષ્ઠી આગમમાં કહ્યા મુજબ (૩૬) છત્રીસ ગુણોથી સંપન્ન હોય છે. ઉપાધ્યાય પરમેષ્ઠી (૨૫) પચીસ ગુણોથી વિશિષ્ટ હોય છે તથા સાધુ પરમેષ્ઠીના (૨૮) અઠ્ઠાવીસ મુળ ગુણો હોય છે.

> **देहज्योतिषि यस्य मज्जति जगद्दुग्धाम्बुराशाविव**
> **ज्ञान-ज्योतिषि च स्फूटत्यतितरामों भूर्भुवः स्वस्त्रयी।**
> **शब्द-ज्योतिषि यस्य दर्पण इव स्वार्थाश्चकासन्त्यमी**
> **स श्रीमानमरार्चितो जिनपतिर्ज्योतिस्त्रयायाऽस्तु नः ।।२५९।।**

**અર્થ :** જેના દેહની જ્યોતિમાં જગત એવું ડૂબેલું રહે છે કે જેમ તે ક્ષીરસાગરમાં સ્નાન કરી રહ્યું હોય, જેની જ્ઞાનજ્યોતિમાં ભૂઃ (અધોલોક), ભવ (મધ્યલોક) અને સ્વઃ (સ્વર્ગલોક) એમ ત્રણલોક

જ્ઞેય [(ઓમ્ એટલે પ્રણવે, આરંભે, સ્વીકારે) તથા (અનુમતિ-અપાકૃતિ-અસ્વીકારે, મંગલે, શુભે જ્ઞેયે, બ્રહ્મણિ ચ) (એમ ओम्નો અર્થ અત્રે જ્ઞેય થાય છે)] તે જ્ઞેય અત્યંત સ્પષ્ટ થાય છે. તથા જેની શબ્દજ્યોતિ (વાણીના પ્રકાશ)માં સ્વઆત્મા અને પરપદાર્થ દર્પણની જેમ પ્રતિભાસિત થાય છે. જે દેવો વડે પૂજ્ય છે એવા શ્રીમાન જિનેન્દ્રભગવાન તે ત્રણે જ્યોતિની પ્રાપ્તિમાં અમને સહાયક (નિમિત્ત) હો. (અત્રે દેહને પ્રકાશ, જ્ઞાનનો પ્રકાશ અને વાણીનો પ્રકાશ એમ ત્રણ જ્યોતિ અમને પ્રાપ્ત થવામાં શ્રીજિનેન્દ્રભગવંત નિમિત્ત બનો તે ભાવના છે).

ભાવાર્થ : આ પદ અન્ત્યમંગળ રૂપ છે. આ પદમાં શ્રીજિનેન્દ્ર ભગવંત(અર્હંતદેવ) ને ત્રણ જ્યોતિ પ્રગટેલ છે તેનો ઉલ્લેખ કર્યો છે : (૧) દેહજ્યોતિ, (૨) જ્ઞાનજ્યોતિ, (૩) શબ્દજ્યોતિ-દિવ્ય વાણી.

કેવળજ્ઞાન પ્રગટતાં દેહ પરમ ઔદારિક બને છે. જે પ્રભામંડળના રૂપે આખા શરીરમાંથી નીકળે છે. એ દેહજ્યોતિમાં જગતના જીવો નિમજ્જન થાઓ-ડૂબકી મારો. અત્રે એટલું જ જગત માન્યું કે જ્યાં સુધી તે જ્યોતિ પ્રસરેલી છે. વળી તે જ્યોતિને દુગ્ધામ્બુરાશિની ઉપમા આપી છે જેથી એ સ્પષ્ટ છે કે તે દૂધના રંગે શુકલ છે-જ્ઞાનજ્યોતિનો અભિપ્રાય એ છે કે તે આત્મજ્યોતિ છે. જેમાં સંપૂર્ણ જગતના ચર-અચર પદાર્થો યથાવસ્થિત રૂપમાં પ્રતિબિંબિત થાય છે-કોઈ પદાર્થ તેના જ્ઞાનની બહાર નથી. શબ્દજ્યોતિનું તાત્પર્ય એ છે કે તે દિવ્ય-ધ્વનિરૂપ વાણી છે. જેમાં જ્ઞાનજ્યોતિમાં પ્રતિબિંબત થયેલ પદાર્થો દર્પણની માફક યથાર્થ વચનરૂપ છે. આ ત્રણ જ્યોતિયુક્ત અને દેવોથી પૂજિત અર્હંત પરમાત્માનું સ્મરણ કરી પ્રાર્થના કરી છે કે અમે પણ જ્યોતિત્રયસ્વરૂપ્ અર્હંત પરમાત્મા બનીએ. અહીં ભગવંત શ્રીજિનસેન આચાર્યના શિષ્ય શ્રીમદ્ ગુણભદ્ર આચાર્યપ્રણીત ઉત્તરપુરાણની કુંથુજિનચરિત્રના અંતિમ મંગલ પદોમાં સ્મરણ કરેલ છે તે ભાવના નીચે મુજબ છે.

देहज्योतिषि यस्य शक्रसहिताः सर्वेऽपि मग्नाः सुराः
ज्ञान ज्योतिषि पंचतत्त्वसहितं मग्नं नभश्चाखिलम्।
लक्ष्मीधाम दधद्विधूय वितत-ध्वान्तं स धामद्वयं
पंथानं कथयत्वनन्तगुणधृत् कुन्थुर्भवान्तस्य वः।।६४-५५।।

આ, પદ્યમાં શ્રી કુન્થુજિનેન્દ્રનું સ્મરણ કરતાં તેની બે જ્યોતિઓનો ઉલ્લેખ છે : એક દેહજ્યોતિ બીજી જ્ઞાનજ્યોતિ. દેહજ્યોતિમાં ઇન્દ્રસહિત સર્વ દેવતાઓને નિમગ્ન (ડૂબેલા) કહ્યા છે. અને તે ભગવંતના સમવસરણ આદિ સહિત છે તથા જ્ઞાનજ્યોતિમાં પંચતત્ત્વ (દ્રવ્ય અને ભૂત) સહિત

સંપૂર્ણ આકાશમાં વ્યાપ્ત પ્રગટ કરેલ છે. ત્રીજી શબ્દજ્યોતિનો ઉલ્લેખ નથી પરંતુ આ ગ્રંથમાં આચાર્યદેવે શબ્દાત્મક જ્યોતિ કહીને વિશેષતા કરી છે. વળી શ્રીશુભચંદ્રાચાર્યદેવે જ્ઞાનાર્ણવ ગ્રંથનાં નીચે મુજબ પદ્યો વડે ઉલ્લેખ કર્યો છે.

यस्माच्छब्दात्मकं ज्योतिः प्रसृतमत्ति निर्मलम्।
वाच्य-वाचक-संबंधस्तेनैव परमेष्ठिनः।।३८-३२।।

આ પદ્યમાં શબ્દાત્મક જ્યોતિ અને પરમેષ્ઠીનો પરસ્પર વાચ્ય-વાચક સંબંધ કહ્યો છે. આ વાત સ્વયંભૂસ્તોત્ર આદિમાં 'અર્હમિત્યક્ષરબ્રહ્મ વાચકં પરમેષ્ઠિનઃ' (સમાધિભક્તિમાં પૂ. પૂજ્યપાદ આચાર્યે ૧૧મા પદમાં આ વચનનો ઉલ્લેખ છે) તથા શબ્દ બ્રહ્મ-પરબ્રહ્મને વાચક-વાચ્યનો નિયોગ કહ્યો છે. વાચ્યનું વાચક તેને 'નામધ્યેય'ની અન્તર્ગત પદસ્થ ધ્યાન કહ્યું. આ ગ્રંથનાં તેવાં પદ નં. ૧૦૮ આદિ છે તથા અન્યત્ર પદસ્થ ધ્યાનમાં તેનો ઉલ્લેખ છે. એ સર્વે ધ્વનિરૂપ શબ્દજ્યોતિ છે અને તે અર્હન્ત આદિની વાચક છે અર્થાત્ અર્હન્ત જિનેન્દ્રનો દિવ્ય-ધ્વનિરૂપ સંપૂર્ણપણે વાઙ્મય શબ્દ જ્યોતિરૂપમાં તે સ્થિત છે (એમ વાચ્ય-વાચકના નિયોગનો અર્થ કહ્યો).

એ પ્રમાણે શ્રી નાગસેનસૂરિ-દીક્ષિત-રામસેન આચાર્ય-પ્રણીત
સિદ્ધિ-સુખસંપદુપાયભૂતં તત્ત્વાનુશાસનં નામનું
ધ્યાનશાસ્ત્ર સમાપ્ત

## શ્રી પં. જુગલકિશોર મુખ્તાર 'યુગવીર'ની હિન્દી ટીકાનું અન્ત્યમંગલ અને પ્રશસ્તિ

मोहादिक रिपुवोंको जिनने, जीत `जिनेश्वर' पद पाया;
वीतराग-सर्वज्ञ-ज्योतिसे, मोक्षमार्गको दर्शाया।
उन श्रीमहावीरको जिसने भक्तिभावसे नित ध्याया:
आत्म-विकास सिद्ध कर उसने निर्मल-शाश्वत-सुख पाया।।१।।

गुरु समन्तभद्रादिक प्रणमूँ, ज्ञान-ध्यान-लक्ष्मी-भर्तार;
जिन-शासनके अनुपम सेवक, भक्ति-सुधा-रस-पारावर।
जिनकी भक्ति प्रसाद बना यह, रुचिर-भाष्य सबका हितकार;
भरो ध्यानका भाव विश्वमें, हो जिससे जगका उद्धार।।२।।

अल्पबुद्धि `युगवीर' न रखता, ध्यान-विषय पर कुछ अधिकार ;
आत्म-विकास-साधनाका लख ध्यान-क्रियाको मूलाधर।
रामसेन-मुनिराज-विनिर्मित, ध्यान-शास्त्र सुख-संपत-द्वार;
उससे प्रभवित-प्रेरित हो यह, रचा भाष्य-आगम-अनुसार।।३।।

पढ़ें-पढ़ावें सुने-सुनावें, जो इसको आदरके साथ;
प्रभुदित होकर चलें इसी पर, गावें सदा आत्म-गुण-गाथा।
आत्म-रमण कर स्वात्म गुणोंको औ' ध्यावें सम्यक् सविचार;
वे निज आत्म-विकास सिद्ध कर, पावें सुख अविचल-अधिकार।।४।।

ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

અર્હત્ સિદ્ધ

પરિશિષ્ટ

# નિરંતર આત્મચિન્ત્વન

ॐ
શ્રીસર્વજ્ઞ વીતરાગાય નમઃ

मंगलं भगवान् वीरो, मंगलं गौतमो गणी
मंगलं कुंदकुंदाध्यो जैन धमोऽस्तु मंगलं
सर्व मंगलं मांगल्यं सर्वकल्याणकारकम्
प्रधानं सर्वधर्माणां ``जैनं जयतु शासनम्''

સુર-અસુર-નરપતિ વંદ્યને, પ્રવિનષ્ટ ઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને; ૧

વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દગ-ચારિત્ર-તપ-વીર્યાચરણ સંયુક્તને, ૨

તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને, ૩

અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વ સાધુ સમૂહને; ૪

તસુ શુદ્ધ દર્શન જ્ઞાન મુખ્ય પવિત્ર આશ્રમ પામીને
પ્રાપ્તિ કરું હું સામ્યની જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫

(પ્રવચનસાર ૧-૫)

સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વૈર મને નહીં;
આશા ખરેખર છોડીને, પ્રાપ્તિ કરું છું સમાધિની.

(નિયમસાર ૧૦૪)

સમ્યગ્ દષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે કારણ કે તે જીવ સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે ‘‘આ સ્વ છે’’– આત્મસ્વરૂપ છે અને ‘‘આ પર છે’’ એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે અને પરથી-રાગદ્વેષના યોગથી સર્વ પ્રકારે વિરમે છે (જ્ઞાન સાથે વૈરાગ્ય નિયમથી હોય છે)

(સમયસારકળશ - ૧૩૬)

દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપે પરિણમતું એવું જે એક જ ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ તે મોક્ષેચ્છુઓને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. આ માર્ગ વિના મોક્ષ નથી.

(નિયમસારકળશ - ૨૩)

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય અરે
કંઈ અન્ય તે મારું જરી, પરમાણું માત્ર નથી અરે.

(સમયસાર ગાથા - ૩૮)

છું એક શુદ્ધ મમત્વહીન, જ્ઞાન દર્શન પૂર્ણ છું
એમાં રહી સ્થિત, લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું.

(સમયસાર ગાથા - ૭૩)

હું આત્મા, પ્રત્યક્ષ, અખંડ, અનંત, ચિન્માત્ર, જ્યોતિસ્વરૂપ, અનાદિ-અનંત, નિત્યઉદયરૂપ, વિજ્ઞાન ઘનસ્વભાવ છું તેથી એક છું, ષટ્કારકથી અતિક્રાન્ત, નિર્મળ અનુભૂતિ માત્ર, હોવાથી શુદ્ધ છું. તથા મમત્વહીન, અને જ્ઞાન-દર્શન પૂર્ણ છું.

(સ. ગા. ૭૩ ટીકા)

શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ
બીજું કહીએ કેટલું ‘‘કર વિચાર તો પામ.’’

(આત્મસિદ્ધિ - ૧૧૭)

## બીજ અક્ષર

[આદિપુરાણ, સર્ગ ૨૧ (પદસ્થધ્યાન)]

**અર્હ** = ઉત્કૃષ્ટ બીજાક્ષર ॥ **અર્હદ્‌ભ્યો નમઃ** છ **અક્ષર. નમઃ** સિદ્ધેભ્યઃ = **પાંચ અક્ષર** ॥ **નમોઽર્હત્પરમેષ્ઠિને** = **આઠ અક્ષર. અર્હત્** સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યો **નમઃ** = સોળ **અક્ષર અને** નવકાર**મં**ત્રના ૩૫ બીજાક્ષર ધ્યાન કરવા યોગ્ય છે - **"અ" અથવા "ૐ"** તે **પંચપરમેષ્ઠી** ભગવંતનું **આદિપદ** કહેવાય છે.

હું પર તણો નહીં, પર ન મારાં જ્ઞાન કેવળ **એક** હું
જે **એમ** ધ્યાવે ધ્યાન કાળે તેહ શુદ્ધાત્મા બને—૧૯૧

**એ** રીત દર્શન જ્ઞાન છે, ઇન્દ્રિયાતિત મહાર્થ છે
માનું હું **આલંબન રહિત**, જીવ શુદ્ધ નિશ્ચલ ધ્રુવ છે—૧૯૨

**લક્ષ્મી**, શરીર, સુખ-દુઃખ **અથવા** શત્રુ-**મિત્ર** જનો **અરે** !
જીવને **નથી** કંઈ ધ્રુવ, ધ્રુવ-ઉપયોગ-**આત્મક** જીવ છે—૧૯૩

**આ** જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ **આત્મને**
સાકાર-**અણાકાર** હો, તે મોહ ગ્રંથિ ક્ષય કરે—૧૯૪

હણી **મોહ**ગ્રંથિ, ક્ષય **કરી** રાગાદિ, સમ સુખ-દુઃખજે
જીવ **પરિણમે** શ્રામણ્યમાં, તે સૌખ્ય **અક્ષયને** લહે—૧૯૫

જે મોહમળ **કરી** નષ્ટ, વિષય વિરક્ત થઈ, મન **રોકીને**
**આત્મસ્વભાવે** સ્થિત છે તે **આત્મને** ધ્યાનાર છે—૧૯૬

શા **અર્થને** ધ્યાવે **શ્રમણ**, જે નષ્ટ ઘાતિકર્મ છે
પ્રત્યક્ષ સર્વ પદાર્થને, જ્ઞેયાન્ત પ્રાપ્ત, નિઃશંક છે—૧૯૭

બાધારહિત, સકલાત્મમાં સંપૂર્ણ સુખ-જ્ઞાનાઢ્ય જે
ઇન્દ્રિયાતીત, **અનિંદ્રિ**, તે ધ્યાવે પરમ **આનંદને**—૧૯૮

**શ્રમણો**, જિનો, તીર્થંકરો, **આ** રીત સેવી માર્ગને
સિદ્ધિવર્યા નમું તેમને નિર્વાણના તે માર્ગને—૧૯૯

એ રીતે તેથી આત્મને જ્ઞાયક સ્વભાવી જાણીને
નિર્મમપણે રહી સ્થિત, આ પરિવર્જું છું હું મમત્વને—૨૦૦

(પ્રવચનસાર - ગાથા ૧૯૨/૨૦૦)

આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન - રે

તપ કરો, તપ કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો.

દ્રવ્ય – હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર – અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ છું.

કાળ – અજન્મ, અજર, અમર, શાશ્વત છું.

ભવ – સ્વપર્યાય-પરિણામી સમયાત્મક છું.

ભાવ – શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.

સંગ અને સ્નેહ પાશનું ત્રોડવું (અતિશય વસમું છતાં પણ કરવું, કેમ કે બીજો કોઈ ઉપાય નથી)

–શ્રીમદ્ રાજચંદ્રજી

જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (ઉદામ, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ—આ સિદ્ધાંતને સેવન કરો કે "હું તો શુદ્ધ ચૈતન્યમય, એક પરમ જ્યોતિ જ સદાય છું" અને આ, જે ભિન્ન લક્ષણવાળા વિવધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી કારણ કે તે સર્વે મને પરદ્રવ્ય છે.

"शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्"

(સમયસારકળશ-૧૮૫)

ૐ અર્હં - સિદ્ધ-

હે ભગવંત ! મને શ્રદ્ધા માત્ર આપના શાસનની હોય, હું સ્મરણ પણ આપનું જ કરતો હોઉં, પૂજન પણ આપનું જ કરતો હોઉં, મારા બન્ને હાથ અંજલિપૂર્વક આપના જ પ્રત્યે જોડેલા હોય, મારા કાન પણ આપની જ વાણી સાંભળવા ઉત્સુક હોય, મારી આંખો માત્ર આપનું સ્વરૂપ અવલોકન કરતી હોય, મને વ્યસન આપની સ્તુતિનું જ હોય, અને મારું શીશ સદા આપને નમસ્કાર કરવાને જ તત્પર હોય, એ પ્રમાણે હે તેજપતિ ! હે વીતરાગ ! હે ભગવંત ! હું આપની જ સેવા કરું છું તેથી આ સંસારમાં હું તેજસ્વી-સુજન-અને પુણ્યશાળી બન્યો છું.

(સ્તુતિ વિદ્યા. ૫૬ નં. ૧૧૪)

चित्ते निश्चलतां गते प्रशमिते रागाद्यविद्यामये
विद्राणेऽक्षकम्बके विघटिते ध्वान्ते भ्रमारंभके।
आनन्दे प्रविजृंभिते पुरपतेर्ज्ञाने समुन्मीलिते
त्वां द्रक्ष्यन्ति कदा वनस्थमभितः पुस्तेच्छया श्वापदाः।।२६।।

**અર્થ :** હે આત્મન્ ! ચિત્ત નિશ્ચલ થતાં, રાગાદિ અજ્ઞાનરૂપ રોગો શાંત થતાં, ઇન્દ્રિયસમૂહના વિષયોથી વિરક્તતા થતાં, ભ્રમ ઉત્પન્ન કરનાર અજ્ઞાન-અંધકારનો નાશ થતાં અને આનંદની વૃદ્ધિ સાથે આત્મજ્ઞાનની પ્રાપ્તિ વડે એવો દિવસ ક્યારે આવે કે જ્યારે તને વનમાં ચારે તરફથી મૃગ આદિ પશુઓ એક ચિત્રમાં આલેખિત મૂર્તિ સમાન અથવા તો સૂકા વૃક્ષના ઠૂંઠા સમાન દેખે ! એવા નિશ્ચલ ધ્યાનમાં જ્યારે તું સ્થિત હો એ તારો દિવસ ધન્ય છે.

(જ્ઞાનાર્ણવ સર્ગ ૫ શ્લોક નં. ૨૬)

મારું ચિત્ત, મારી ચિત્તવૃત્તિઓ એટલી શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ (વનમાં) આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય !

મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે આ શરીરને જડ પદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે.

(શ્રીમદ્ વર્ષ ૩૧, પત્રાંક નંબર ૮૫૦)

અંતર્આત્મામાં વ્યવસ્થિત થઈને અને બહિર્આત્માનો ત્યાગ કરીને પરમાત્માની ભાવના કરવી-કેવા થઈને ? સર્વ સંકલ્પોથી રહિત થઈને-વિકલ્પજાળરહિત થઈને-અર્થાત્ સર્વ સંકલ્પોથી મુક્ત થઈ ને પરમાત્માની ભાવના કરવી. આત્મસ્વરૂપની ભાવનાના એ સંસ્કાર દઢ થતાં નિશ્ચયથી આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે.

(સમાધિતંત્ર, ગાથા ૨૭)

विषयविरतिः संगत्यागः कषायविनिग्रहः
शमयमदमास्तत्त्वाभ्यासस्तपश्चरणोद्यमः
नियमितमनोवृत्तिर्भक्तिर्जिनेषु दयालुता
भवतिकृतिनः संसाराब्धेस्तटे निकटे सति।।२२४।।

**અર્થ :** વિષય પ્રત્યે વિરક્તતા, પરિગ્રહનો ત્યાગ, કષાયોનો નિગ્રહ, સમ અર્થાત્ શાંતભાવ, રાગાદિનો ત્યાગ, દમ અર્થાત્ મન અને ઇન્દ્રિયોનો નિરોધ, યમ એટલે યાવત્ જીવ હિંસાદિ પાપનો ત્યાગ તે ધારણ કરવા, તત્ત્વોનો અભ્યાસ, તપશ્ચરણનો ઉદ્યમ, મનની વૃત્તિનો નિરોધ, જિનરાજ પ્રત્યે ભક્તિ, જીવોની દયા, એ સામગ્રી જે જીવને સંસારનો કિનારો નજીક હોય છે તે જીવને પ્રાપ્ત હોય છે.

(આત્માનુશાસન શ્લોક નં. ૨૨૪)

**अकिंचनोऽहमित्यास्स्वत्रैलोक्याधिमतिर्भवेः ।**
**योगिगम्यं तव प्रोक्तं रहस्यं परमात्मनः ।।११०।।**

**અર્થ :** હું અકિંચન છું - મારું કાંઈ નથી એવી ભાવના કરતા રહો. એ ભાવનાથી તું શીઘ્ર - ત્વરાથી - ત્રણ લોકનો સ્વામી બનીશ. આ ભાવના યોગીશ્વરોને ગમ્ય એવા પરમાત્માનું રહસ્ય તને કહ્યું.

(આત્માનુશાસન શ્લોક નં. ૧૧૦)

ॐ

# શ્રી સમાધિભાવના

(શ્રીમદ્ રાજચંદ્રમાંથી)

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબદ્ધ થઈ નિજ સ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તલવારનો જેવો સંબંધ છે, તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ-સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્ પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે. જે ચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિત્તિ સ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ-સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમકૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે, વિશ્વમાં જીવ અભેદતા માને છે એજ ભ્રાંતિ છે. જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્યે નિજ અનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે.

પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વપ્રકારે હું ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય, સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું - તન્મય થાઉં છું.

શાંતિઃ શાન્તિઃ શાન્તિઃ

## આત્મભાવના

હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું, અસંખ્યાત્ પ્રદેશાત્મક નિજ અવગાહના-પ્રમાણ છું.

અજન્મ, અજર, અમર શાશ્વત છું.
સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.
શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે, સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

ॐ

नमः सिद्धेभ्यो

प्रातःस्मरणीय ભગવંત શ્રી પૂજ્યપાદ આચાર્ય દેવપ્રણીત

શ્રી સમાધિ-ભક્તિ

स्वात्माभिमुख संवित्ति लक्षणंश्रुत चक्षुषा।
पश्यन् पश्यामि देव त्वां केवलज्ञान चक्षुषा।।१।।

शास्त्राभ्यासो जिनपतिनुतिः संगति सर्वदार्यैः
सद्व्रतानां गुणगणकथा दोषवादे च मौनम्।
सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे
संपद्यातां मम भवभवे यावदेतेऽपवर्गः।।२।।

जैनमार्गरुचिरन्यमार्गनिर्वेगताजिनगुणस्तुतौमतिः।
निष्कलंकविमलोक्तिभावनाः संभवन्तु मम जन्मजन्मनि।।३।।

गुरुमूलेयतिनिचितेचैत्यसिद्धान्तवार्धिसद्घोषे।
मम भवतु जन्मजन्मनि सन्यसन् समन्वितं मरणम्।।४।।

जन्मजन्मकृतं पापं जन्मकोटि समार्जितम्।
जन्ममृत्युजरामूलं हन्यते जिनवंदनात्।।५।।

आबाल्याज्जिनदेव देव भवतः श्रीपादयोः सेव्या
सेवासक्तविनेयकल्पलतया कालोद्ययावत् गतः।
त्वां तस्याः फलमर्थये तदधुना प्राणप्रयाणक्षणे
त्वन्नामप्रतिबद्धवर्णपठने कंठोऽस्त्वकुण्ठो मम।।६।।

तव पादौ मम हृदये मम हृदयं तव पादद्वये लीनम्।
तिष्ठतु जिनेन्द्र तावद् यावन्निर्वाणसंप्राप्तिः।।७।।

एकापि समर्थेयं जिनभक्तिर्दुर्गतिं निवारयितुम्।
पुण्यानि च पूरयितुं दातुं मुक्तिश्रियं कृतिनः।।८।।

पंच अरिंजयं पंचयमदि सायरे जिणे वंदे।
पंच जसोयरणामे पंचय सीमंदरे वंदे।।९।।

रयणत्तयं च वंदे चव्विसजिणे च सव्वदा वंदे।
पंचगुरुणं वंदे चारणचरणं सदा वंदे।।१०।।

``अर्हं'' इत्यक्षर ब्रह्मवाचकं परमेष्ठिनः।
सिद्धचक्रस्य सद्‌बीजं सर्वतः प्रणिदध्महे।।११।।

कर्माष्टकविनिर्मुक्तं मोक्षलक्ष्मीनिकेतनम्।
सम्यक्त्वादिगुणोपेतं सिद्धचक्रं नमाम्यहम्।।१२।।

आकृष्टिं सुरसंपदां विदधते मुक्तिश्रियोवश्यताम्
उच्चाटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसाम्।
स्तंभं दुर्गमनं प्रति प्रयततो मोहस्य संमोहनम्
पायात्पंचनमस्क्रियाक्षरमयी साराधनादेवता।।१३।।

अनंतानंतसंसारसंततिच्छेदकारणम्।
जिनराजपदांभोजस्मरणं शरणं मम।।१४।।

अन्यथाशरणं नास्ति त्वमेवशरणं मम।
तस्मात्कारुण्यभावेन रक्ष रक्ष जिनेश्वर।।१५।।

नहि त्राता नहि त्राता नहि त्राता जगत्त्रये।
वीतरागात् परो देवो न भूतो न भविष्यति।।१६।।

जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्तिर्दिने दिने।
सदा मेऽस्तु सदा मेऽस्तु सदा मेऽस्तु भवे भवे।।१७।।

याचेहं याचेहं जिन तव चरणारविंदयोर्भक्तिं।
याचेहं याचेहं पुनरपि तामेव तामेव।।१८।।

## પરિશિષ્ટ

### અત્રે કાઉસ્સગ કરવો :–

**આલોચના :** ઇચ્છામિ ભંતે સમાહિભક્તિ કાઉસ્સગો કઓ તસ્સાલોચઉં ॥ રયણત્તયપરૂવપરમપ્પજઝાણલક્ખણં સમાહિભત્તિયે ણિચ્ચકાલંઅંચેમિ પૂજેમિ વંદામિ ણમંસામિ, દુક્ખક્ખઓ-કમ્મક્ખઓ બોહિલાહો સુગઈગમણં સમાહિમરણં જિણગુણસંપત્તિ હોઉમજ્ઝં ॥ ઇતિ સમવિભક્તમ્ ॥

લોગસ્સ

ત્થોસ્સામિહં જિણવરે તિત્થયરે કેવલી અનંત જિણે, ણરયવર લોયમહિએ વિહુય રયમલે મહપ્પાણે–

લોયસ્સુજ્જોયયરે ધમ્મંતિત્થંકરે જિણે વંદે
અરહંતે કિત્તિસ્સે ચઉવિસંચેવકેવલિણો ॥૧॥

ઉસભમજિઅં ચ વંદે સંભવમભિણંદણંચસુમંઈચ
પઉમપ્પહંસુપાસંજિણંચ ચંદપ્પહં વન્દે ॥૨॥

સુવિહિંચપુપ્ફદંતંસીઅલસિજ્જંસવાસુપુજ્જંચ
વિમલમણં તંચભયવં જિણંધમ્મંસંતિચ વંદામિ ॥૩॥

કુંથુંઅરંચ મલ્લિવંદેમુણિસુવ્વયંનમિજિણંચ
વંદામિ રિટ્ઠનેમિં પાસં તહ વદ્ધમાણંચ ॥૪॥

એવંમએઅભિથુઆવિહૂયરયમલાપહીણજરમરણા
ચઉવિંસંપિજિણવરાતિત્થયરામેપસીઅંતુ ॥૫॥

કિત્તિય વંદિય મહિયાજે એ લોગસ્સઉત્તમા
સિદ્ધા, આ રુગ્ગ બોહિલાભં સમાહિવર
મુત્તમં દિંતુ. ચંદેસુનિમ્મલયરાઆઈચ્ચેસુ
અહિયં પયાસયરા સાગરવરગંભીરા
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ

## પરિશિષ્ટ

### સામાયિક ભાવ

**सत्त्वेषु मैत्री गुणीषु प्रमोदं क्लिष्टेषुजीवेषु कृपापरत्वम्।**
**माध्यस्थभावं विपरीतवृत्तौ, सदा ममात्मा विदधातु देव।।**

શ્રાવકના છ **આવશ્યક** :– દેવપૂજા, ગુરુ-ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ **અને** દાન.

મુનિના છ **આવશ્યક** :– સામાયિક, સ્તવન, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન **અને** કાયોત્સર્ગ.

સંલ્લેખનાની ભાવના

જં દીહકાલસંવાસદાએ મમકારણેહ રાગેણ કડુગ પરુસંચયભણિયા તમહં સવ્વં ખાવેમી. (ભગવતી આરાધના પદ નં. ૨૭૯).

રત્નકરંડ શ્રાવક **આચાર** ગાથા નં. ૧૨૪-૧૨૫

**स्नेहं वैरं संगं परिग्रहं चापहायशुद्धमनाः**
**स्वजनं परिजनमपि च क्षान्त्वा क्षमयेत् प्रियै वचनैः।**

**आलोच्य सर्वमेनः कृतकारितमनुमंतं च निर्व्याजं**
**आरोपयेन् महाव्रतमामरणस्थायिनिःशेषम्।।**

સંલ્લેખના-પ્રત્યાખ્યાન

**એસ** કરોમિ પ્રણામં જિનવરવૃષભસ્ય વર્ધમાનસ્ય, શેષાણાં ચ જિનાનામ્ સગણ ગણધરાણાં ચ સર્વેષામ્ । સર્વં પ્રાણારંભં પ્રત્યાખ્યામિ **અલીકવચનં** ચ, સવ્વમદત્તાદાનં મૈથુનં પરિગ્રહંચ.

સામ્યં મે સર્વભૂતેષુવૈરં મમ ન કેનાપિ આશાં વ્યુત્સૃજ્ય સમાધિં પ્રતિપદ્યે સર્વં **આહારવિધિં** સંજ્ઞા **આશાઃ** કષાયાંશ્ચ સર્વં ચેવ મમત્વં ત્યજામિ.

સર્વંક્ષામયામિ. (નિયસાર ૧૦૪).

સાગારરૂપે :– **એતસ્મિન્** દેશ કાલે ઉપક્રમો જિવિતસ્ય યદિ મમ, **એતદ્પ્રત્યાખાનં** નિસ્તીર્ણે પારણા ભવેત્.

પાંચ **અતિચાર** તજીને :– જિવિત, મરણાશંસે, સુહુદ્અનુરાગ, સુખાનુબન્ધ, સનિદાન.

## પરિશિષ્ટ
## સ્તુતિવિદ્યા પદ નં. ૧૧૩-૧૧૪

प्रज्ञा सास्मरतीति या तव शिरस्तद्यत् नतं ते पदे
जन्मादः सफलं परं भवभिदी यत्राश्रिते ते पदे
मांगल्यं चसयो रतस्तव मते, गीः सैव, या, त्वा स्तुते
ते ज्ञा ये प्रणता जनाः क्रमयुगे देवाधिदेवस्य ते।।

(ચક્રવૃત્તમ્)

सुश्रद्धा मम ते मते स्मृतिरपि त्वर्य्यर्च्चनंचापिते
हस्तावंजलये कथाश्नुतिरतः कर्णोऽक्षि संप्रेक्षते।
सुस्तुत्यां व्यसनं शिरो नति परं सेवेद्दशी येन ते
तेजस्वी सुजनोऽहमेव सुकृती तेनैव तेजः पते।।

**અર્થ :** હે દેવાધિદેવ ! બુદ્ધિ તો એ કે જે આપનું સ્મરણ કરે, આપનું ધ્યાન ધરે, મસ્તક તો એ જ કે જે આપના ચરણોમાં નમી રહે-નમસ્કાર કરે-ઝૂકેલું રહે, જન્મ એ જ સફળ અને શ્રેષ્ઠ કે જેમાં સંસારમાં પરિભ્રમણનો નાશ કરનાર એવા આપના બન્ને ચરણોના આશ્રયે વર્તતો હોય, પવિત્ર તો એ જ કે જે આપની આજ્ઞામાં-આપના શાસનમાં અનુરક્ત હોય અને વાણી તો એ જ કે જે વડે આપની સ્તુતિ થતી હોય, તથા બુદ્ધિમાન-પંડિત-જન એ જ કે જે આપના ચરણયુગલમાં નમસ્કૃત હોય, અપૂર્વ ભક્તિવંત હોય. (૧૧૩)

**અર્થ :** હે ભગવંત ! મને શ્રદ્ધા માત્ર આપના શાસનની હોય, હું સ્મરણ પણ આપનું જ કરતો હોઉં-પૂજન પણ આપનું જ કરતો હોઉં, મારા બન્ને હાથ પણ અંજલિપૂર્વક આપ પ્રત્યે જોડેલા હોય, મારા કાન પણ આપની જ વાણી સાંભળવા આસક્ત હોય, મારી આંખ માત્ર આપનું જ સ્વરૂપ દેખતી-દર્શન કરતી હોય, મને વ્યસન પણ આપની સ્તુતિનું જ હોય; હું નિત્ય આપની સ્તુતિમાં લીન હોઉં, મારું શીશ પણ સદા આપને જ નમસ્કાર કરવા તત્પર હોય-એ રીતે હે તેજપતિ ! હે કેવળજ્ઞાની ભગવંત ! હું આપની જ સેવા કરું છું તેથી આ સંસારમાં હું તેજસ્વી, સુજન, અને પુણ્યશાલી જ છું. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ (૧૧૪)